વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૧મું
એપ્રિલ : ૨૦૨૬
અંક : ૫૭૫

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૨૬ ● ૧
(કુલ પાના : ૮૭)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



પાલડી ભવન



ગીતામંદિર ભવન



શાહીબાગ ભવન

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

## મંગલ મંદિરને

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

ખરેખર આ દુનિયા બહુ જ અજીબ છે,
મીઠા થાવ તો ગળી જાય છે,
કડવા થાવ તો થૂંકી નાંખે છે.
ખોવાઈ જાવ તો શોધવા નીકળે છે,
સામા મળો તો મોઢા ફેરવે છે,
જીવતા હો તો યાદ નથી કરતા
અને મરી જાવ પછી હીબકા ભરે છે!

કુદરતે બે જ માર્ગ રાખ્યા છે;
કાં તો આપીને જાવ,
નહીં તો મૂકીને જાવ.
સાથે લઈ જવાની
કોઈ વ્યવસ્થા નથી,
તો પણ માણસ માનવા તૈયાર નથી.

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

JIVRAJ

DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# શું આંખોની તકલીફ છે?



ચિંતા ના કરતા,
જીવરાજ મહેતા હોસ્પિટલ છે ને!

ઝાંખુ દેખાવું, ચશ્માના નંબર, મોતીયો, ઝામર તેમજ બાળકોને થતાં આંખના રોગો તદ્‌ઉપરાંત આંખની કીકી (કોર્નિયા), આંખોના પડદા(રેટીના) ની તપાસ અને સારવાર

## આંખોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર, રાહત દરે!

- આંખોના નિષ્ણાત સર્જનો દ્વારા સારવાર
- FDA-મંજૂર લેન્સ સાથે પીડા અને ટાંકા વગરની સારવાર
- અદ્યતન ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય સ્તરની સર્જરી સુવિધા
- NABH-પ્રમાણિત વિશ્વસનીય હોસ્પિટલ
- કેશલેસ સારવાર*

OPD સમય:
સોમવાર થી શનિવાર | સવારે 9:00 થી સાંજે 5:00

NABH NABL

For OPD Appointments, call: +91 6357 188 191

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org
Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 Follow us on:

24/7 EMERGENCY SERVICES

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- ૧૫૦૦થી વધુ શાખા અને ૬૦થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે ૩.૨ મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- ૨૫૦૦થી વધુ જીપીએસયુક્ત વાહનો
- ૨ મિલિયન ટન અને ૯૦ મિલિયન આર્ટિકલ્સ
- ૪૦૦૦થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- એક લાખથી વધુ ગ્રાહકો

અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**


**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org



**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **દિનેશ મહેતા – સહતંત્રી**
  **મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **રોહિત સંઘવી – સભ્ય**
  **મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮**
- **રજનીકાંત પારેખ – સભ્ય**
  **મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧**

**કવર પેઈજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*


## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*


# અનુક્રમણિકા


- તંત્રી લેખ : પરિવર્તન એ સંસારનો નિયમ છે ........ **અશોક મહેતા** ....... ૭
- પ્રમુખ સ્થાનેથી ........ **હિરેન કે. શાહ** ....... ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ ........ **શ્રીમતી ફાલ્ગુની હિરેન** ..... ૧૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નવનિયુક્ત પ્રમુખ શ્રી હિરેન કે. શાહની જીવન ઝરમર ........ **દેવેન મેઘજી છેડા** ..... ૧૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વિવિધ કેન્દ્રોના સરનામા, ફોન નંબર, ઈ-મેઈલ વગેરે .... ૧૯
- સરનામા ફેરફાર, અવસાન નોંધ ● મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ ● સાભાર સ્વીકાર ......... ૨૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો અને નિયાણી બહેનો માટેની ખાસ સૂચના ......... ૨૦
- યુવા વિકાસ સમિતિ દ્વારા સંચાલિત બિઝનેસ હબ ........ ૨૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૨૨
- ઉડતી નજરે ........ ૨૪
- મહિલા ઉત્કર્ષ સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ........ ૨૭
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર : મોના પારેખની સફળતાની કહાની ........ ૨૯
- વયસ્ક સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ........ ૩૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થાના સ્ટાફ મેમ્બરોને ફાયર સેફટી અંગે અપાયેલ ટ્રેનિંગ ..... ૩૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી ........ ૩૨
- 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી : કાર્યક્રમના પ્રતિભાવો ........ ૩૩
- અતીતના ઓવારેથી : મણકો-૩૨ ........ ૩૫
- સફળતાના શિખરે : લેખાંક-૩ ખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગના : શ્રીમતી બીજલ વિપુલ હરિયા ........ **હિરેન કે. શાહ** ..... ૪૧
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩૬ ........ **સંયોજક : રજનીકાંત પારેખ** ..... ૪૪
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૬
- *Nano Nine* શબ્દ રમત-૨૨૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૯
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૮૭) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૧
- આંજો કાગર ........ ૫૩
- પ્રતિભાવ ........ ૫૪
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૫૬


**આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્ય :**


- કિંમત નથી ખોળિયાની... ........ **યોગેશ આર. જોશી** ..... ૪૩
- હાઈકુ. ........ **હસમુખ રામદેપુત્રા** ..... ૫૫

# વૅકેશનમાં ભારતના પ્રવાસ માટે માર્ગદર્શન આપતું સાહિત્ય










## તીર્થપ્રવાસ

| | | |
|---|---|---|
| કૈલાશના સાંનિધ્યમાં | શ્યામકુમાર ભાનુપ્રસાદ સોનાર | 350 |
| અવાક્ (કૈલાસ-માન સરોવર) | ગગનગિલ, અનુ. દીપક રાવલ | 375 |
| બૌદ્ધ દેશ શ્રીલંકા પ્રવાસ | ભીખાભાઈ અમીન | 120 |
| પશ્ચિમ બંગાળ મારી નજરે | સ્વામી સચ્ચિદાનંદ | 130 |
| કાશી-અયોધ્યાની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| હરિદ્વારની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | સ્વામી સચ્ચિદાનંદ | 170 |
| હિમાલયનાં ચાર ધામ | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| હિમાલયના હીંડોળે | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| નર્મદાજીની અધૂરી યાત્રા પૂરી થઈ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| અમારી નર્મદા-પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| રામાનુજ પ્રતિમાદર્શન | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |

## અન્ય પ્રવાસ

| | | |
|---|---|---|
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| નગરયાત્રા | યશવંત મહેતા | 300 |
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| પ્રવાસન : સિદ્ધાંત અને વ્યવહાર | મહેબૂબ દેસાઈ | 150 |
| સ્વાગતમ્ ગુજરાત | રજની વ્યાસ | 380 |

## વિદેશમાં પ્રવાસનું સાહિત્ય

### ભારતી રાણે

સાકુરા સંગાથે 170
હિમાગ્નિનો વિસ્મયલોક 170
ઉજાસનો પ્રવાસ (ઉત્તરધ્રુવ) 180
રણ તો રેશમ રેશમ (સિલ્કરૂટના દેશો - ઉઝબેકિસ્તાન અને જોર્ડનનો પ્રવાસ) 170

### વિનોદ ભટ્ટ

અમેરિકા એટલે (હળવી શૈલીમાં) 100

### રતિલાલ બોરીસાગર


ત્રણ અઠવાડિયાં અમેરિકામાં (હળવી શૈલીમાં) 250


### ફોરમ ગોર

મારી અલગારી સહેલગાહ [દેશ-વિદેશયાત્રાઓની રસપ્રદ અને માહિતીપ્રદ વિગતો] 180

### સ્વામી સચ્ચિદાનંદ

શ્રીલંકાની સફરે 130
નેપાળયાત્રા 130
મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ 100
સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ 150
આફ્રિકા પ્રવાસનાં સંસ્મરણો 200
પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત) 350




## દરિયાકિનારાના પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

લક્ષદ્વીપ પ્રવાસ 65
ગોવાપ્રવાસ 40
રાષ્ટ્રીય તીર્થ આંદામાન 125
આંદામાનનો પ્રવાસ (સાધ્વી સમર્પણાદેવી તીર્થ, લાભુભાઈ લખાણીની સાથે) 70

## પર્વતીય પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર 80
કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ 45

### જયંતી ડી. શાહ

નયનરમ્ય નૈનીતાલ 70
મહાબળેશ્વર 60

### રમણ સોની

હિમાલય અને હિમાલય (પુરસ્કૃત) 200

## ઐતિહાસિક પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

બીજાપુરથી નાંદેડ 60
હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ 50
પૂર્વની સાત બહેનો 110
તામિલનાડુની યાત્રા 100
સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન 300
પટના અને પન્ના 60

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હોલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

તંત્રી લેખ

# પરિવર્તન એ સંસારનો નિયમ છે

અશોક મહેતા

પરિવર્તન એ સંસારનો નિયમ છે, પછી ભલે તે કોઈ પણ ક્ષેત્રની સંસ્થા હોય, તો પણ સમય સમય સાથે તેમાં પરિવર્તન આવતા જ રહે છે. આ પરિવર્તનને આપણે ફળ સ્વરૂપે જોઈએ તો તેના થકી જે-તે ક્ષેત્ર અથવા સંસ્થા અગાઉ કરતાં પણ સારી રીતે વિકાસ પામતી રહે તેવું અનેક વખત અનુભવી ચૂક્યા છીએ.

આજે આપણે વાત કરીએ છીએ એક વિસ્તૃત સ્વરૂપે વિકાસ પામેલી સંસ્થા – "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની."

વર્ષ ૧૯૬૩માં અમદાવાદ ખાતે "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ"ની સ્થાપના કરવામાં આવી. એ સમયના કાર્યકરો દ્વારા અતિ દીર્ઘદૃષ્ટિ અપનાવી આ સંસ્થાનું નામ બદલીને "શ્રી કચ્છી જૈન સમાજ" રાખવામાં આવ્યું અને માત્ર વીસા ઓસવાળ ભાઈઓને બદલે અમદાવાદ સ્થિત કચ્છના દરેક જૈન પરિવારોને આ સંસ્થામાં આવરી લેવામાં આવ્યા. આ સંસ્થાને ચેરિટેબલ ટ્રસ્ટમાં રજિસ્ટ્રેશન કરાવવાના હેતુથી આ સંસ્થાને નવું રૂપ આપી વર્ષ ૧૯૮૫માં તેનું નામ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" રાખવામાં આવ્યું.

વર્ષ ૧૯૮૫ પછી આ સંસ્થાએ પોતાની પ્રગતિમાં સારો એવો વિકાસ કર્યો અને છેલ્લા ૪૦ વર્ષમાં અમદાવાદ ખાતે વિવિધ દાતાશ્રીઓના સહયોગથી પોતાના ચાર મકાન તથા અન્ય સ્થળો મેળવી ત્રણ અતિથિ ભવન, ચાર મેડિકલ સેન્ટર, ત્રણ ડાયાલિસિસ સેન્ટર, એક આવાસ ભવન, એક સાંસ્કૃતિક કેન્દ્ર, એક કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ વગેરે ઊભા કર્યા અને આ દરેક પ્રોજેક્ટ ખૂબ જ ઉત્તમ રીતે ધમધમવા લાગ્યા કે જેનો લાભ આજે દર મહિને ૩૫,૦૦૦થી પણ વધુની સંખ્યામાં લોકો લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન, સ્કીલ ડેવલપમન્ટ સેન્ટર, વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ પ્રવૃત્તિ પ્રકારની અનેક પ્રવૃત્તિઓથી આ સમાજ ધમધમવા લાગ્યું છે. છેલ્લા ૫૦થી પણ વધુ વર્ષોથી આ સંસ્થાનું માસિક મુખપત્ર "મંગલ મંદિર" પણ નિયમિત સ્વરૂપે પ્રસારિત કરવામાં આવે છે.

આ સંસ્થાની અત્યાર સુધીની પ્રવૃત્તિઓના પ્રણેતાઓની વાત કરીએ તો શ્રી હીરજી પાસુ શાહ, શ્રી માવજી ધારશી ફુરિયા, શ્રી મુળજી નરશી લોડાયા, શ્રી બાબુભાઈ વીરમ શાહ, શ્રી ખીમજી આણંદજી લોડાયા, શ્રી પ્રભુલાલ સંઘવી, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી મનુભાઈ શાહ, શ્રી ઉમરશીભાઈ કુરૂવા, શ્રીમતી પ્રમીલાબેન કુરૂવા, શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી પોપટલાલ નેણશી ધરોડ, શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ, શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી કિશોર મુળજી લાલકા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી બંસીલાલ ગડા, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી સૂરજલાલ મહેતા વગેરે નામી-અનામી અનેક કાર્યકરોએ જે-તે સમયે પોતાના સમયનું અને આર્થિક યોગદાન આપી આ સંસ્થાને અવ્વલ નંબરે પહોંચાડવામાં કોઈ કમી બાકી રાખેલ ન હતી. તેઓની મહેનત થકી જ આ સંસ્થા આજે પ્રગતિની ટોચ પર બિરાજી રહેલ છે.

ઉપરોક્ત કાર્યકરોમાંના મોટાભાગના કાર્યકરો આજે સ્વર્ગે સિધાવ્યા છે કે જ્યારે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી પ્રભુલાલ સંઘવી, શ્રી બંસીલાલ ગડા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ મોટી ઉંમરના કારણે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી મનુભાઈ શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી અશ્વિનભાઈ સાવલા વગેરે કાર્યકરો સિનિયર સિટીઝન હોવા છતાં પોતાનાથી બનતો તથા યથાયોગ્ય ફાળો આપી રહ્યા છે.

*પરંતુ આજે વાત કરવી છે નવી પેઢીના કાર્યકરોની કે જેઓ ખૂબ જ ઉત્સાહિત છે અને આ સંસ્થાનું સંચાલન કરવા પૂરેપૂરા કાબેલ છે. આ સંસ્થાના આ કાર્યકરોની વાત કરીએ તો શ્રી હિરેન કે. શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેન છેડા, શ્રી દેવેશ દંડ, શ્રી રોહિત સંઘવી વગેરે કાર્યકરો પોતાનો યથાયોગ્ય સમય આપી, આ સંસ્થાના કાર્યોને આગળ ધપાવી રહ્યા છે. આ સંસ્થાના ઉચ્ચ હોદ્દેદારોમાંના ૭૦ ટકાથી પણ વધુ હોદ્દેદારો આ બીજી પેઢીના કાર્યકરોમાંથી આવે છે કે જેઓ આ સંસ્થાનું સંચાલન ખૂબ જ ઉમદા સ્વરૂપે સંભાળી રહેલ છે.*

*સમાજના અત્યારના મુખ્ય કાર્યોની વાત કરીએ તો સૌ પ્રથમ તો અત્યાર સુધીના ઊભા કરવામાં આવેલ પ્રોજેક્ટ્સનું નિયમિતપણે અને યોગ્ય રીતે સંચાલન કરવાનું રહે છે.*

*ત્યારબાદના મુખ્ય નવીન અને વિશાળ કાર્યની વાત કરીએ તો મુંબઈ ખાતેનું અતિથિ ભવન અને શ્રી કચ્છી જૈન ભવનના રી-ડેવલપમેન્ટ / રીનોવેશનના કાર્યો છે.*

*એ સિવાય સ્કીલ ડેવલપમેન્ટ પ્રવૃત્તિ, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતી પ્રવૃત્તિઓ વગેરે પ્રકારના અનેક કાર્યો ચાલે છે.*

*અત્યારે નવી પેઢીના કાર્યકરો દ્વારા જે રીતે આ સંસ્થાનું સંચાલન ચાલી રહેલ છે તે જોતાં આ નવી પેઢી સંસ્થાની પ્રગતિને અગાઉ કરતાં પણ વધુ સારી રીતે આગળ ધપાવી શકશે તેવી આશા રાખવામાં આવે તો તે બિલકુલ અસ્થાને નહીં ગણાય.*

*આ સંસ્થાના કાર્યકરોમાં આવી રહેલ પરિવર્તન આ સંસ્થાને હજુ પણ વધુ ઉર્ધ્વ ગતિ તરફ લઈ જાય તેવા સકારાત્મક નિર્દેશ સાથે અહીં વિરમીએ.*

*કાર્યકરોના પરિવર્તન થકી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રગતિ પૂરઝડપે આગળ વધતી રહે તેવી અભ્યર્થના.*

***૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ● મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦***

## ડૉક્ટરની પ્રભુ પ્રાર્થના

એ મોટી વિડંબના છે ભગવાન, કે મારી આજીવિકાનો આધાર લોકોની માંદગી છે, પણ એ મારું સદ્‌ભાગ્ય પણ છે કે લોકોની પીડા દૂર કરવાની, એમની સેવા દ્વારા સ્વાર્થને ક્ષીણ કરવાની એક ઉત્તમ તક તેં મને આપી છે. મારા પર તેં આ બહુ મોટી જવાબદારી મૂકી છે. એ જવાબદારીનું હું ગંભીરતાપૂર્વક પાલન કરી શકું એવી મને શક્તિ આપજે.

દર્દીને હું મારી આવડતની કસોટીનું સાધન ન ગણું, અંગ-સંશોધન કે પ્રયોગો માટેનું પ્રાણી ન ગણું, કેવળ પૈસા કમાવા માટેનું માધ્યમ ન ગણું, તેને સાજો કરવા સિવાય બીજો કોઈ ઉદ્દેશ્ય ન રાખું, તેનો ઉપચાર કરતાં તે શ્રીમંત છે કે ગરીબ એ લક્ષમાં ન લઉં એવી મને સદ્‌બુદ્ધિ આપજે.

તેની બધી જ ફરિયાદો હું ચિત્ત દઈને સાંભળું, તનની સાથે મનની તકલીફો પણ ધ્યાનમાં લઉં, નિદાન અને દવા ઉપરાંત આશા અને આશ્વાસનના બે સ્નેહાળ શબ્દોની પણ તેને ખૂબ જરૂર હોય છે એ ભૂલી ન જાઉં, તેની સાથે સંકળાયેલ સ્વજનોની સ્વાભાવિક ચિંતા અને તેની આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખું એવી અનુકંપા, ધીરજ, ઉદારતા મને આપજે.

અને આ બધોયે વખત સૌથી મહાન ઉપચારક તો તું જ છે. સ્વસ્થતાનો સ્ત્રોત તારામાંથી જ વહી આવે છે. હું તો માત્ર નિમિત્ત છું એ હંમેશાં યાદ રાખી શકું એવી મને શ્રદ્ધા આપજે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# પ્રમુખ સ્થાનેથી

હિરેન કે. શાહ (HK)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ (**KJSS**), જે એક જ્ઞાતિની વાડી તરીકે શરૂ થઈ અને હજી પણ એક જ્ઞાતિની વાડી જ છે, જેમાં ટ્રસ્ટીઓ માત્ર જ્ઞાતિમાંથી જ આવી શકે છે, પરંતુ આપણા વડીલોની દીર્ઘદૃષ્ટિને કારણે આપણે આજે એક **NGO** (યાને કે નોન ગવર્નમેન્ટ સેવા સંસ્થા) તરીકે ઓળખાઈએ છીએ તે ખૂબ ગૌરવની બાબત છે! કાં કોઈ સંસ્થા પ્યોર **NGO** હોય કે જેમાં પ્રોફેશનલ્સ કામ કરતાં હોય (પગાર લઈને કે સેવા માટે) કે પછી મોટી કંપનીએ પોતાની સેવાકીય પ્રવૃત્તિ માટે અલગ ટીમ બનાવી હોય, તે પણ હોય તો કોર્પોરેટ કંપનીના જ કર્મચારીઓ, કે જેમનું ક્વોલિફિકેશન પણ એ જ પ્રકારનું હોય. સોશિયલ વેલફેરના વિષયમાં નિષ્ણાત હોય. જેમને ખબર હોય કે સમાજસેવા કેવી રીતે કરવી જોઈએ, લોકો પાસેથી કેમ કામ કરાવવું, સેવા લેનારના જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના જ તેને મદદ કરવાની વગેરે. પણ આપણે જૈન ધર્મના અનુયાયીઓ છીએ. તેથી સમાજસેવા તો ગળથૂથીમાં જ મળેલી હોય છે, કોઈ કોલેજમાં જવાની જરૂર જ નહીં. વસ્તુપાલ તેજપાલ અને વીર ભામાશાના વંશજો છીએ. આપણને સમાજસેવા કોઈએ શિખવવી ન પડે. આપણે જન્મથી જ કરુણા, દયા, સહાનુભૂતિ, સમાનુભૂતિ જેવા ગુણો દ્વારા માણસો તો ઠીક પણ અબોલા જીવોની પણ સેવા કરતાં ખચકાતાં નથી. એ અન્વયે ૧૯૯૭-૯૮થી આપણે શરૂ કરેલી સમગ્ર બહોળી જનતા માટે મેડિકલ સેન્ટરોની સેવા એ પોતાનાં જ સમાજનાં લોકોનાં ઉત્થાન માટે કરાતી કન્વેન્શનલ સેવાઓ કરતાં બહુ ઉપર અને ખૂબ જ ધગશ - મહેનત - કાયદાપાલન અને કાળજીપૂર્વક કરવી પડતી સેવા છે! તેમાં ડૉક્ટરોને અપાતાં મહેનતાણાં કે સ્ટાફને અપાતાં પગારની વ્યવસ્થાથી જ કામ પતી જતું નથી, પરંતુ ડૉક્ટર્સની અછત પૂરી કરવી, પેશન્ટને પૂરેપૂરો સંતોષ આપવાનો પર્યાપ્ત પ્રયત્ન કરવો, ટેસ્ટીંગ જેવાં કે એક્સ-રે, સોનોગ્રાફી, મેમોગ્રાફી કે પછી લેબોરેટરી વગેરેમાં સારામાં સારું પરિણામ મેળવવું, નારાજ થયેલ પેશન્ટને સાચવી લેવા અને પાછું દરરોજ નવી નવી સારવાર વિશે વિચારવું અને જાણકારી રાખવી, નવા મશીનો વસાવવા તેવું કંઈ કેટલુંયે કામ રહે છે! આ કામ શરૂ કરવાની પ્રેરણા આપવાથી શરૂ કરીને આજ સુધી લાખો લોકોને બને તેટલી સારી અને તદ્દન વ્યાજબી ભાવે સારવાર આપવાનું કામ કરનાર બધાં જ દાતાઓ, ટ્રસ્ટીઓ, મેડિકલ સમિતિના કન્વીનરો, મેડિકલ ઓફિસરો, ડૉકટરો તથા સમિતિમાં રહીને કે બહાર રહીને સેવા આપનાર સર્વેનું અભિવાદન.

તેવી જ સેવા આપણા ડાયાલિસિસ સેન્ટરો દ્વારા કરવામાં આવે છે, ભગવાન ન કરે કોઈ ને આવી તકલીફ પડે - પરંતુ જેને સારવાર લેવી જ પડે છે તે લોકો અને તેમના પરિવારજનો ખૂબ હેરાન થાય છે. દરેક નબળી કિડનીવાળા દર્દીઓને અઠવાડિયે એકાદ બે વાર ડાયાલિસિસ કરાવવું પડતું હોય છે!

આપણા વડીલોએ આ ક્ષેત્રમાં પણ પદાર્પણ કરેલું, જ્યારે સરકારની 'મા-કાર્ડ' જેવી કોઈ યોજના ન હતી.

મને યાદ આવ્યું કે જ્યારે **CM** સાહેબને આમંત્રણ આપવા ગયેલાં ત્યારે તેમણે કહેલું કે, "હું ઓળખું છું તમને - તમે જ્યારે શહેરને જરૂર હતી ત્યારે કોઈ સરકારી સહાય વિના માત્ર ડોનેશન ઉપર ડાયાલિસિસ સેન્ટર ઊભું કર્યું હતું અને વરસોથી ચલાવો છો. પાલડીમાં પણ સરસ કામ કરો છો."

સેવા કર્યાનો સંતોષ જવાબદારી પણ લાવે છે. હમણાં જ્યારે એક ટેમ્પરરી ક્રાઈસિસ આવી હતી, ત્યારે સમજાયું કે આ કેટલાં જવાબદારીવાળા કામ છે! આપણે તરત જ એક મેડિકો-લિગલ કન્સલ્ટન્ટ એવા ઓર્થોપેડિક સર્જન ડૉ. દિનેશ પટેલને પોઈન્ટ કરી દીધાં. જેથી આ ડોક્ટર - કમ - વકીલ આપણને હંમેશાં કાયદા પાલનમાં જાગ્રત રાખે! આ સેન્ટરો માટે પણ આપણાં વિઝનરી ટ્રસ્ટીઓ, ડોનર્સ, ડોક્ટર્સ, ટેકનિશિયનો, સ્ટાફ અને દેખરેખ રાખનારા દરેક વ્યક્તિની ઘણી અનુમોદના કરીએ છીએ.

જાહેર જનતાના લાભાર્થે મેડિકલ સેવાઓ જેવો જ એક વિશેષતાભર્યો વિચાર છે, શાહીબાગ અતિથિગૃહ. ૬૫ રૂમ અને ડોરમેટરી રૂમો, ભોજનાલય વગેરે વ્યવસ્થા – એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિચાર હતો અને ૨૦૦૦-૨૦૦૧ની આખીયે ટીમને અને દાનવીર દાતાઓને ધન્ય છે, કે મોટાભાગના લાભાર્થીઓ કચ્છી જૈન સિવાયના હોવા છતાં, જોઈતા રૂપિયા આપવા / લાવવા એ ખરેખર વધુ મોટી દૂરંદેશી વિચારસરણી છે! તે ઊપરાંત પાછું ત્યાં કચ્છ આર્ટ ગેલેરી બનાવવું. ખરેખર આપણાં વડીલો તેમના જમાના કરતાં વધુ આગળ હતાં.

તેમનાં જ પગલે ચાલીને આપણે છેલ્લા ૫-૭ વરસમાં સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર તથા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી છે અને આપણા સમાજ અને બહોળા સમસ્ત સમાજના લોકોને લાભ મળી રહ્યો છે, જેનું એક કચ્છી જૈન તરીકે આપણે ગૌરવ લેવું જોઈએ!

એટલાં જ ગૌરવ સાથે આપણે આપણી પોતાની જ્ઞાતિ માટે પણ વરસે દિવસે એકાદ કરોડ રૂપિયા જેટલું બજેટ વાપરીએ છીએ અને ઘણી જ અલગ અલગ યોજનાઓ ચલાવીએ છીએ તથા ભવન ઉપર ૨૦ કરતાં વધુ વરસોથી દરરોજ આવનારા અને સેવાઓ આપનારા આપણા સિનિયર ટ્રસ્ટીઓ સમાજની જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર કરી નવી યોજનાઓ બનાવી રહ્યા છે. વિવિધ સમિતિઓ જેમકે ભવન સમિતિઓ અહીં આવનાર લોકોને રૂમોમાં શ્રેષ્ઠ સુવિધા અને અનુભવ મળે તેનો પ્રયત્ન કરે છે. કેન્ટીનની સગવડ, જમવાના વ્યાજબી ભાવ તેમજ તેની ગુણવત્તા જાળવવા માટે કટિબદ્ધ હોય છે. મેડિકલ સેન્ટરમાં આવતા **KJSS**ના સભ્યોની સેવામાં ઉણપ ન રહે તેની તકેદારી રાખે છે.

મારા હિસાબે ભારતભરમાં બહોળા સમાજની સેવા અને ન્યાતની વાડીનું આવું કોમ્બિનેશન કદાચ દુર્લભ હશે.

અને તેથી જ તમારી સ્થાપેલી આ હોદ્દેદારોની ટીમ, એક નવું કામ કરવા માટે તૈયારી કરે છે.

**KJSS**ની બધી જ પ્રવૃત્તિની દરેક ઘટક સમાજનાં કુટુંબોને કદાચ જાણ ન હોય. કેમકે સભ્ય બનેલાં કેટલાં બધાં કુટુંબો તો છેલ્લા ૩-૫ વરસમાં આવીને વસ્યાં છે.

તો **KJSS**ના હોદ્દેદારો આપણા દરેક ઘટકનાં કારોબારી સભ્યો, ટ્રસ્ટી ગણ તથા જે તે ઘટકનાં આગેવાન સભ્યોને પાલડી ભવન ખાતે બોલાવશે જ્યાં **KJSS**નાં હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓ હાજર રહેશે. જેથી ઓળખાણ વધશે તથા વિચારોનું આદાન પ્રદાન થશે. **KJSS**ના ઘટકોને તેમની બધી જ યોજનાઓ કે પ્રવૃત્તિઓની જાણ કરવામાં આવશે. તો મારી વિનંતી છે કે દરેક ઘટક સમાજો આ મીટિંગમાં ઉપસ્થિત રહે અને વિચારોની આપ-લે માં સહકાર આપે. ■




ડેન્ટોલ આઈકોન

મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. સૂચી હિતેન્દ્ર શાહ (B.D.S., M.D.S.)

ડૉ. હિતેન્દ્ર એમ. શાહ (B.D.S., M.D.S.)

ક્લિનિક ૧

ઝલક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ભટ્ટા ચાર રસ્તા,
અંજલી ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ.
મો. ૬૩૫૨૩ ૧૫૪૭૮

ક્લિનિક ૨

૩, પાયલ પાર્ક સોસાયટી, ઈસ્કોન પ્લાઝાની સામે,
સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ, અમદાવાદ.
મો. ૯૫૧૨૩ ૪૦૩૦૩, ૯૫૧૨૩ ૪૦૩૦૫

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ

• શ્રીમતી ફાલ્ગુની હિરેન •



શ્રી પ્રતાપ નારાણજી દંડ

કચ્છના અબડાસા તાલુકાનું તેરા ગામ. માતુશ્રી ગંગાબાઈની કૂખે તા. ૧૮-૧૨-૧૯૪૩ના રોજ એમના સાતમા બાળકનો જન્મ થયો. બહોળા પરિવારની સુખાકારી માટે ઘરની મુખ્ય વ્યક્તિ અંજારમાં સ્થાયી થઈ. એટલે પરિવારે અંજારને જ પોતાનું વતન બનાવી દીધું. એ બાળકનું બાળપણ અંજારમાં જ વીત્યું. અંજારથી જ એસ.એસ.સી. પાસ કર્યા બાદ, યુવા વયે તેણે મુંબઈ જઈને ઑટોમોબાઈલ એન્જિનિયરિંગનો ડિપ્લોમાનો કોર્સ કર્યો. ૧૯૬૩માં અંજાર પરત ફરી, તે યુવાને ઉજ્જવળ ભવિષ્ય માટે કામ ચાલુ કરવાનું વિચાર્યું.

કચ્છનું અંજાર શહેર અન્ય મોટાં શહેરોની માફક વેપાર ધંધાથી ધમધમતું રહેતું. આસપાસના ગામડાંઓમાં આહિરોની વસ્તી વધુ. આહિરોએ ટ્રક્સ વસાવીને ટ્રાન્સપોર્ટનો ધંધો વિકસાવ્યો હતો. સુખી સંપન્ન લોકો પણ જાતજાતની ગાડીઓમાં ફરતા. કાળી પીળી ટેક્સીઓ પણ શરૂ થઈ ગઈ હતી. એટલે ગેરેજના કામની ખાસ્સી એવી માંગ રહેતી. એટલે એ ઑટોમોબાઈલ એન્જિનિયરે, અંજારમાં પોતાનું ગેરેજ ખોલ્યું. મહેનત કરવાની તૈયારી અને જન્મજાત હોશિયારી કામ લાગી. એનો ઉછેર શુદ્ધ, સાત્ત્વિક અને પૌષ્ટિક ખોરાક સાથે થયો હતો. એટલે શરીરમાં તાકાત પણ પુષ્કળ. કારનું ટાયર બદલવાનું હોય, તો કારનો એક તરફનો છેડો જાતે જ અધ્ધર કરી લે, એવી તાકાત. (જો કે આજે એમનો એકવડિયો બાંધો જોઈને માન્યામાં ના આવે, કે આ સુકલકડી શરીરમાં આટલી બધી તાકાત હશે!!) સખત મહેનત અને અથાક પરિશ્રમને પરિણામે એમનો ધંધો વિકસ્યો. ખૂબ કામ મળવા લાગ્યું.

એ સમયે ઑપન જીપનું ચલણ હતું. હરવા ફરવાના શોખીન યુવાને જીપ વસાવી. ખૂબ ફર્યા. પણ ખુલ્લામાં ફરવાથી શરદી થઈ આવી. અને શરદી પણ જોરદાર. છ - બાર મહિના સુધી જવાનું નામ જ ન લીધું. ઘણા ઉપચાર કર્યા, પણ કોઈ દવા કારગત ના નીવડી. તેમના માં ગંગાબાઈને ધર્મમાં ખૂબ જ શ્રદ્ધા. તેમણે નવકાર મંત્રના જાપ કરવાનું કહ્યું. ભાવપૂર્વક નવકાર મંત્રના જાપ શરૂ કર્યા અને ચમત્કાર થયો. પેધી પડી ગયેલી બીમારી સાવ ગાયબ થઈ ગઈ. નવકાર મંત્રમાં શ્રદ્ધા બેસી ગઈ. તે ઘડી ને આજનો દિવસ. એ શ્રદ્ધા અટલ રહી. આજે પણ તેઓ એ જ ભાવપૂર્વક નવકાર ગણે છે. એ જ આસ્થાથી ધર્મ ધ્યાન કરે છે. ભક્તિ સાથે ચાતુર્માસ વિતાવે છે. પર્યુષણ મહાપર્વ દરમિયાન અનન્ય ભક્તિ કરે છે. ચોવિહાર અને અન્ય શિસ્ત, એ એમના જીવનની નિયમિતતા બની ગયા છે. જીવનના આઠ દાયકાઓ વિતાવી દીધા છે, પણ આજે પણ તેમની સ્ફુર્તિ યુવાનોને શરમાવે તેવી છે. તમે વિચારતા હશો કે હું કોની વાત કરી રહી છું...??

વાત થઈ રહી છે એક એવી વ્યક્તિની, જે છેક ૧૯૭૫થી આપણાં સમાજમાં સક્રિય છે. જે ૧૯૭૭ થી શ્રી કચ્છી જૈન સેવા સમાજના કોઈ ને કોઈ પદ પર રહ્યા છે, ૧૮ વર્ષ સુધી સંસ્થાના માનદ્ મંત્રી તરીકે કાર્યરત રહ્યા છે, અને જેમણે સતત ૧૨ વર્ષ સુધી સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે અનેક સીમાચિહ્નો સર કર્યા છે, એવા શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડની... નિખાલસ મન અને નિર્ભેળ વિચારસરણી ધરાવતા એક સરળ વ્યક્તિ પ્રતાપભાઈ દંડ, હાલ સમાજની ધૂરા નવી પેઢીને સોંપી પ્રમુખનું પદ છોડી દીધેલ છે, ત્યારે આજના આ લેખમાં તેમના વિષે, તેમના જીવન વિષે અને KJSS સાથેની સુદીર્ઘ કામગીરી વિશે જણાવવાનો ઉપક્રમ છે.

તો વાતનો તંતુ ફરી સાધીએ, જ્યાંથી એને છોડ્યો હતો.. તેમના ગેરેજનું કામ સારી રીતે ચાલ્યું હતું, પણ છ એક વર્ષ પછી યુવા પ્રતાપભાઈની તબિયત સારી ન રહેતા, ગેરેજનું કામ આટોપી લઈને તેઓ તેમના પિતાના કપાસના ધંધામાં જોડાઈ ગયા. આ લાઈનના માહેર એવી અરજણ ખીમજીની કંપની સાથે તેમના પરિવારની ત્રણ પેઢીનો સંબંધ રહ્યો છે. સૌ પ્રથમ તેમના દાદા શિવજીભાઈ, પછી તેમના પિતા નારાણભાઈ અને ત્યારબાદ તેમના વડીલ બંધુ શ્રી રમેશભાઈ અને પ્રવીણભાઈની જેમ તેઓ પણ ૧૯૭૧માં

અરજણ ખીમજીની કંપનીમાં જોડાયા. શરૂમાં અંજારમાં રહીને જ ધંધાની સમજ કેળવી. પૂરા તૈયાર થઈ ગયા પછી તેમણે કંપનીની અમદાવાદ ખાતેની ઓફિસ સંભાળી. એક જવાબદાર વ્યક્તિ તરીકે તેઓ શેઠ શ્રી કલ્યાણજી નરશી, શ્રી ભવાનજી નરશી, શ્રી હંસકુમાર ભવાનજી તથા શ્રી ભરત ભાણજીના સીધા સંપર્કમાં આવ્યા. એ સૌ મહાનુભાવોના અનુભવો અને આવડતથી તેઓ ઘણું શીખ્યા. પોતાની ઘરની પેઢી હોય, એ રીતે વર્ષો સુધી તેમણે કંપની સાથે કામ કર્યું, સંબંધ જાળવી રાખ્યો. એવો જ નાતો તેમણે પછીથી 'નરશી કોટન'માં પણ રાખ્યો. ૨૮ વર્ષો સુધી અરજણ ખીમજીની કંપનીમાં કામનો અનુભવ લઈને તેમણે ૧૯૯૯માં પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. ભાઈઓ અને દીકરાઓના સહયોગથી આ ક્ષેત્રમાં ઉત્તરોતર પ્રગતિ કરી.

આ દરમિયાન જ મૂર્તિજાપુર (આકોલા) માં વસતા શ્રી નરપાલ કુંવરજી પટેલની સુપુત્રી મીરા બહેન સાથે ૧૯૭૧માં તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. તેમના બે પુત્રો રાહુલ અને તરૂણ તથા પુત્રી બીના છે. ત્રણેય પોતપોતાનાં લગ્ન જીવનમાં ખુશ છે. બંને દીકરાઓએ ધંધાનો કારોબાર સંભાળી લીધો છે. તેમનો પરિવાર, સામાજિક અને ધાર્મિક રંગે રંગાયેલો આદર્શ પરિવાર છે. KJSS ઉપરાંત તેઓ શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદના ઉપપ્રમુખ તરીકે પણ સક્રિય સેવાઓ આપી રહ્યા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાચા અર્થમાં એક વિશેષ સમાજ છે. આપણે સૌ જાણીએ છીએ કે ચાર મુખ્ય ફિરકાઓને એક કરીને સમાજનો પાયો નંખાયો હતો. એની સ્થાપનાથી માંડીને આજ સુધીનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે, કે સમાજના શિર્ષ નેતૃત્વથી માંડીને અદના કાર્યકર સુધીના તમામ સભ્ય, હંમેશાં સંસ્થાના હિતમાં ખભે ખભા મિલાવીને કામ કરે છે. વિઝનરી આગેવાનો નવા લક્ષ્ય મૂકે અને સૌ કોઈ એ લક્ષ્યને હાંસલ કરવાના કામમાં લાગી પડે. સૌ યથા શક્તિ, યથા મતિ યોગદાન આપે અને સમાજ એક પછી એક માઈલસ્ટોન સર કરતો જાય. ત્રણ ભવનો, ચાર મેડિકલ સેન્ટર્સ, ત્રણ ડાયાલિસિસ સેન્ટર્સ, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, નવનીત આવાસ.... આટઆટલી સ્થાવર મિલકતો ઉપરાંત, આપણા સમાજ માટે અને બૃહદ સમાજ માટે સતત ચાલતી અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ, એ આજે આપણી ઓળખ બની ચૂકી છે. આપણો સમાજ આજે જ્યાં પહોંચ્યો છે, એ માટે નામી - અનામી અગણિત લોકોનો અમૂલ્ય ફાળો છે. સમાજનો મજબૂત પાયો ચણવામાં સિંહફાળો આપનારામાંના ઘણા આજે હયાત નથી. તેમાંથી થોડાંક નામ યાદ કરીને અન્યને અન્યાય કરવા નથી માંગતી.

પણ અહીં એક ત્રિપુટીનો ઉલ્લેખ કરવાની લાલચ રોકી નથી શકતી. ત્રિદેવ – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવી ત્રિપુટી KJSSને પણ મળી છે. CKD, ASM અને PND. ચંદ્રકાંત દેઢિયા, અશોક મહેતા અને પ્રતાપ દંડ. આ ત્રણ વડીલોએ છેલ્લા ત્રણ દાયકામાં અદ્‌ભુત કાર્યો પાર પાડવામાં મોટી ભૂમિકા નિભાવી છે. અશોક મહેતા નવા પ્રોજેક્ટ્સ માટેના નવા નવા પ્રસ્તાવ રજૂ કરે. ચંદ્રકાંત દેઢિયા એમની શાખ અને સંબંધોથી ભંડોળ ઊભું કરવાની આગેવાની લે અને પ્રતાપ દંડ તેમની આગવી સૂઝથી અમલીકરણને સફળ બનાવે. બેશક, સમાજની કોઈ પણ સફળતા માટે આખીય ટીમને જ જશ આપવો રહ્યો. સહિયારા પ્રયાસો થકી જ અનેક ખાસ પડાવ પાર થયા. જેમ કે પાલડી ભવનના નિર્માણ માટે દેશભરમાં ભ્રમણ કરીને માતબર ફંડ એકઠું કરવું, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના, ધરતીકંપ પછીની અદ્‌ભુત કામગીરી, ઔદ્યોગિક સેમિનારો, કચ્છી મેળો, સમાજના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી વગેરે વગેરે.. પરંતુ વ્યક્તિગત કાબેલિયતને પણ નજરઅંદાજ ન જ કરી શકાય.

પાલડીના મેડિકલ સેન્ટરનું રીનોવેશન હોય કે ચોથા માળના રૂમોના નવીનીકરણની કામગીરી – પ્રતાપભાઈની ચીવટ, ચોક્સાઈ તથા કરકસર દેખાઈ આવે. "ઓળખાણ એ મોટી ખાણ છે", એ ઉક્તિને પ્રતાપભાઈ સાચી ઠેરવે, એટલા એમના કનેક્શન નીકળે. KDO, KVO, ગૂર્જર કે વાગડ – કોઈ પણ ફિરકાના ભારતભરના આગેવાનો સાથે એમનો સીધો સંપર્ક હોય જ. સરળ અને મિલનસાર સ્વભાવના કારણે તેમના સૌ સાથે ગાઢ સંબંધો બને અને ટકે. એમની સાલસતાના કારણે જ એમની જશ રેખા પણ લાંબી થઈ. બોપલ ખાતે નવનીત મેડિકલ સેન્ટર અને નવનીત ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર ખાતે ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર અને બિપીનચંદ્ર જૈન સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર તથા નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગરની શરૂઆત, તેમજ કોવિડ દરમિયાનની વિશેષ કામગીરી, તેમના પ્રમુખપણા હેઠળ થઈ.

અહીં સ્વ. વીરેન્દ્ર આસારિયાને પણ અચૂક યાદ કરવા પડે. પ્રતાપભાઈના દરેક કામમાં વીરેન્દ્રભાઈનો સાથ હોય જ હોય. મજાકમાં લોકો તેમને "બે બળદ ની જોડી" કહેતા. બંનેએ સાચા અર્થમાં ખભે ખભા મિલાવીને વર્ષો સુધી સમાજના કામ સાથે રહીને કર્યા છે.

વર્ષ ૨૦૧૯. કોવિડ મહામારીએ આખા વિશ્વને ભરડામાં લીધું હતું. સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર થતાં ઘર – પરિવારથી દૂર રહેતા, ભણતા કે કામ કરતાં કેટલાંય લોકો અટવાઈ પડ્યા. જીવન જ જાણે અટકી ગયું હતું. કચ્છથી અમદાવાદ આવીને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં કે પીજી તરીકે રહીને નોકરી કરતાં ઘણા લોકો પણ એમાં ફસાયા હતાં. એ સૌ કચ્છી વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને વતન પરત મોકલવા માટે સહુનો સંપર્ક કરી, સરકારની પરવાનગી લઈ, બસની વ્યવસ્થા કરવામાં આવી. નિયત દિવસે પાલડી ભવનથી બસ રવાના થવાની હતી. એ કપરા કાળમાં, અનિશ્ચિતતાના સમયમાં પણ, સમાજના પ્રમુખ તરીકે પ્રતાપભાઈ પોતે ભવન પર હાજર રહ્યા હતા. સૌ સુખરૂપ પોતપોતાનાં વતન પરત ફરે, એ સુનિશ્ચિત કર્યું હતું.

સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ હોવા ઉપરાંત, તેમણે સમાજના મુખપત્ર – ''મંગલ મંદિર''ની જવાબદારી પણ સંભાળી. ઓક્ટોબર ૨૦૧૫થી તેમણે માસિકના મુખ્ય તંત્રી તરીકેનો કાર્યભાર સાંભળ્યો. તેમના કાર્યકાળ દરમિયાન 'મંગલ મંદિર'ના ઘણા વિશેષાંકો અને દીપોત્સવી અંક બહાર પડયા. જેવાકે – વાર્તા સાગર, ૨૧ મી સદીનું કચ્છ, કચ્છની વર્તમાન વિભૂતિઓ, કચ્છના સાહિત્ય સર્જકો, અષાઢી બીજ, રાષ્ટ્રીયપર્વ, કચ્છી ઓજસ, હાસ્ય રંગ, પર્યુષણ પર્વ આરાધના, સાહિત્ય સરગમ, મહિલા દિન નિમિત્તે ''માં'' વિશેષાંક વગેરે વગેરે. એમાં ખાસ કરીને મંગલ મંદિરનો ૫૦૦મો અંક – ''સંભારણા-૪ વિશેષાંક'' તથા કોવિડ દરમિયાન અશોક મહેતા દ્વારા તૈયાર કરાયેલ, એપ્રિલ, મે, જૂન અને જુલાઇ ૨૦૨૦ ના સંયુક્ત અંક તરીકે પ્રકાશિત, ''કોરોના સંક્રમણ કોવિડ ૧૯ વિશેષાંક'' નોંધપાત્ર કહી શકાય. આવા વિવિધ વિષયોને આવરી લેતા સ્પેશિયલ અંકો, પ્રતાપભાઈના તંત્રીપદે પ્રકાશિત થયા.

તાજેતરમાં જ નવનીત પરિવારમાં લગ્ન પ્રસંગે પ્રતાપભાઈનો સંગાથ થયો હતો. ત્યારે ફરી એકવાર તેમની ફિટનેસનો પરચો મળ્યો. ઉંમરમાં એંસીનો આંકડો વટાવી ચૂક્યા બાદ પણ, સમારંભમાં તેઓ દોઢેક કલાક સતત ઊભા રહ્યા હતા અને મહેમાનો, મહાનુભાવોને મળી રહ્યા હતા. તન અને મનથી દુરસ્ત હોવા છતાં, ''પરિવર્તન એ સંસારનો ક્રમ છે'' એ સ્વીકારી, પ્રતાપભાઈએ તાજેતરમાં જ પ્રમુખપદ છોડવાનો નિર્ણય કર્યો છે. નવી પેઢીને સમાજની કમાન સોંપી છે, ત્યારે સમાજ તેમના અમૂલ્ય યોગદાન માટે તેમનો ઋણ સ્વીકાર કરે છે.

કચ્છ સાથે અને કચ્છીઓ સાથે અતૂટ ઘરોબો બાંધી રાખનાર નખશિખ ધાર્મિક વ્યક્તિ પ્રતાપ ભાઈએ, KJSSના એક અદના કાર્યકરથી માંડીને પ્રમુખ તરીકે કરેલી સરાહનીય કામગીરીની તથા સામાજિક - ધાર્મિક સેવા કાર્યોની, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નોંધ લે છે, અભિનંદન પાઠવે છે અને અનુમોદના કરે છે. ઈશ્વર આપને સ્વસ્થ દીર્ઘાયુ બક્ષે અને સમાજને આપની આવડત, અનુભવ અને ગુણોનો સતત લાભ મળતો રહે, એ જ અભ્યર્થના. ■

## સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકર

સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકરની તરૂણ અવસ્થાનો એક પ્રસંગ છે. ત્યારે તે પાર્શ્વગાયિકા તરીકે પ્રખ્યાત ન હતી. તેનો પિતરાઇ ભાઇ એક નાના ગામમાં રહેતો.

આમંત્રણ મળતા તે ભાઇને ત્યાં ગઇ. ઘરના વાડામાં ઘણા બધા કોયલના બચ્ચાનો મધુર અવાજ આવ્યો. ભાઈને પૂછ્યું, પક્ષીઓનો આ મધુર અવાજ ક્યાંથી? ભાઇએ વાડામાં રાખેલ ૪૦ કોયલ બતાવતા કહ્યું કે આ ૪૦ કોયલમાંથી તારા માટે ખૂબ સ્વાદિષ્ટ ભોજન બનાવીશ અને તને પ્રેમથી જમાડીશ. તરુણી લતા વિચારે છે કે આવા મધુર કંઠવાળા ૪૦ નિર્દોષ કોયલ પંખીની મારા ભોજન માટે હત્યા? હરગીઝ નહીં અને ભાઈને સ્નેહથી વિનવી, બધી જ કોયલને મુક્ત કરે છે. જાણે અભયદાન પામેલી ૪૦ કોયલનો કંઠ લતાના કંઠમાં વસી ગયો અને વિશ્વમાં સ્વરસામ્રાજ્ઞી રૂપે પ્રખ્યાત થઈ. આ છે અહિંસાનુ પરિણામ. અહિંસામાં ખૂબ જ તાકાત છે.

*સંકલિતઃ 'પ્રેરણાની પગદંડી'*

*પ્રેષક : પ્રવીણચંદ્ર હરજીવનદાસ શાહ*
*બોરીવલી (વેસ્ટ), મુંબઈ ● મો. ૯૮૭૦૦ ૭૯૬૦૮*

શુભેચ્છા સહ...
**મનીષ આર. સાવલા**
**અરિહંત ઇન્ડસ્ટ્રીઝ,** વટવા, અમદાવાદ.

|| JAI GANESHAY NAMAH ||
|| JAY SWAMINARAYAN ||

# POOJA AGENCY

## AHMEDABAD

204, Manav Complex, Near TRP Mall,
Main Road, Bopal, Ahmedabad - 380 058.
**Mobile : 89803 44197, 77780 77764 (Vivek)**

**DEALERS IN ALL TYPES OF DIALYSIS CONSUMABLES**


- DIALYZERS : F6, F8, FX8, DORA, LEPU, NIPRO, POLYMED.
- AVF NEEDLES : DORA, POLYMED, NIPRO
- BLOOD TUBINGS : DORA, ACE CATH, POLYMED
- DIASAFE PLUS, ENDOTOXIN CF NIPRO
- HOT STERILANT, SOD. HYPOCHLORITE SOL.
- EPO INJ: ZYDUS, SERUM INSTITUTE, INTAS
- IRON SUCROSE INJ, FCM INJ
- ON-OFF KIT, SINGLE USE BED SHEETS.
- HUMAN ALBUMIN INJ.
- GENEVAC-B INJ
- HEPARIN 25K, 5K INJ.
- DLC, TLC CATHETER (ABLE-CATH, CARDIOMAC)
- NITRILE AND LATEX GLOVES - VINAYAK HEALTHCARE.

*We supply in all areas of Gujarat with Next Day Delivery.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
# નવનિયુક્ત પ્રમુખ : હિરેન કે. શાહની જીવન ઝરમર

દેવેન મેઘજી છેડા

આજે શ્રી હિરેન કુંવરજી શાહ – જેમને મોટાભાગે લોકો HK તરીકે ઓળખે / સંબોધે છે, તેમનો પરિચય આપવાનો છે. તમને સવાલ થશે, કે જેને લગભગ બધા જ ઓળખતા હોય, ૭-૮ વર્ષ થી લગભગ રોજ જેને ભવનમાં જોતાં/ મળતા હોઈએ, એ વ્યક્તિની ઓળખાણ આપવાની? શા માટે? કારણ એ છે કે, હવે આપણાં સમાજના પ્રમુખપદે, શ્રી હિરેન શાહ નિયુક્ત થયા છે. તો નવા પ્રમુખને નવા દૃષ્ટિકોણથી જાણીએ.



શ્રી હિરેન કે. શાહ

KJSSનું નામ, કામ, કદ અને કીર્તિનો વ્યાપ આટલો વધ્યો, તે પછીના સૌથી ઓછી વયના પ્રમુખ બનનાર હિરેન શાહ, મૂળ નલિયાના વતની અને K.D.O. છે. ચંદનબેન અને કુંવરજી પાશ્વીર શાહ (નાગડા)ના ત્રીજા પુત્ર તરીકે તેમનો જન્મ તા. ૪-૯-૧૯૬૪ના રોજ અમદાવાદ ખાતે થયો. સંજોગવશાત, તેમના કુટુંબને ૧૯૬૪માં જ મુંબઈથી અમદાવાદ આવવાનું થયું. તો તેઓએ અમદાવાદમાં જ વસવાટ કરેલ છે. કુટુંબમાં બે ભાઈઓ - મોટા ભાઈ જલદીપભાઈ અને ભાભી સુલુબેન (જેઓ આપણા મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર અને કારોબારી સભ્ય છે). બીજા મોટાભાઈ નવદીપભાઈ અને ભાભી સોનલબેન. નાની બહેન સ્મિતા – CA પંકજભાઈ ધરમશીને પરણીને બેંગ્લોરમાં રહે છે.

હિરેનભાઈના માતાજીના દાદા, બહુ જ પ્રખ્યાત ભક્ત કવિ શ્રી શિવજી દેવશી મઢડાવાળા તરીકે ઓળખાતા હતા અને તેમણે પોતાની નાની ક.દ.ઓ. જ્ઞાતિની પરવા કર્યા વગર આજથી ૧૦૦ વરસ પહેલાં, કન્યા કેળવણી માટે અને વિધવા / ત્યક્તા માટે કામ કરતી સંસ્થાઓ ચલાવી હતી. મહાત્મા ગાંધીજી, નહેરૂજી વગેરે સાથે તેમને ખૂબ ઘરોબો. આખાયે ભારતભરમાં તેમની બોલબાલા, પોંડિચેરીના પ્રખ્યાત તેવા મહર્ષિ અરવિંદ આશ્રમમાં પણ તેમની ભકિતની ચર્ચા થતી.

હિરેન શાહનાં બે મામાઓ પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાથે સંકળાયેલા છે. સ્વ. ડૉ. ઉપેન્દ્રભાઈ સુધાકર શિવજી, જે રેકી જેવી ઓલ્ટરનેટીવ થેરાપીથી લોકોની મદદ કરતાં અને શ્રી મહેન્દ્ર સુધાકર શિવજી, જે ભાવનગર કચ્છી સમાજના ૩૮ વરસથી પ્રમુખ છે, તેઓ પણ KJSSનાં નજીકનાં શુભચિંતક રહ્યાં છે.

શ્રી હિરેન શાહે ભાવનગરથી ડિપ્લોમા મિકેનિકલ એન્જીનિયરીંગનો અભ્યાસ કર્યો છે.

તેમના કોર્પોરેટની દુનિયાના અનુભવોની વાત કરતાં પહેલાં, પોતાની ઊંચા પગારની નોકરી ૫૪ વરસની ઉંમરે છોડી તેમણે ભવનને જ પોતાની ઓફિસ બનાવી દીધી ત્યારથી – વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૬ની તેમના ઈન્વોલ્વમેન્ટ પર જરાક નજર કરીએ .

પાલડી ભવનમાં ફૂલ ટાઈમ સમય આપવાનો શરૂ કર્યો, એ પછી તેમને ઘણાં એવાં કામો દેખાવા લાગ્યા, જેને ત્વરીત હાથ પર લેવા જરૂરી લાગ્યા હતાં. તે અંગે અનેક મહત્ત્વના વિચારો તેમણે રજૂ કર્યા, જેને તરત સ્વીકારી લેવામાં આવ્યા. જેમકે પાલડી અને શાહીબાગ ખાતે નવી ઈલેક્ટ્રિક પેનલો બનાવી તેને વધુ સુરક્ષિત બનાવવા, દરેક ભવન કે મેડિકલ સેન્ટરોમાં ફાયર સેફ્ટીના સાધનો લગાવવા, પાલડીમાં બીજી લિફ્ટ લગાડવી, શાહીબાગમાં ફાયર સેફ્ટી માટે બહારની બાજુ નવી સિડી લગાવવી વગેરે. એક એન્જિનિયર તરીકે હિરેનની દીર્ઘદૃષ્ટિ અને અનુભવ આપણને ત્યાં કામ લાગ્યા. ભવન પર વધુ સમય હોવાના કારણે, પાલડી ખાતે સોલાર પેનલો લગાવવા જેવા અન્ય અગત્યના અને જરૂરી કામોમાં પણ તેઓ વધુને વધુ સામેલ થવા લાગ્યા. જેમાં શ્રી રાજેન્દ્ર દોશીનો ખૂબ સહકાર મળ્યો.

તે દરમિયાન KJSSએ બે મોટાં આયોજનો કર્યાં, બોપલ ખાતે મેડિકલ સેન્ટર અને ડાયાલિસિસ સેન્ટર. આ દરમિયાન તેમણે નવા પ્રોજેક્ટ ઉપર નજીકથી કામ કરવાનો અનુભવ મેળવ્યો. સાથે જ સ્વતંત્ર રીતે પ્રોજેક્ટ કરવાનો મનસૂબો પણ કર્યો. ૨૦૨૧માં તેમણે તેમના સાળી અને સાઢુભાઈ – ડૉ. બીના શાહ અને ડૉ. અનિલ શાહ સાથે વાત કરી. પોતે રોટરી ક્લબના સહકારથી જરૂરિયાતમંદ લોકો માટે વધુ એક ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવા માંગે છે, તો તમારો સહકાર જોઈશે, તેમ જણાવ્યું. તેઓએ તરત જ સંમતિ આપી. KJSS પાસે હજી વિદેશી ફંડ લેવા માટે જરૂરી FCRA ન હોવાથી, બધાં જ પૈસા રોટરી ઈન્ટરનેશનલ દ્વારા જ આપવા પડે તેવી જાણ થઈ. ડૉ. અનિલ શાહના ભાભી ડૉ. ઇલા શાહ

રોટરી ઈન્ટરનેશનલમાં ગ્લોબલ ગ્રાન્ટનાં ક્વિન કહેવાય છે. તેમણે પોતે પણ અંગત ફાળો આપીને આ પ્રોજેક્ટ શક્ય બનાવ્યો. અને તા. ૨૬-૦૧-૨૦૨૨ ના રોજ KJSSનાં જૂનામાં જૂના ભવન ગીતા મંદિર ખાતે નિર્માણ પામ્યું – ડૉ. ચંદ્રકાંત દેઢિયા રોટરી ડાયાલિસિસ સેન્ટર.

તે જ વરસે તેમણે પોતાના દેઢિયા અને બિપીન જૈન પરિવાર પાસેથી ડોનેશન લીધું અને અદાણી ફાઉન્ડેશનના સહયોગથી શરૂ થયું - બિપીન જૈન સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર. જેમાં વર્ષ ૨૦૨૨થી આજ લગી ૫૦૦ જેટલી બહેન/ દિકરી/ માતાઓ તાલીમ લઈ ચૂકી છે. તેમાંથી ૩૦૦ જેટલી મહિલાઓની મહિનાની આજીવિકા ૨૩ લાખ રૂપિયા જેટલી થાય છે! વર્ષ ૨૦૨૩માં બોપલ ખાતે આવેલા ગાલા હબમાં પણ નવનીત ફાઉન્ડેશન તરફથી આવું જ એક સ્કિલ ડેવેલપમેન્ટ સેન્ટર શરૂ થયું હતું.

KJSSએ પોતાની મંઝીલ પર આગળ વધતાં ચાંગોદર ખાતે એક મેડિકલ સેન્ટર શરૂ કર્યું. હવે તેમને સમાજે દ્વિતીય ઉપપ્રમુખ તરીકે પણ પસંદ કરી લીધા હતા. તે પછી પ્રસંગ આવ્યો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને KJSSના વાર્ષિક કાર્યક્રમમાં ઉપસ્થિત રાખવાનો, જેના તેઓ નિમિત્ત બન્યા. એ કાર્યક્રમમાં સ્ટેજ ઉપર હાજર રહેલા તમામ વડીલોએ હિરેન શાહને સમાજના ભવિષ્યના પ્રમુખ તરીકે પ્રસ્થાપિત કરી દીધા.

વર્ષ ૨૦૨૪માં KJSSના પ્રતિનિધિ તરીકે નવનીત ફાઉન્ડેશનની સાથે રહીને તેમણે KJSSનો સૌથી લેટેસ્ટ અને આધુનિક, નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનો પ્રોજેક્ટ કર્યો. હવે તેઓ મેનેજમેન્ટમાં પૂરેપૂરા સામેલ થઈ ગયા હતા. સાથે જ સમાજનો એક બહુ જૂનો મુંબઈ અતિથિ ભવનનો પ્રોજેક્ટ, જે ૨૦૧૮થી વિવાદ અને લવાદમાં ફસાઈ ગયેલો હતો, તેને ઉકેલી તેને આગળ ધપાવી કામગીરી શરૂ કરવામાં પણ હિરેને સારી એવી મહેનત કરી છે. આશા છે કે જલ્દી જ તેના સકારાત્મક પરિણામો મળશે.

આ કામો કરવાની સાથે તેમણે કોર્પોરેટની ફલેવર ચાલુ રાખવા સુરતની એક ૩૦ કરોડનું ટર્નઓવર ધરાવતી કંપનીના મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ બનવાનું સ્વીકાર્યું જ્યાં ૫ વરસના ગાળામાં તે કંપની ૧૫૦ કરોડને આંબી ગઈ. આમ તેમના દૂરદર્શી અભિગમ અને મેન્ટરિંગ કરવાનો તાજો જ અનુભવ KJSSને મળી શકે તેમ છે!

### હવે કરીએ તેમના કોર્પોરેટ જીવનની વાત

તેઓ સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રે ભારતની મોટી કોર્પોરેટ જેવી કે બાટલીબોય એન્ડ કંપની, ક્રોમ્પ્ટન ગ્રીવ્ઝ, લોકિમ ગોદરેજ અને ભારત બિજલી જેવી કંપનીઓમાં પદની અને અનુભવની સિડીઓ ચડતાં - અમદાવાદમાં બ્રાંચ મેનેજર અને મુંબઈ ખાતે રીજીયોનલ હેડ તથા જનરલ મેનેજરની પોસ્ટ સુધી પહોંચેલ હતા. તેમના આ કંપનીઓના કાર્યકાળમાં તેમના ૬ વરસ મુંબઈ રહેવાના અનુભવોએ તેમને ખૂબ ઘડ્યાં અને ખાસ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીના ગ્રુપ પ્રેસિડન્ટ સાથે ૫૦ કરોડના બિઝનેસનું નેગોશિએશન કરવાનો અનુભવ તેમનો આજ સુધીનો સૌથી વધુ યાદગાર બનાવ છે! તેઓ કહે છે કે, "Crompton Greaves Ltd.ના ચેરમેનના હાથે મેળવેલ ૨ ઍવોર્ડ; ભારત બિજલી લિ. ના એમ.ડી.એ તેમને પોતાના 'હોલ ઓફ ફેમ'માં મૂક્યાં – આવા પ્રસંગો તેમની જિંદગીના સૌથી યાદગાર દિવસોમાંના છે!"

હિરેન અને ફાલ્ગુનીએ ૧૯૮૯માં સ્થાપેલી સંસ્થા - **સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટ**, ભારતનાં ભાતીગળ લોકનૃત્યોનો દેશમાં અને વિદેશમાં પ્રચાર પ્રસાર કરી રહેલી આપણા દેશની સૌથી જૂની સંસ્થાઓમાંની એક છે. ૩૦થી પણ વધુ યુરોપીય દેશોમાં સંસ્કૃતિના રાજદૂત તરીકે, સ્પંદન સંસ્થાએ ૫૦ જેટલાં પ્રવાસો કરી ખૂબ ખ્યાતિ મેળવી છે. તેઓ બે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, કે જેના હેડ ક્વાર્ટર્સ સ્પેન અને રોમાનિયામાં છે, તેનું ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. બંનેને અમેરિકાની બહુ પ્રતિષ્ઠિત SJSU (સેન ઓઝે સ્ટેટ યુનિવર્સિટી) માં ભારતની સંસ્કૃતિ અને ભારતના નૃત્યો વિષય ઊપર લેક્ચર આપવા આમંત્રણ મળેલું અને ૨૦૧૯માં તેઓ બંને આ કામ કરી આવ્યાં, **જે KJSS નહીં પરંતુ ભારતીયો તરીકે પણ ગૌરવની વાત છે.**

હિરેન શાહે 'જીતો (JITO)'માં પણ પેટ્રન સભ્યપદ મેળવ્યું છે તથા રોટરી ક્લબ ઓફ વાસણામાં પણ તેઓ કાર્યરત છે. Excellers નામની સંસ્થાના તેઓ સ્થાપક સભ્ય છે. જેમાં સમાન વિચારસરણી ધરાવતા મિત્રો એકઠાં થઈને સમાજને થોડો વધુ સારો બનાવવાની પોતાની જવાબદારી નિભાવતા રહે છે અને પોતાની બૌદ્ધિક ક્ષમતાને ધારદાર બનાવતા રહે છે.

શ્રી હિરેન શાહ KJSSના પ્રમુખ બનવાની સાથે જ કેટલાંક વિક્રમ સ્થપાઈ ગયા છે.

૧. તેઓ સમાજના પ્રથમ પ્રમુખ હશે કે જેઓ ૨૧-૨૨ની નાની વયથી જ સમાજ સાથે જોડાયેલા હતા.

૨. KJSSના પ્રથમ પ્રમુખ બન્યા કે જેમના સસરા પણ આ સમાજના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી હતા.

૩. KJSSના ટ્રસ્ટ મંડળમાં આ પ્રથમ દાખલો છે કે જેમાં મેનેજિંગ ટ્રસ્ટી (હિરેન કે. શાહ)ના પત્ની (શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ) પણ ટ્રસ્ટી હોય.

૪. KJSSના એક એવા પ્રમુખ, જેઓ મેનેજમેન્ટની બધી જ સીડીઓ ચડીને, નીચેથી ઉપર આવ્યા છે.

## KJSS સાથે જોડાણ

વર્ષો પહેલાંની વાત છે, જ્યારે સમાજ આજ જેટલો સધ્ધર ન હતો. વાર્ષિક સ્નેહમિલનના કાર્યક્રમો મણિનગર સ્થિત સ્વામિનારાયણ મંદિરની વાડીના હૉલમાં થતા. એ સમયે, કદઓ જ્ઞાતિના નાનકડા મંડળ - "પાંજો પરિવાર" તરફથી બધાં મિત્રો ભેગા થઈ નાટક કરતા. એટલે મણિનગર ખાતેના એ વાર્ષિક કાર્યક્રમો થકી, ૧૯૮૩-૮૪થી જ સમાજ સાથેનું તેમનું જોડાણ થયું. શરૂઆતમાં તો માત્ર સાંસ્કૃતિક કાર્યક્રમો પૂરતું જ આ અનુસંધાન હતું. પણ એના કારણે અન્ય યુવા મિત્રો – સંદીપ અશોકભાઈ મહેતા, પ્રદીપ સૂરજલાલ મહેતા, ફાલ્ગુની ચંદ્રકાંત દેઢિયા, રાજુભાઈ ગોળવાળા, મોક્ષદા ગુલાબચંદ રાંભિયા (હવે વ્યાસ), સોનલ મજમુદાર (હવે કેલેચી), વિજય દેઢિયા, જિતેન્દ્ર સંગોઈ વગેરે મળતા - ભળતા થયા. વડીલોની સલાહ મુજબ સમાજની યુવા પાંખ બનાવવાનો નિર્ણય કરાયો. સૌ એકઠાં થયા અને વર્ષ ૧૯૮૬માં "સંકલ્પ - શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન"ની સ્થાપના થઈ. રાજુભાઇ હરખચંદ ગાલાને સંકલ્પના પ્રમુખ બનાવાયા. ત્યાર પછી KJSSની આ યુવા બ્રિગેડ, પોતાની રીતે પિકનિક, Sports Day, નવરાત્રી વગેરે પ્રવૃત્તિઓ કરવા લાગી. વળી સમાજના દરેક પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોની જવાબદારી તો ખરી જ. તદુપરાંત દરેક અગત્યના પ્રસંગો પર સ્વયંસેવક તરીકે પણ સંકલ્પના સભ્યો સક્રિય રીતે જવાબદારીઓ ઉપાડતા. સ્નેહ મિલનનો અવસર હોય કે પછી મોટું ઉદ્ઘાટન, દરેક વખતે વોલન્ટિયર તરીકે કામ કરતી વખતે વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતા હિરેન, કાર્યની બારીકીઓને જોતા સમજતા ગયા, સમાજની કાર્યપ્રણાલીને શીખતા ગયા. હિરેન શાહ એક યુવા કાર્યકર તરીકે KJSSના દરેક પ્રસંગના સાક્ષી બન્યા. સંદીપ, પ્રદીપ, ફાલ્ગુની અને હિરેન – આ ચારેયની ચંડાળ ચોકડી સાથે મળીને જ બધા કામ પૂરા કરતી. દરમિયાન તત્કાલિન પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને 'મંગલ મંદિર'ના તત્કાલિન તંત્રી, મહિલા ઉત્કર્ષ તેમજ ભકિતમંડળનાં કર્તાહર્તા શ્રીમતી ચંદ્રિકા દેઢિયાની બીજી દિકરી, કુ. ફાલ્ગુની સાથે તેમની નિકટતા વધી. KJSSના બધાં કાર્યક્રમોમાં સાથે ભાગ લેતાં લેતાં પ્રેમ પણ પાંગર્યો અને ૧૯૮૯માં ખૂબ સાદાઈથી તે બંનેના લગ્ન થયાં.

સંકલ્પમાં સ્વયંસેવક ગણો કે પછી ક્લચરલ પ્રોગ્રામના અગ્રણી કલાકારો, બંનેએ સમાજના બધા જ પ્રસંગોને ખૂબ જ નજીકથી નિહાળ્યાં. એને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપતા રહ્યા. આપણા પ્રથમ ભવનની પ્રવૃત્તિઓ, પાલડીમાં કલાગુરૂ સ્વ. રવિશંકર રાવલના મકાનમાં થયેલું ભૂમિ પૂજન, અનેક મહાનુભાવો અને મહેમાનોની ઉપસ્થિતિમાં થયેલું ભવ્ય ઉદ્ઘાટન, શાહીબાગમાં અતિથિગૃહનું ઉદઘાટન, નવનીત આવાસ યોજનાનું લોકાર્પણ – વગેરે દરેક પ્રસંગોમાં તેમણે સક્રિય રીતે ફાળો આપ્યો. સંકલ્પમાં સભ્યથી શરૂ કરીને પ્રમુખ તરીકેની જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી. પછી સમાજની કારોબારી સમિતિમાં તેઓ સામેલ થયા.

હિરેન શાહ દ્વારા શરૂ કરાયેલ એક વિશેષ કાર્ય હતું શિક્ષણ ક્ષેત્રનું, સમાજના બાળકો અને યુવાઓને તેમની કારકિર્દીમાં માર્ગદર્શન આપવાનું. વિદ્યાર્થીઓ માટે તેમણે વેકેશનમાં વર્કશોપ્સનું આયોજન કર્યું. ભવિષ્ય માટે નિર્ણાયક અને મહત્ત્વના પડાવ સમા ધોરણ ૧૦ પછી શું કરી શકાય, એ માટે ૧૦ દિવસની શિબિર યોજાય. ૧૦માની પરીક્ષા પતે એટલે આ વર્કશોપ હોય. દિવસ દરમિયાન બાળકોને જુદી જુદી જગ્યાઓ - સંસ્થાઓની ફિલ્ડ વિઝિટ કરાવાય. ઉદાહરણ તરીકે IIM, AMA, NID, NIFT, EDI, દૂરદર્શન કેન્દ્ર, PRL, ISRO, વગેરે વગેરે. અલગ અલગ ક્ષેત્રના નિષ્ણાતોના લેકચર અને ચર્ચા થાય. જેમાં વૈજ્ઞાનિક, બેન્કર, એક્ટર, RJ, DJ, CA, ડિઝાઈનર, એનિમેટર, પોલીસ, વકીલ, ડૉક્ટર્સ જેવા પ્રોફેશનલ્સ આવે, પોતાના અનુભવો કહે અને જે તે ક્ષેત્રમાં રહેલી તકો અને પડકારો વિષે ચર્ચા કરે. KJSSના, કચ્છના અને બૃહદ સમાજના ઘણાં બાળકોએ આ શિબિરો થકી પોતાની પસંદના ક્ષેત્રની ઓળખ મેળવી અને કારકિર્દીમાં ઝળહળતી સફળતા મેળવી છે. હિરેન આ દરેક કાર્યમાં સાથે રહેનાર પ્રદીપ મહેતા, દેવેન છેડા, વિશાલ શાહ, સ્મિતા વિશાલ શાહ, વિમેશ શાહ, રોહિત સંઘવી અને પંકજ ગોગરીને પણ તેની સફળતાનો શ્રેય આપે છે.

હિરેનની દૂરંદેશીભરી આગેવાનીની અન્ય એક પહેલ એટલે "વિઝન ૩૬૦ ડિગ્રી સેમિનાર." યુવાઓને વ્યવસાય ધંધામાં બહુ ઉપયોગી એવા આ સેમિનાર માટેના વિચાર, આયોજન અને અમલીકરણને સફળ બનાવવા માટે તેમણે વ્યક્તિગત રીતે પણ ખૂબ જહેમત ઉઠાવી હતી. સ્થાનિક ઉપરાંત ગુજરાતભરના કચ્છી મહત્ત્વાકાંક્ષી યુવાનોને એનો લાભ આપવા તેઓ પોતે સુરત, વાપી, વડોદરા અને કચ્છ જઈને, ત્યાંનાં સક્રિય ઘટકોના આગેવાનોને મળ્યા અને એમના યુવાનોને આ સેમિનાર માટે આમંત્રણ આપ્યું. શ્રી બશેષ ગાલા, શ્રી જગત શાહ અને શ્રી અશોક શાહ (વી-ટ્રાન્સ) જેવા સફળ અને નિષ્ણાત વક્તાઓના માર્ગદર્શનમાં ૨૦૧૭માં યોજેલ આ સેમિનાર ખૂબ જ ઉપયોગી બની રહ્યો. એટલે સુધી કે કચ્છથી આવેલા કેટલાક યુવાનોએ આવો સેમિનાર કચ્છમાં કરવા ઈજન આપ્યું. KJSSએ ૨૦૧૮માં કચ્છમાં પણ એક સેમિનાર કરીને ૪૦૦ યુવાઓને તેનો લાભ આપ્યો.

તેમના દિલની સૌથી નજીક રહેલું કોઈ નિઃસ્વાર્થ કાર્ય

હોય, તો એ ભૂકંપ દરમિયાનની તેમની કામગીરી છે. ૨૬ જાન્યુઆરીના ગોઝારા ધરતીકંપ પછી, લગભગ ૨૦-૩૦ દિવસ સુધી હિરેન અને ફાલ્ગુની પોતાના ઘરે ગયા ન હતાં. પાલડી ભવન ખાતે જ રોકાઈને તેઓ દિવસ-રાત કચ્છ માટેના રાહતકાર્યમાં લાગી ગયા હતા. પાલડી ખાતે જ બનાવેલ કેમ્પમાં આ દંપતી અને બીજાં કાર્યકરો – કચ્છી સમાજના CA શ્રી બી. કે. પટેલ, સમાજના શ્રી કિરીટ નંદુ અને મુકેશ લાલકા વગેરેએ સાથે મળીને એક બહુ મોટું આયોજન વડીલોના દિશાસૂચન મુજબ કર્યું હતું. તો કચ્છમાં સામખિયાળી ખાતેનો કેમ્પ પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી હિરજીબાપાની રાહબરીમાં, ગિરીશ દેઢિયા અને હિરેનના ભાઈ નવદીપ શાહે સંભાળેલ હતો. અગણિત સ્વયં સેવકોએ સરાહનીય કામગીરી કરી હતી. આ બંને કેમ્પના વખાણ છેક દિલ્હી સુધી પહોંચ્યા હતા. મીડિયા જગતની આખી ફોજ આપણે ત્યાં ઉમટી પડી હતી. રાજદીપ સરદેસાઈ જેવા દિગ્ગજ પત્રકારોને હિરેન શાહ પોતે ઈન્ટરવ્યુ આપતા હતા. બધું જ કવરેજ ત્યારે પ્રિન્ટ મીડિયા અને NDTV વગેરેમાં આવતું. એ સમયની સમાજની અદ્ભુત કામગીરી અંગે તો મસમોટી દસ્તાવેજી ફિલ્મ બનાવી શકાય!

સંસ્થામાં કામ કરવું મહત્ત્વનું છે, હોદ્દો કે પદ હોવું નહીં – આ તેમની દ્રઢ માન્યતા હતી. હિરેન શાહે કારોબારી સભ્ય તરીકે પણ કામ કર્યું હતું. તે દરમિયાન "નવા કાર્યકરો માટે કામ કરવું અગત્યનું છે, કારોબારીનું સભ્યપદ નહીં," તેવું સાબિત કરવા, ચૂંટણીમાં જીતેલી ૬ મિત્રોની આખીયે ટીમને, AGMના દિવસે જ કારોબારી છોડાવી દીધી હતી. એ બધાએ સકારાત્મક રીતે સક્રિય રહીને કાર્યો ચાલુ રાખ્યા હતા. આ કિસ્સાના હજી પણ દાખલા લેવાય છે!

આમ સંકલ્પ યુથ એસોસિએશનથી શરૂ કરી, કારોબારીમાંથી પસાર થઈને, છેવટે વર્ષ ૨૦૧૭માં તેઓ ટ્રસ્ટી બન્યા. સક્રિય રહ્યા. ત્યારબાદ ૨૦૧૯માં ૫૪ વરસની વયે તેમણે પોતાના કુટુંબમાં વાત કરી કે, "હવે મારી પોતાની પૈસા કમાવવાની જવાબદારી પૂરી થઈ ગઈ, બાળકો ભણી ગણીને સેટલ થઈ ગયા છે. તો મારે નોકરી છોડી સેવાના કામો કરવા છે." એમના બંને બાળકો હીર અને કુશ પોતાનાં મા-બાપના જ પગલે ચાલી ખૂબ જ સાદાઈથી અમેરિકામાં પરણી ગયા હતા અને હાલ પોતાની મહેનતે કેનેડામાં પગભર થયાં છે. ચારેય છોકરાંવ (દિકરી હીર + રાહિલ પંડ્યા અને દિકરો કુશ + ખૂશ્બુ રેહાની) એ પપ્પાને મંજૂરી આપી, કે હવે તમે તમને ગમે તે પ્રવૃત્તિ કરો, તમારી ચિંતા અમે કરીશું. એટલે ૨૦૧૯-૨૦ થી તેઓ KJSSમાં ફૂલટાઈમ ટ્રસ્ટી બની ગયા અને ૨૦૨૦-૨૧ સુધીમાં પાલડી ખાતે આખા દિવસનો સમય આપવા લાગ્યા.

KJSSનું હિત સદૈવ તેમના મનમાં રહેતું. ૨૦૧૯માં તેઓ જ્યારે પ્રથમવાર અમેરિકા ગયા, ત્યારે ત્યાં કચ્છીઓના દિવાળી મેળવડામાં પણ ઉપસ્થિત રહ્યા. બે (Bay) એરિયામાં અનુપ હરખચંદ સાવલા સાથે ખાસ મુલાકાત કરી, સ્કિલ ડેવેલપમેન્ટ પ્રોજેક્ટ માટે અનુદાન પણ મેળવી આપ્યું.

એક સારા નેતાના ગુણો હિરેનમાં છે. સૌની આવડત અને ક્ષમતા પારખી તેને શ્રેષ્ઠ રીતે કામે લગાડી જાણે છે. સૌને પ્રોત્સાહિત કરી શકે છે. કામનો જશ ટીમને આપીને નેપથ્યમાં રહી શકે છે. માન સન્માન સ્વીકારવાનું કે ફોટામાં આગળ દેખાવાનું સભાન રીતે ટાળે છે. આત્મનિરીક્ષણ કરી શકે છે. વિશ્લેષણની ક્ષમતા ધરાવે છે. સમાજના કામમાં પોતાને અશોક મહેતાનો ચેલો ગણે છે. સરળતાથી મળી શકાય એવા People's Person છે. સમાજને ખૂબ ઉપર લઈ જવા માંગે છે.

તો આ પરિચય છે, ૨૫-૨૬ વરસની ઉંમરથી જ KJSS સાથે સંકળાયેલા અને હવે નવા નિમાયેલા પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી હિરેન કે શાહ (HK)નો, જેમને KJSSએ પોતાનું સુકાન સોંપ્યું છે. સમાજ વતી તેમને હાર્દિક અભિનંદન પાઠવી તેમને અવકારીએ છીએ. સમાજમાં એકસૂત્રતા બાંધી રાખી, સૌને સાથે રાખી, નવા નવા આયામો સર કરવાની ઈશ્વર શક્તિ અને મતિ આપે, એ જ શુભેચ્છા.

## શ્રી હિરેન શાહનું મંતવ્ય

તેઓ કહે છે કે, "KJSS એ મારી મા છે, જેણે મને નામ, માન-અકરામ આપ્યાં, પત્ની મળી તેની જ સાથે આવું સરસ તેના ખાનદાનનો હિસ્સો બનવાનું સૌભાગ્ય આપ્યું, જિંદગીભરના મિત્રો આપ્યાં અને હજી બાકી રહેલી જિંદગીમાં અમૂલ્ય પ્રેમ મળી રહ્યો છે, અનુભવ મળે છે. મારી KJSSની શરૂઆતના દિવસોથી અત્યાર સુધીની સફરમાં શ્રી અશોકભાઈ મહેતા કે જેઓએ ૧૯૮૭-૮૮ થી આજ સુધી વખતો વખત એવું ભવિષ્ય ભાખ્યું હતું, કે "HK અમારી સંસ્થાના ભાવિ પ્રમુખ છે." એવી જ વાત શ્રી હસમુખભાઈ ગઢેચાએ બધાંને ૨૦૦૫-૦૬માં કહી હતી કે, "તમારો એજન્ડા હોય કે ન હોય, અમારો એજન્ડા તો તમને પ્રમુખ તરીકે બેસાડવાનો છે જ!" તો આવા દૂરંદેશીવાળા વડીલો અને ટ્રસ્ટીઓ તથા ગાઈડલાઈનનું પાલન કરતા રોજેરોજ શીખવે તેવાં પિતા સમાન ડૉ. દેઢિયા, ખૂબ જ નીકટની સલાહસૂચન આપનાર તેવા શ્રી પ્રતાપભાઈ, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી મનુભાઈ, શ્રી કે.ડી. શાહ તથા રમણિકભાઈ અને શ્રી રજનીભાઈનો આભાર, કે તેમણે મને આ લાયક ગણેલ છે. ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ તથા સર્વે સાથીદારો, વડીલોનો આભાર અને આગળ ઉપર તમામે મૂકેલ વિશ્વાસ સાચો પડે તેવી મહેનત કરવાની ખાત્રી સાથે... આભાર." ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## વિવિધ કેન્દ્રોના સરનામા, ફોન નંબર તથા મેનેજર વગેરેના ફોન નંબર

★ **શ્રી કચ્છી જૈન ભવન – પાલડી**
**મુખ્ય કાર્યાલય**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨, ૪૮૯૦ ૬૦૦૩
(૦૭૯) ૪૮૯૦ ૬૦૦૪, ૪૮૯૦ ૬૦૦૫
મોબાઈલ : ૯૯૯૮૬ ૯૯૬૨૬
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
***મેનેજર*** : શ્રી કિશોરભાઈ એચ. ઠક્કર
મો. ૯૯૨૪૦ ૮૭૬૫૪

★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ**
અરિહંત નગર જૈન દેરાસરની સામે,
શુભ કોમ્પ્લેક્સની સામેની ગલીમાં,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૮૮ ૪૫૪૭, ૨૨૮૬ ૧૫૩૯
(૦૭૯) ૨૨૮૬ ૩૭૬૮
ઈ-મેઈલ : kvgkjss1781@gmail.com
***મેનેજર*** : શ્રી કૃષ્ણકાંત એ. મોદી
મો. ૯૬૩૮૧ ૭૩૯૦૦

★ **શ્રી કચ્છી જૈન સેવા ભવન – ગીતા મંદિર**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે,
રૂઘનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૧૨૭૦, ૨૫૪૬ ૬૦૧૯
***સંપર્ક*** : શ્રી મનુભાઈ ટી. પ્રજાપતિ
મો. ૯૫૩૭૭ ૦૩૭૪૫

★ **મેડિકલ સેન્ટર – પાલડી**
શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧, ૪૮૯૦ ૬૦૦૬
મોબાઈલ : ૯૭૩૭૭ ૬૦૩૦૩
ઈ-મેઈલ : kjssmedicalpaldi@gmail.com
***મેડિકલ ઓફિસર*** : ડૉ. દક્ષાબેન રામાવત
મો. ૮૦૦૦૧ ૨૬૩૬૫

★ **મેડિકલ સેન્ટર – બોપલ**
બીજો અને ત્રીજો માળ, ગાલા હબ એનેક્સ,
સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
મોબાઈલ : ૯૮૨૪૮ ૮૦૩૦૩, ૯૮૨૪૮ ૮૦૪૦૪
ઈ-મેઈલ : kjssmedicalbopal@gmail.com
***મેડિકલ ઓફિસર*** : ડૉ. રીધ્ધિબેન જોષી
મો. ૯૮૭૯૩ ૯૫૪૦૯

★ **મેડિકલ સેન્ટર – જશોદાનગર**
બીજા માળે, સેફ્રોન બિઝનેસ પાર્ક,
જશોદાનગર, અમદાવાદ.
મોબાઈલ : ૯૯૦૪૪ ૧૮૧૮૬, ૯૯૦૪૪ ૧૮૧૮૭
ઈ-મેઈલ : kjssmedicaljasodanagar@gmail.com
***મેડિકલ ઓફિસર*** : ડૉ. કમલબેન દવે
મો. ૯૯૨૪૨ ૨૮૯૬૩

★ **મેડિકલ સેન્ટર – ચાંગોદર**
ડેફોડિલ્સ, ગાય છાપ બેસનની સામે,
સરખેજ - બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩.
મોબાઈલ : ૯૬૦૪૦ ૦૦૨૩૦, ૯૬૨૪૦ ૦૦૨૩૧
ઈ-મેઈલ : kjssmedicalchangodar@gmail.com
***મેડિકલ ઓફિસર*** : ડૉ. કિશન માલી
મો. ૮૩૪૭૩ ૩૦૦૦૬

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે**

**ખાતાનું નામ :**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**

**બેંક :**
કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
**[Canara Bank, Paldi Branch - Ahmedabad]**

**એકાઉન્ટ નંબર :**
૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**

**IFSC કોડ : CNRB0017007**

## સરનામા ફેરફાર

- **રાજન હરિલાલ પાનાચંદ શાહ**
  ૧૦૧, અશ્વમેઘ પેરેડાઈઝ, નેતાજી રોડ, પ્રિતમ નગર,
  કચ્છી જૈન ભવન પાસે, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૦૮૦૮ ૨૦૦૮૦, ૯૩૮૧૧ ૮૮૦૮૮

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૯-૦૩-૨૦૨૬**
  **પ્રકાશભાઈ શામજી મામણિયા** (ઉં.વ. ૭૭) (અમદાવાદ – સમાઘોઘા) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરૂવાર, તા. ૧૨-૦૩-૨૦૨૬**
  **ઉષાબેન સુધીરભાઈ શાહ** (ઉં.વ. ૬૩) (અમદાવાદ – માંડવી) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૮-૦૨-૨૦૨૬થી તા. ૧૬-૦૩-૨૦૨૬ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | રાજેન્દ્ર સુમનલાલ દંડ (શાહ) | જલગાંવ | ૨૭-૦૨-૨૬ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | અશોક એસ. શાહ | સુરત | ૧૨-૦૩-૨૬ |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

રૂા. ૨૫,૦૦૦/- શ્રી રામ વેલ્થ લિમિટેડ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ શેઠ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહ
રૂા. ૩,૦૦૦/- શ્રીમતી શોભનાબેન મુકેશભાઈ મહેતા - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- શ્રીમતી સરોજબેન રાજેન્દ્ર મહેતા - અમદાવાદ

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૫,૦૦૦/- શ્રી કાંતિલાલ પ્રેમજી ગોસર - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી શીતલ જે. ચંદુ - ભુજ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૩,૦૦૦/- શ્રી સતીષ દેવશી શાહ - અડાલજ, ગાંધીનગર
રૂા. ૮૫૦/- શ્રી પૂરવભાઈ નરેશભાઈ છેડા - મુંબઈ
રૂા ૫૦૦/- શ્રી જીજ્ઞેશભાઈ રમેશચંદ્ર શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**
**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**
**(079) 4890 6001 (079) 4890 6006**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : જરૂરી સૂચના


### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો અને નિયાણી બહેનો માટેની ખાસ સૂચના

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો અને નિયાણી બહેનોએ તબીબી સારવારના મેડિકલ કાર્ડની ડિસ્કાઉન્ટની ઑફરનો લાભ લેવા માટે કેસ કઢાવતી વખતે મેડિકલ કાર્ડ અને જે તે વ્યક્તિનું સરકાર માન્ય ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# યુવા વિકાસ સમિતિ દ્વારા સંચાલિત બિઝનેસ હબ














શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ દ્વારા સક્ષમ સમાજ અંતર્ગત એક પહેલ હેઠળ કચ્છી જૈન સભ્યોને તેમના બિઝનેસની એડવર્ટાઈઝમેન્ટ કરવી હોય તો નીચે આપેલા નંબર ઉપર **WhatsApp** કરવો. કૃપાલી રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૪

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨૦-૦૨-૨૦૨૬**

- નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર ખાતે હિરેન કે. શાહ - પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી અને સીબી ડૉક્ટર વેન્ટિલેટર પ્રા.લિ.ના ડાયરેક્ટર શ્રી પરાગભાઈ બક્ષી અને કંપનીના એચ.આર. શિલ્પા મુખર્જીએ મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ તેમના કર્મચારીઓ માટે મેડિકલની વિવિધ સેવા માટે ટાઈ-અપ કરેલ હતું.

**તા. ૨૧-૦૨-૨૦૨૬**

- આજ રોજ પાલડી ભવન ખાતે શ્રી પ્રતાપ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન શાહ, શ્રી ભરત સંઘવી અને શ્રી દીપક ભેદાની એક મીટિંગ મળેલ હતી. તેમાં શ્રી દીપક ભેદાએ સ્કીલ ડેવલપમેન્ટ માટે માતબર દાનની જાહેરાત કરેલ હતી.

**તા. ૨૨-૦૨-૨૦૨૬**

- આજ રોજ ટ્રસ્ટ મંડળના સભ્યો અને મુંબઈથી આવેલ અતિથિ ગણ કે જેમાં શ્રી બિપીનભાઈ ગાલા, શ્રી અશોકભાઈ (વિ-ટ્રાન્સ), શ્રી દીપકભાઈ ભેદા, શ્રી ચેતનભાઈ ધરોડ, શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ વગેરે વચ્ચે એક મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં આપણી સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી શ્રાવ્ય અને દર્શન દ્વારા આપવામાં આવેલ હતી. અતિથિઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ હતો અને ભવિષ્યમાં કોઈપણ પ્રવૃત્તિ માટે તેમના સાથ-સહકારની લાગણી વ્યક્ત કરેલ હતી.

**તા. ૦૫-૦૩-૨૦૨૬**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ફાયર સેફ્ટી ઓફિસર શ્રી કલ્પેશભાઈ પંચાલ દ્વારા જ્યારે પણ આગનો બનાવ બને ત્યારે શું સાવચેતી રાખવી અને આગ ઓલવવા માટે શું પગલા લેવા તે અંગે પ્રત્યક્ષ ટ્રેનિંગ રાખેલ હતી. જેમાં સંસ્થાના અધિકારી વર્ગ, ઓફિસ સ્ટાફ તથા મેડિકલ સેન્ટરના સ્ટાફે ભાગ લીધેલ હતો અને માર્ગદર્શન મેળવેલ હતું.

*સદ્‌ગુણોથી શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ.*
*જ્યાં સુધી પોતાની આંગળી કંકુવાળી ના થાય*
*ત્યાં સુધી સામેવાળાના કપાળે તિલક ક્યાંથી થાય?*

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**તા. ૧૬-૨-૨૦૨૬**

- ડૉ. તપન શાહ દ્વારા એક દર્દીની Lipoma removal ની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૦-૨-૨૦૨૬**

- ડૉ. આકાશ પટેલ દ્વારા Chalazionનું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૪-૨-૨૦૨૬**

- શ્રીમતી હાસ્યલતા મહેતાના ભાઈ શ્રી સતીષભાઈ દેવશી શાહ અને ભાભી આરતી સતીષ શાહ તરફથી મેડિકલ સેન્ટરને રૂા. ૩,૦૦૦/-નું ડોનેશન મળેલ છે.

**તા. ૩-૩-૨૦૨૬**

- પ્લાસ્ટિક સર્જન ડૉ. પ્રમોદ મેનન દ્વારા એક સ્કીન બાયોપ્સીનું માઈનોર ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૬-૩-૨૦૨૬**

- સાંજે ૭ વાગે શ્રી કચ્છી જૈન ભવનના ગ્રાઉન્ડ ફ્લોરના કોન્ફરન્સ રૂમમાં શ્રી અશ્વિન સાવલાના પ્રમુખ સ્થાને તબીબી સેવા સમિતિની મીટિંગ યોજવામાં આવી. જેમાં આયુર્વેદ વિભાગમાં CCTV કેમેરા મૂકાવવા, ડાયાબિટીસની ત્રણ મહિનાની એવરેજ સુગર માટેનું HBA1C મશીન ખરીદવા માટેનું ક્વોટેશન એડમિનિસ્ટ્રેટરોએ બતાવેલ. દાંત વિભાગનું નવું કાર્ડ બનાવવું – જેમાં બધી વિગતો આવી જાય તે માટેની પ્રોસીજર આગળ કરવી.

**તા. ૭-૩-૨૦૨૬**

- ૮મી માર્ચ રવિવારે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' હોવાથી એચ.આર. શ્રીમતી ખુશ્બુ શાહે H.R. સમિતિ વતી સુંદર પ્રોગ્રામનું બેઝમેન્ટના હોલમાં આયોજન કરવામાં આવ્યું. જેમાં પાલડી, શાહીબાગ, એસ.ટી. ભવનના મહિલા કર્મચારીઓએ ભાગ લીધેલ હતો. મહિલા ડૉક્ટર્સને અને કર્મચારીઓને સુંદર ભેટ આપવામાં આવી હતી. રમત-ગમત, ગરબા અને આઈસ્ક્રીમનો આનંદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

**તા. ૧૬-૩-૨૦૨૬**

- ડૉ. તપન શાહે બે દર્દીઓના Sebeceous Cyst ના ઑપરેશન કર્યા.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧૯-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે બોપલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને માર્કેટિંગ અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૨૨-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહના જણાવ્યા અનુસાર 'સિટી લાઈન'માં સિનિયર ફિઝીશિયન ડૉ. જ્યોતિન શાહ વિશેની જાહેરાત આપવામાં આવી હતી. તેઓ સુરેન્દ્રનગરમાં ૪૦+ વર્ષોનો અનુભવ ધરાવે છે.

**તા. ૨૧-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. રીદ્ધિએ માર્કેટીંગ માટેના બેનરના ક્વોટેશન ડૉ. હિતેન્દ્રને બતાવી, એપ્રુવલ લઈને ૩૦ બેનર બોપલ, ઘૂમા તથા શેલા તેમજ અલગ અલગ વિસ્તારોમાં લગાવવા માટે ચર્ચા કરેલ હતી.

**તા. ૨૨-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહના માર્ગદર્શન હેઠળ બોપલ સેન્ટરની માહિતી આપતા ૩૫,૦૦૦ પેમ્ફલેટ બોપલ, શેલા, શીલજ, ઘૂમા તથા સાણંદમાં વહેંચવામાં આવેલ હતા.

**તા. ૨૭-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હેમ દેસાઈ (Opthalmologist) દ્વારા એક Pterygiumનું ઑપરેશન થયેલ હતું. ડૉ. દિનેશ શાહ (સ્કીન સ્પેશિયાલિસ્ટ) દ્વારા Cauteryનું ઑપરેશન થયેલ હતું. ડૉ. મિત પટેલ દ્વારા ૨ Yag Laser (આંખની પ્રોસીજર) થયેલ હતી.

**તા. ૨૮-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું. ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૧-૩-૨૦૨૬**

- આજ રોજ ફેબ્રુઆરી-૨૦૨૬ મહિનાનો મંથલી રીપોર્ટ ડૉ. હિતેન્દ્ર શાહને આપવામાં આવેલ છે. જેમાં ૮,૧૨૭ દર્દીઓએ મેડિકલ સેન્ટરમાં તથા ૨૮૩ દર્દીઓએ નવનીત ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લીધેલ હતી.

**તા. ૫-૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ૨ તથા Pterygium નું ૧ ઑપરેશન થયેલ છે.

**તા. ૭-૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ (જનરલ સર્જન) દ્વારા Lipoma નું ઑપરેશન થયેલ છે.
- ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ છે.

**તા. ૮-૩-૨૦૨૬**

- આજ રોજ 'સિટી લાઈન' ન્યુઝ પેપરમાં નવનીત મેડિકલ સેન્ટર અને નવનીત ડાયાલિસિસ સેન્ટર અંગે જાહેરાત આપવામાં આવી હતી.

**તા. ૧૦-૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Sebaceous Cyst નું ૧ ઑપરેશન થયેલ છે.

**તા. ૧૧-૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ધવલ પટેલ (ENT) દ્વારા Mucocele Excision નું ઑપરેશન થયેલ છે.
- ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Lipomaનું ૧ ઑપરેશન થયેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૩-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૪-૨-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હર્ષિલ પોરિયા (ઓર્થોપેડિક સર્જન) દ્વારા DQ ની પ્રોસીજર સફળતા પૂર્વક કરવામાં આવી.

**તા. ૩-૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરનો ગ્રોથ વધારવા અંગે ચર્ચા કરી તથા જરૂરિયાત મુજબ નવા ડૉક્ટર્સની નિમણુંક કરવાની સૂચના આપી.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયું.

**તા. ૭-૩-૨૦૨૬**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીમાં મહિલા સ્ટાફ મેમ્બર્સને વિવિધ પ્રકારની ગેમ્સ રમાડવામાં આવી. મહિલા સ્ટાફ તથા મહિલા ડૉક્ટર્સને KJSS તરફથી ગીફ્ટ આપીને સન્માન કરવામાં આવ્યું.

## ઉડતી નજરે.... *માસ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... ૭૩૯<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... ૧૧૬<br>● બોડી ચેક-અપ .... ૩૯૩<br>● સોનોગ્રાફી .... ૧,૧૨૮<br>● ટી.એમ.ટી. .... ૪૯<br>● ઑપરેશન .... ૧૧<br>● ફિઝીયોથેરાપી .... ૧,૬૦૬<br>● ઈકો .... ૨૮૬<br>● અન્ય .... ૫,૫૮૦ | ૯,૯૦૮ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● પુરુષો .... ૩૭૮<br>● સ્ત્રીઓ .... ૨૮૮<br>● બાળકો .... ૧૮<br>● કેન્ટીન .... ૪,૦૬૦ | ૪,૭૪૪ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● પુરુષો .... ૧૬૮<br>● સ્ત્રીઓ .... ૩૮<br>● બાળકો .... ૧ | ૨૦૭ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૮૫ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .... ૨,૫૪૦<br>● મ્યુઝિયમ .... ૧,૨૨૦<br>● કેન્ટીન .... ૩,૯૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર .... ૩૬૦<br>● ડિસ્પેન્સરી .... ૬૯ | ૮,૧૩૯ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૪૮૯ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ .... ૨૬૮<br>● સોનોગ્રાફી .... ૨૯૮<br>● ઑપરેશન .... ૧૨<br>● માઈનોર ઓ.ટી. .... ૫<br>● ફિઝિયોથેરાપી .... ૧,૬૦૮<br>● અન્ય .... ૫,૬૫૫ | ૭,૮૪૬ |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૨૮૩** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૧૬૩**<br>• સોનોગ્રાફી ........ **૩૬**<br>• બોડી ચેક-અપ ........ **૨૧૫**<br>• ઈકો ........ **૫**<br>• અન્ય ........ **૯૮૬** | **૧,૪૦૫** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૩૬૦**<br>• સોનોગ્રાફી ........ **૧૨૯**<br>• ફિઝિયોથેરાપી ........ **૬૭૪**<br>• બોડી ચેક-અપ ........ **૭૯**<br>• ઈકો ........ **૧૮**<br>• ઑપરેશન ........ **૨**<br>• અન્ય ........ **૧,૬૫૨** | **૨,૯૧૪** |
| | ***માસ ફેબ્રુઆરી – ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........*** | **૩૬,૦૨૦** |

# મિત્રતા... સુંદર અભિવ્યક્તિ...

એકવાર હું ઘરે મોડો આવ્યો, તો પત્નીએ પૂછ્યું : "ક્યાં હતા અત્યાર સુધી?"

તો મેં કહ્યું: "Friend"ના ઘરે હતો.

મારી સામે જ મારી પત્નીએ મારા ૧૦ Friendsને ફોન કર્યા.

૪ દોસ્તારોએ એવું કહ્યું : 'ભાભી એ અહીં જ હતો.'

૩ દોસ્તારોએ એવું કહ્યું : 'એ હજી હમણાં જ ગયો.'

૨ દોસ્તારોએ એવું કહ્યું: 'ભાભી, એ અહીં જ છે, ફોન આપું તેને....??'

૧ હરામખોરે તો હદ વટાવી નાખી. પત્નીએ ફોન કર્યો તો એ મારા જ અવાજમાં બોલ્યો : 'હા, હું અહીં જ છું કંઈ કામ હતું....??'

આ સાંભળીને મારી પત્ની પણ હસી પડી.

પણ ત્યારે ખબર પડી કે.... "જીવતા હતા એટલે દોસ્તો ના હતા પણ દોસ્તો હતા એટલે જીવતા હતા."

★ "I LOVE ALL MY FRIENDS FOREVER."
★ જેની સાથે લોહીનો સંબંધ નથી છતાં વહાલું લાગે, તે નામ છે દોસ્ત.
★ જેની સાથે થાય અઢળક વાતો.. છતાં થાક ના લાગે, તે નામ છે દોસ્ત.
★ જેની સાથે નાનકડી વાતમાં પણ... હસી શકાય, તે નામ છે દોસ્ત.
★ જેના ખભે માથું ઢાળીને રડી શકાય, તે નામ છે દોસ્ત.
★ જેની સાથે ઠંડી ચા પણ હૂંફાળી લાગે, તે નામ છે દોસ્ત.
★ જેની સાથે વઘારેલી ખીચડી પણ દાવત લાગે, તે નામ છે દોસ્ત.
★ જેને અડધી રાત્રે ઉઠાડી... હૈયું ઠાલવી શકાય, તે નામ છે દોસ્ત.
★ જેની સાથે વિતાયેલો સમય યાદ કરતાં...ચહેરા પર હંમેશાં આવે સ્મિત, તે યાદ છે દોસ્ત.
★ જેની સાથે મુખોટા વગર જાત ખુલ્લી કરી શકાય... છતાં પણ તે સ્વીકારે, તે છે દોસ્ત.
★ વર્ષો વીતી ગયાં પછી પણ જેને મળતા... ખુશ થઈ જાય દિલ, એ સુવાસ છે, દોસ્ત.
★ દૂર હોવા છતાં ના તૂટે.. તે લાગણીનો તાર છે, દોસ્ત.
★ છે બસ અઢી અક્ષરનું નામ પણ... બેજાન જિંદગીમાં પણ જાન પૂરી દે, તે છે દોસ્ત.

મારા સર્વે મિત્રો ને અર્પિત....

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*With Best Wishes From*

# ASIAN SURGICAL CO.

No. 16, First Floor, Ellora Commercial Center, Near Republic High School,
Opp. Electricity House, Relief Road, Ahmedabad - 380 001.
**Mobile : 98240 92246**

**● DEALERS IN ●**

**MEDICAL & SURGICAL INSTRUMENT**
**HOME HEALTHCARE PRODUCTS**
**(B.P. MONITOR / DIGI. THERMOMETER / PULSE OXIMETER / NEBULISER / OXYGEN CONCENTRATOR / BI PAP / C PAP MACHINE / WHEEL CHAIR)**

**DISTRIBUTOR FOR :**

- **Medisafe International – Delhi**
  (AN ISO 9001-2005 : ISO 13485-2016 Certified Co.)
- **Koove IOT Pvt. Ltd. - Kolkata**
  (Mfg. of Nitrile Powder Free Gloves)
- **B P L Medical Technologies Pvt. Ltd. - Bangalore**
  (Homecare Pdt.)
- **One Above Healthcare Products – Ludhiyana**
  (Glucometers)

***● FOR ANY QUERY OR REQUIREMENT ●***

***CONTACT : SHRENIK SHAH M. : 98240 92246***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

*પરમાર્થની જ્યોત ફેલાવતો અનોખો કાર્યક્રમ : **Disaster Management***

*વક્તા : શ્રી નીતિનભાઈ ત્રિવેદી – **Deputy Chief of Civil Defence – Ahmedabad***

*તાજેતરમાં સમિતિ દ્વારા ગોઠવાયો હતો.*

**• કાર્યક્રમનો ઉદ્દેશ્ય •**

★ *કુદરતી કે માનવસર્જિત આપત્તિના સમયે ફાયરબ્રિગેડ, ડૉક્ટર કે **112 HelpLine** ની મદદ મળે ત્યાં સુધી સંપૂર્ણ પરીસ્થિતિને કેવી રીતે સુપેરે સંભાળવી.*

★ *ગૃહિણીઓને ઘરમાં કોઈ પણ નાની મોટી આપત્તિ આવે ત્યારે માનસિક સંતુલન જાળવીને આગળ કેવી રીતે વધવું.*

★ *ટૂંકમાં, એક જવાબદાર સ્વજન, જવાબદાર પાડોશી, જવાબદાર નાગરિક તરીકે અન્ય કોઈ પણ મુશ્કેલીમાં ફસાયેલી વ્યક્તિને કેવી રીતે મદદરૂપ થવું.*

*બહેનોને, આ બધું જ ડેમોન્સ્ટ્રેશન સાથે માહિતગાર કરવાનો ઉદ્દેશ્ય હતો.*
*આવા, બીજાનો જીવ બચાવતા શીખવતા કાર્યક્રમમાં ૯૧ બહેનોએ પરોપકારની ભાવના સાથે ભાગ લીધો હતો.*

*અપની લીયે જીએ તો ક્યા જીએ,*
*તું જી, એ દિલ જમાને કે લીયે.*

આ પંક્તિને સાર્થક કરવાનો પ્રયાસ કરતો કાર્યક્રમ – Disaster Management તા. ૧૭-૨-૨૦૨૬ ને મંગળવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયો હતો.

ઉપરોક્ત ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા શ્રી નીતિનભાઈ ત્રિવેદીને આમંત્રિત કરાયા હતા.

### શ્રી નીતિનભાઈ ત્રિવેદીનો પરિચય

*પરમાર્થને કોઈ સ્વાર્થ ના નડે,*
*નિઃસ્વાર્થને કોઈ વિઘ્ન ના નડે.*

★ આવા ઉચ્ચ જીવન મંત્ર સાથે પરોપકારની જ્યોત ફેલાવતા પરમાર્થ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી.

★ રાષ્ટ્રપતિ ચંદ્રક દ્વારા સન્માનિત ઈન્ટરનેશનલ યોગ ગુરૂ, જ્યોતિષાચાર્ય, મંત્રાચાર્ય

★ Deputy Chief of Civil Defence - Ahmedabad.

★ M.Com., LL.B. ડિગ્રી સાથે આર્ટસ/કોમર્સ કોલેજમાં ૨૭ વર્ષ સેવા આપનાર.

★ સમસ્ત ગુજરાત બૃહદ સમાજ - સાબરમતીના સ્થાપક પ્રમુખ.

★ અનેક ભિન્ન વિષયોના જાણકાર અને વક્તા જેવા કે – મહિલા સલામતી, મેનોપોઝ, યોગ અને સ્વાસ્થ્ય, માનવ સર્જિત કે કુદરતી આપત્તિ – ડેમોન્સ્ટ્રેશન સાથે, વિદ્યાર્થીઓ માટે સફળતાની ચાવી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, વયસ્કો માટે આનંદથી જીવવાની કળા.

★ સમાજમાં પરોપકારી વ્યક્તિઓ તૈયાર કરવા હંમેશાં તત્પર વ્યક્તિ જેથી સમાજમાં બહુ બધા લોકોની જાન બચાવી શકાય.

### વક્તવ્યના મહત્ત્વના અંશો

૧. ઘરમાં કે ઓફિસમાં ગેસ લીક થાય તો શું કરવું?

૨. ઓછી દાઝી ગયેલી વ્યક્તિની તાત્કાલિક સારવાર.

૩. વધારે દાઝી ગયેલી વ્યક્તિની તાત્કાલિક સારવાર.

૪. દાઝી ગયેલી વ્યક્તિ પોતે મદદ માટે દોડે, તો એને કેવી રીતે મદદરૂપ થવું.

૫. આગ લાગેલા રૂમમાં ફસાયેલી વ્યક્તિને કેવી રીતે બહાર લાવવી.

૬. આગ લાગેલા રૂમમાં જતા પહેલા બારણું કેવી રીતે ખોલવું.



આગ લાગેલા રૂમમાં ફસાયેલી વ્યક્તિને સુવડાવીને, આ રીતે ખેંચીને બહાર લાવવી



હાથમાં ફ્રેક્ચર હોય ત્યારે આ રીતે પાટો બાંધવો



ધરતીકંપ આવે ત્યારે આ રીતે સૂઈ જવું




આગ લાગેલા રૂમમાં ફસાયેલી વ્યક્તિને સુવડાવીને, આ રીતે ખેંચીને બહાર લાવવી




વિશાળ દર્શક ગણને સમજાવતા શ્રી નીતિનભાઈ




મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્યો દ્વારા શ્રી નીતિનભાઈનું બહુમાન




પોતાની અલગ ઓળખ બનાવતી **Women Enterpreneurs**

૭. આંખમાં કાંઈક ઘૂસી ગયું હોય તો શું કરવું?
૮. નાકમાંથી લોહી નીકળે તો શું કરવું?
૯. બાળક કાંઈ ગળી ગયું હોય ત્યારે શું કરવું?
૧૦. ફ્રેક્ચર થાય તો શું કરવું?
૧૧. ધરતીકંપ આવે ત્યારે શું કરવું?
૧૨. બોમ્બ બ્લાસ્ટ થાય તો શું કરવું?

કાર્યક્રમ દરમિયાન ઉપરોક્ત આપત્તિઓ ડેમોન્સ્ટ્રેશન દ્વારા સમજાવી હતી, કે જેના થકી ઉપસ્થિત મહિલાઓ સવિશેષપણે જ્ઞાત થયેલ હતી.

પરોપકારની ભાવનાને જગાડતું એમનું વક્તવ્ય – એ પણ ડેમોન્સ્ટ્રેશન સાથેનું – હાજર સૌ બહેનોએ એમને Standing Ovation આપ્યું હતું. ત્યારબાદ સમિતિ વતી એમનું બુકેથી બહુમાન કરાયું હતું.

**સમિતિની પ્રણાલી મુજબ –**

૧. સમાજની મહિલા સાહસિકો (Women Entrepreneur)ને પોતાની આવડત / સ્કીલ, પ્રોડક્ટના માધ્યમથી પ્રદર્શિત કરવા કુલ ૧૦ બહેનોને વિનામૂલ્યે ટેબલ ફાળવવામાં આવ્યા હતા.

૨. કાર્યક્રમના અંતે પીરસાતો ગરમ નાસ્તો કોઈ પણ જરૂરિયાતમંદ બહેન પાસેથી જ બનાવડાવવો. આ વખતે જવનિકાબેનને લાભ આપ્યો હતો – જેમના બે બાળકો અંધ છે. દરરોજ એમને લેવા-મૂકવા અંધજન મંડળ જાય અને બાકીના સમયમાં પોતે ઘરે ગરમ નાસ્તા બનાવે છે.

૩. Hair Donation પ્રવૃત્તિ અંતર્ગત વાળનું દાન વિગ બનાવીને સીધું કેન્સર પીડિત મહિલાઓને વિનામૂલ્યે - મદત ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ દ્વારા પહોંચાડવામાં આવે છે. Hair Donors ને રોટરી ક્લબ - વાસણા દ્વારા સર્ટીફિકેટ પણ એનાયત કરાય ચે.

સમિતિના સભ્યો – સમયદાન આપનારાની મહેનતને કારણે કાર્યક્રમ સફળ રહેવા પામ્યો હતો. હાજર રહેલ ૯૧ બહેનોને દિલથી લાગ્યું કે આટલું બેઝીક તો શીખવું જ જોઈએ, તો જ અન્ય કોઈને તાત્કાલિક ઉપયોગી થઈ શકીએ. હવે બીજા કોઈ આવા જ વિષય ઉપર કાર્યક્રમ ગોઠવાશે તો અમે જરૂરથી આવીશું એવી બાંહેધરી આપતા સૌ છૂટા પડ્યા હતા.


***સમિતિની પ્રવૃત્તિની જાણકારી મેળવવા***
***WhatsApp @ 80009 72969 થી જોડાવો.***

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

## અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

*– હિરેન શાહ*

## મોના પારેખની સફળતાની કહાની




મોના પારેખ – ૩૬ વર્ષની એક મહિલા, દૃઢ સંકલ્પ અને કુશળતા વિકાસ દ્વારા જીવન કેવી રીતે બદલાઈ શકે તેનું પ્રેરણાદાયક ઉદાહરણ છે. સામાન્ય પરિવારથી આવતી મોના પારેખના પિતા નાઈ તરીકે કામ કરતા હતા અને માતા ગૃહિણી હતા. મોનાએ હંમેશાં શિક્ષણને મહત્ત્વ આપ્યું અને એમ.એ. સુધી અભ્યાસ પૂર્ણ કર્યો. પરંતુ પરિવારની જવાબદારીઓ અને આર્થિક મર્યાદાઓને કારણે તે પોતાની કારકિર્દી સમયસર શરૂ કરી શકી નહોતી અને ઘણીવાર તેને લાગતું કે હવે કંઈક નવું શરૂ કરવા માટે મોડું થઈ ગયું છે.

બધી મુશ્કેલીઓ વચ્ચે પણ સૌંદર્ય ઉદ્યોગ પ્રત્યે મોનાનો જુસ્સો અડગ રહ્યો. જ્યારે તેને કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સહયોગથી ચાલતા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના બ્યુટી કોર્સ વિશે જાણ થઈ ત્યારે તેના જીવનમાં સકારાત્મક વળાંક આવ્યો. સહાયક વાતાવરણ અને અનુભવી ટ્રેનર્સના માગદર્શનથી પ્રેરાઈને તેણે આ કોર્સમાં રસ લીધો અને આત્મવિશ્વાસ સાથે વ્યવસાયીક બ્યુટી કુશળતાઓ શીખી.

કોર્સ પૂર્ણ કર્યા બાદ મોનાને આનંદ ફેમિલી સલૂનમાં નોકરી મળી, જ્યાં તેને દર મહિને રૂા. ૧૫,૦૦૦/-નો પગાર મળે છે. આજે મોના આર્થિક રીતે સ્વતંત્ર, આત્મવિશ્વાસ ભરેલી અને ગર્વ અનુભવે છે. તેની સફર સાબિત કરે છે કે યોગ્ય તક મળે તો પોતાના સપનાઓ સાકાર કરવા માટે ક્યારેય મોડું થતું નથી.

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ તરફથી તા. ૧૩-૦૩-૨૦૨૬ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

સૌ પ્રથમ રજનીકાંત પારેખે સૌ વડીલોને આવકાર્યા.

ત્યારબાદ કચ્છની ટાઇટેનિક ગણાતી 'વીજળી' સ્ટીમર વિશે ઇસ્માઈલ વાલેરાએ ગીત ગાયું અને તે અંગે પિક્ચર બતાવવામાં આવેલ હતું.

ત્યારબાદ નીચેના કલાકારોએ ગુજરાતી ગીતો ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા : શ્રી નિખિલભાઈ ખોના, શ્રી પ્રિયેશભાઈ સંઘવી, શ્રી અંકિતભાઈ, શ્રી મનીષભાઈ ખોના, કુ. વૃષ્ટિ મહેતા અને બહેન શ્રી ગીતાબેન પી. વ્યાસ.

ત્યારબાદ શ્રીરામ વેલ્થ કંપની તરફથી નાણાંનું આયોજન અને રોકાણ કેવી રીતે કરવું, ફ્રોડ - ધોખાગીરીથી કેવી રીતે બચવું તેમજ મેડિક્લેઇમ અને અન્ય વિમા વિશે માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રીરામ વેલ્થના હોદ્દેદારો શ્રી પ્રતીકભાઈ બાજપાઈનું શ્રી પ્રતાપભાઈ દંડે અને શ્રી હેમલભાઈ મારફતિયાનું શ્રી તલકશીભાઈ ગોગરીએ શાલ ઓઢાડીને બહુમાન કરેલ હતું. આ ઉપરાંત આજના કાર્યક્રમના સ્પોન્સર શ્રીમતી શોભનાબેન મુકેશભાઈ મહેતાનું શ્રીમતી પુષ્પાબેન કે. શાહ દ્વારા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતું.

ત્યારબાદ શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ શેઠ અને શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહે તેમના જન્મ દિવસની કેક કાપીને જન્મ દિવસ ઉજવ્યો હતો.

અંતમાં હાઉસી રમાડવામાં આવેલ હતી અને ત્યારબાદ અંતમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

સૌ વડીલોએ ભાજીપાંઉ, ગુલાબજાંબુ, પુલાવ વગેરેના ભોજનની મજા માણી હતી.

આજના કાર્યક્રમ માટે નીચે પ્રમાણે ડોનેશન મળેલ હતું:

| | |
|---|---|
| *શ્રીરામ વેલ્થ લિમિટેડ* | *: રૂા. ૨૫,000/-* |
| *શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ શેઠ* | *: રૂા. ૫,000/-* |
| *શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહ* | *: રૂા. ૫,000/-* |
| *શ્રીમતી શોભનાબેન મુકેશભાઈ મહેતા* | *: રૂા. ૩,000/-* |

***રજનીકાંત પારેખ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***


*ગીત ગાતા શ્રી નિખિલ ખોના*


*શ્રી પ્રિયેશ સંઘવી*


*કુ. વૃષ્ટિ પ્રદીપ મહેતા*


*શ્રી અંકિતભાઈ*


*શ્રીમતી ગીતાબેન પી. વ્યાસ*


*જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી તરૂબેન નરેન્દ્રભાઈ શાહ*


*જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી ચંદ્રિકાબેન શેઠ*



શ્રીમતી શોભનાબેન મુકેશ મહેતાનું બહુમાન કરતાં શ્રી પુષ્પાબેન શાહ



શ્રી પ્રતીક બાજપાઈનું બહુમાન કરતાં શ્રી પ્રતાપભાઈ દંડ



શ્રી હેમલ મારફતિયાનું બહુમાન કરતાં શ્રી તલકશીભાઈ ગોગરી



શ્રીરામ વેલ્થ લિ.ના હોદ્દેદારો અને વયસ્ક સમિતિના સભ્યશ્રીઓ



સભાને ઉદ્‌બોધન કરતાં શ્રી કપીલ કારીઆ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સંસ્થાના સ્ટાફ મેમ્બરોને ફાયર સેફ્ટી અંગે અપાયેલ ટ્રેનિંગ



તા. ૫-૩-૨૦૨૬ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ફાયર સેફ્ટી ઓફિસર શ્રી કલ્પેશભાઈ પંચાલ દ્વારા જ્યારે પણ આગનો બનાવ બને ત્યારે શું સાવચેતી રાખવી અને આગ ઓલવવા માટે શું પગલા લેવા તે અંગે પ્રત્યક્ષ ટ્રેનિંગ રાખેલ હતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના અધિકારી વર્ગ, ઓફિસ સ્ટાફ તથા મેડિકલ સેન્ટરના સ્ટાફે ભાગ લીધેલ હતો અને માર્ગદર્શન મેળવેલ હતું.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જે વ્યક્તિ સારા વિચારો અને સારા સંસ્કાર પકડી લે છે, તેને પછી હાથમાં માળા પકડવાની જરૂરત રહેતી નથી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી

૮મી માર્ચનો દિવસ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવાય છે. વર્ષ ૨૦૨૬માં ૮મી માર્ચે રવિવાર હોવાથી એડવાન્સમાં તા. ૦૭-૦૩-૨૦૨૬ને શનિવારે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બેઝમેન્ટ હોલમાં તેમજ સંસ્થાના તમામ સેન્ટરો ઉપર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં પાલડી એડમિનિસ્ટ્રેટીવ, પાલડી મેડિકલ, એસ.ટી. - ગીતા મંદિર ડાયાલિસિસ, એસ.ટી. ભવન - ગીતા મંદિર સ્કીલ ડેવલપમેન્ટ તથા શાહીબાગ વિશ્રામગૃહની મહિલા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

શ્રીમતી ખુશ્બુબેન શાહ – H.R. એ સૌ પ્રથમ આ કાર્યક્રમમાં સમાજના મહિલા ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુનીબેન શાહ અને કારોબારી સભ્ય શ્રીમતી સુલુબેન શાહ તથા તમામ મહિલાઓને આવકાર્યા અને વુમન્સ-ડે ની શુભેચ્છા પાઠવી.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી ખુશ્બુબેન શાહે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંગે જાણકારી આપી, ને સાથે સાથે બહેનોને દરરોજ દિવસમાં પોતાના માટે ઓછામાં ઓછો ૧૦ મિનિટનો સમય કાઢી, ગમતી પ્રવૃત્તિ કરવા મોટીવેશનની પ્રેરણા આપી.

ટીમ બનાવીને સંગીત ખુરશી, અંતાક્ષરીની ગેમ રમાડવામાં આવી.

ચિઠ્ઠીમાં લખ્યા પ્રમાણે જે લખ્યું હોય તેની એક્ટીંગ કરીને એ મુજબ ગીત ગાવાનું રાખેલ હતું. તેમાં પણ બહેનોએ ભાગ લીધેલ અને ચિઠ્ઠી ઉપાડતા તેઓએ તે મુજબના હાવભાવની એક્ટીંગ કરી, ગીત ગાઈને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા

ત્યારબાદ તમામ મહિલાઓએ માતાજીના તેમજ ફિલ્મી ગીત ઉપરના ગરબાની રમઝટ ચાલુ કરી અને ગરબે ઘુમ્યા. મહિલાઓને ગીફ્ટ આપવામાં આવી.

શ્રીમતી ખુશ્બુબેન શાહે શ્રીમતી ફાલ્ગુનીબેન શાહ, શ્રીમતી સુલુબેન શાહ તથા તમામ મહિલાઓનો આ કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રીમતી મંજુલાબેન પરમારે પ્રથમ આજના કાર્યક્રમનું આયોજન કરવા બદલ ઍડમિન, શ્રીમતી ખુશ્બુબેન શાહ - એચ.આર.નો તેમજ કાર્યક્રમમાં હાજર રહેલ મહિલા કર્મચારીઓનો આભાર માની સર્વેને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવી.

અંતમાં સર્વે મહિલાઓએ ગરમીની સીઝન શરૂ થઈ ગઈ હોઈ, આઈસ્ક્રીમની ડિશને ન્યાય આપી, આજના કાર્યક્રમના આનંદને મમળાવતા છૂટા પડ્યા.

**રજનીકાંત પારેખ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**



*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે 'વુમન્સ-ડે'ની ઉજવણી*



'વુમન્સ-ડે'ની ઉજવણી : ડૉ. નીતુબેન પરીખ



'વુમન્સ-ડે'ની ઉજવણી : ડૉ. શિલ્પા તોશ્નીવાલ



પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે 'વુમન્સ-ડે'ની ઉજવણી



નવનીત મેડિકલ સેન્ટર – બોપલ ખાતે 'વુમન્સ-ડે'ની ઉજવણી



નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર ખાતે 'વુમન્સ-ડે'ની ઉજવણી

## કાર્યક્રમ અંગેના પ્રતિભાવ

Thank you everyone who organized the International Women's Day program. It was a wonderful and inspiring event. Your efforts made the celebration special and meaningful. We truly appreciate the hard work and dedication of the entire team.

Let me add that, All the women's staff were happy and they had a break from their monotonour routine. The Bag has a very decent colour with a saffron patch in it.

My humble suggestion is that please add the female Doctors in this type of celebration and inform us well in advance, so that we also can participate.

*Dr. Gargi Vasawada*

★

તા. ૭-૩-૨૦૨૬ના રોજ ૮મી માર્ચે આવતા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટના હોલમાં કરવામાં આવી. તેમાં એસ.ટી. ભવન તથા શાહીબાગના ઉપરાંત પાલડી મેડિકલ સેન્ટર અને ભવનના મહિલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. બે વર્ષથી આ રીતે H.R. ડિપાર્ટમેન્ટને વિનંતી કરીને બધી તૈયારીઓ સાથે શ્રીમતી ખુશ્બુ શાહે કાર્યક્રમ બનાવેલ હતો. સતત દોડધામ કરીને સ્ટાફ નોકરી પર આવતો હોય છે. ઘરની જવાબદારી પછી મેડિકલ સેન્ટરની ફરજો બજાવતી મહિલાઓને પોતાના માટે સમય મળતો નથી. અહીં બપોરે ૨ થી ૪ સર્વ મહિલા સ્ટાફે આનંદપૂર્વક રમતગમત, અંતાક્ષરી અને ગરબાનો આનંદ માણ્યો હતો. શ્રીમતી સુલુબેન શાહે અને શ્રીમતી ફાલ્ગુનીબેન શાહે પ્રોગ્રામ માણ્યો હતો અને સર્વ સ્ટાફ ખૂબ જ ખુશખુશાલ હતો. તથા શ્રીમતી ખુશ્બુબેન શાહે શ્રીમતી સુલુબેન શાહ અને શ્રીમતી ફાલ્ગુનીબેન શાહનો અહીં આવી તેમને પ્રોત્સાહિત કરવા બદલ આભાર માન્યો હતો.

મહિલા ડૉક્ટર્સ અને મહિલા કર્મચારીઓને સંસ્થા તરફથી સુંદર ભેટ આપવામાં આવી. સર્વે મહિલા કર્મચારીઓએ એચ.આર. શ્રીમતી ખુશ્બુબેન શાહનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના અંતે તમામને આઈસ્ક્રીમ આપવામાં આવેલ હતો.

ટ્રસ્ટી ગણનો પ્રોગ્રામમાં સહકાર આપવા બદલ આભાર.

***ડૉ. દક્ષા રામાવત***
***મેડિકલ ઓફિસર - પાલડી મેડિકલ સેન્ટર***

★

A truly inspiring celebration recognizing the strength and resilience of Women. "There is no limit to what we, as women, can accomplish," so stay persistent, compassionate and unapologetically you.

***Dr. Simul Patel***
***Pathologist - Paldi Medical Center***

★

વુમન્સ-ડે પર નારીના સન્માન તરીકે અને તેમને પ્રોત્સાહન આપતી ભેટ આપવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર. આ ભેટ સૌ નારી માટે એક વસ્તુ નથી પરંતુ પ્રેમ અને સન્માન છે. સ્ટાફની નાની - મોટી સિદ્ધિઓને ઓળખવા માટે અને તેને ખૂબ સુંદર રીતે ઉજવવા બદલ આપ સૌનો આભાર. આ તમારો સાથ સૌને સશક્ત બનાવવા તરફ પ્રેરે છે.

***ડૉ. દૃષ્ટિ પટેલ***
***ફિઝીયોથેરાપિસ્ટ - પાલડી મેડિકલ સેન્ટર***

★

ખૂબ જ સરસ આયોજન હતું. Recognition is the greatest motivator.

***ડૉ. રીદ્ધિ યાજ્ઞિક જોષી***
***મેડિકલ ઓફિસર - બોપલ મેડિકલ સેન્ટર***

★

હું કિન્નરીબેન શાહ – સ્ટોર વિભાગ. આજે ઓફિસમાં વુમન્સ ડે ની ઉજવણી થઈ. મને મારી લાઈફમાં આ આનંદની અનુભૂતિ કચ્છી ભવનમાં થઈ. વુમન્સના સ્કીલની ઓળખ એટલે જ વુમન્સ ડે.

એચ.આર. ડિપાર્ટમેન્ટે વુમન્સ ડેની અનુભૂતિ (આનંદ) કરાવી. ખુશ્બુ મેડમમાં ખૂબ જ સ્કીલ (આવડત) છે. બધાને એક સૂત્રે બાંધીને રાખે છે.

સંસ્થા તરફથી આપવામાં આવેલ ગીફ્ટ અનમોલ હતી.

કાર્યક્રમના અંતે આઈસ્ક્રીમ આપવામાં આવેલ હતો.

અંતમાં તમામ મહિલા કર્મચારી આ કાર્યક્રમમાં હાજર રહ્યા તે બદલ તેમનો પણ આભાર વ્યક્ત કરું છું.

***કિન્નરીબેન શાહ***
***સ્ટોર વિભાગ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

★

શ્રીમતી ખુશ્બુબેન શાહ - એચ.આર. એ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વુમન્સ ડેની ઉજવણીનો કાર્યક્રમ યોજેલ હતો.

ટીમ બનાવીને સંગીત ખુરશી, અંતાક્ષરીની રમત રમાડવામાં આવી અને ગરબા ગાવામાં આવ્યા. વિજેતા મહિલાઓને ઈનામ આપવામાં આવ્યા.

શ્રીમતી ખુશ્બુબેન શાહને - એચ.આર. તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના ભવન પર નિયુક્ત કરાયા બાદ તેઓ જહેમત ઉઠાવીને છેલ્લા બે વર્ષથી તમામ સ્ટાફને એકસાથે રાખીને દરેક પાસેથી કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન મેળવીને અંતે કાર્યક્રમ વધુમાં વધુ કેમ સફળ થાય તેનું તેઓ કુનેહપૂર્વક આયોજન કરે છે અને મોટીવેશન પણ કરાવે છે.

મહિલા કર્મચારીઓને અતિ સુંદર આકર્ષક ભેટ આપવામાં આવી અને કાર્યક્રમના અંતે આઈસ્ક્રીમ આપવામાં આવેલ હતો.

સર્વે મહિલા કર્મચારીઓએ એચ.આર. શ્રીમતી ખુશ્બુબેન શાહનો આભાર માન્યો હતો.

અંતમાં આજનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ ધન્યવાદ - સહ અભિનંદન.

***મંજુલાબેન પરમાર***
***ફિઝીયોથેરાપી વિભાગ - પાલડી મેડિકલ સેન્ટર***

★

Today, on 7th March 2026, we gather to celebrate International Women's Day at Navneet Medical Center - Jashodanagar with female staff members.

This Women's day we bring new concept to encourage everyone. The theme was "Give and Gain." In this idea, everyone bring one thing for other staff. Everyone likes and very much appreciate for the same. We played different games and enjoyed a lot. Giving gifts to one another is really a nice experience & feeling proud to get it.

***Dr. Komal Dave***
***Medical Officer – Jashodanagar Medical Center***

# અતીતના ઓવારેથી.... : મણકો-૩૨

*'મંગલ મંદિર'ની 'અતીતના ઓવારેથી' કોલમના મણકા નં.-૩૨માં આજે આપણે નવેમ્બર-ડિસેમ્બર ૧૯૮૦ના દીપોત્સવી અંક નંબર ૫૩-૫૪માં પ્રસારિત કરવામાં આવેલ નીચે મુજબના લેખોનું ફરીથી પઠન કરીશું. આ લેખોના પઠનથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એ વખતની કાર્યવાહીનો તો ખ્યાલ આવશે પણ સાથે સાથે આ સમાજના સભ્ય પરિવારની એક ધૂરંધર સંસ્થા – નવનીત પ્રકાશનના વિકાસક્રમની પણ આપણે ઝાંખી કરી શકીશું.*

*નવેમ્બર/ડિસેમ્બર - ૧૯૮૦ના દીપોત્સવી અંકના નીચે મુજબના લેખો અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.*

*૧. નવનીત પ્રકાશન સંસ્થાનો વિકાસક્રમ (વર્ષ ૧૯૮૦ સુધીનો)*

*૨. કચ્છમાં જૈનોનું આગમન ........................................ શ્રી જિતેન્દ્ર જ્યોતિધર્મા ('ભુજપુર દર્શન'માંથી)*

*૩. અમદાવાદ – સહેલાણીઓ માટે........................................................................ ચૌલા કુરૂવા*

*૪. એ સમયની અમદાવાદની વિખ્યાત હોટેલો*

**'મંગલ મંદિર' નવેમ્બર / ડિસેમ્બર – ૧૯૮૦ ● દીપોત્સવી અંક ● અંક નં. – ૫૩/૫૪**

## નવનીત પ્રકાશન સંસ્થાનો વિકાસક્રમ

*(કચ્છ જિલ્લાના, માંડવી તાલુકાના, ગામ મોટી રાયણના, જ્ઞાતિએ જૈન એવા ગાલા બંધુઓએ આ સંસ્થાનો ઉત્કર્ષ સાંધી જે પ્રગતિ હાંસલ કરેલ છે, એ માટે શ્રી કચ્છી જૈન સમાજ – અમદાવાદ ગૌરવ અનુભવે છે અને ભવિષ્યમાં તેમને આનાથી પણ વધુ ઉજ્જવળ કારકિર્દી હાંસલ થાય તેવી અપેક્ષા રાખે છે. – સંપાદક)*

વર્ષો પહેલા તીન બત્તી, મલબાર હીલ, મુંબઈમાં કરિયાણાની એક દુકાન હતી – આપણા બીજા કચ્છી ભાઈઓની દુકાન જેવી જ. આ દુકાનનું સંચાલન કચ્છના એક ગામ ''મોટી રાયણ''ના બે ગાલા બંધુઓ શ્રી રામજી તેજસી ગાલા તથા શામજી તેજસી ગાલા સારી રીતે કરતા હતા.

જતે દહાડે બંને બંધુઓ છૂટા પડ્યા. તેઓમાંના એક શી રામજીભાઈને વિચાર આવ્યો કે અનાજ કરિયાણાના ધંધા કરતા બીજો કોઈ વધુ સમાજોપયોગી ધંધો કરું તો સારું. આ વિચાર તેઓશ્રી અમલમાં મૂકે એ પહેલાં પ્રભુએ તેમને પોતાના દરબારમાં બોલાવી લીધાં. પરંતુ તેમની અધૂરી રહેલી ઈચ્છા પૂર્ણ કરવા તેમના સુપુત્રો બહાર પડ્યા.

શ્રી લાલજીભાઈ તથા શ્રી ધનજીભાઈએ પુસ્તક ક્ષેત્ર પસંદ કર્યું અને મુંબઈમાં પ્રિન્સેસ સ્ટ્રીટમાં એક દાદરની નીચે ''ધનલાલ બ્રધર્સ''ના નામે 'રીટેઈલ બુકસેલર્સ' તરીકે આ ક્ષેત્ર ખેડવાનું ચાલુ કર્યું.

કચ્છીઓના સ્વભાવમાં જે ખંત લાગેલી છે તે જ ખંતથી મહેનત કરતાં આ ગાલા બંધુઓ આ ક્ષેત્રે આગળ નીકળતા ગયા અને મુંબઈના અલગ અલગ એરિયામાં વધુ 'રીટેઈલ બુકસેલર્સ' તરીકે દુકાનો ખોલતાં ગયાં. ધીરે ધીરે એક પછી એક એમ છ એ બંધુઓએ આ ક્ષેત્રે ઝંપલાવી દીધું અને સૌ પોતપોતાની જવાબદારી તથા ફરજ અદા કરતા ગયાં.

સન ૧૯૫૮માં આ બંધુઓને વિચાર આવ્યો કે આપણે બીજા પ્રકાશનોનું વિતરણ કરીએ છીએ તો આપણા પોતાના પ્રકાશનો બહાર પાડી તેનું વિતરણ કેમ ના કરવું! અને આ વિચાર ધારામાંથી ''નવનીત પ્રકાશન સંસ્થા''નો ઉદ્ભવ થયો. સ્થળ હતું મુંબઈ અને સાલ હતી ૧૯૬૦ની. એ વખતે તેમનો મુખ્ય ઉદેશ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રકારનાં શૈક્ષણિક પુસ્તકો પૂરા પાડવાનો હતો. અથાગ મહેનત, ખૂબજ પરિશ્રમ અને આગવી સૂઝ વાપરી ''ગાલા બંધુઓ''એ આ ધંધાના વિકાસ કાર્યમાં ખંતથી ઝંપલાવી દીધું. શિક્ષણ ક્ષેત્રે ખૂબજ સારી નામના અને વિશાળ અનુભવ ધરાવનાર વિષય નિષ્ણાતોને લેખકો તરીકે પસંદ કરી, ઊંચી ગુણવત્તા ધરાવતાં આધારભૂત ''નવનીત''ના પ્રકાશનો બહાર પાડતાં ગયાં અને શિક્ષણ જગતમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ તેમને ખૂબજ ઉમળકાભેર વધાવી લીધા. આ વખતથી ''નવનીત પ્રકાશન સંસ્થા''ના વિકાસની શરૂઆત થઈ.

અહીંથી તેમના વિકાસનો પાયો નંખાયો.

દરમિયાન આ ગાલા બંધુઓમાંના એક શ્રી ધનજીભાઈ ગાલાને નેચરોપથી વગેરે શરીર વિજ્ઞાનમાં વધુ રસ જાગ્યો અને તેઓ એ દિશામાં વળી ગયા. ત્યારબાદ તેઓએ પોતાની સમગ્ર શકિત એ દિશામાં વાળી અને “આઈ સ્પેશિયાલિસ્ટ” થયા – “નવનીત”થી અલગ પડ્યા.

આજે આ સંસ્થાના ભાગીદારો પાંચ પાંડવો જેવા (૧) શ્રી લાલજીભાઈ રામજી ગાલા, (૨) શ્રી અમરચંદભાઈ રામજી ગાલા, (૩) શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા, (૪) શ્રી હરખચંદભાઈ (છોટુભાઈ) રામજી ગાલા અને સૌથી નાના (૫) શ્રી શાંતિભાઈ રામજી ગાલા છે. દરેક ભાઈ અલગ અલગ ક્ષેત્રમાં પોતાની જવાબદારી અદા કરે છે અને સંસ્થાને આગળ લાવવામાં પોતાનાથી બનતો ફાળો આપે છે. તેઓ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના, ગામ મોટી રાયણના વતની છે અને જ્ઞાતિએ જૈન વાણિયા છે.

બધા ભાઈઓની ખંત અને મહેનતથી “નવનીત”નું વટવૃક્ષ ફાલતું ગયું અને એની શાખાઓ - ડાળીઓ દિવસોદિવસ વધતી ચાલી. તેમની મુખ્ય ઓફિસ મુંબઈ ખાતે “નવનીત ભવન”, શારદાશ્રમ પાસે, ભવાનીશંકર રોડ, દાદરમાં છે.

નવેમ્બર ૧૯૬૬માં અમદાવાદ ખાતે ભોઈવાડાની પોળ, રીલીફ રોડ ખાતે એક શાખા ચાલુ કરી જ્યાં કેવળ કંપોઝખાનું જ હતું.

૧૯૬૭માં “ગાલા પબ્લિશર્સ”ની સ્થાપના થઈ.

૧૯૬૮માં ગોમતીપુર - અમદાવાદ ખાતે સંસ્થાનું પોતાનું મકાન તૈયાર થયું – “સરસ્વતી ભવન”.

૧૯૬૯માં સ્વતંત્રપણે પોતાની માલિકીના કંપોઝ ખાતું, બાઈન્ડિંગ ખાતું અને મુદ્રણ ખાતું શરૂ કર્યા.

૧૯૭૧માં “વિકાસ પ્રકાશન” નામની સંસ્થા અસ્તિત્ત્વમાં આવી. આજે આ સંસ્થામાં અંદાજે ૫૦૦ વ્યકિત કામ કરે છે. જેમાંના લગભગ અડધા મુંબઈ ખાતે છે અને બાકીના અમદાવાદ ખાતે. સામાન્ય રીતે મુંબઈ ખાતે એકેડેમિક વિભાગ છે અને અમદાવાદ ખાતે પ્રોડકશન વિભાગ.

માર્ગદર્શિકાઓ, અપેક્ષિત સંગ્રહો, ડિક્ષનરીઓ અને પ્રાથમિક પ્રકાશનો વગેરે મળીને લગભગ ૧૫૦૦ જેટલા પ્રકાશનો આ ત્રણે સંસ્થાઓ પ્રગટ કરે છે. આ પ્રકાશનો ગુજરાતી, મરાઠી, હિંદી અને ઉર્દુમાં પ્રગટ થાય છે.

પ્રકાશનો પ્રગટ કરવા પાછળ આ સંસ્થાઓના સંચાલકો ખૂબજ કાળજી લે છે. પ્રથમ જે તે વિષયો નિષ્ણાત પાસેથી મેટર તૈયાર કરાવવામાં આવે છે. આ નિષ્ણાત પાસેથી મેટર તૈયાર કરાવતાં પહેલાં સંસ્થા તેમને સમગ્ર શિક્ષણ સામગ્રી જેવી કે જરૂરી ગ્રંથો, શાળાકીય તેમજ વોર્ડના પ્રશ્નપત્રો વગેરે પૂરા પાડે છે. આ તૈયાર થયેલ મેટર અન્ય અનુભવી નિષ્ણાત પાસે મોકલવામાં આવે છે. અનુભવી નિષ્ણાતોએ સૂચવેલ સુધારા-વધારા લક્ષમાં લઈ મેટર ફરીથી મઠારવામાં આવે છે અને તેને છાપવા માટેનું અંતિમ સ્વરૂપ અપાયા બાદ જ તે મેટર પ્રેસમાં જાય છે.

પ્રૂફને અનુભવી નિષ્ણાતો પાસેથી વારંવાર સંતોષ ન થાય ત્યાં સુધી ચેક કરાવવામાં આવે છે. અને ત્યારબાદ જ તેને પુસ્તકના રૂપમાં છાપવામાં આવે છે. સંસ્થામાં જ વ્યવસ્થિત બાઈન્ડિંગ થાય છે. આકર્ષક મુખપૃષ્ઠ ચડે છે. તે પછી તૈયાર થયેલ પુસ્તકને સંસ્થાના વેચાણ વિભાગ દ્વારા ગુજરાત-મહારાષ્ટ્રના પુસ્તક વિક્રેતાઓને આ પ્રકાશનોની જરૂરિયાત મુજબનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. એ નોંધવું પડશે કે આ પ્રકાશનોની સહાયતા વડે લાખો વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ જ્વલંત સફળતા પ્રાપ્ત કરે છે.

### “નવનીત” ગ્રૂપની સંસ્થાઓ

- *નવનીત પ્રકાશન કેન્દ્ર*
- *ગાલા પબ્લિશર્સ*
- *વિકાસ પ્રકાશન*
- *સુન્દરમ્ પબ્લિકેશન*
- *વિકાસ પ્રિન્ટરી*
- *સુરેખ બાઈન્ડિંગ*
- *મમતા ટાઈપ સેટીંગ*
- *ધનલાલ બ્રધર્સ*

પ્રકાશનો સમયસર અને સારા તૈયાર થાય તે માટે ૧૯૬૯માં અમદાવાદ ખાતે વિકાસ પ્રિન્ટરી; સુરેખ બાઈન્ડિંગ, મમતા ટાઈપ સેટીંગ – કંપોઝ વિભાગ શરૂ કરવામાં આવેલ છે.

સખત પરિશ્રમ, અથાગ કર્મકર્તા, સુદૃઢ અને સુબદ્ધ સંચાલન – આ બધાને લીધે સંસ્થાને દસ વર્ષમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત થઈ. જેના પરિપાક રૂપે ૧૯૭૮માં સરસ્વતી ભવનની બાજુમાં જ “અંકુર ભવન” નામે એક મકાન ઊભું થયું જેમાં બે કલર તથા એક કલરના અદ્યતન ઑફસેટ મશીનો વસાવવામાં આવ્યાં.

શિક્ષણક્ષેત્રે K.G.થી માંડીને ધોરણ ૧૨ સુધીનાં પ્રકાશનો આ સંસ્થા દ્વારા પ્રગટ થાય છે. આ ધોરણમાં ખૂબ જ આવકાર મળતાં સંસ્થાએ ફરી નવા સાહસ તરફ વળવાનું વિચાર્યું. ગુજરાત-મહારાષ્ટ્રમાં બાળ સાહિત્યનું આજે જે સ્વરૂપ છે તે હજી સંપૂર્ણ માવજત પામ્યું નથી. વાલીઓ મૂંઝાય છે કે બાળકને સાચું

માર્ગદર્શન, ઉત્તમ શિક્ષણ અને પવિત્ર આચાર-વિચારવાળા સંસ્કારો આપે તેવું સાહિત્ય ક્યાંથી લાવવું? આ બધા પ્રશ્નો સંસ્થાના સંચાલકોના ધ્યાન પર આવતાં જ તેઓએ કમર કસી અને બાળ સાહિત્યનાં પ્રકાશન ક્ષેત્રે ઝુકાવી દીધું. બાલમંદિર તથા ધોરણ ૧, ૨, ૩ અને ૪ની ઈતર વાંચનની પુસ્તિકાઓ તથા અન્ય બાલ પ્રકાશનો તેમણે પ્રગટ કર્યા. આકર્ષક રંગીન ચિત્રો, ઉત્તમ છપાઈ અને ઉમદા પ્રકારનો કાગળ વાપરીને તેમણે ગુજરાતી, મરાઠી, હિંદી, અંગ્રેજી અને ઉર્દુ ભાષામાં નવા નવા પ્રકાશનો, બાળકોને ચરણે ધર્યા. આનાથી શિક્ષણ ક્ષેત્રે નવા દ્વારનું ઉદ્‌ઘાટન થયું. બાળકોનાં વિકાસ કાર્ય માટે આશીર્વાદરૂપ બન્યાં.

**સંસ્થાના મકાનો**

- ❖ *નવનીત પ્રકાશન કેન્દ્ર*
- ❖ *નવનીત ભવન - દાદર, મુંબઈ.*
- ❖ *સરસ્વતી ભવન - ગોમતીપુર, અમદાવાદ.*
- ❖ *અંકુરભવન - ગોમતીપુર, અમદાવાદ.*

***પોતાના ભવિષ્યના સંકુલ માટે સંસ્થાએ સરખેજ-અમદાવાદ ખાતે વિશાળ જમીન સંપાદન કરી રાખેલ છે જેનું બાંધકામ ટુંક સમયમાં જ ચાલુ થશે.***

છેલ્લા એકાદ વર્ષથી સંસ્થાએ તદ્દન આધુનિક મુદ્રણ યંત્રો, કટીંગ અને બાઈન્ડિંગ મશીનો વસાવીને સંસ્થાની કાયાપલટ કરી નાંખી છે. શિક્ષણક્ષેત્રે ઉત્તમ પ્રકાશનો પૂરા પાડવા માટે કટિબદ્ધ થયેલી આ સંસ્થાએ ગાઈડો ઉપરાંત વિદ્યાર્થીઓનાં ગૃહ અભ્યાસ માટે સ્વાધ્યાય પોથીઓ પણ પ્રકાશિત કરેલ છે. પોતાનાં પ્રકાશનો સાચી રીતે મૂલવાય તે માટે સંસ્થા શાળાને નમૂના પ્રતો પણ મોકલતી રહે છે.

સાગર પુત્રોએ સ્વર્ગમાંથી ગંગા ઉતારી લાવવા માટે જે તપસ્યા કરી તે એક પુરાણકથા બની ગઈ છે. ગાલા બંધુઓએ આ શિક્ષણગંગાને વહેતી કરવામાં જે પરિશ્રમ કર્યો છે તેને માટે શિક્ષણ જગત આભારી બની રહેશે તે એક હકીકત છે.

# કચ્છમાં જૈનોનું આગમન

*– જિતેન્દ્ર જ્યોતિધર્મા 'ભુજપુર દર્શન'*

કચ્છમાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં છે. અત્યારે એનાં કોઈ ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી. પણ લગભગ બે લાખથી વધુ સંખ્યામાં જૈનો હોવાનો અંદાજ બાંધી શકાય. કચ્છમાં જૈનો ૧૫૫૦ થી ૧૭૦૦ સુધીનાં ગાળામાં જુદા જુદા જૂથમાં આવ્યા તેવું નોંધવામાં આવ્યું છે.

કચ્છમાં આવેલા જૈનો કેટલાક ગુજરાત પ્રાંતમાંથી અને કેટલાક સિંધ તથા પારકર થઈને આવ્યા હતાં. ગુજરાતમાંથી આવેલા જૈનો પૂર્વે વેપારમાં પડી ગયેલા અને તેઓનું આગમન કચ્છમાં વેપારી દષ્ટિએ થયું હતું. કચ્છમાં આવી તેઓ ગૂર્જર ઓસવાલના નામે ઓળખાવા લાગ્યા અને ફક્ત વ્યાપારનાં મુખ્ય ધામ એવા મોટા મોટા શહેરેમાં વસ્યા હતાં. આ ગૂર્જર ઓસવાલની સંખ્યા કચ્છમાં પંદર હજારની છે. તેઓ કચ્છી શબ્દોનાં મિશ્રણવાળી ગુજરાતી ભાષા બોલે છે. તેઓના પુરોહિતો મુખ્યત્વે ભોજક બ્રાહ્મણ છે. ગૂર્જર ઓસવાલો ધંધા અર્થે હવે તો મુંબઈ આદિ અન્ય સ્થળોએ સારાં પ્રમાણમાં છે પણ તેમની વસ્તીનું વધુ પ્રમાણ આજે પણ કચ્છમાં છે. આ લોકો પહેલેથી સાધનસંપન્ન હતા કારણ કે તેઓ પહેલાંથી વેપાર ધંધામાં સંકળાયેલા હતા. કચ્છી ઓસવાલથી ગૂર્જર ઓસવાલોની સંસ્કૃતિમાં કેટલીક ભિન્નતા જણાય છે. તેઓની જ્ઞાતિ પણ અલગ છે.

બીજો વિભાગ કચ્છી ભાષી છે. એ ઓસવાલો મારવાડમાંથી પારકર તથા સિંધમાં થઈને સીધા કચ્છમાં આવેલા. આ ઓસવાલો ફક્ત ગામડાઓમાં વસે છે ને ખેડનો ધંધો કરે છે. આ લોકોએ ત્યાં પોતાની જાગીરો અને ગરાસ પણ જમાવી લીધાં હતાં. મુંબઈ શહેરની શરૂઆતમાં એમાંની નાની સંખ્યામાં વેપાર અર્થે મુંબઈ આવ્યાને લગભગ ૧૦૦ વર્ષ માંડ થયાં હશે. આજે તો જેટલી સંખ્યા કચ્છમાં આ ઓસવાલની છે એનાંથી વિશેષ કચ્છ બહાર છે. આ પ્રજા સાદી, મહેનતુ અને સંપેલી છે. એવી જ એ બહાદુર અને નીડર પણ છે. તેઓમાં ત્યાગવૃત્તિનાં ગુણો વિશેષ પ્રમાણમાં છે. તેઓનો આઠ દસ વર્ષનો છોકરો પણ ત્રણ ચાર ગાઉ છેટેનાં ગામે જવું હોય તો હાથમાં લાકડી કે કુહાડી આદિ સાધન સાથે કોઈ પણ જાતનાં ડર વગર નીકળી પડે છે.

કચ્છી ભાષી ઓસવાલો રાજપૂતાનાં તથા સિંધનાં પ્રાચીન મર્યાદાવાળા રાજપૂત પોષાક ધારણ કરે છે. મારવાડમાં જેને ચુડીદાર પાયજામો કહે છે તેને કચ્છમાં ચોરણો કહે છે. તે પગની ઘુંટણ પાસે બોર (બટન) વાળો પહોળો સુરવાળ જેવો ચોરણો પહેરે છે. ઉપર મર્યાદા જાળવવા આડિયું કે ફાળિયું બાંધે છે. કચ્છી ઓસવાલોનાં પુરોહિત રાજગોર બ્રાહ્મણ છે. કચ્છી ઓસવાલોની નસેનસમાં છાત્રતેજ તથા પ્રાચીન કુળાભિમાન કાયમ રહ્યું છે.

# અમદાવાદ – સહેલાણીઓ માટે

*– ચૌલા કુરૂવા*

ભારતનાં માંચેસ્ટર તરીકે ઓળખાતું અમદાવાદ સ્થાપત્ય કળાની દૃષ્ટિએ બેનમૂન ગણી શકાય તેવા મંદિરો-મસ્જિદો, મિનારાઓ અને સુરમ્ય ઈમારતો પણ ધરાવે છે એ બહુ જ ઓછા લોકો જાણતા હશે.

**બાદશાહ અહમદશાહે** ભૂતકાળની કર્ણાવતી નગરી એવા આ સ્થાને ૧૪૧૧માં અમદાવાદ શહેરની સ્થાપના કરી. દંતકથા મુજબ બાદશાહ પોતાના શિકારી કૂતરા સાથે સાબરમતીના કિનારા ઉપર ટહેલતા હતા ત્યારે એક સસલાએ આવીને તે કૂતરા ઉપર તરાપ મારી. બીકણ એવા સસલાનું આ પરાક્રમ અને શૂરવીરતા જોઈને સ્તબ્ધ થઈ ગયેલા બાદશાહને આ ભૂમિમાં મહત્ત્વની શકિત હોય તેમ લાગ્યું અને અહીં નગર વસાવવાની પ્રેરણા થઈ. સંત અહમદ ખટુ ગંજબક્ષના આશીર્વાદથી અમદાવાદ શહેર રચનાનો પાયો નંખાયો.

અમદાવાદ માટે કહેવાય છે કે, ઈ.સ. ૧૫૭૩ થી ૧૬૦૦ સુધીના સમય માટે તે ભારતનું અને કદાચ વિશ્વનું સૌથી સુંદર શહેર હતું. **મોઘલ રાજા જહાંગીર** પાસેથી સનદ મેળવનાર પ્રથમ બ્રિટીશ સર થોમસ રોએ ઈ.સ. ૧૬૧૫માં આ શહેર વિષે કહેલ છે કે, આ શહેર લંડન જેટલું મોટું છે. તાજમહેલના કર્તા **શાહજહાં**એ તેના લગ્નજીવનના પ્રથમના થોડા વર્ષો અમદાવાદમાં વિતાવ્યા હતા. જહાંગીરે પણ નૂરજહાં સાથે કાંકરિયામાં સંધ્યાના સમયે નૌકાવિહારમાં આનંદ પ્રમોદમાં અનેક દિવસો વિતાવ્યા હતા.

મહાત્મા ગાંધી પણ દક્ષિણ આફ્રિકામાંથી પાછા ફર્યા પછી અમદાવાદમાં સ્થાયી થયા હતા. પ્રથમ તે કોચરબ આશ્રમમાં રહ્યા હતા અને ત્યારબાદ સાબરમતીના કિનારે ગાંધી આશ્રમ સ્થાપેલ. જ્યાંથી તેમણે સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતની શરૂઆત કરી હતી.

અમદાવાદ વર્ષોથી કાપડ ઉદ્યોગની મહત્તા માટે જાણીતું છે. મોઘલોના સમયમાં અમદાવાદમાં બનતાં શાટીન, મલમલ, મશરૂ અને કિનખાબે યુરોપની બજારમાં અગ્રસ્થાન જમાવ્યું હતું. આજે પણ અમદાવાદ ડાઈંગ અને પ્રિન્ટીંગ કામ માટે જાણીતું છે. આજે અમદાવાદમાં ૭૦થી પણ વધારે કાપડની મિલો છે. અમદાવાદમાં સર્વ પ્રથમ ટેક્ષટાઈલ મિલ રણછોડલાલ છોટાલાલ દ્વારા સ્થપાઈ હતી.

કાપડ ઉદ્યોગમાં અમદાવાદનાં નોંધપાત્ર મોભાના કારણે અમદાવાદ ખરીદી માટે પણ આકર્ષક બન્યુ છે. માણેકચોકનો વિસ્તાર સોના-ચાંદીના ઘરેણાં સિવાય ગામઠી વસ્ત્રો અને કપડા માટે જાણીતો છે. જયારે ગુજરાત હસ્તકળા નિગમ સંચાલિત ગુજરી હસ્તકળાની અને હાથવણાટની ચીજોની ખરીદી અત્યંત આકર્ષક સ્થાન છે.

અમદાવાદનાં કેટલાક જોવાલાયક સ્થાનો - મ્યુઝિયમ વિષે જાણવું રસપ્રદ પડશે. શહેરનાં કેટલાક મ્યુઝિયમોમાં કેલીકો મિલનું ટેક્ષટાઈલનું મ્યુઝિયમ અને શ્રેયસનું લોકકલા મ્યુઝિયમ વિશેષ નોંધપાત્ર છે. કેલીકો મિલના કમ્પાઉન્ડમાં આવેલ ટેક્ષટાઈલ મ્યુઝિયમમાં ૧૭મી સદીના વસ્ત્રો, પડદા, કાપડ વગેરે આવેલાં છે. ભારતીય વસ્ત્ર અને કાપડની કલાનો ટેકનિકલ અને ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આ મ્યુઝિયમ ઘણું જ ઉપયોગી થઈ પડે તેમ છે.

શ્રેયસ સ્કૂલના કમ્પાઉન્ડમાં આવેલ શ્રેયસ મ્યુઝિયમ કચ્છ-સૌરાષ્ટ્રની અને ગુજરાતની લોકકલા, સંસ્કૃતિ અને લોકજીવનનું કલાત્મક દર્શન કરાવે છે.

ગુજરાત વિદ્યાપીઠનું આદિવાસી જીવનની ઝાંખી કરાવતું મ્યુઝિયમ, પાલડી મ્યુઝિયમનું પોસ્ટલ ટિકિટોનું સંગ્રહસ્થાન અને એન. સી. મહેતાનો 'મિનિએચર' પેઈન્ટીંગ્સનો સુંદર સંગ્રહ વગેરે પણ જોવાલાયક મ્યુઝિયમો છે.

★ **હઠીસિંગનું જૈન મંદિર :** દિલ્હી દરવાજા બહાર આવેલ હઠીસિંગનું જૈન મંદિર તેની આરસની સુંદર કોતરણી માટે જાણીતું છે. અન્ય સુંદર અને વિશાળ જૈન મંદિરો રતનપોળ અને ઝવેરીવાડના વિસ્તારમાં આવેલા છે.

★ **ઝુલતા મિનારા :** સ્થાપત્ય કળાની દૃષ્ટિએ અમદાવાદના આ ઝુલતા મિનારાને વિશ્વની અજાયબી કહી શકાય. રેલવે સ્ટેશન પાસે આવેલ સીદી બશીરની મસ્જિદના આ બે મિનારામાંથી એકને હલાવતા બીજો પણ આપમેળે હાલવા લાગે છે. જ્યારે મિનારાની વચ્ચે આવેલ કમાન સ્થિર જ રહે છે. મિનારાઓ શા માટે હાલે છે તે આજે પણ એક રહસ્ય છે. વિકસતા વિજ્ઞાન માટે કદાચ પડકાર છે. આવી જ એક બીજી મસ્જિદ અને મિનારાઓની જોડી ગોમતીપુર પાસે આવેલ રાજપુર બીબીની મસ્જિદના મિનારાઓની છે. એમાંનો એક મિનારો એક જીજ્ઞાસુ અંગ્રેજે તેની જીજ્ઞાસા સંતોષવા માટે વચ્ચેથી તોડી નાંખ્યો છે. જોકે અંગ્રેજને તે રહસ્યને ઉકેલ તો હજુ સુધી મળ્યો નથી અને રહસ્ય રહસ્ય જ રહ્યું છે.

★ **ગાંધી આશ્રમ :** ૧૯૨૮માં મહાત્મા ગાંધીએ સાબરમતીના કિનારે આ ગાંધી આશ્રમની સ્થાપના કરી હતી. ગાંધીજીના જીવનની ઝાંખી કરાવતું સુંદર મ્યુઝિયમ આ સ્થળે આવેલ છે. અહીં થી જ તેમણે દાંડીકૂચ કરી હતી.

★ **સીદી સૈયદની જાળી :** લાલ દરવાજા પાસે આવેલ સીદી સૈયદની મસ્જિદની જાળીનું કોતરકામ અને શિલ્પ અનુપમ છે અને વિશ્વવિખ્યાત છે.

★ **જુમ્મા મસ્જિદ :** શહેરની મધ્યમાં આવેલ જુમ્મા મસ્જિદ પશ્ચિમ ભારતમાં આવેલી શ્રેષ્ઠ અને વિશાળ મસ્જિદોમાંની એક છે. અહમદશાહ બાદશાહ દ્વારા તેનું બાંધકામ ૧૪૨૩માં થયેલ. આ મસ્જિદને શહેરમાં સૌથી ઉંચા મિનારા હતા જે ૧૮૧૮ના ધરતીકંપમાં પડી ગયા. તેની બાજુમાં જ બાદશાહનો હજીરો અને રાણીનો હજીરો છે.

★ **કાંકરિયા તળાવનો વિસ્તાર :** કાંકરિયા તળાવ અને તેની આસપાસનો વિસ્તાર સુંદર પિકનિક પોઈન્ટ તરીકે જાણીતો છે. ત્યાં પ્રાણી સંગ્રહાલય, બાલવાટિકા, સુંદર બગીચો, ઓપન ઍર થિયેટર વગેરે આવેલા છે. આ તળાવનું બાંધકામ સુલતાન કુતુબુદ્દીન દ્વારા ૧૪૫૧માં થયેલ. જે ૭૬ એકરનો વિસ્તાર ધરાવે છે.

★ **અડાલજની વાવ :** વાવ સ્થાપત્ય એ ગુજરાતની નોંધપાત્ર શિલ્પકલા છે. અમદાવાદથી ૨૪ કિ.મી દૂર અડાલજની વાવ આવેલી છે, જે સુંદર કલાકોતરણી અને સ્થાપત્ય માટે જાણીતી છે. આ અત્યંત આકર્ષક વાવ જેવી જ બીજી વાવ અસારવા પાસે દાદા હરીની છે.

પ્રાચીન અને મુસ્લિમ સ્થાપત્યની સાથે સાથે અર્વાચીન સ્થાપત્યનું દર્શન કરાવતી પણ કેટલીક સુંદર ઈમારતો શહેરમાં છે. આમાં મુખ્યત્વે લી. કાર્બુ શીપર – વિખ્યાત ફ્રેન્ચ સ્થાપક દ્વારા બંધાયેલ પાલડીનું મ્યુઝિયમ, કહાનનું ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટનું મકાન, જહોનનું ગાંધી સ્મારક મ્યુઝિયમ, યુનિવર્સિટી વિસ્તારનાં કેટલાંક મકાનો વગેરે નોંધપાત્ર છે.

અમદાવાદ શહેર વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં નોંધપાત્ર અને અગ્રણી કહી શકાય એવી કેટલીક શૈક્ષણિક, વૈજ્ઞાનિક સંશોધનોને લગતી સંસ્થાઓ ધરાવવા માટે પણ ગૌરવ લઈ શકે તેમ છે.

જેમાં અટીરા, ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત વિદ્યાપીઠ વગેરે મુખ્ય છે.

અમદાવાદની મુખ્ય લાક્ષણિક બાબત એ તેની રાત્રિની ખાણીપીણીની રોનક સમા માણેકચોક અને લૉગાર્ડન વિસ્તાર છે. જ્યાં રાત્રિનાં શહેરનાં રસીયા લોકો અનેક ચીજો – ભેળપુરી, પાણીપુરી, દહીં વડા, ચા, પાંઉભાજી, આઈસ્ક્રીમ કુલ્ફી વગેરેનાં આકર્ષણે સહેલ કરવા – લટાર મારવા આવે છે.

## અમદાવાદમાં હોટેલો (વર્ષ ૧૯૮૦)

| | નામ | સરનામા | કક્ષા |
|---|---|---|---|
| ૧. | કર્ણાવતી હોટેલ (આઈ.ટી.ડી.સી.) | આશ્રમ રોડ | થ્રી-સ્ટાર કક્ષાની |
| ૨. | ગોકુલ હોટેલ | પાનકોરનાકા | થ્રી-સ્ટાર કક્ષાની |
| ૩. | નટરાજ હોટેલ | આશ્રમ રોડ | સ્ટાર કક્ષાની |
| ૪. | કામા હોટેલ | ખાનપુર | સ્ટાર કક્ષાની |
| ૫. | કેપીટલ હોટેલ | મિરઝાપુર | પાશ્ચાત્ય ઢબની |
| ૬. | રૂપાલી હોટેલ | લાલ દરવાજા | પાશ્ચાત્ય ઢબની |
| ૭. | કેપ્રિ હોટેલ | રીલીફ રોડ | પાશ્ચાત્ય ઢબની |
| ૮. | એજબરોડર હોટેલ | ખાનપુર | પાશ્ચાત્ય ઢબની |
| ૯. | રીટ્ઝ હોટેલ | લાલ દરવાજા | પાશ્ચાત્ય ઢબની |
| ૧૦. | હોટેલ પેરેડાઇઝ | આશ્રમ રોડ | ભારતીય ઢબની |
| ૧૧. | એસ્કવાયર હોટેલ | લાલ દરવાજા | ભારતીય ઢબની |
| ૧૨. | ગુલમર્ગ હોટેલ | લાલ દરવાજા | ભારતીય ઢબની |
| ૧૩. | મેઘદૂત હોટેલ | સ્ટેશન | ભારતીય ઢબની |
| ૧૪. | ટુરિસ્ટ હોટેલ | પાંચકૂવા | ભારતીય ઢબની |
| ૧૫. | સાબર ગેસ્ટ હાઉસ | ખાનપુર | ભારતીય ઢબની |
| ૧૬. | પુરોહિત ગેસ્ટ હાઉસ | ખાડિયા | ભારતીય ઢબની |
| ૧૭. | હોટેલ અમદાવાદ ઈન્ટરનેશનલ | નારોલ રોડ | હાઈવે |
| ૧૮. | ચંદ્રવિહાર ગેસ્ટ હાઉસ | ગાંધી રોડ | ભારતીય |
| ૧૯. | ચેતના ગેસ્ટ હાઉસ | ગાંધી રોડ | ભારતીય |
| ૨૦. | અલંકાર હોટેલ | એસ.ટી. રોડ | ભારતીય |
| ૨૧. | ગાંધીઆશ્રમ ગેસ્ટ હાઉસ | સાબરમતી | ગુજરાત પ્રવાસન |
| ૨૨. | સિદ્ધાર્થ પેલેસ હોટેલ | શાહીબાગ | ગુજરાત પ્રવાસન |


SABROSA
A Multicuisine Restaurant
Gujarat's First Jain Multicuisine Restaurant
મેક્સિકન • ચાઈનીઝ • થાઈ • પિઝ્ઝા • પાસ્તા • પંજાબી • સિઝલર
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવે છે
કિટી પાર્ટી • જન્મદિવસ • એનિવર્સરી
Takeaway Lunch Pack Available
મિની થાળી • ક્લાસિક થાળી • સિગ્નેચર થાળી
Ready to Eat Packet
અને
આઠમ • ચૌદસ માટે ખાસ વાનગીઓ
ચોવિહાર માટે ખાસ ભોજન વ્યવસ્થા
૧૧:૦૦ AM થી ૧૧:૦૦ PM
+91 96648 84529
અમને ફોલો કરો : @sabrosa.india
FF 102, ધ લિંક વિજય ક્રોસ રોડ, હોક્કો ઇટરી ઉપર, નવરંગપુરા, અમદાવાદ ગુજરાત – 380009
Featuring Celebrity Chef Surbhi Vasa
Partner Nilay Sheth

# સફળતાના શિખરે : લેખાંક-૩

હિરેન કે. શાહ

## ખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગના : શ્રીમતી બીજલ વિપુલ હરિયા

***આપણાં આજના વિશેષ મહેમાન એક ખ્યાત કલાકાર, નૃત્યાંગના અને ગુરૂ છે, જેમણે ભરતનાટ્યમ્ અને કૂચીપૂડી – એમ બે શાસ્ત્રીય નૃત્ય શૈલીઓમાં મહારત હાંસલ કરી છે. તો મળીએ, નૃત્ય માટે જ જન્મેલાં જીવ, એવાં નખશિખ કલાકાર શ્રીમતી બીજલ વિપુલ હરિયાને....***



**શ્રીમતી બીજલ વિપુલ હરિયા**

નૃત્ય સાથેના પોતાના લગાવ અંગે તેઓ કહે છે કે, "પૂર્વ જન્મમાં પણ હું ચોક્કસ કોઈ કલાકારનો જ જીવ હોઈશ. એટલે જ ઘરમાં કલા માટેનું કોઈ વાતાવરણ ન હોવા છતાં, નાનપણથી જ મારી નૃત્ય સફર શરૂ થઈ ગઈ. ગુરૂ શ્રીમતી સ્મિતા બહેન શાસ્ત્રી પાસે ભરતનાટ્યમ્‌ની તાલીમ શરૂ કરી, એ વાતને આજે ૪૧ વર્ષના વહાણા વાઈ ગયાં. ચાર દાયકા દરમિયાન હું સતત શિખતી, શિખવતી અને નવું નવું કંઈક શોધતી રહી છું. નૃત્યએ મને જે આપ્યું છે, તે અવર્ણનીય છે. આ એક દૈવી કલા છે, જે મને ઈશ્વરે આપેલી અણમોલ ભેટ છે. જે મને સતત આનંદ અને સંતોષની લાગણી આપે છે."

પોતાને એક સંશોધક માનતાં બીજલબહેને કલા સાધનાની આ સફર માત્ર ૯ વર્ષની ઉંમરે શરૂ કરી. મૂળ તો એમના માતાની ઈચ્છા ડાન્સર બનવાની હતી. સંજોગવશ એમની એ ઈચ્છા બર ન આવી, એટલે એમણે નાની બીજલમાં પોતાનું એ અધૂરું સ્વપ્ન રોપ્યું. અને માત્ર ૯ વર્ષની ઉંમરે તેમને ભરતનાટ્યમની તાલીમ માટે "નર્તન સ્કૂલ ઓફ ક્લાસિકલ ડાન્સ"માં મૂક્યાં. જ્યાં ગુરૂ સ્મિતાબેન શાસ્ત્રી ખૂબજ શિસ્ત અને સમર્પણ સાથે, એક ચિત્ત અને એકાગ્રતાથી તમામ નૃત્યાંગનાઓને નૃત્યની તાલીમ આપતાં હતાં. કુમળી વયે તેમની નૃત્ય યાત્રા શરૂ થઈ, એટલે ત્યારે એની ગંભીરતા કે એના ઊંડાણથી તેઓ બિલકુલ જ અજાણ હતાં. આ ક્ષેત્રમાં પોતે આગળ વધશે કે નહીં, તે ખબર નહોતી! હા, એટલી સમજણ હતી, કે આ તેમને બહુ ગમતી એક પ્રવૃત્તિ છે, જેને તેઓ ક્યારેય પણ મિસ કરવા નહોતા માંગતાં. તેઓ જયારે ક્લાસમાં જોડાયાં, ત્યારે તેમના પડોશીઓની પાંચ-છ ફ્રેન્ડ્સ પણ સાથે જ જોડાઈ. પણ સમય જતાં એક પછી એક બહેનપણી નૃત્ય છોડી ગઈ અને અંતે તેઓ એકલાં જ રહ્યા. ત્યારે એમની એક માન્યતા દ્રઢ બની કે, "હું આના માટે જ રચાયેલી છું. આ મને ખૂબ જ ગમતી પ્રવૃત્તિ છે. બીજા લોકો વગર પણ હું કલાસમાં જઇ શકું છું. નૃત્ય, એ મારી પોતાની પસંદ છે." વિચારોની આવી સ્પષ્ટતા એમને ધીરે-ધીરે આવી ગઈ.

તેઓ માને છે કે નૃત્ય માત્ર એક કલા જ નથી શીખવતું, પરંતુ જીવન જીવવાની તમામ કળાઓ પણ શીખવે છે! બીજલબેનના મતે, એક ટીચર, એક મેન્ટોર અને એક ગુરૂ – કોઈપણ વ્યક્તિના જીવનમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુરૂ એ છે, જે તમને ટ્રાન્સફોર્મ કરે અને કલા એ છે, જે તમને જીવન કેમ જીવવું, તે શીખવે. માનવતાના ભાવ સાથે એક સુપર પાવરના કનેકશન સાથે કેમ જીવવું, તે શીખવાડે છે.

Past Journeyમાં બહુજ Believe કરે છે. કહે છે, .. દૂર-દૂર આનો પ્રચાર કર્યા કરું છું..

ગુજરાતીઓના માથે એક મહેણું છે, કે ગુજરાતી પૈસા કમાઈ જાણે, પણ રમતગમત કે કલા અને શૌર્ય સાથે એને ઝાઝો સંબંધ નહીં. બીજલબેનના પરિવારમાં પણ વેપારી વાતાવરણ. એટલે ઘરમાં એવું કોઇ બેકગ્રાઉન્ડ ન હતું, કે તેઓ કોઇ કલાસાધક બને. શાસ્ત્રીય સંગીત કે નૃત્ય જેવી એક્ટીવિટીને પ્રોત્સાહન મળે એવું કોઈ પણ પરિબળ ન મળે..! દક્ષિણ ભારતમાં તો બધાને ઘર ઘરમાં કલા વારસામાં મળી હોય. માતા સવારે ખૂબ જ સરસ પદો ગાતી હોય, પિતા મૃદંગ

વગાડતા હોય, કાં હાર્મોનિયમ પર પોતે ગાતા હોય. પણ એવો કોઈ માહોલ બીજલબેનના ઘરમાં નહોતો. વાણિયાના કુટુંબમાં કોઈ ઍક્સપોઝર પણ ન હતું. વળી, એ વખતના અમદાવાદમાં અત્યારની માફક આટલા સરસ પ્રોગ્રામ્સ, પ્રવૃત્તિઓ, ફેસ્ટીવલ્સ, વર્કશોપ વગેરે કશું પણ નહોતું થતું. તેમ છતાં બીજલબેનમાં કલા પ્રત્યે રસ અને રૂચિ કેળવાયા. અમદાવાદની ખ્યાત સંસ્થા 'નર્તન' માં તેઓ જોડાયાં. ત્યાં ભરતનાટ્યમ્‌ની સાથે સાથે સ્મિતાબેન શિષ્યાઓને ગુજરાતના લોક નૃત્યો પણ શીખવતાં. ગરબા, હુડો, ટીપ્પણી, રાસ, માતાજીનો ઘોડો – આ બધી આપણી ભાતીગળ સંસ્કૃતિ વિષે પણ બીજલબેન શીખી ગયાં.

૧૮ વર્ષની ઉંમરે તેમણે તેમનું ભરતનાટ્યમનું "આરંગેત્રમ" કર્યું. રંગમંચ પ્રવેશ કર્યો. નર્તન સ્કૂલની પરંપરા મુજબ, એ સાત શિષ્યાઓનું સમૂહ આરંગેત્રમ્ હતું. જે એ સમયે ખૂબ જ વખાણાયું. પરિવાર, સગા, સંબંધી અને કલા નિષ્ણાતોના પ્રોત્સાહનથી તેમને ઘણો આનંદ થયો. ત્યારથી જ તેમણે મનમાં ગાંઠ વાળી, કે "હું નૃત્યની સફર તો ક્યારેય નહીં છોડું."

૨૦ વર્ષની ઉંમરે એક કચ્છી પરિવારમાં તેમના લગ્ન થયા. તેઓ માને છે કે કચ્છીઓ ખૂબજ કળા પ્રેમીઓ હોય. પોતે કલાના સાધક હોય કે ના હોય, ઉપાસક હોય કે ના હોય, પણ કલાના વિવેચક, કલાને પારખવાવાળા અને કલાને પ્રોત્સાહન આપવાવાળા તો હોય જ હોય. ઈશ્વરે એ જોડાણ પણ એવું સરસ ગોઠવ્યું, કે તેમને સાસરી પરિવારના લોકો પણ ખૂબ જ સપોર્ટ કરતાં. તેમણે તો જીવનસાથી વિપુલ હરિયાને ત્યાં સુધી કહી દીધેલું કે, "જીવનમાં ક્યારેય પણ એવી પળ આવે, કે જ્યારે તમને એવું લાગે કે આ તો નૃત્ય જ કરે છે ને ઘર સાચવતી નથી. તો તું એ ધ્યાન રાખજે કે, જો તું મને નૃત્ય છોડવાનું કહીશ તો, હું તને છોડી દઈશ પણ નૃત્યને ક્યારેય નહીં છોડું! નૃત્ય એ મારા શ્વાસ છે. એ મારું જીવન છે. તું તો મારો થવાનો જ છે. પણ સાથે જે મારા શ્વાસ છે, એને છોડવાનું ક્યારેય મને નહીં કહે. એ વચન તું મને આપ." વિપુલભાઈ ત્યારે જ સમજી ગયા કે આના જીવનમાં નૃત્યનું ખૂબ મહત્ત્વ છે. એટલે એ દિવસથી આજ સુધી તેમણે બીજલબેનની નૃત્યની સાધનામાં ખૂબ જ સપોર્ટ કર્યો છે. તેઓ જાણે છે કે આ તેમના જીવનનું એક અલગ જ પાસું છે, જે તેમણે જીવવાનું છે, તેમના જીવનના છેલ્લા શ્વાસ સુધી. તેઓ જ બીજલબેનના સૌથી મોટા સપોર્ટર બની રહ્યા. સામાન્ય રીતે ગુજરાતી વહુને બીજી ઘણી જવાબદારીઓ સાચવવાની હોય. સામાજિક, સાંસારિક કે પરિવારિક કાર્યો કે ઘટનાઓ હોય, જેમાં એક સમય એવો આવે કે "અહીં પહોંચ્યા બસ, હવે ઘર સાચવો, બાળકો સાચવો, પરિવારને સાચવો." પણ બીજલબેનને ક્યારેય એવો કોઈ પ્રશ્ન આવ્યો નહીં. એને તેઓ પ્રભુની દયા તો માને જ છે, સાથે તેનું શ્રેય માત્ર ને માત્ર તેમના કચ્છી પરિવારને, સાસુ-સસરાને અને પતિને જ આપે છે.

તેમના રોલ મોડેલ અને જીવનમાં સૌથી અગત્યના વ્યક્તિ, તેમના ફાધર છે, જેમને તેઓ 'બાપુજી' કહે છે. તેઓ હંમેશાં તેમને મેન્ટલ અને મોરલ સપોર્ટ આપતા રહ્યા છે. ફાઈનાન્સિયલ સપોર્ટ તો પતિની જેમ પિતાએ પણ આપેલો. પણ બહુ મોટો મોરલ સપોર્ટ પણ આપેલ. તેમના જ શબ્દોમાં કહું તો, "જ્યારે પણ એવું થાય આ બધાથી કંટાળ્યા, બહુ જ થાક્યા. મલ્ટીટાસ્કર થવું પડે, ૨૦૦ માણસોનો પરિવાર, નાના દીકરાની જવાબદારી, ક્લાસ ચલાવવા, પોતાની સાધના કરવાની, પરફોર્મન્સ કરવાના, ભણવાનું (તેઓ હાલ પી.એચ.ડી. ના અંતિમ ચરણમાં છે) તો આ બધામાં ક્યારેક એવું થાય કે તાળું જ મારી દઉં, નથી ડાન્સ કરવો. ત્યારે હું ફાધર પાસે પહોંચી જતી. અને પપ્પા એમની પોતાની વાણીથી, પોતાના અનુભવથી જે વાત કરે, એનાથી મારી થકાન દૂર થઈ જતી. એમની કેબિનમાં જતી વખતે, એવા કમ્પ્લેઇન ઝોનમાં હોઉં, કે મારે તો હવે કશું જ નથી કરવું. પણ કેબિનની બહાર નીકળતી વખતે કામ કરવાનો ઉત્સાહ, ઉર્જા અને જુસ્સો બેવડાઈ ગયા હોય. "My father is the biggest supporter, the biggest motivator of my life". આમ પણ માણસના પ્રથમ ગુરૂ તેના માતા-પિતા જ હોય છે. માતા પિતાનો સપોર્ટ અને શિક્ષણ બીજલબેનને પણ જીવનભર કામ લાગ્યા.

તેમણે નૃત્યમાં પારંગતતા મેળવી, ભરતનાટ્યમ્‌માં આરંગેત્રમ કર્યા પછી ૪ થી ૫ વર્ષ તેમણે ભારતભરમાં કલા પ્રદર્શન કર્યું. સોલો પરફોર્મન્સની સાથે ગ્રુપ પ્રોડકશનમાં કામ કર્યું, ફોક ડાન્સીસ પણ કર્યા. ત્યારબાદ તેમને કુચીપુડી શીખવાનું મન થયું. કુચીપુડી પણ ૮ ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલીમાંની એક અગત્યની શૈલી છે. વળી એ ખૂબ સુંદર નૃત્ય છે. ભાષાની સમજ ના હોય તો પણ સરસ લાગે, સમજી શકાય, કેમ કે ડ્રામાના ફોર્મમાંથી એનો ઉદ્‌ભવ થયેલો છે. સૌથી સારી વાત એ હતી, કે તેમના ગુરૂજી શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રી બંને નૃત્ય શીખેલાં હતાં અને બંને ફોર્મ શીખવતાં હતાં. એટલે કુચીપુડી નૃત્યશૈલી શીખવાની ગુરૂજી આજ્ઞા આપે, તો તેની પણ તાલીમ શરૂ કરવાની તેમને ઈચ્છા થઈ. અને એવું જ થયું. સ્મિતાબેને તેમને કહ્યું કે, "તમારું પાત્ર ઘણું મોટું

છે. એમાં તમે ઘણી બધી શૈલીઓ સમાવી શકો છો.” ને શરૂ થયો એક નવો અધ્યાય. માત્ર ૪ વર્ષમાં જ તેઓએ કૂચીપુડીમાં આરંગેત્રમ કર્યું. ૧૯૯૮ની સાલ માં કૂચીપુડીનું આરંગેત્રમ તેમણે સાસરેથી કર્યુ. કૂચીપુડીમાં પણ તેઓ સોલો પરફોર્મર બન્યાં.

“આલય નૃત્ય” પરંપરા અંગે જૂજ લોકો જ જાણે છે. તે પરંપરાનાં તેઓ કૂચીપુડી સાધક હતાં. જેમ ભરતનાટ્યમમાં જુદી-જુદી બાનીઓ છે, એમ કૂચીપુડીમાં પણ અલગ-અલગ બાની છે. દરેક ગુરૂ પાસેથી જે-જે સાધના કે તાલીમ મળી, એમાં નાના-નાના ફરક હોય છે. એ ફેરને બાની કહેવાય છે. તે આલય નૃત્યની જે પણ નૃત્ય કૃતિ હતી, તે પણ તેઓ સ્મિતાબેન પાસે શીખતાં ગયાં અને તેમાં આગળ વધતાં ગયા.

એક સમય આવ્યો કે બીજલબેનને કૂચીપુડીમાં એક નેશનલ ઍવોર્ડ મળ્યો. એના વિજેતા તરીકે તેમને મુંબઈમાં “કિનકીની ફેસ્ટીવલ” - નેશનલ ફેસ્ટીવલમાં નૃત્ય કરવાનું આમંત્રણ મળ્યું. (જે ડૉ. સંધ્યા પૂરેચાજી તેમની કોલેજ દ્વારા યોજે છે. ડૉ. સંધ્યા પૂરેચા, સંગીત નાટક અકાદમી – દિલ્હીના વર્તમાન ચેરપર્સન છે.) તેમાં સાંજના પરફોર્મન્સ થાય અને દિવસ દરમિયાન સેમિનાર થાય. એ સેમિનારમાં તેમણે સૌ પ્રથમવાર ડૉ. સંધ્યા પૂરેચાજીને નાટ્યશાસ્ત્ર પર બોલતાં સાંભળ્યા. તેમની વાણી અને નાટ્ય શાસ્ત્રનું ઊંડાણ તેમને એક જુદી દિશા તરફ લઇ ગયું. તેમને એ દિવસે જ્ઞાન થયું કે, “૨૦-૨૫ વર્ષથી ભલે હું બે નૃત્યશૈલી શીખીને, તેને આત્મસાત કરીને આજે નેશનલ ઍવોર્ડ વિનર બની છું, અત્યાર સુધીમાં કદાચ હું ૧૦૦-૧૫૦ પરફોર્મન્સ કરી ચૂકી છું, પરંતુ જો થિયોરીટીકલ આસ્પેક્ટ જોઉ, કે શાસ્ત્રોના સ્વરૂપ જોઉ, તો હું ઘણી બધી અજાણ છું.” તેમને ડૉ. સંધ્યા પૂરેચાજી તો એક હરતું ફરતું શાસ્ત્ર જ લાગ્યાં. તેમણે સાંજના પોતે પરફોર્મન્સ પતાવ્યું. પણ મનમાં સવારથી મનોમંથન ચાલતું હતું. બીજા દિવસે સવારે જ તેઓ એમની કોલેજ પર પહોંચી ગયાં અને સંધ્યાજીને કહ્યું કે, “બેન, થિયરીની જે તમે કાલે વાત કરતાં હતાં, એ થિયરી કે એ શાસ્ત્રો કે એ ગ્રંથો વિશે મને કોઇ જાણકારી નથી. મેં કોઈ પરીક્ષા આપી નથી. ગુજરાતમાં આ ચલણ જ ખૂબ જ ઓછું છે. મને થિયરી શીખવી છે.” સંધ્યાબેને ખૂબ પ્રોત્સાહક સ્વરે કહ્યું કે, “હા, તમે શરૂ કરી શકો છો. પણ તમારે ઝીરોથી શરૂ કરવું પડશે. મારી છ વર્ષની બાળાઓ હોય છે, જે સાંજના કલાસમાં નમસ્કારના શ્લોકથી માંડી સંસ્કૃતના શ્લોક સાથે તાલમાં નૃત્ય શીખતા હોય છે. તમે સાંજે ક્લાસ જોવા આવો.” એ ક્લાસ બીજલબેને જોયો. તેમને લાગ્યું કે, હું ક્યારે આ શીખીશ? મારે તો બે વર્ષનો એક દીકરો છે!!! (વિહાન હરિયા). પરંતુ તેમણે મનમાં નક્કી કરી લીધું, કે “હું તો આ શીખીશ. એ નિર્ણયનો નીચોડ એ આવ્યો, કે હું સંધ્યાબેન પાસે થિયરીકલ આસ્પેક્ટ માટે જોડાઈ અને તેમનો ડિપ્લોમાનો કોર્સ એક વર્ષમાં પૂરો કર્યો. પછી બેચલરનો ફ્રેશ કોર્સ કરીને, સીધી માસ્ટર્સના કોર્સમાં જોડાઈ. આ કરીને નાટ્યશાસ્ત્ર, અભિનય દર્પણ સંગીત, રત્નાકર નૃત્ય કોર્સ વગેરેની ડિગ્રી હાંસલ કરી.”

***શ્રીમતી બીજલ વિપુલ નવીનચંદ્ર હરિયા***
*સરનામું : ૨, ઈન્દ્રપ્રસ્થ બંગલોઝ, મેનેજમન્ટ એન્ક્લેવની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૭૯૨ ૮૮૨૪૬*

***(ક્રમશઃ)***

## કિંમત નથી ખોળિયાની

કિંમત છે જીંદા માણસની, કિંમત નથી ખોળિયાની;
જેમ કિંમત થાતી નથી તૂટેલા કોઈ નળિયાની.

કિસ્મતમાં લખેલું હોય, એનું ના થાય કોઈ બેલી;
ધન દૌલત પાછળ કાં થાય દુનિયા આજે ઘેલી?

પંચતત્ત્વથી બનેલ કાયા એથી રહે સજીવ,
છાકટા થઈ ફરે સૌ કોઈ જ્યાં સુધી છે જીવ.

આ ખોળિયું નથી આપણું, છે ભાડાનું મકાન;
પાણીના પરપોટાની જેમ પળમાં છૂટશે જાન.

પ્રાણ પંખેરું ઉડી ગયું ને થયું ખોળિયું ખાલી,
ગઈ સગાઈ, થઈ જુદાઈ, ગયા એકલા હાલી.

***યોગેશભાઈ આર. જોશી - હાલોલ***

**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | :......... 100/- | ■ સફળતા | :.......... 75/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | :......... 100/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | :.......... 70/- |
| ■ આરોગ્યના અમૃત | :......... 150/- | ■ ગીત ગુંજન | :....... 150/- |
| ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | :......... 100/- | ■ સાપસીડી | :....... 250/- |

**WhatsApp**
**99130 12120**

# સવાલ અમારો...
# જવાબ તમારો.....

મણકો ૩૬

**સંકલન - સંયોજક : રજનીકાંત પારેખ**

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

**• આ અંકના સવાલો •**

૧. ૧૯૮૬માં સંસ્થાનું નામ શ્રી કચ્છી જૈન સમાજમાંથી ચેરીટેબલ ટ્રસ્ટમાં ____________ નામથી રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.
(શ્રી કચ્છી જૈન સંસ્થા - અમદાવાદ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)

૨. શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન ____________ના રોજ કરવામાં આવ્યું.
(૨૬ જાન્યુઆરી ૧૯૯૮, ૨૬ જાન્યુઆરી ૧૯૯૭, ૨૬ જાન્યુઆરી ૧૯૯૯)

૩. સ્વ. પદ્મભૂષણ ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબના પ્રથમ વિદ્યાર્થી બનવાનું સૌભાગ્ય ____________ ને પ્રાપ્ત થયું હતું. (ડૉ. હિતેન્દ્ર શાહ, ડૉ. હિમાંશુ શાહ,ડૉ. કમલેશ શાહ)

૪. ભારત દેશમાં સિનેમાં સને ________ માં ____________ ખાતે શરૂ થઈ. (૧૮૮૧, ૧૭૭૨, ૧૯૨૭ / કલકત્તા, દાર્જીલિંગ, મુંબઈ)

૫. નળ સરોવર પક્ષી અભયારણ્યમાં ________ પક્ષીવિદો અને ઉત્સાહીઓએ ભાગ લીધો હતો. (૨૭૦, ૨૯૦, ૨૨૦)

૬. ____________ ને ઊધઈ કે અન્ય જીવાત લાગતી નથી. (સાગ, સીસમ, વાંસ)

૭. હઠીસીંગના મંદિરની ફરતે ________ જિનાલયો અને ________ ગર્ભગૃહ છે. (૩૨, ૪૨, ૫૨ / ૧, ૩, ૫)

૮. કચ્છી સમાજની બિઝનેસ કમિટીના કન્વીનર ____________ છે.
(શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી હરસુખ પટેલ, શ્રી હિરેન શાહ)

૯. "નવનીત રત્નાશ્રમ"માં હાલમાં ________ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. (૩૩, ૪૭, ૩૭)

૧૦. ________ માં "વંદે માતરમ"ની શતાબ્દિ પ્રસંગે ૩૦મી ડિસેમ્બરે ખાસ ત્રિરંગી ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. (૧૯૪૭, ૧૯૬૭, ૧૯૭૬)

## • માર્ચ – ૨૦૨૬ના અંકના મણકા–૩૫ ના સવાલોના સાચા જવાબો •

૧. મુંબઈમાં બે દર્દીઓ ઉપર **કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી** હોસ્પિટલમાં રીમોટ રોબોટીક સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી.

૨. ભારતની ખાનગી કંપની 'સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ'ના રોકેટની નિકાસ **આર્મેનિયા** દેશને કરી.

૩. ૨૬મી જાન્યુઆરીએ ધ્વજ વંદનના કાર્યક્રમના મુખ્ય મહેમાન **શ્રી પારસભાઈ સાવલા** હતા.

૪. પુષ્પાબેન કાંતિલાલ શાહના ચિત્રોનું પ્રદર્શન **ગુફા ગેલેરી** જગ્યાએ યોજાઈ ગયું.

૫. કટારિયા જૈન બોર્ડિંગના દાતા પરિવાર ચંચળબેન ઉગરચંદ ગઢેચા પરિવારના શ્રી હસમુખભાઈ **જયેષ્ઠ** પુત્ર છે.

૬. વયસ્ક સમિતિ દ્વારા આજ દિન સુધી કુલ **૪૩** પ્રવાસના કાર્યક્રમ યોજાયા છે.

૭. VISION in the Dark – જે **પ્રજ્ઞાચક્ષુ** દુનિયાનું એક પ્રતિબિંબ છે.

૮. શ્રી હીરજીભાઈએ પોતાનો સ્વતંત્ર વ્યવસાય સાંગલીમાં **હળદરનો વાયદો** શરૂ કર્યો.

૯. ઘોડાના શરીરમાં **૨૦૫** હાડકા હોય છે.

૧૦. ૧૯૫૧માં ભારતની વસ્તી **૩૫ થી ૩૬** કરોડની હતી.

*આપના જવાબો 'મંગલ મંદિર'ના છાપેલા કાગળ અથવા તેની ઝેરોક્સમાં જ મોકલશો. હાથે લખેલા ઉત્તરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.*

**મણકા-૩૫ (મંગલ મંદિર માર્ચ-૨૦૨૬ના અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.**

૧. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૨. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૩. ક્રિષા નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ.
૪. માનસી મંથન – રાણીપ, અમદાવાદ
૫. ઝલક ધર્મેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૬. અલ્પા અમરેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૭. શાનવી ધર્મેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૮. અમરેશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૯. નીકિતા જીત સંઘવી – ન્યુ વાસણા, અમદાવાદ
૧૦. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૧. સ્મિત વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૨. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૧૩. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૧૪. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૫. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૧૭. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૧૮. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૧૯. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૨૦. હેતા કેતન દલાલ – સિંધુભવન રોડ, અમદાવાદ
૨૧. આરતી અગ્નિહોત્રી – પાલડી, અમદાવાદ
૨૨. વંદના ટી. શાહ – પાલડી, અમદાવાદ
૨૩. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૪. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૫. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૨૬. ગિરીશ દામજી પોલડિયા – સેટેલાઈટ, અમદાવાદ
૨૭. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૮. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૨૯. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૩૦. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૧. અશોક વી. શાહ – ગાંધીનગર
૩૨. અલ્કા દિનેશભાઈ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૩૩. નીલમ હિતેશ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૩૪. ઉર્મિ પીયુષ મોરબીયા – પાલડી, અમદાવાદ
૩૫. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૩૬. ભાનુ જે. શાહ – બોડકદેવ, અમદાવાદ
૩૭. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૮. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૩૯. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૪૦. કુશલકુમાર બી. શાહ – પ્રહ્લાદનગર, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રૉ કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | દમયંતી દિલીપ દંડ | – નારાણપુરા, અમદાવાદ | મો. ૯૩૭૭૮ ૩૯૬૨૩ |
| ૨. | નેહા ભાવેશ પારેખ | – પાલડી, અમદાવાદ | મો. ૯૦૯૯૭ ૬૬૯૯૯ |
| ૩. | વંદના ટી. શાહ | – પાલડી, અમદાવાદ | મો. ૯૮૯૮૮ ૫૩૧૧૫ |
| ૪. | ઉર્મિ પિયુષ મોરબીયા | – પાલડી, અમદાવાદ | મો. ૯૪૨૬૮ ૩૮૦૦૧ |
| ૫. | કુશલકુમાર બી. શાહ | – પ્રહલાદનગર, અમદાવાદ | મો. ૯૮૭૯૪ ૩૫૦૪૩ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ <u>નોંધ</u> : *(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## બ્રેઇલ લિપિની આસપાસ

અંધજનો માટેની અથવા ઉપસેલા અક્ષરોની લિપિનો ખ્યાલ ઈ.સ. ૧૫૧૭ જેટલો જૂનો છે. ફ્રાન્સના વેલેન્ટાઈન હાવે નામના નાગરિકે ઈ.સ. ૧૭૮૪માં ઉપસેલા અક્ષરોનો પ્રયોગ કરેલો. ઈ.સ. ૧૮૧૯માં નેપોલિયનના એક લશ્કરી અધિકારી કેપ્ટન ચાર્લ્સ બારબિયરે સેનાના ગુપ્ત સંદેશા મોકલવા ૧૨ ઉપસાવેલા બિંદુઓનો પ્રયોગ કરેલો. ૧૮૨૯માં લૂઈ બ્રેઈલે આ બિંદુઓને ૬ ઉપસેલા બિંદુઓમાં પરિવર્તિત કરી નાંખ્યા. જે જગતમાં બ્રેઈલ લિપિના નામે જ ઓળખાવા લાગ્યા.

૧૯૩૨થી સમગ્ર વિશ્વે પ્રજ્ઞાચક્ષુઓના ઉપયોગ માટે બ્રેઈલ લિપિનો સ્વીકાર કરેલો છે. ઈ.સ. ૧૯૫૧માં ભારતીય બ્રેઈલ લિપિને સત્તાવાર માન્યતા મળી. ભારતમાં બ્રેઈલ સાહિત્યના મુદ્રણ માટે દહેરાદૂનમાં એક સેન્ટ્રલ "બ્રેઈલ પ્રેસ"ની સ્થાપના કરવામાં આવેલી છે. આ પ્રેસ ભારતની દસ ભાષાઓમાં બ્રેઈલ લિપિમાં છપાયેલા પુસ્તકો પ્રગટ કરે છે. ભારતના પ્રથમ બ્રેઈલ સંપાદક બનવાનું સૌભાગ્ય ઠાકુર વિશ્વનારાયણ સિંહને મળેલું. જેઓ ભારતીય બ્રેઈલ સાહિત્ય અને પત્રકારત્વના પિતા મનાય છે. ભારતમાં એક કરોડથી વધુ અંધજનો હોવાનો અંદાજ છે.

## વેક્યુમ ક્લિનરનો રસપ્રદ ઇતિહાસ

વેક્યુમ ક્લિનર ખૂબ જ ઝડપથી હવા ખેંચી ઝીણામાં ઝીણી રજકણો ખેંચી લઈને સફાઈ કરે છે. આજે સુવિધાવાળા જાતજાતના વેક્યુમ ક્લિનર જોવા મળે પરંતુ તેની શોધ અને શરૂઆત ભારે રમૂજી લાગે. ઈ.સ. ૧૮૧૯માં શોધાયેલું વેક્યુમ ક્લિનર મોટી ધમણવાળું હતું. ધમણ એટલે હવા ખેંચવાની ચામડાની બનેલી કોથળી. પંપની જેમ ધમણ ચલાવી હવા ખેંચાય અને હવા ફેંકાય પણ ખરી. વેક્યુમ ક્લિનરની ધમણ ચલાવવા બે માણસની જરૂર પડતી. એક જણ ધમણની હવા ખેંચે અને બીજો નળી ફેરવીને સફાઈ કરે. બ્રિટનના હર્બટ બુથે પેટ્રોલ વડે ચાલતું વેક્યુમ ક્લિનર બનાવેલું. મોટી ઘોડાગાડીમાં ગોઠવેલું આ ક્લિનર ઘરે ઘરે જઈ સફાઈ કરી આપવાના કામમાં આવતું. ઈ.સ. ૧૯૦૭માં જેમ્સ સ્પેન્ડલરે ઈલેક્ટ્રિક વડે ચાલતું વેક્યુમ ક્લિનર શોધેલું. તે ઘણું મોટું અને ઘોંઘાટ કરતું. નવાઈની વાત એ છે કે આ વેક્યુમ ક્લિનરો પણ લોકપ્રિય હતા અને તેમનો બહોળો ઉપયોગ થતો.

ઈ.સ. ૧૯૫૯માં જેમ્સ ડાયસને સાઈક્લોન નામનું વેક્યુમ ક્લિનર શોધેલું. તે વાવાઝોડાની ઝડપથી હવા ખેંચી, સફાઈ કરે છે. આજે ઉપયોગી થતા વેક્યુમ ક્લિનરો પણ ઝડપથી હવા ખેંચે છે. જાપાનમાં બનેલું રોબોટ વેક્યુમ ક્લિનર નાની ડીશ જેવું છે. તે ઘરમાં આપમેળે ચારે તરફ ફરીને અવાજ કર્યા વિના ખૂણે ખૂણાની સફાઈ કરી આપે છે.

## અજાયબ માનવ શરીર

- ★ એક દોડવીર દોડતી વખતે ૪ કપ એટલે લગભગ ૩૦૦ મિલી જેટલો પરસેવો એક કલાકમાં વહાવી દે છે.
- ★ જ્ઞાનતંતુઓમાં ૨૫૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે માહિતી પ્રસરે છે. દરેક માનવ શરીરમાંથી એક એવો ઝીણો પ્રકાશ નીકળે છે, જેને માનવ આંખ જોઈ શકતી નથી.
- ★ પુખ્ત માણસની રક્તવાહિનીઓને એકબીજા સાથે જોડવામાં આવે તો પૃથ્વીના વિષુવવૃત્તને ચાર વાર ચક્કર મારી શકે.

## સૂર્ય પ્રકાશ વિના જીવતો મની પ્લાન્ટ

વિષુવવૃત્તમાં આવેલા પુષ્કળ વરસાદવાળા રેઈન ફોરેસ્ટમાં નાના છોડથી માંડીને તોતિંગ વૃક્ષોની ગીચ ઝાડી હોય છે. જમીન પર ઉગતા નાના છોડને સૂર્યપ્રકાશ માંડ માંડ મળે અને સતત ભેજવાળા વાતાવરણમાં વિકાસ કરવો પડે છે. દરેક સજીવ પર્યાવરણ સાથે અનુકૂલન સાધીને વિકાસ કરે છે. સજીવ ખોરાક અને રક્ષણ મેળવવા વિવિધ રસ્તાઓ આપમેળે ખોળી કાઢે છે. વર્ષા જંગલમાં મોટા વૃક્ષોની છાયામાં ઉગતા છોડ ઓછા સૂર્યપ્રકાશમાંય પાણીમાંથી ખોરાક મેળવવાનું શીખી ગયા અને તેમાંથી જનમ્યો મની પ્લાન્ટ.

આપણા ઘરમાં પાણી ભરેલી બોટલમાં પણ મની પ્લાન્ટ વિકાસ પામે. વળી તેને જમીન કે ખાતરની પણ જરૂર નથી. માત્ર પાણી જ એનો ખોરાક! પાણીમાં તેના પૂરતા ક્ષાર અને ખનીજ તો હોય જ છે. એટલે તે ઘરમાં સૂર્યપ્રકાશ વિના પણ વિકાસ પામે છે.

મની પ્લાન્ટ ઘરમાં રાખવાથી પૈસાની તંગી પડતી નથી તેવી માન્યતા છે. તેના પાન ગોળાકાર અને જાડા સિક્કા જેવા હોવાથી તેનું નામ મની પ્લાન્ટ પડ્યું છે. મની પ્લાન્ટના ગોલ્ડન પોથોસ, હન્ટર્સ રોબ, આઈવી એરમ, સિલ્વર વાઈન જેવા

અનેક નામ છે. મની પ્લાન્ટમાં સારી રીતે કાળજી લેવાય તો ૨૦ મીટર ઊંચા અને બે ઇંચના વ્યાસના થાય છે. તે કાયમ લીલી રહેતી વનસ્પતિ છે.

## આકર્ષક અને કિંમતી ધાતુ : સોનું

તેજસ્વી અને પીળા રંગનું સોનું માણસ માટે પ્રાચીનકાળથી આકર્ષણનું કેન્દ્ર છે. જમીનમાંથી ખાણ ખોદીને સોનું મેળવવાની પદ્ધતિ ઈ.સ. પૂર્વે ૩૫૦૦માં શરૂ થયેલી. વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ ઈજિપ્ત, સિંધુ, મેસોપોટેમિયા અને સુમેરિયનમાં આકર્ષક ઘરેણાં બનાવવા માટે સોનાનો ઉપયોગ થતો. ભૌતિક ગુણવત્તા અને આકર્ષક રંગને કારણે સોનું આકર્ષક બન્યું છે. તે મહામૂલી સંપત્તિ ગણાય છે. સોના માટે ઈતિહાસમાં ઘણા યુદ્ધો પણ થયા છે. આજે પણ સોનું એટલું જ આકર્ષક અને કિંમતી છે. વિશ્વમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન દક્ષિણ આફ્રિકામાં થાય છે. દક્ષિણ આફ્રિકાના પ્રિકેમ્બ્રિયન વિટવોટર સ્ટ્રાન્ડ ખાતે સેંકડો કિલોમીટર વિસ્તારમાં ત્રણથી ચાર કિ.મી.ની ઊંડાઈ સુધી ખનીજ સ્વરૂપે પુષ્કળ સોનું મળે છે. સોનાના જથ્થાનો ૬૫ ટકા ભાગ ઘરેણા બનાવવામાં વપરાય છે. બાકીનું સોનું ઈલેક્ટ્રોનિક અને સિરામિક ઉદ્યોગમાં વપરાય છે.

સોનું ગરમી અને વીજળીનું ઉત્તમ વાહક છે. તેને કાટ લાગતો નથી. તેને ટીપીને સૌથી પાતળું પડ બનાવી શકાય છે. કોઈ પણ ધાતુ કરતાં સોનાના પાતળા તાર બનાવી શકાય છે. આ કારણે તે ઈલેક્ટ્રોનિક સાધનોની સર્કિટ બનાવવા ઉપયોગી છે. સોનાનો એક જ દુર્ગુણ છે કે તે અતિ નરમ છે. ઉદ્યોગોમાં સોના સાથે અન્ય ધાતુ મેળવીને ઉપયોગ કરાય છે. સોનાને કેરેટથી મપાય છે. ૨૪ કેરેટ એટલે સંપૂર્ણ સોનું. ૧૮ કેરેટ એટલે ૧૮ ભાગ જેટલું સોનું અને ૬ ભાગ અન્ય ધાતુનું મિશ્રણ.

ખાણમાંથી સોનું મોટેભાગે શુદ્ધ સ્વરૂપે મળે છે. તેના બે પ્રકાર છે : લીડ અને પ્રેશર. લીડ પ્રકારની ખાણમાં સોનું પથ્થર કે સિલિકોનના ખડક સાથે મળી આવે છે. પ્રેશર પ્રકારની ખાણમાં મોટેભાગે સોનાના રજકણો અને ટુકડા મળી આવે છે. લીડ પ્રકારના ખડકોમાં પાણીના ઘસારાથી ધોવાઈને પ્રેશર પ્રકારનો જથ્થો બને છે. આ પ્રક્રિયા થતાં હજારો વર્ષ લાગે છે. ખાણમાંથી કાચા સ્વરૂપે નીકળેલા સોનાના જથ્થાને ચાળીને, દળીને અને રાસાયણિક પ્રક્રિયાઓ કરી તે શુદ્ધ કરવામાં આવે છે. આ પ્રક્રિયા ઘણી લાંબી અને ખર્ચાળ પણ છે.

## એલ.સી.ડી. સ્ક્રીનનો શોધક : જેમ્સ ફર્ગેસન

લિક્વિડ ક્રિસ્ટલ ડિસ્પ્લે – ટૂંકમાં એલ.સી.ડી. સ્ક્રીનને આપણે સારી રીતે ઓળખીએ છીએ. જાણીને નવાઈ લાગે પણ કેન્સરના નિદાન માટેના સ્ક્રીનની શોધ કરવાના પ્રયાસમાં એલ.સી.ડી.ની શોધ થઈ હતી. અને આજે તેનો વ્યાપક ઉપયોગ થાય છે. આ શોધ જેમ્સ ફર્ગેસન નામના વિજ્ઞાનીએ કરેલી. તેણે ૧૫૦ જેટલી શોધો કરેલી છે.

જેમ્સ ફર્ગેસનનો જન્મ ૧૯૩૪માં જાન્યુઆરીની ૧૨ તારીખે અમેરિકાના મિસુરી રાજ્યના બાકેન્ડા ગામે થયો હતો. તેમણે મિસુરી યુનિવર્સિટીમાંથી ફિઝીક્સની ડિગ્રી મેળવીને થોડો સમય લશ્કરમાં સેવા આપી હતી. ત્યારબાદ વેલ્ટિંગ હાસિ લેબોરેટરીમાં સંશોધનો માટે જોડાયો હતો. ઈ.સ. ૧૯૬૬માં તેણે લિક્વિડ ક્રિસ્ટલ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાઈને સેમિનલ ક્રિસ્ટલની શોધ કરી. તેણે ૧૯૬૦માં લિક્વિડ ક્રિસ્ટલ બનાવવાની પોતાની ફેક્ટરી સ્થાપી. તેણે વિશ્વની પ્રથમ એલ.સી.ડી. સ્ક્રીનવાળી ઘડિયાળો બજારમાં મૂકી હતી. ફર્ગેસને ૧૫૦ જેટલી નાની મોટી શોધો કરીને અનેક સન્માનો મેળવેલા. ૨૦૦૮ની ૯ ડિસેમ્બરે તેનું અવસાન થયું છે.

## એરોસોલ સ્પ્રે કેવી રીતે કામ કરે છે?

અત્તર કે દુર્ગંધ દૂર કરવાના ડિઓડરન્ટ છાંટવા માટે ઉપયોગમાં આવતા બોટલ જેવા ફુવારાને એરોસોલ સ્પ્રે કહે છે. બોટલ ઉપરના ઢાંકણ પરનું બટન દબાવો એટલે બાજુના છિદ્રમાંથી પ્રવાહીનો છંટકાવ થાય છે. એરોસોલ સ્પ્રે સામાન્ય પિચકારી જેવું નથી. એરોસોલની બોટલમાં અડધા ભાગ સુધી જ પ્રવાહી ભરવામાં આવે છે. બાકીના ખાલી ભાગમાં ભારે દબાણથી હવા ભરેલી હોય છે. હવાનું દબાણ લગભગ ૬૦ કિ.ગ્રા. જેટલું હોય છે. ઢાંકણ ઉપર આંગળી દબાવતાં જ તેમાંનો વાલ્વ ખૂલે છે અને હવાના પ્રચંડ દબાણને કારણે પ્રવાહી તીવ્ર વેગથી બહાર આવે છે અને છિદ્રમાંથી ફુવારો છૂટે છે. આ ફુવારામાં પ્રવાહી કરતાં હવા વધુ હોય છે. એટલે પારદર્શક વાદળ જેવો ફુવારો દેખાય છે. ■

સૌ કચ્છી જૈનોને હાર્દિક શુભકામનાઓ....
માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વાળા) અમદાવાદ – ભુજ
અલકા - રસિકભાઈ મહેતા ★ નીલમ - રજનીકાંત મહેતા ★ મીના - હસમુખ મહેતા

# જન્મ દિવસની શુભેચ્છાઓ



## ડૉ. કમલેશકુમાર નિરંજનપ્રસાદ શાહ

વર્ષગાંઠ : તા. ૧૮-૦૪-૧૯૫૩

**સિનિયર ફિઝીશિયન, હૃદયરોગ, ડાયાબિટીસના નિષ્ણાત**
**મનના રોગોના વિશેષજ્ઞ**

*આજના દિવસે હું એટલું જ કહીશ કે,*

**મારે પેલી કેક ઉપર તોંતેર દીવા પ્રજ્વલિત કરવા છે,**
**પ્રત્યેક દીવો મારા પુરુષાર્થ, પ્રેરણા અને પ્રામાણિકતાના પ્રતીક છે.**

*માટે જ અમો સૌ ગર્વથી કહીએ છીએ કે,*

**ના આસમાન સે ટપકાએ ગયે હો, ના ઉપર સે ગિરાયે ગયે હો,**
**આજ કલા કહાં મિલતે હૈં આપ જૈસે લોગ, 'શારદા'ને સ્પે. ઓર્ડર દેકર બનવાયે ગયે હો.**

*અમો આ કહેતાં ગર્વ અનુભવીએ છીએ કે,*

**સમંદર કી તરહ દિલ હૈ બહોત ગહરા તુમ્હારા,**
**માલૂમ નહીં કિતને ખ્વાબોસેં દિમાગ ભરા હૈ તુમ્હારા.**
**તુમ કૃષ્ણ પ્રિય હો, ઇસકા હમેં સબૂત નહીં ચાહિયે,**
**સદા મગન, મસ્ત ઔર તંદુરસ્ત રહે દામન તુમ્હારા.**

**આપના દુલારા / દુલારી :**

શ્રીમતી જ્યોતિબેન કમલેશકુમાર શાહ
ડૉ. જીનેશ — ઈ.આર. સ્મૃતિ
ઈ.આર. જીગર — ઈ.આર. શ્વેતા
ડૉ. જયમીન — ડૉ. સ્તુતિ
ચિ. ઉર્મિલ, નીલુ, નાયરા, મિરાયા (અમેરિકા)

*અમે આપના પૌત્રો / પૌત્રીઓ પ્રાર્થના કરીએ છીએ દાદુ...*

**આપકો સમજનેમેં હમને ક્યા દેરી કર દી!**
**નહીં! હર ગલતીયાઁ કો તુમ માફ કરતા રહા,**
**ફિરભી તુમ્હારા પ્યાર હમકો મિલતા રહા**
**'કમલ' તુમસે તો કોઈ શીખ લે ઇસ જનમમેં,**
**કૃષ્ણ કો કૈસે પૂજા જાતા હૈ ઇસ કલિયુગમેં.**

— યુગ, દ્વિશા, આંશી, કહાન

**• વર્ષગાંઠના શુભેચ્છકો •**

- ★ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, પાલડી**
- ★ **શ્રી પ્રમુખ મલ્ટી સ્પે. હોસ્પિટલ - મણિનગર**
- ★ **ઇ.એસ. હેલ્થ કેર સેન્ટર - આંબાવાડી**
- ★ **શાહીબાગ હીમોડાયાલિસિસ સેન્ટર**
- ★ **હેલ્થ હોસ્પિટલ - મણિનગર**
- ★ **શ્રી હરિ પોલીક્લિનિક - કપડવંજ**

## NanoNine® શબ્દ રમત-૨૨૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | ■ | ૭ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | | |
| | ■ | ૧૩ | | | ૧૪ | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | ૧૮ | | | ■ | ૧૯ | | | | ■ | | ■ |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | | ■ | ■ | ■ | ૨૨ |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ | ■ | ■ | |
| | ■ | ૨૭ | | | ■ | | ■ | | ■ | ૨૮ | |
| ૨૯ | | | ■ | ■ | ૩૦ | | ૩૧ | | ■ | ૩૨ | |
| | ■ | ૩૩ | ૩૪ | | | ■ | | ■ | ■ | ૩૫ | |
| ■ | ૩૬ | ■ | | ■ | ૩૭ | | | ૩૮ | | ■ | |
| ૩૯ | | ■ | ૪૦ | ૪૧ | | ■ | ■ | | ■ | ૪૨ | ■ |
| ૪૩ | | ■ | ૪૪ | | ■ | ૪૫ | | | ■ | ૪૬ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સ્વ. અભિનેતા સુનિલ દત્તના પત્ની (૪)
૪. આગ્રહભરી વિનંતી (૪)
૭. બક, બગલો (૨)
૯. નિત્ય, હંમેશ, કાયમ (૨)
૧૦. તિબેડના વડા બૌદ્ધ આચાર્ય (૨)
૧૨. રામનું નામ, પ્રભુનું નામ (૪)
૧૩. ધમકી ને ડરામણી (૪)
૧૫. રાત્રિ, રજની (૨)
૧૬. લીન, મગ્ન, આસક્ત (૨)
૧૭. સમારકામ, રીપેરીંગ (૪)
૧૯. દુઃખ ખમી શકે એવું, ખરમાણ (૪)
૨૦. ચોળાની દાળની એક બનાવટ (૨)
૨૧. ગંદુ પાણી જવાની નીક (૨)
૨૩. પ્રેત, પિશાચ (૨)
૨૪. વીતી ગયેલું, ભૂતકાળ (૨)
૨૫. ચૂલા ઉપરના ગરમ વાસણ પકડવાનું ચીંથરું (૩)
૨૭. રીંછ વાંદરાનો ખેલ બતાવનાર (૩)
૨૮. મીણબત્તી, દીવો (૨)
૨૯. યમુના નદીનું એક નામ (૩)
૩૦. નાનું તળાવ (૪)
૩૧. ચોખાના લોટની વાનગી (૨)
૩૨. દિલ, અંતઃકરણ, ઈચ્છા (૨)
૩૩. દેશનો સિટીઝન (૪)
૩૫. પર્વત (૨)
૩૭. મુલાકાત માટેનો ઓરડો, બેઠક (૫)
૩૯. પિતાનો ભાઈ (૨)
૪૦. અમુક ઘાટનો ઘડો, ________ માં સાગર (૩)
૪૩. ચરી, પરહેજી, કઢી (૨)
૪૪. ગાગર, ખટાશ, માંડ માંડ, ________ ભટ્ટ કવિ હતા (૨)
૪૫. દેવાલય (૩)
૪૬. રાત્રે આકાશમાં ઝબુકતો ગોળો, આંખની કીકી (૩)

### ઊભી ચાવીઓ

૧. ઉત્તમ પુરુષ, રાજા (૪)
૨. ધૂળનો કણ (૨)
૩. સુરક્ષિત, હેમખેમ (૪)
૫. રાજગરાના લોટની ખાંડ પાયેલી એક વાનગી (૨)
૬. પૃથ્વીનું તળ કે સપાટી (૪)
૭. કાશી (૪)
૮. વિનોદ, મજા, હર્ષ (૩)
૧૧. પશુ કે પક્ષીમાં સ્ત્રી જાતિ (૨)
૧૩. પૈસાનો ચોથો ભાગ (૩)
૧૪. આનંદ ખાતર કરેલી મશ્કરી (૩)
૧૫. રાત્રે ક્યાંક મુકામ કરવો તે (૪)
૧૮. ઘોડેસવાર, યોદ્ધો (૩)
૨૧. વિશ્વાસ, ભરોસો, યકીન (૩)
૨૨. પરોણા ચાકરી, આતિથ્ય, મહેમાનગીરી (૬)
૨૩. ગયેલો વખત (૪)
૨૪. હનુમાનજીનું હથિયાર (૨)
૨૫. નારી, વનિતા, સ્ત્રી (૩)
૨૬. નાનું તુંબડું (૩)
૨૭. હજયાત્રાનું એક સ્થળ (૩)
૨૮. શાંત પડવું, ટાઢું પાડવું (૩)
૩૦. નસીબ, કિસ્મત (૪)
૩૧. મુખ, મોં, ચહેરો (૩)
૩૪. ગજગતિથી ચાલનારી, ગજગામિની (૪)
૩૬. ચકોર પક્ષીની માદા (૩)
૩૮. પાક માટે ખાતરમાં નાખવામાં આવતું છાણ લીંડી વગેરે (૩)
૩૯. કાગડો (૨)
૪૧. જાત, વર્ગ, ટોળું, મંડળ (૨)
૪૨. જનની, જનેતા દેવી (૨)

***નોંધ*** *: "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચો | લ | કી | | વ | | સ | વા | રી | | | દ્વિ |
| ખા | ત | ર | | રૂ | ખ | સ | દ | | નં | ગ | |
| | | ચ | લ | ણ | | રો | | ફો | ગ | ટ | |
| સો | સ | | ક્ષ્મ | | ચં | | હા | જી | | ર | મા |
| | ગ | મા | ણ | | પ | | થો | | | | વિ |
| ક | પ | લ | | પા | લ | ન | હા | ર | | | ત |
| વ | ણ | ક | ર | | | મ | થ | ક | | જો | ર |
| ખ | | ણ | | ખ | ડ | કી | | ઝ | મી | ર | |
| ત | ન | | મ | ણ | | ન | જી | ક | | જુ | ગ |
| | વ | | ન | ખો | દ | | | | મા | લ | ણ |
| ગી | ની | | | દિ | વા | ક | ર | | | મ | ત |
| ર | ત | ન | | યું | | મી | ણ | બ | ત્તી | | ર |

*ફેબ્રુઆરી-૨૦૨૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. દક્ષા મકવાણા – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૬. ચેતના પ્રફુલ્લચંદ્ર વોરા – અમદાવાદ
૭. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૮. હસમુખ દામજી શાહ – અડાલજ, અમદાવાદ
૯. મહેન્દ્ર ડી. પુજ – અમદાવાદ
૧૦. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૧૧. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૨. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૩. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૪. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૫. ભાનુ જે. શાહ – અમદાવાદ
૧૬. પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
૧૭. મિત્તલ એ. પટેલ – અમદાવાદ
૧૮. દિશા પટેલ – અમદાવાદ
૧૯. વંદના ટી. શાહ – અમદાવાદ
૨૦. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૨૧. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૨. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૨૩. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૨૪. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૨૫. ઈલા નરેશ અંતાણી – ભુજ (કચ્છ)
૨૬. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૨૭. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૨૮. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૯. હસ્તી સંજયભાઈ ઠાકર – ભુજ (કચ્છ)
૩૦. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૧. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

__*વિજેતા*__ : (૧) ભાનુ જે. શાહ – અમદાવાદ
(૨) શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
(૩) હસ્તી સંજયભાઈ ઠાકર – ભુજ (કચ્છ)

*નવલ શિવજી નીસર તરફથી નેનો નાઈન શબ્દ રમત ક્રમાંક-૨૨૬ (જાન્યુઆરી – ૨૦૨૬)ના જવાબ સમય વિત્યા પછી મળેલ છે.*

**ફેબ્રુઆરી-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૫ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. હેમલતા હસમુખ શાહ – અડાલજ, અ'વાદ
૪. દ્રવ્ય પીયુષ મોરબીયા – અમદાવાદ
૫. મહેન્દ્ર ડી. પુજ – અમદાવાદ
૬. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૭. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૮. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૯. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૦. અશોક વી. શાહ – ગાંધીનગર
૧૧. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૧૨. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૩. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૧૪. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૧૫. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૬. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૧૭. ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૧૮. દિનેશ મોહનલાલ વોરા – અમદાવાદ
૧૯. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૨૦. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૨૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

__*વિજેતા*__ :

(૧) ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
(૨) દિનેશ મોહનલાલ વોરા – અમદાવાદ

*દોલત માત્ર રહેવા કરવાનું સ્તર બદલી શકે છે; બુદ્ધિ, નીતિમત્તા અને તકદીર નહીં.*

## NanoNine™ Sudoku

**ફેબ્રુઆરી-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૫ના ઉકેલ મોકલનારનાં નામ માટે જુઓ પાના નં.–૫૦**

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

*જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક ગામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.*

*જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ, જે રીતે માઈકેલ ઍન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, 'અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે.'*

– માર્ટિન લ્યૂથર કિંગ, જુનિયર
સૌજન્ય : "સમજણના સૂર"

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 9 | 4 | | | 7 | 6 | |
| | | | | 1 | 2 | 9 | 4 | |
| 4 | 1 | | 6 | | | | | |
| | 4 | 7 | | | | 6 | | 9 |
| | | | 3 | 2 | 6 | | | 7 |
| 3 | | 1 | | 9 | | | 2 | |
| | | | | | 7 | | 8 | 6 |
| | 9 | 2 | 5 | 8 | | | | |
| | 8 | 4 | | | 3 | 1 | | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 4 | | | | | 3 | 2 |
| | 9 | 1 | 3 | 6 | | | | |
| | | | 7 | | 4 | 6 | 1 | |
| 9 | | 7 | 4 | 3 | | | | 1 |
| | 5 | | | | | | 9 | |
| 1 | | | | 8 | 9 | 3 | | 7 |
| | 3 | 9 | 6 | | 2 | | | |
| | | | | 9 | 3 | 2 | 6 | |
| 4 | 6 | | | | | 9 | | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 6 | | 5 | 2 | | |
| | 7 | 1 | | | | | | 6 |
| 6 | 2 | | | 9 | | | | 1 |
| 4 | | 9 | 2 | | | | | |
| | 3 | | 1 | | 6 | | 2 | |
| | | | | | 9 | 7 | | 5 |
| 1 | | | | 8 | | | 4 | 2 |
| 5 | | | | | | 3 | 7 | |
| | | 4 | 9 | | 2 | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 2 | 7 | | | | | 1 |
| 6 | | 3 | | 4 | | 2 | | |
| | | | | | 9 | 3 | | |
| 2 | | | | | 4 | | 1 | 8 |
| | 1 | | 9 | | 8 | | 2 | |
| 8 | 4 | | 6 | | | | | 7 |
| | | 6 | 4 | | | | | |
| | | 8 | | 9 | | 1 | | 6 |
| 7 | | | | | 6 | 8 | 5 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 2 | 7 | 3 | 9 | 6 | 4 | 8 |
| 3 | 6 | 8 | 5 | 4 | 1 | 2 | 7 | 9 |
| 4 | 9 | 7 | 6 | 2 | 8 | 5 | 1 | 3 |
| 7 | 4 | 1 | 9 | 8 | 5 | 3 | 2 | 6 |
| 8 | 2 | 9 | 3 | 1 | 6 | 4 | 5 | 7 |
| 5 | 3 | 6 | 4 | 7 | 2 | 9 | 8 | 1 |
| 9 | 1 | 3 | 2 | 5 | 7 | 8 | 6 | 4 |
| 6 | 7 | 5 | 8 | 9 | 4 | 1 | 3 | 2 |
| 2 | 8 | 4 | 1 | 6 | 3 | 7 | 9 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 5 | 2 | 4 | 3 | 6 | 7 | 9 |
| 6 | 4 | 7 | 9 | 5 | 1 | 3 | 8 | 2 |
| 2 | 3 | 9 | 6 | 8 | 7 | 4 | 5 | 1 |
| 7 | 6 | 8 | 3 | 9 | 5 | 2 | 1 | 4 |
| 3 | 5 | 4 | 1 | 6 | 2 | 7 | 9 | 8 |
| 9 | 1 | 2 | 8 | 7 | 4 | 5 | 6 | 3 |
| 4 | 7 | 1 | 5 | 2 | 8 | 9 | 3 | 6 |
| 8 | 2 | 6 | 7 | 3 | 9 | 1 | 4 | 5 |
| 5 | 9 | 3 | 4 | 1 | 6 | 8 | 2 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 7 | 1 | 5 | 8 | 2 | 6 | 3 |
| 3 | 2 | 8 | 6 | 4 | 9 | 5 | 7 | 1 |
| 6 | 1 | 5 | 2 | 3 | 7 | 9 | 4 | 8 |
| 7 | 5 | 4 | 8 | 6 | 2 | 1 | 3 | 9 |
| 8 | 6 | 3 | 4 | 9 | 1 | 7 | 5 | 2 |
| 1 | 9 | 2 | 3 | 7 | 5 | 6 | 8 | 4 |
| 2 | 3 | 6 | 5 | 1 | 4 | 8 | 9 | 7 |
| 4 | 7 | 1 | 9 | 8 | 6 | 3 | 2 | 5 |
| 5 | 8 | 9 | 7 | 2 | 3 | 4 | 1 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 4 | 9 | 5 | 2 | 8 | 6 | 7 |
| 7 | 5 | 8 | 3 | 6 | 4 | 1 | 2 | 9 |
| 9 | 2 | 6 | 1 | 8 | 7 | 5 | 3 | 4 |
| 5 | 6 | 3 | 2 | 4 | 1 | 7 | 9 | 8 |
| 2 | 4 | 7 | 5 | 9 | 8 | 3 | 1 | 6 |
| 8 | 9 | 1 | 7 | 3 | 6 | 4 | 5 | 2 |
| 1 | 8 | 5 | 4 | 2 | 9 | 6 | 7 | 3 |
| 6 | 3 | 2 | 8 | 7 | 5 | 9 | 4 | 1 |
| 4 | 7 | 9 | 6 | 1 | 3 | 2 | 8 | 5 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

*With Best Compliments From*

# Matrix Biomedicals

4, Ambica Tenament, Nr. Malav Talav,

Jivraj Park, Ahmedabad-380 051.

**Mobile : 83470 02277**

**E-mail : matrixbiomedicals@yahoo.com**

**Web : www.matrixbiomedical.com**

**Customer Care No. : 83473 44450**

# આંજો કાગર

*પ્રભુ પ્રણામ.*

આ સંસ્થામાં છેલ્લા ૩૦ વર્ષથી આવતો રહું છું. આ મારો ૫૦મો ફેરો છે.

હું જ્યારે સંસ્થામાં આવું છું ત્યારે મને રીસેપ્શન, ટ્રસ્ટી મહાશયો, સ્ટાફ વગેરે આદરપૂર્વક આવકારે છે.

પૂ. પ્રમુખશ્રીએ પણ મારી સેવા પ્રવૃત્તિ બિરદાવી મને વિનામૂલ્યે રહેવા કરવાની વ્યવસ્થા ફાળવી હતી. જેનો લાભ લેવાની મારે જરૂર નથી તેમ માનું છું. હાર્દિક આભાર.

૫૦ વખતમાં મારે કોઈવાર 'જગ્યા નથી' તેમ સંભળાયું નથી. ના હોય તો પણ એડજસ્ટ કરી આપતા સેવાભાવી સજ્જનોને વંદન.

હું ૨૦૦થી વધુ સેવાલક્ષી સંસ્થાઓ સાથે સંકળાયેલો છું. મુંબઈથી નીકળી પ્રથમ આપશ્રીના શરણે, પછી અન્યત્ર. મારા સેવા વિસ્તારનો યશ આપ સાહેબોના ફાળે જાય છે.

આપ સૌની સેવા ટીમ અત્યંત નિષ્ઠાપૂર્વક અને નિઃસ્વાર્થપણે યાત્રિકો - દર્દીઓ માટે અતિ ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરી એક ભવ્યાતિભવ્ય કાર્ય કર્યું છે તે માટે આપશ્રી સૌને નતમસ્તકે નમન કરું છું.

આપશ્રી સૌના ટીમ વર્ક અને સેવાના ભાવને કારણે જ આ સેવા મંદિર શોભી ઊઠ્યું છે અને 'માનવસેવા એ જ પ્રભુસેવા'ને સાકાર કરતું રહે છે.

*CA કુલીનકાંત ચાંપશી લુઠિયા - મુંબઈ*
*સામાજિક કાર્યકર 'માનવ જ્યોત'*
*મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯*

★

*પ્રણામ, જય જિનેન્દ્ર.*
*જામનગર (રંગપુર હાલાર)થી હું વિજયભાઈ વોરા.*

મારા પત્નીની પગની સર્જરી સબબ શ્રી કચ્છી જૈન ભવનમાં રોકાવાનું થયેલ.

રંગ અને ઉજાસના પર્વ ધૂળેટીની ઉજવણી આપણા કચ્છી ભવનમાં પણ જ્ઞાતિજનો સાથે થનાર છે તેવું જાણવા મળતા મારી મનોદિવ્યાંગ દીકરી સાથે જરૂર સામેલ થઈ શકશો તેવું આમંત્રણ આપણા સમાજના ટ્રસ્ટીઓ દ્વારા મળતાં મારી દીકરી ખ્યાતિએ ખૂબ આનંદથી ધૂળેટી પર્વની ઉજવણી કરેલ.

મનોદિવ્યાંગ દીકરીએ ઘર જેવા પારિવારિક પ્રસંગ જેવી અનુભૂતિ કરી ખૂબ ખુશ થઈ.

સ્થાનિક જ્ઞાતિજનોએ પણ ખૂબ આત્મિયતાથી સૌની સાથે સામેલ કરેલ. પોતાના વતનથી દૂર અજાણી જગ્યાએ પણ સમાજ સાથે મળી દરેક પર્વની ન તો માત્ર ઉજવણી કરે છે, પણ અન્યોને પણ પરિવાર ગણી સામેલ કરે છે તે જાણી ઘણો આનંદ થયો.

સૌ સાથે મળી ધૂળેટી પર્વની ઉજવણી સાથે ભોજન પ્રસાદનો લાભ પણ મળ્યો.

સૌ ટ્રસ્ટીગણ તથા સૌ જ્ઞાતિજનોનો આ પ્રસંગે આભાર સાથે વંદન.

અહીં સારવાર માટે આવવાનું થયું પણ બિલકુલ અજાણ્યું નથી લાગતું. એક પરિવારના વડીલની જેમ તમામ ટ્રસ્ટીગણ તથા ઘરના સભ્યોની જેમ ઓફિસનો સ્ટાફ, કેન્ટીન સ્ટાફ તથા સફાઈ સંભાળતા ભાઈ-બહેનો અમને સતત મદદરૂપ થઈ રહ્યા છે. ઘર કે પરિવારની જરા પણ ખોટ નથી સાલતી.

કચ્છી જૈન સેવા સમાજ (કચ્છી જૈન ભવન)ના તમામ પરિવારજનોનો હૃદયથી આભાર.

***– વિજયભાઈ વોરા***

★

***Dear All, Jai Jinendra.***

I recently had the pleasure of staying at your esteemed Shree Kutchhi Jain Bhavan at Paldi and I wanted to share my experience.

The rooms were impressive, offering amenities in line with three-star facilities. The interior were well done and created a wonderful atmosphere.

I would like to commend the staff for their courteous and kind service. A special thanks and heartful gratitude go to Shri Manubhai, who was prompt and agile in addressing all our needs. God bless him; may he always stay healthy.

I highly recommend this place to anyone seeking an exceptional hospitality experience, with all essential amenities conveniently nearby.

Jai Jinendra. God bless the organizing committee.

Thank you very much.

***Milan V. Shah - Cochin***

# પ્રતિભાવ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ @ પાયાની ઇંટો**

મધ્ય કચ્છના શાહ રોડલાઈન્સના સ્વ. શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહને શ્રી કચ્છી જૈન સેવા સમાજ (સમાજ)ની રચના કરવાની પ્રેરણા થઈ. તેઓના પ્રથમ પ્રમુખપદે સમાજની રચના થઈ અને 'પ્રેરણા' માસિક મુખપત્ર અસ્તિત્વમાં આવ્યું. પશ્ચિમ કચ્છના શ્રી ચકેશ્વરી ટ્રાન્સપોર્ટના સ્વ. શ્રી બાબુભાઈ વીરમ શાહના પ્રમુખપદે સમાજને ગતિ અને સહયોગ મળ્યો અને 'મંગલ મંદિર' માસિક મુખપત્ર અસ્તિત્વમાં આવ્યું. તેમજ તેઓ બંનેની ઓફિસથી સમાજની સભાઓ થતી રહેતી હતી શ્રી સવાણી ટ્રાન્સપોર્ટ અમદાવાદ ઓફિસના સંચાલનકર્તા અને પૂર્વ કચ્છના શ્રી પ્રભુદાસ સંઘવીએ 'પ્રેરણા' બાદ 'મંગલ મંદિર'ના પ્રથમ તંત્રીપદે સેવા અદા કરી અને સમાજના મંત્રી પણ બન્યા. આમ, સમાજની પાયાની ઇંટો ટ્રાન્સપોર્ટર્સ હતા.

**કચ્છ ભૂકંપ @ ૨૫ વર્ષ**

રાહત ફાળો કે રાહત સામગ્રી સમાજમાં આવી કે મેળવી, તે કચ્છમાં જરૂરિયાતમંદ લોકોને નાતજાતના ભેદ વગર પહોંચતી કરવાની સેવાને ટ્રાન્સપોર્ટ કહેવાય. આ સેવા થકી સમાજને અમદાવાદમાં એક અગ્રણી સેવાભાવી સંસ્થા તરીકે ઉપસાવવામાં ખૂબ જ નામના મેળવી. શેના થકી? સમાજના પ્રમુખથી અદના કર્મચારી અને સ્વયં સેવકોએ કોઈ પણ વસ્તુ પોતાના ઘેર લઈ ગયા વગર જૈન ધર્મના નિયમ અપરિગ્રહ અને પ્રામાણિકતાને સાર્થક કરીને સફળતા મેળવી.

**સરદાર @ ૧૫૦**

દેશની આઝાદી મેળવવામાં, દેશી રજવાડાંઓનું એકત્રીકરણ કરવામાં લોખંડી પુરુષ, સરદાર, દેશના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાનપદે પહોંચ્યા પછી જગતમાંથી વિદાય થયા બાદ તેઓનું બેંક બેલેન્સ રૂા. ૩૦૦/-ની અંદર કેમ? અપરિગ્રહ, પ્રામાણિકતા, સાદાઈ, નિષ્પક્ષતા અને અકિંચન નેતૃત્વના કારણે.

**આભાર : વર્ષ ૨૦૦૩**

'મંગલ મંદિર'નો ૩૦૦મા અંકમાં પ્રસારિત થયેલ અમારો લેખ ભવિષ્યના હવામાનની આગાહી કરેલ કે કચ્છ સહિત ગુજરાતમાં દુષ્કાળ નાબૂદ થશે, ઉનાળામાં ગરમી, શિયાળામાં ઠંડી ઘટતી જશે અને વર્ષ દરમિયાન અવારનવાર વરસાદ પડતો રહેશે. ઘુવડને કોઈ કહે કે સૂર્ય ઊગે એટલે અજવાળું થાય છે, તે ઘુવડ માને નહીં. કારણ ઘુવડ અજવાળે આંધળો થાય છે. તેમ નપાણિયા પ્રદેશમાં વરસાદ પડે અને સુકાળ થાય તે લોકો સ્વિકારે નહીં. આ કપરા કે મુશ્કેલ સમયમાં તે અમારો લેખ પ્રગટ કરવા બદલ તે સમયના તંત્રી શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. હવામાન શેના થકી પરિવર્તન પામે છે, હજી પણ હવામાન કાચબાની ગતિએ પરિવર્તન પામી રહ્યું છે. હજી પણ ગરમી ઘટશે તેનો ઉલ્લેખ ચોથા લેખમાં થશે.

**સામાન્ય જ્ઞાન**

એક સમય હતો. સિંધુ નદીનો એક ફાંટો કચ્છ તરફ ફંટાઈને લખપત તાલુકાને ફળદ્રુપ બનાવી મીઠું પાણી પૂરું પાડતા તેના પ્રવાહને ભૂકંપે (કુદરતે) ગણતરીની સેકંડમાં બંધ કરી દીધો. કુદરત સમયે સમયે પોતાના નવા નવા રૂપ સર્જે છે. તેથી સતત પરિવર્તન થાય છે. મુંબઈમાં રોટલો મળે, પણ ઓટલો ન મળે. તે ઓટલો અને મુંબઈગરાની ભૂખ સંતોષનારા અને સમયસર ડબ્બા પહોંચાડનારાની સવલત કદાચ ગુજરાતમાં પરિવર્તન પામે તો નવાઈ પામતા નહીં.

**જૂનું એટલું સોનું :** સિટી બસ AMTS ની સામે આધુનિક સિટી બસ BRTS નિષ્ફળ (ફેઈલ) કેમ ગઇ છે? અતિ પુરાણી પ્રગતિ કરતી ભારતીય રેલવે વંદે ભારત ટ્રેનની ઝડપ ૧૩૦, ૧૬૦, ૧૮૦ કિ.મી.ની સામે અતિ ખર્ચાળ બુલેટ ટ્રેન કેમ નિષ્ફળ જશે તે જાણો.

તા. ૧૮-૮-૨૦૨૩ના રોજ પત્રમાં અમોએ પાંચ લેખ પ્રકાશિત કરવા માટે હાલના તંત્રીશ્રી પાસે પરવાનગી માંગેલ હતી. તે પાંચ પૈકી ત્રણ લેખ પ્રકાશિત થઈ ગયેલ છે. ચોથો લેખ 'પ્રાકૃતિક' બાબતનો ભાગ-૧ જાન્યુઆરી-૨૦૨૬ના 'મંગલ મંદિર'ની સોફ્ટ કોપી (PDF File)માં પ્રસારિત થયેલ છે. અમારા લેખ પ્રસારિત કરવા બદલ તંત્રી શ્રી અશોકભાઈ મહેતાનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**પાંચમો લેખ :** ભારતની આર્થિક રાજધાનીનો દરજ્જો મુંબઈએ કેમ મેળવ્યો, ભવિષ્યમાં તે કેમ ગુમાવે છે અને તે દરજ્જો અમદાવાદ મેળવે છે. તે ક્યારે અને કોના આયોજનથી?

***ગુજરાત @ ૨૦૩૫ : ૭૫મી વાર્ષિક જયંતી પ્લેટીનમ જ્યુબીલીથી ભારત @ ૨૦૪૭ : ૧૦૦મી વર્ષની સદી શતાબ્દી દરમિયાન.***

'મંગલ મંદિર'ના ૩૦૦મા અંકના છેલ્લા પેરેગ્રાફમાં અમોએ જણાવેલ છે કે, 'સરદાર સરોવર, અમદાવાદ અને કંડલા મહાબંદરના વિકાસ અને આધારસ્તંભ ભારતના પ્રથમ નાયબ

વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ છે. તેને આગળ ધપાવવામાં આપ સૌના સાથ અને સહકારની જરૂર છે.'

ઘરમાં અને ઓફિસમાં દીવો પ્રગટાવવાનો બંધ કરો ને અગ્નિદેવને શાંત કરો. આઝાદી પહેલા, પછી તેમજ હાલ પણ બધી પ્રવૃત્તિઓમાં જૈનો સાથ સહકાર આપી રહ્યા છે. દર વર્ષે નૂતન વર્ષ કે બેસતું વર્ષ તા. ૧૦ નવેમ્બર પછી શરૂ થાય તે આયોજન કરવાનો સમય પાકી ગયો છે તે જાણો.

નિરીક્ષણ, અવલોકન, અનુભવ સહિત તર્ક સાથે ચોથો અને પાંચમો લેખ હાર્ડકોપીમાં પ્રસારિત થાય તેવું અમે ઈચ્છીએ છીએ. આપ સૌનો આભાર અને જય જિનેન્દ્ર.

*મહેન્દ્ર લખમશીભાઈ મોતા (નલિયા, અમદાવાદ)*
*ફોન : (૦૭૯) ૨૬૮૫૫૧૧૦*

★

માર્ચ-૨૦૨૬ના 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર હોળી અને મહવીર જયંતીની શુભ કામનાઓ દર્શાવી યોગ્ય પસંદગી કરી છે. અંકના કવરપેજથી જ તેની ઓળખ થઈ જાય છે. સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની જાહેરાતમાં સુવાક્યો માર્મિક હોય છે. અનુક્રમણિકાના અંતે પણ સફળતા અને નિષ્ફળતાના સંદર્ભમાં સુંદર વાત કરી છે. વંદે માતરમ્ ગીતના ૧૫૦ વર્ષની ઉજવણી સમયે જાહેર કાર્યક્રમમાં 'જન ગણ મન' ગવાય એ પહેલાં 'વંદે માતરમ' રાષ્ટ્રગીતને ગાવાનું દેશભરમાં અમલ કરવાનું ફરજિયાત થતાં બંને ગીતોને સ્થાન આપી સમયોચિત કાર્ય કરેલ છે. તંત્રી સ્થાનેથી શ્રી કચ્છી જૈન સમાજની સન ૧૯૭૦થી આજ સુધીની સફળતાની વિકાસલક્ષી સાફલ્યગાથા રજૂ થયેલી છે. કાર્યકરોનાં અથાગ પ્રયત્નો, સમાજના દાનવીરોની નિષ્ઠા તથા કર્તવ્યથી આ મુકામ સુધી પહોંચી શકાયું છે. લઘુકથા પિતાનો પ્રેમ હૃદયસ્પર્શી છે. આ કથામાં એક એક વાક્ય / ઘટના કઠણ હૃદયવાળાઓને અસર કરી જાય તેવી છે. સુંદર લઘુકથાને સ્થાન આપવા બદલ તંત્રી મંડળને ધન્યવાદ. ડૉ. કમલેશ શાહનો ડાયાલિસિસવાળા દર્દીઓનો લેખ હકીકતલક્ષી છે. જાન્યુઆરી ૨૦૦૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ ૩૫,૨૩૨ વ્યક્તિઓ હતી, જે તેના કાર્યક્ષેત્રનાં વિશાળ ફલકને બતાવે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૈનિક ડાયરી વાંચતા દરેક કેન્દ્રોમાં થતી રોજબરોજની કામગીરીથી વાકેફ થવાય છે. અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા ટ્રેનિંગ લઈ આત્મનિર્ભરતાથી જીવન જીવનાર અવની ખુમાનની કથા અન્યોને પણ પ્રેરણાદાયક છે. વયસ્ક સમિતિ દ્વારા આયોજિત યશોદા વિલેજ ફાર્મહાઉસ - ગાંધીનગરનો ૫૭ વડીલો સાથેના પ્રવાસનું વર્ણન તથા રંગીન તસવીરોથી દીપી ઉઠે છે. અતીતના ઓવારેથી શ્રેણીમાં શ્રી માવજી ધારશી ફુરિયાની સફળતની ગાથા વાંચવાલાયક છે. એકદમ સાદાઈથી જિંદગી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં કરતાં માણે છે. જ્ઞાન-વિજ્ઞાન વૈજ્ઞાનિક માહિતીમાં નસા, જમ્બો હાથી, પર્યાવરણ એટલે શું?, વાંસ, હિમાલયના ટોપ ટેન શિખર અંગે સુંદર જ્ઞાનવર્ધક માહિતી આપી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા યુવાનોએ લેખમાળા અવશ્ય વાંચવી જોઈએ. દેવેન્દ્ર પટેલની એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં કેશવજી શેઠની કામગીરી, તેમણે જૈન ધર્મના વિવિધ જિનાલયો બંધાવ્યા તેમજ તેમની કાર્યશૈલીથી પ્રભાવિત થઈ અંગ્રેજ સલ્તનતે પણ તેની નોંધ લીધી, જે ગૌરવની બાબત છે. ભરત'કુમાર' પ્રા. ઠાકરનો 'વંદે માતરમ'નો ઈતિહાસ સમયોચિત છે. ડૉ. આશિષ ચોક્સી દ્વારા ખરાબ સમયમાં યાદ રાખવાપાત્ર દસ વાક્યો રજૂ કરી એક પેઈન કીલરનું કામ કરેલ છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં મંગલ પાંડેના બલિદાનની કથા રસપ્રદ છે. ચૌલા કુરૂવાનો અહંકારના લેખમાં અહંકાર છોડી સ્વમાનથી જીવવાની બાબત સુંદર રીતે કંડારી છે. ભારતમાં યુવા યુવતીઓના લગ્ન અંગેના વિચારો દર્શાવતા આંકડા ચોંકાવનારા છે. તીર્થ દર્શન શ્રેણીમાં શ્રી ઉન્હેલ તીર્થ અને શ્રી મક્ષી તીર્થની કથા ઈતિહાસ જાણવા યોગ્ય છે. મહંમદ ગઝનવીને પણ પરચો મળતા તેણે મંદિર કે પ્રતિભાને નુકસાન પહોંચાડ્યું નહીં તેમજ મંદિરના દ્વાર પર પાંચ કંગુરા પણ બંધાવી આપ્યા જેવી રસપ્રદ બાબતો જાણવા મળી. મુંબઈમાં જૈનો માટે રાત્રિ રોકાણના સ્થળો / ધર્મશાળાઓ અંગે ઉપયોગી માહિતી આપી છે. માર્ચ ૨૦૨૬નો 'મંગલ મંદિર'નો અંક વિવિધ સાહિત્યિક વાંચન, રસ, સમાજની પ્રવૃત્તિઓના સમાચારો વગેરેથી ઉનાળામાં લહેરાતા કેસુડા, ગરમાળો તેમજ ગુલમહોરના ફૂલોની જેમ નયનરમ્ય બન્યો છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

## હાઈકુ

માતની ગોદ,
શિશુને તૃપ્તિ આપે,
હેતની હેલી!

સજ્જન કેરી
સંગત કરો, ધન્ય
બને જીવન!

'જેવી સંગત
તેવી રંગત' – શ્રેષ્ઠ
જીવન સૂત્ર!

સમય સાથે,
જે માણસ ચાલે, તે
સુખ પામે રે!

*હસમુખ રામદેપુત્રા - રાજકોટ ● મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
## કચ્છી બિઝનેસ સેમિનાર - બીજા સત્રનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ દ્વારા શરૂ કરાયેલા કચ્છી બિઝનેસ સેમિનાર કાર્યક્રમના ભાગરૂપે ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થયેલી સેમિનાર શ્રેણીનો બીજો સેમિનાર સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયો હતો. આ સેમિનારના મુખ્ય પ્રાયોજક 'શાર્પેક્ષ' હતા.

આ કાર્યક્રમમાં ૭૦થી વધુ ઉદ્યોગપતિઓ અને વ્યવસાયકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી એચ. કે. શાહ – શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા માસ્ટર ઓફ સેરેમની તરીકે અત્યંત સુંદર અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. તેમના સંચાલનથી સમગ્ર સેમિનાર ખૂબ જ સરળતા અને વ્યવસ્થિત રીતે પૂર્ણ થયો.

### મુખ્ય વક્તાઓ અને વિષયો

★ **શ્રી ચંદ્રમૌલી પાઠક**
(પૂર્વ ફેકલ્ટી – Entrepreneurship Development Institute of India)
તેમણે "સફળ વ્યવસાય કેવી રીતે ચલાવવો" વિષય પર માર્ગદર્શન આપ્યું અને વ્યવસાયમાં આયોજન, નવીનતા, બજાર સમજ અને સતત શીખવાની મહત્ત્વતા સમજાવી.

★ **શ્રી વિનોદ પટેલ**
સ્થાપક : ઉત્સવ બિસ્કિટ્સ – નડિયાદ
શ્રી વિનોદ પટેલ સફળ ઉદ્યોગપતિ છે. તેમની કંપની ITC Limited સાથે સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે કાર્ય કરે છે અને Sunfeast બિસ્કિટનું ઉત્પાદન કરે છે.
તેમણે પોતાના વ્યવસાયિક અનુભવ અને સફળતાની સફર વિશે પ્રેરણાદાયક માહિતી આપી. તેમણે પોતાની પુત્રી વેદાંતિ પટેલ દ્વારા શરૂ કરાયેલા ઈટાલિયન આઈસ્ક્રીમ પાર્લર "Deri Tale" અંગે વીડિયો દ્વારા માહિતી આપી અને પ્રીમિયમ બિઝનેસ મોડલ વિશે સમજાવ્યું.

★ **શ્રી અરૂણ પટેલ**
સ્થાપક : Sharpex
તેમણે "વ્યવસાયિક પ્રવાસનું મહત્ત્વ" વિષય પર પોતાના અનુભવ શૅર કર્યા અને સમજાવ્યું કે દેશ-વિદેશના પ્રવાસ દ્વારા નવા બજારો અને વ્યવસાયિક અવસર કેવી રીતે પ્રાપ્ત થાય છે.

★ **સીએ હરસુખ પટેલ**
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ઉદ્યોગપતિ)
તેમણે "પ્રોફેશન અને બિઝનેસ" વિષય પર માર્ગદર્શન આપ્યું અને સમજાવ્યું કે વ્યવસાયમાં ટીમવર્ક, પ્રોફેશનલ મેનેજમેન્ટ, નાણાંકીય શિસ્ત અને પરિવારનો સહયોગ ખૂબ મહત્ત્વનો છે.

### નેટવર્કિંગ સત્ર

સેમિનારના અંતે ૭૦થી વધુ ભાગ લેનારાઓ વચ્ચે સક્રિય બિઝનેસ નેટવર્કિંગ સત્ર યોજાયું. જેમાં નવા સંપર્કો અને સંભાવિત સહકાર અંગે ચર્ચાઓ થઈ.

આ કાર્યક્રમ જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયક અને સમુદાયના વ્યવસાયિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ મંચ સાબિત થયો.

*અહેવાલ : દેવેશ દંડ*


**ડૉ. ગાર્ગીબેન વસાવડા**
બી.એસ.એ.એમ.

**ઓનલાઈન આયુર્વેદિક સલાહ**

**તમારા આરોગ્ય માટે હવે ઘર બેઠા મેળવો નિષ્ણાત સલાહ**

☞ આયુર્વેદિક સારવાર
☞ વાળ અને ત્વચાની કાળજી
☞ પંચકર્મ થેરાપી
☞ ઓનલાઇન કન્સલ્ટેશન

● અહિંયા પણ મળશે ●

**આયુર્વેદ વિભાગ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી.
**સોમવારથી શનિવાર : સવારે ૧૦ થી ૧**

**આજે જ એપોઇન્ટમેન્ટ બુક કરો : 98980 10809**
**વેબસાઈટ : www.ayuraksha.com**
**ઈ-મેઈલ id : ayurakshaofficial@gmail.com**

## અમદાવાદમાં કચ્છી વિમેન્સ વિંગનો પ્રારંભ

*૩૦૦થી વધુ મહિલાઓ જોડાઈ : સશક્તિકરણ અને જાગૃતિ પર ભાર*

કચ્છી સમાજ મહિલા પાંખ દ્વારા 'કચ્છી વિમેન્સ વિંગ'નો પ્રારંભ કરાયો છે. આ વિમેન્સ વિંગમાં અમદાવાદ સ્થિત ૩૦૦થી વધુ કચ્છી મહિલાઓ જોડાઈ છે.

પાલડી સ્થિત શ્રી કચ્છી જૈન ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં એપિક હોસ્પિટલના ડિરેક્ટર અને મૂળ માંડવીના ડૉ. કલ્પના જૈન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ કચ્છી સમાજના પ્રમુખ કૈલાસદાન ગઢવીએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે માનદમંત્રી ભરત ઓઝાએ સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ઘણા વર્ષો પહેલાં અમદાવાદમાં કચ્છી મહિલા સમાજ અસ્તિત્વમાં હતો, જેમાં ચંદ્રિકાબેન દેઢિયા પ્રમુખ અને મીનાક્ષીબેન માંકડ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. હવે નવી પેઢીએ આ કાર્ય આગળ ધપાવ્યું છે.

અતિથિ વિશેષ ડૉ. કલ્પના જૈને મહિલા સશક્તિકરણ અને આરોગ્ય જાગૃતિ વિષય પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયથી લઈને બરોડાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી એમ.ડી. (કાર્ડિયાક એનેસ્થેટિસ્ટ)ની ડિગ્રી મેળવી અને અમદાવાદમાં એપિક મલ્ટિ સ્પેશિયાલિટીના ડિરેક્ટર સુધીની તેમની સફળ કારકિર્દી વિશે માહિતી આપી હતી. તેમણે તેમના પતિ ડો. અનિલ જૈન સાથે મળીને અંદાજે ૫૦,૦૦૦થી વધુ હાર્ટ સર્જરી કરી છે. ત્યારબાદ, સંસ્થાના માનદ્ મંત્રી ભરત ઓઝાના માર્ગદર્શન હેઠળ નવગઠિત 'કચ્છી વિમેન્સ વિંગ'નો વિધિવત શુભારંભ થયો હતો. માનદ મંત્રી ભરત ઓઝાએ વિમેન્સ વિંગની કારોબારી સમિતિના સભ્યોનાં નામની જાહેરાત કરી હતી. આ સમિતિમાં રેખા પટેલ, કૃપાલી રાંભિયા, ઉર્વશી પીંડોરિયા, સ્મિતા શાહ, જૂઈ ધોળકિયા, કિરણ ઠક્કર, આરતી પરમાર અને જીજ્ઞાસા ધોળુનો સમાવેશ થાય છે. સુલુબેન શાહ આ વિમેન્સ વિંગના સલાહકાર તરીકે સેવા આપશે.

કાર્યક્રમના અંતે નવી કચ્છી વિમેન્સ વિંગ વતી કૃપાલી રાંભિયાએ આગામી આયોજનો વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, વર્ષ દરમિયાન રચનાત્મક પ્રવૃત્તિઓ, આરોગ્ય જાગૃતિ અને આત્મનિર્ભરતા તરફ પ્રેરણા આપતા કાર્યક્રમોનું આયોજન કરાશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના આગેવાનો મનુભાઈ કોટડિયા, શૈલેષ કંસારા, દિનેશ મહેતા, સંજય રાઠોડ અને હસમુખ લુહાર સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ભૂખી નદી પુનર્જીવિત કરવાનું અભિયાન

કચ્છમાં જળક્રાંતિના શંખનાદ સમાન 'ભૂખી નદી'ને પુનર્જીવિત કરવાના અભિયાનનો પ્રારંભ તા. ૧૦-૦૩-૨૦૨૬ ને મંગળવારની સવારે ૧૦ વાગે મુંદ્રા તાલુકાના વિરાણિયાથી કરાશે. ગ્લોબલ કચ્છ અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ)ના સહિયારા ઉપક્રમે છેડાનારાં આ અભિયાનમાં લોકભાગીદારી અને વૈજ્ઞાનિક અભિગમના સમન્વય સાથે આયોજકોએ પારદર્શકતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કચ્છની ધરાને સુજલામ સુફલામ બનાવવાની 'હરિત ઝુંબેશ'ના પ્રારંભે સ્થાનિક સરપંચો, અગ્રણીઓ જળપૂજન કરશે.

★ **સક્રિય ભાગીદારી :** આ પ્રસંગે ખાસ નિમાયેલી 'ભૂખી રીવર મોનિટરિંગ કમિટી'ના સભ્યો અને 'ગ્લોબલ કચ્છ'ના તમામ ટ્રસ્ટીઓ પ્રોજેક્ટના અમલીકરણ અને પારદર્શિતા માટે માર્ગદર્શન આપશે.

### પ્રોજેક્ટના મુખ્ય ટેકનિકલ ઉદ્દેશ્યો

★ **નદીના પટની ઊંડાઈ વધારવી :** વર્ષોથી જમા થયેલી કાંપ અને માટીને દૂર કરી નદીના પટને ઊંડો કરવામાં આવશે, જેથી ચોમાસા દરમિયાન નદીની જળસંગ્રહ ક્ષમતામાં અનેકગણો વધારો થાય.

★ **પાળાનું કુદરતી મજબૂતીકરણ :** નદીના કિનારા પર કુદરતી પથ્થરો અને સ્થાનિક વનસ્પતિના માધ્યમથી પાળા મજબૂત કરવામાં આવશે, જેથી પૂર જેવી સ્થિતિમાં

એક શુભેચ્છક તરફથી

આજુબાજુના ખેતરોમાં ધોવાણ અટકે.

★ **બાવળ સફાઈ :** નદીના પટમાં ઊગી નીકળેલા હાનિકારક ગાંડા બાવળને મૂળમાંથી દૂર કરવામાં આવશે. આ બાવળ નદીના પ્રવાહને રોકે છે અને જમીનનું પાણી શોષી લે છે. તેની સફાઈથી પાણીનો પ્રવાહ અવરોધરહિત બનશે.

★ **ચેક ડેમનું સમારકામ અને નિર્માણ :** નદી પર આવેલા જૂના ચેકડેમોનું સમારકામ કરવામાં આવશે અને જરૂરિયાત મુજબ નવા સ્ટ્રક્ચર્સ ઊભા કરવામાં આવશે, જેથી પાણીનો વેગ ધીમો પડે અને વધુમાં વધુ પાણી જમીનમાં ઉતરે.

★ **બોરવેલ રિચાર્જ :** નદીના કિનારે આવેલા ખેડૂતોના બોરવેલ અને કૂવાઓને આધુનિક ફિલ્ટર પદ્ધતિથી રીચાર્જ કરવામાં આવશે. આનાથી ભૂગર્ભજળસ્તર (Groundwater Level) ઊંચા આવશે અને સિંચાઈ માટે મીઠું પાણી ઉપલબ્ધ થશે.

**દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંઘનું નિવેદન :**

'દીનદયાલ પોર્ટ ઓથોરીટી કચ્છના સર્વાંગી અને વિકાસ માટે હરહંમેશ કટિબદ્ધ છે. કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) પહેલ હેઠળ ભૂખી નદીનું પુનર્જીવન એ માત્ર પર્યાવરણીય પ્રોજેક્ટ નથી, પરંતુ વિસ્તારના ખેડૂતો, પશુપાલકો અને સ્થાનિક સમુદાયના આર્થિક ઉત્થાન માટેનું આ એક મહત્ત્વનું પગલું છે. અમે 'ગ્લોબલ કચ્છ', સ્થાનિક ગ્રામ પંચાયતો અને મોનિટરીંગ કમિટી સાથે ખભેખભો મિલાવીને આ જળયજ્ઞને સંપૂર્ણ પારદર્શિતા સાથે સફળ બનાવીશું.'

**ગ્લોબલ કચ્છના પ્રમુખ હાર્દિક મામણિયાએ જણાવ્યું હતું કે,** 'આ પ્રોજેક્ટની સફળતાનો ખરો આધાર આપણા ગામના સરપંચો અને સ્થાનિક લોકશક્તિ છે. વિરાણિયા ગામથી શરૂ થઈ રહેલું આ અભિયાન સમગ્ર કચ્છ માટે જળક્રાંતિની મશાલ બનશે. ડીપીએના સહયોગ, મોનિટરીંગ કમિટીની દેખરેખ અને ગ્રામીણ નેતૃત્વનાં સમન્વયથી ભૂખી નદીનું નવસર્જન થશે, જે આવનારી પેઢીઓ માટે જળસમૃદ્ધિની અમૂલ્ય ભેટ બની રહેશે.

આ પ્રોજેક્ટ કચ્છના ભવિષ્યને સુરક્ષિત કરવા માટેનો છે. 'ગ્લોબલ કચ્છ' અને 'કચ્છમિત્ર' દ્વારા સમસ્ત જળપ્રેમી જનતા, પર્યાવરણપ્રેમીઓ અને સેવાભાવી નાગરિકોને ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવે છે. આવો, આપણે સૌ સાથે મળીને આપણી નદીને પુનર્જીવિત કરવાના સાક્ષી બનીએ અને આ જળયજ્ઞમાં સહભાગી થઈએ.

## હરિયા હાઈસ્કૂલ - બાડા

દાતાશ્રી મણિલાલભાઈ કલ્યાણજી પાલણના સહયોગથી સારસ્વતમ સંચાલિત હરિયા હાઈસ્કૂલ - બાડાના વર્ગખંડો વાતાનુકૂલિત શિક્ષણ દ્વારા જ સમાજમાં સાચી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમજ અનુકૂળ અને વાતાનુકૂલિત વાતાવરણમાં કાર્ય કરવાથી એકાગ્રતા તથા કાર્યક્ષમતા બંનેમાં વધારો થાય છે. આ ઉમદા હેતુને ધ્યાનમાં રાખી સારસ્વતમ સંચાલિત હરિયા હાઈસ્કૂલ - બાડાના વર્ગખંડો તથા આચાર્યશ્રીના કાર્યાલયને વાતાનુકૂલિત કરવામાં આવ્યા છે.

આ કાર્ય માટે અ.સૌ. મંજુલાબેન અને મણિલાલ કલ્યાણજી ગડા (ગામ બાડા) દ્વારા કુલ રૂા. ૩,૪૦,૦૦૦ નું માતબર દાન આપવામાં આવ્યું છે. ઉપરાંત વર્ગખંડોના બારી-દરવાજા માટે એલ્યુમિનિયમ સેક્શન લગાવવાનો સંપૂર્ણ ખર્ચ પણ તેમણે ઉઠાવ્યો છે.

આ દાન તેમણે પોતાના ઈશ્વર સમાન પૂજનીય દિવંગત માતાપિતા સ્વ. કેસરબેન અને સ્વ. ઠાકરશી ડાહ્યાભાઈ ગાલા (ગામ નાના રતડિયા) તેમજ સ્વ. ચંચલબેન અને સ્વ. કલ્યાણજી પાલણ ગડા (ગામ બાડા) ની પવિત્ર સ્મૃતિમાં અર્પણ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ તેમના તરફથી શાળાની કોમ્પ્યુટર લેબને વાતાનુકૂલિત કરવાની સેવાકીય કામગીરી કરવામાં આવી હતી.

આ ઉમદા સુકૃત કાર્ય બદલ સારસ્વતમ સંસ્થા, હરિયા ચેરીટેબલ ટ્રસ્ટ, શાળા પરિવાર તથા વાલી મંડળ દ્વારા દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

*અહેવાલ : રસેસ રાવલ*

*(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૧ ઉપર)*

• શુભેચ્છા સહ •

**વિશનજી ઉમરશી ગડા – કોડાય**

# Sanghvi Finserv - Ahmedabad

## Your Trusted Partner for Complete Financial Solutions

*We offer a wide range of Investment and Financial Services to help you grow and secure your wealth*

- **Mutual Funds**
- **AIF (Alternate Investment Funds)**
- **PMS (Portfolio Management Services)**
- **Corporate Fixed Deposits (FD)**
- **NCD (Non-Convertible Debentures)**
- **Equity Broking Services**
- **SIF (Specialised Investment Funds)**
- **NPS (National Pension Scheme)**

---

- **LIC Agent**
- **Life Insurance from Leading Private Companies (All types of Life Insurance solutions available)**

**Plan Your Investments Smartly,**
**Secure Your Future Confidently.**

## Sanghvi Finserv - Ahmedabad

**Contact : +91-96199 12184**

*Expert Guidance, Trusted Service*
*Long-term wealth creation.*

Marengo Asia Hospitals

**Dr. Dhiren Shah**
MB, MS, Mch (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme





**Service Offered :**

- CABG
- VALVE SURGERY
- HEART FAIURE SURGERY
- MINIMALLY INVASIVE HEART SURGERY (MICS)
- ROBOTIC SURGERY
- HIGH RISK HEART SURGERY
- HEART TRANSPLANT
- LUNG TRANSPLANT
- TAVI TAVR

**For Appointment : 1800 309 9999**
**OPD Co-ordinatar**
**Vipul Desai : +91-98795 66808**
**Clinical Co-ordinator**
**Sophy Patel : +91-99797 77655**
**Transplant Co-ordinator**
**Sunil Agrawal : +91-79843 40896**

Transplant OPD, 2nd Floor, Marengo Asia CIMS Hospital, CIMS Hospital Road, Panchamrut Bunglows II, Sola, Ahmedabad, Gujarat 380060.

**+91 9825575933** **dhiren.shah@cims.org** **www.dhrenshah.in**

**SAHAJ GASTRO & LIVER CLINIC**
4th Floor, 401, Anikedhya Capital 2, Mahalaxmi Five Road,
Opp. Badshah Dairy, Paldi, Ahmedabad, Gujarat 380007.

**Dr. Kaivan Shah**
MD (Medicine)
DM (Gastro Enterology & Hepatology) Gold Medalist

**• Timings •**
**Mon to Sat : 11:30 AM to 04:00 AM**
**Mon to Sat : 06:30 PM to 08:00 PM**

**Appointment : 8849320675, 079-48900882**

**Sunday Closed • The Clinic is open from 9:30 to 8:30**

Review : http://g.page/r/CbmPhq_2ihYMEA/review
Directions : http://g.co/kgs/NJsCwUt
Website : https://sahajgastro.in/

Like & Follow :
http://www.facebook.com/sahajgastro
http://www.instagram.com/sahajgastro/

## અન્ય સંસ્થાના સમાચાર

*(અનુસંધાન : પાના નં. – ૫૮ ઉપરથી ચાલુ)*

### સરદારધામ ખાતે UPSC અને GPSCમાં સફળ થયેલા વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાયો

સરદારધામ સંચાલિત સુધા જશવંત અંબાલાલ પટેલ સિવિલ સર્વિસ કેન્દ્ર દ્વારા UPSC (IAS/IPS) તેમજ GPSC પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના સન્માનાર્થે વિશેષ સમારોહનું આયોજન રવિવાર, તા. ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ સરદારધામ - અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરદારધામ - કેળવણીધામ ખાતે તાલીમ મેળવી આ વર્ષે UPSC (IAS/IPS) પરીક્ષામાં સફળતા મેળવનાર ૫ વિદ્યાર્થીઓ તથા GPSC પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર ૧૩૩૮ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સફળ થયેલા ઉમેદવારો હવે સરકારી સેવામાં જોડાય ત્યારે નૈતિકતા અને પ્રામાણિકતા સાથે પોતાની ફરજ નિભાવશે તો રાષ્ટ્રના કલ્યાણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકશે અને સામાન્ય લોકો માટે વધુ ઉપયોગી બની શકશે.

ઉલ્લેખનિય છે કે મિશન-૨૦૨૬ના રોડમેપ અંતર્ગત સરદારધામ અને કેળવણીધામ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫,૪૬૯ વિદ્યાર્થીઓ સરકારી સેવામાં જોડાયા છે. સરદારધામમાંથી અત્યાર સુધીમાં કુલ ૩૯ વિદ્યાર્થીઓ UPSC પરીક્ષા પાસ કરી ચૂક્યા છે. જેમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બીજા ૫ વિદ્યાર્થીઓ UPSC માં સફળ થયા છે. આ સિદ્ધિ સમગ્ર પાટીદાર સમાજ માટે ગૌરવની બાબત છે.

આ સન્માન સમારોહમાં સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ તેમજ સર્વે શુભેચ્છકો ઉપસ્થિત રહી સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિવાર, હૈદ્રાબાદ - સિકંદ્રાબાદ મહિલા દિવસે – નારી શક્તિ સન્માનિત

શ્રી કચ્છી ગૂર્જર જૈન પરિવાર, હૈદ્રાબાદ - સિકંદ્રાબાદ દ્વારા જ્ઞાતિના બહુમુખી પ્રતિભા ધરાવતા ભુજના શ્રીમતી રેશ્માબેન જિતેન્દ્ર શાહ અને અમદાવાદના પાકશાસ્ત્રના નિષ્ણાત શ્રીમતી સુરભીબેન નીરવ વસાનું મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ હૈદ્રાબાદમાં સન્માન કરવામાં આવ્યુ હતું.

**રેશ્માબેન :**

કચ્છ જિલ્લા ભાજપના વર્તમાન ઉપપ્રમુખ, કચ્છ યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર, ભુજ નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ, વર્તમાન નગરસેવિકા, ભુજ કોમર્શિયલ કો-બેન્કના ડાયરેક્ટર, JITO મહિલા વિંગના ચેરપર્સન, ઓલ ઇંડિયા રેડિયો ભુજના ઉદ્‌ઘોષક and ન્યુઝ રીડર ઉપરાંત અનેકવિધ સંસ્થા સાથે સંકળાયેલા છે અને તેમની સેવા આપે છે.

**સુરભિ વસા – અમદાવાદ**

છેલ્લા ૧૮ વર્ષથી રસોઈની રાણી, કૂકિંગ એક્સપર્ટ, શૅફ, ફુડ મંત્ર અને હવે સબરોસા બાય સુરભિ વસાએ તેમની ખાસ જૈન વાનગીઓ દ્વારા નામના મેળવી છે.

'પરિવાર'ના ચેરમેન શ્રી પ્રતિકભાઈ સુરેશ પારેખે ઉપસ્થિત સભ્યોને આવકારતા સમાજ દ્વારા ૪૫ વર્ષથી ચલાવવામાં આવતી કો-ઓપરેટિવ બેંકની તેમજ અન્ય પ્રવૃત્તિની જાણકારી આપતા બેંકના વાઈસ ચેરમેન શાંતિલાલ મણિલાલ વોરા, મેનેજિંગ ડાયરેક્ટર કલ્પેશ રમેશ મહેતા, ડાયરેક્ટર ફાયનાન્સ સમીર રમેશ વોરા, ઉપરાંત અન્ય ડાયરેક્ટર્સ નલીન મહેન્દ્ર શાહ, પ્રદીપ કેશવલાલ સંઘવી, અશ્વિન પ્રભુલાલ શાહ, કિરણ હીરાલાલ શાહ, મેહુલ હીરાલાલ, શ્રેયસ કિરણ શાહ, આનંદ મહેન્દ્ર શાહ, પરાગ બેચરલાલ શેઠનો પરિચય કરાવ્યો હતો.

નલીનભાઈએ રેશ્માબેન અને સુરભિબેનનો ટુંકમાં પરિચય આપ્યો હતો.

॥ શુભેચ્છા સહ... ॥
ગણેશ ચિક્કી પરિવાર – અમદાવાદ
જયંતીભાઈ નીસર (વડાલા - કચ્છ)

આ પ્રસંગે ભુજના શ્રી વીસા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ સમાજના પૂર્વ માનદમંત્રી અને કચ્છના ભૂકંપ બાદ ભુજોડી મધ્યે જૈન વસાહત વર્ધમાન નગર વસાવનાર અગ્રણી શ્રી રમેશભાઈ ચમનલાલ શાહ, ભુજ તપગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી કીર્તિભાઈ ચમનલાલ શાહ અને અંજાર તપગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી અતુલભાઈ ગુલાબચંદ વોરાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જાગૃતિબેન પ્રતિક પારેખ, સુરભિબેન સમીર વોરા, ક્રિષ્ણાબેન આનંદ શાહ, નિરાલીબેન અને નિમિત કિરણ શાહ, ભરત ચંદ્રકાંત ગાંધી, ચેન્નઈથી વિભાબેન અને કમલેશભાઈ ધરમશી શાહ, ભુજથી જિતેન્દ્ર મૂલચંદ ઝવેરી અને ડિમ્પલબેન કીર્તિભાઈ શાહ, અમદાવાદના નીરવ મહેન્દ્ર વસા, ડિમ્પલબેન અને સંદીપ પ્રવિણચંદ્ર શાહ, વડોદરાના સ્મિતાબેન અને સ્નેહલભાઈ ઝુમખલાલ શાહ, અકોલાના કલ્પનાબેન અને મયુર પ્રવીણચંદ્ર શાહ ઉપસ્થિત રહ્યા હતા.

કલ્પેશ રમેશ મહેતાએ આભારવિધિ કરી હતી.

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

### 'મહાજનનું મામેરૂ' અંતર્ગત ૨૭૭મી દીકરીના લગ્નોત્સવ સાજન-માજનની ઉપસ્થિતિમાં યોજાયા

લગ્નની સીઝન દરમિયાન આપણે અનેક લગ્નોમાં જતા હોઈએ છીએ. પણ એ લગ્નો મોટેભાગે આપણા પરીચિત સ્નેહી કે સ્વજનોના હોય છે. આજે વાત કરવી છે, એક અનોખા લગ્નની કે જ્યાં પારકી દીકરીને પોતાની ગણીને પતાના આંગણિયેથી સાસરીયે વિદાય અપાય છે. વાત છે ભુજના શ્રી ક.વી.ઓ. જૈન મહાજન દ્વારા યોજાતા લગ્ન સમારોહની. ભુજ મધ્યે આવેલ સંસ્થા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ દ્વારા આજથી પંદર વરસ પહેલાં શરૂ કરવામાં આવેલ 'મહાજનનું મામેરૂ' યોજના અંતર્ગત આજરોજ ૨૭૭માં લગ્ન ભુજ નિવાસી જયંતિગર ગોસ્વામીની સુપુત્રી ચિ. વંદના સંગે ભુજ તાલુકાના પધ્ધર નિવાસી ચેતનગર ગુંસાઈના સુપુત્ર ચિ. ધવલગીરી સંગાથે યોજાયા ત્યારે સાજન (કન્યા પક્ષ) અને માજન (શ્રી ક.વી.ઓ. જૈન મહાજન)ની આંખોમાં હરખના આંસુ હતા. જાણે માજનના પોતાના જ પરિવારની દીકરીના લગ્ન હોય તેવો લગ્નનો માહોલ અને આયોજન હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, અમે મહાજન પરંપરાને નિભાવવાની ફરજના ભાગરૂપે મધ્યમવર્ગીય અને ગરીબવર્ગીય પરિવારને મદદરૂપ બનવા માટે આજથી પંદર વર્ષ પહેલાં અમારા વડીલ મુરબ્બી શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાએ શરૂ કરેલ આ યોજના દ્વારા અમારો એ પ્રયાસ છે કે પરિવાર પોતાના ઘેર વ્યક્તિગત લગ્ન જે રીતે ઉજવે એવી બધી જ સુવિધાઓ અને આયોજન શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજના આંગણે યોજાતા લગ્નમાં કરીએ છીએ. મધ્યમ અને ગરીબ પરિવારોને સામાજિક હુંફ આપવાનો અમારો આ પ્રયાસ છે. આ યોજનામાં સહકાર આપનાર સૌ દિલેર દાતાશ્રીઓનો આભાર માન્યો હતો.

આજના આ લગ્ન પ્રસંગે દાતાશ્રીઓ દ્વારા કન્યાને વિવિધ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાજનના તથા અન્ય સંસ્થાઓના અનેક કાર્યકરોએ ઉપસ્થિત રહી નવદંપતિને શુભકામનાઓ પાઠવી અને ભેટ સોગાદ અર્પણ કરી હતી.

આ શુભ પ્રસંગે સંસ્થાના મેનેજર તથા કર્મચારીઓએ વિવિધ જવાબદારીઓ સંભાળી લીધેલ હતી.

## કચ્છ જલધારા સેવાસંઘ

સરહદી કચ્છ જિલ્લામાં સરહદી વિસ્તારોમાં ભાવિ સમસ્યાઓના નિવારણ માટે... ખેડૂતો - ખેતી અને ગામડાંઓને ભાંગતા બચાવવા... હયાત જલમંદિરો ઊંડા કરવા - સુધારવા અને નવા જલમંદિરો બનાવવા ખૂબ જ આવશ્યક છે...

ત્યારે અમારા કચ્છ જલધારા સેવાસંઘ અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા ફાઉન્ડેશન - સુરત તરફથી ૧૧ હિટાચી મશીન અને ૨૨ આઈવા સેવામાં મળેલા છે. બીજી તરફ વતન છોડીને ચાલ્યા ગયેલા ખેડૂતો પોતાના 'વતનના જતન' માટે

Shailen Vijaysen Shah
M. 98240 01166

SPACE UNLIMITED
REAL ESTATE CONSULTANT
DEALING IN PALDI AREA

દાનની સરવાણી વહાવી રહ્યા છે અને ખૂબ જ મોટું કાર્ય થઈ રહ્યું છે. જે કાર્ય માટે ઓગન (વેસ્ટ વેયર)ના લેવલ લેવા વગેરે અગત્યના કાર્યનો ભાર સહયોગી એવા સિંચાઈ વિભાગના નિવૃત્ત એન્જિનિયર શ્રી પ્રભુલાલભાઈ માકાણી સાહેબ ઉપાડી રહ્યા છે. આ ભગીરથ કાર્યમાં સહયોગ આપનાર સહુને વંદન.

આપશ્રીના જન્મભૂમિ વિસ્તારમાં પણ ક્યાંય સારી કુદરતી સાઈટો હોય તો અમારું ધ્યાન દોરશો કે જેથી ધોળકિયા ફાઉન્ડેશન અને આપના વિસ્તારના દાતાઓના સહયોગથી મોટા મંદિરો બનાવી શકાય.

*સંપર્ક : ૯૮૯૮૩ ૩૨૮૧૪, ૯૮૨૫૨ ૫૫૪૯૦*

## શેરડી ગામ માટે ગૌરવની ક્ષણ

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ભારત માટે મહત્ત્વપૂર્ણ એવા LPG કેરિયર જહાજ "શિવાલિક" સાથે જોડાયેલા એક ગૌરવપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. આ જહાજ તા. ૧૬ માર્ચે મુંદ્રા પોર્ટ પર પહોંચેલ છે અને આ મહત્ત્વપૂર્ણ જહાજને સંભાળવાની જવાબદારી શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા શેરડી ગામના ગૌરવ શ્રી અનિલકુમાર સંઘારને સોંપવામાં આવી છે.

આ ઘાટના માત્ર એક વ્યક્તિની સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર શેરડી ગામ માટે ગર્વ અને આનંદનો વિષય છે. દેશ માટે મહત્ત્વપૂર્ણ એવા ઊર્જા પુરવઠા સાથે જોડાયેલા આ મહત્ત્વપૂર્ણ કાર્યમાં પોતાના ગામના પુત્રને આવી જવાબદારી મળવી, એ ખરેખર ગૌરવની વાત છે.

અનિલકુમાર સંઘારની મહેનત, કુશળતા અને પ્રતિભાના કારણે તેમને આ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમની આ સિદ્ધિ શેરડી ગામના યુવાનો માટે પણ પ્રેરણારૂપ છે, કે મહેનત અને સમર્પણથી કોઈ પણ ક્ષેત્રમાં ઊંચું સ્થાન મેળવી શકાય છે.

આજે સમગ્ર શેરડી ગામ ગૌરવ અનુભવે છે કે ગામના એક પ્રતિભાશાળી પુત્ર દેશના મહત્ત્વપૂર્ણ કાર્યમાં પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

સમગ્ર શેરડી ગામ અને સંઘાર સમાજ તરફથી શ્રી અનિલકુમાર સંઘારને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ.

## શ્રી બી.કે. ભેદા હાઈસ્કૂલ - ગોધરા, કચ્છ

***ગામ ગોધરાની શ્રી બી.કે. હાઈસ્કૂલના ૧૯૬૯-૭૦ની એસ.એસ.સી. બેચના વિદ્યાર્થીઓનું પાંચમું સ્નેહ મિલન તા. ૬થી ૮ માર્ચ ૨૦૨૬ના અમદાવાદ ખાતે યોજાયું***

કુલ ૨૫ જણાએ લાભ લીધો હતો. અમદાવાદમાં કાંકરિયા તળાવ, અડાલજ અને અક્ષરધામની મુલાકત લીધી. તા. ૭ માર્ચના શ્રી બી.કે. ભેદા હાઈસ્કૂલમાં સૌથી વધારે સમય ભણનાર (૬ વર્ષ) ઉપરાંત એ સમયના વોલીબોલના ઉમદા ખેલાડી અને આગળ જતાં સફળ બિઝનેસમેન શ્રી દિનેશ મહેતા (મુલુંડ)ના ૭૫મા જન્મ દિવસની ઉજવણી અમદાવાદની હોટલ આશ્રય-ઇનના બેંક્વેટ હોલમાં ખૂબ જ શાનદાર અને હર્ષોલ્લાસથી થઈ.

અમદાવાદમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં અમારું રોકાણ હતું. અહીં સૌને પરવડે તેવા એ.સી.-નોન એ.સી. રૂમ ઉપલબ્ધ છે.

ઉપરાંત ભોજનશાળામાં શુધ્ધ સાત્વિક જૈન ભોજન પીરસવામાં આવે છે. અહીંના શ્રી રમણિકભાઈ કુંવરજી ગોસર (ગોધરા) ઘણા વર્ષોથી ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. ખૂબ જ મળતાવડા સ્વભાવના શ્રી રમણિકભાઈએ અમારી ખૂબ જ સારી આગતા સ્વાગતા કરી અને સુંદર માર્ગદર્શન આપ્યું. અહીંનો સ્ટાફ પણ કાર્યકુશળ, લાગણીશીલ અને મદદરૂપ થાય તેવો છે.

સન ૧૯૬૯-૭૦ બેચના કેટલાક મિત્રો હજી પણ ગ્રુપમાં જોડાયા નથી. એમને આ ગ્રુપમાં જોડાવવા માટે શ્રી અર્જુન સિંધીયા (મો. ૯૮૧૩૬ ૫૫૦૯૪)નો સંપર્ક કરવા વિનંતી.

*આપણે એકલા આ દુનિયામાં આવીએ છીએ*
*અને એકલા પરત જઈએ છીએ.*
*તેથી આપણા સિવાય અન્ય કોઈ પણ*
*આપણી કિસ્મત નક્કી નથી કરી શકતો.*

Ashish Shah : M. 93761 37765
Parag Shah : M. 72081 22394

**Mahavir Trading – Ahmedabad**
**Brilliant Dyes – Mumbai**

**DEALS IN DISPOSABLE ITEM & DYES AND CHEMICALS**

*With Best Compliments From*

**Vijay Patel**
**M. : 93767 11221**

**Minesh Patel**
**M. : 94260 77048**

# Raj Traders

**Laboratory Reagent & Instruments**

Shop No.-5, Shrikunj Elegance, Opp. Umiya Villa Bunglows,
Nr. C.K. Patel Party Plot, Sola Bridge, Sola, Ahmedabad-380 060.

**Phone : (079) 2970 9789 / 2970 9749**

**Mobile : 93761 11225**

**E-mail : rajtradersmail@gmail.com**

## સર્વેને શુભ અને કુશળ સ્વાસ્થ્ય માટે શુભ કામના





# Vardhman Pharmacy

**Saibaba Mandir, Opp. Kalasagar Mall,**

**Sattadhar Cross, Ahmedabad.**

**M. : 92270 90208**

***15% Discount on All Medicines***

***FREE HOME DELIVERY***

# Patel Tours & Travels

**CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888**




**Bus Available on Hire**
**A.C. Non A.C. 3 x 2 & Volvo 2 x 2 Bus**
**(A.C., Non A.C. Sleeper)**

**ONLINE BOOKING**
**E-mail : patelinn@yahoo.com**
**www.pttbus.in**

## HEAD OFFICE

8, Shroff Chambers, Opp. Navchetan High School, Paldi,
Ahmedabad. Ph. : 079-26577811 M. : 99254 33888, 88667 55888

### SATELLITE

Manas Complex, Jodhpur Char Rasta,
Satellite. Ph. : 079-26923888, 26929277
**M. : 99252 44293, 78742 78688**

### S. G. HIGHWAY

Circle-P, Near Prahladnagar Garden,
B/s. Honest Restaurant, S. G. Highway,
Ahmedabad. **M. 99798 94238, 88660 88818**

### BAPUNAGAR

Shop No. 22, Hiren Chamber,
Thakkarnagar Char Rasta **M. 99252 44257**

### C.T.M.

4, Shahjanand Shopping Centre,
Opp. Hiraba Party Plot. **M. 99252 44256**

**Gandhinagar** : M. 9925244276, 9925145204 **Baroda** : Ph. : 065-6599274, 9925244275 • **Baroda** : Ph. : 065-6541275, 9925244274 **Bhuj** : Ph. : 2832224477, 0283258372, 9925244259, 9925444260 • **Gandidham** : Ph. : 02836-234222, 9925244151, 9925444208 **Adipur** : Ph. : 02836-260899, 9925244271 • **Anjar** : Ph. : 02836-244848, 9925244270 • **Samkhiyari** : M. 9925244216, 9925244151 **Mundra** : Ph. : 02838-222511, 9925244269 • **Mandvi** : Ph. : 2834-231460, 9925244272 • **Gadhshisha** : M. 9879150365 **Rajkot** : Ph. : 281-2451754, 2332186, 9909022441, 9925244255 • **Rajkot** : Ph. : 281-2451210, 2457660, 9925244280, 9925244280 **Jamnagar** : Ph. : 2882660243, 2862660521, 9909009844 • **Jamnagar** : Ph. : 288-2571230, 9925244281 • **Dwarka** : 8980800175 **Reliance** : 9909945692 • **Jamkhambhaliya** : Ph. : 288257130, 9925244261 • **Junagadh** : Ph. : 0285-2652414, 9925244289, 8738028283 **Veraval** : M. 9425188099, 7384960480 • **Somnath** : 9998296801, 9227222863 • **Dhoraji** : M. 9825547550, 9638000459 **Porbandar** : Ph. : 2642-2246823, 9825547550, 9638000549 • **Bharuch** : Ph. : 2642-561818, 2642545666, 9909977996 **Surat** : Ph. : 98250066744 • **Vapi** : Ph. : 9924155529, 9427774745 • **Jaipur** : M. 9829035400 • **Indore** : M. 9752731212

**Now Book your Ticket on**



**Parcel Service Available**
**Booking Available**
**Pay & To Pay**



www.pttbus.in

**24/7 CUSTOMER SUPPORT**
**Ph. : 079-26818788**
**88661558888**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૨૬

## ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો

## અનુક્રમણિકા

### એરિસ્ટોક્રેટ્સ

● એરિસ્ટોક્રેટ્સ
પ્રકરણ-૧૯ : ઓસવાલ શ્રેષ્ઠી – ૧૨ ..................... **દેવેન્દ્ર પટેલ**..... ૬૭

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

● મણકો-૨૨ : હુતાત્મા હેમુ કાલાણી... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ**..... ૭૦

★

● અનેકાંતવાદ : જૈનો દ્વારા ઉપેક્ષિત થીયરી : ભાગ-૪ ..................... **ડૉ. નવીન પારેખ**..... ૭૧

### તીર્થ દર્શન

● દર્શન-૯૮ : શ્રી ઉજ્જૈન તીર્થ (શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાન)
દર્શન-૯૯: શ્રી ભોપાવર તીર્થ (શ્રી શાંતિનાથ ભગવાન)..................... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૭૫

● કેવા હોંશિયાર હતા એ વડીલ... ..................... **પ્રભુલાલ એમ. સંઘવી**..... ૭૬

● સંવાદી, પ્રસન્ન સમાજ માટેનું દર્શન : જીવનવિદ્યા..................... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૭૭

● તાત્કાલિક સારવાર : **24 x 7 Emergency**..................... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૭૯

● ૧૭૫૦૦ વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર
બાલ મંદિરના એક શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ ..................... **ડૉ. નાનક ભટ્ટ**..... ૭૮

● ગૌરવવંતી ભાષા એટલે આપણી માતૃભાષા ગુજરાતી ..................... **મનીષ જોષી 'મૌન'**..... ૮૦

● કચ્છીયતના પ્રતીક : લેફ. કર્નલ જીલુભા જાડેજા..................... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૮૧

● ફીટની બીમારી : એપિલેપ્સી : ભાગ-૫ : સારવાર .. **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૮૨
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**.....

● ૨ એપ્રિલ : વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ.. ..................... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૮૪

*નિંદા અને ટીકાથી વ્યગ્ર ન બનો.*
*જે વૃક્ષ પર મીઠાં ફળ હોય તેને જ વધારે પથ્થર મારવામાં આવે છે.*

*તે જ રીતે નિષ્ફળ કે સામાન્ય માણસની કોઈ ટીકા કરતું નથી.*
*જે કાર્યશીલ છે, સફળ છે તેને જ ટીકાનો સામનો કરવો પડે છે.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૯ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૧૨

# પદ્મિનીનાં સામુદ્રિક ચિહ્નો ધરાવતાં શેઠાણી હરકુંવર

● લેખક ●
દેવેન્દ્ર પટેલ

અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીના પરિવારની જેમ જ બીજો એક ખુશાલચંદ નિહાલચંદનો પરિવાર અત્યંત જાણીતો હતો.

એ પરિવાર શેઠ હઠીસીંગ કેસરીસીંગના પુત્ર હતા. વિક્રમ સંવત ૧૮૬૦માં પિતા મૃત્યુ પામ્યા હતા. ત્યારે હઠીસીંગ માત્ર ૮ વર્ષના હતા. પિતાને રેશમ તથા કરમજીનો મોટો વેપાર હતો. હઠીસીંગે મોટા થઈ વેપારમાં ભારે પ્રગતિ કરી. એકવાર તેઓ તીર્થયાત્રાએ ગયા હતા. ત્યારે ઘોઘા શહેરમાં છાણા થાપતી એક કન્યા પર એમની નજર ઠરી. તે પદ્મિનીનાં સામુદ્રિક લક્ષણો ધરાવતી હતી. બાલિકા ઓસવાલ જૈન પણ સામાન્ય પરિવારની હતી. હઠીસીંગના મનમાં બાલિકા વસી ગઈ.

એનું નામ હરકુંવર હતું.

શેઠ હઠીસીંગ પરિણીત હતા, પરંતુ એ જમાનામાં સામાન્ય ગણાતા રિવાજ પ્રમાણે હરકુંવર સાથે લગ્ન ગોઠવ્યાં, જે તેમની ત્રીજી પત્ની બની. પાછળથી તે શેઠાણી હરકૌર તરીકે સમાજમાં જાણીતા બન્યાં. એ સમયે સ્ત્રીશિક્ષણ માટે કોઈ સુવિધા નહોતી, પરંતુ હરકુંવરે પિતાના ઘેર જ સારા સંસ્કાર તથા કેળવણી પ્રાપ્ત કરી હતી. લગ્ન બાદ હરકુંવર પતિગૃહે અમદાવાદ આવ્યાં. પતિનો વેપાર ધમધોકાર ચાલતો હતો. શેઠાણી હરકુંવરે પણ ધંધામાં રસ લેવા માંડયો. હઠીસીંગ સોદા કરતી વખતે પત્ની સાથે પરામર્શ કરતા. એ કારણે તેમને વેપાર ધંધામાં ઘણો ફાયદો થયો. ધીમે ધીમે શેઠાણી હરકુંવર તેમના બહોળા વેપારના કારોબાર પર છવાઈ ગયાં. હઠીસીંગનો પરિવાર ખૂબ ધન કમાયો.

વિક્રમ સંવત ૧૯૦૦માં શેઠ હઠીસીંગનું માત્ર ૪૮ વર્ષની વયે અવસાન થઈ ગયું. શેઠાણી હરકુંવર પર પરિવારની તથા બહોળા વેપાર ધંધાની બધી જ જવાબદારી આવી પડી. પરંતુ કમાલની વાત એ હતી કે હરકુંવર શેઠાણીએ ધંધો ખૂબ વિકસાવ્યો.

પુષ્કળ પૈસો કમાયા બાદ શેઠાણી હરકુંવરે ધર્મ તરફ મન વાળ્યું. તેમણે અમદાવાદમાં શેત્રુંજય તીર્થ જેવું સુંદર અને કલાત્મક જિનાલય બનાવવા નિર્ધાર કર્યો. ભવ્ય યોજના હાથ ધરવામાં આવી. દેશના શ્રેષ્ઠ શિલ્પકારોને બોલાવવામાં આવ્યા. અમદાવાદના દિલ્હી દરવાજા પાસે હઠીસીંગના દહેરા તરીકે ઓળખાતું ભવ્ય અને બાવન જિનાલયનું નિર્માણ થયું. હરકુંવર શેઠાણીએ એ જમાનામાં રૂ. ૮ લાખ ખર્ચી નાખ્યા. વિક્રમ સંવત ૧૯૦૩માં આ જિનાલયની પ્રતિમાઓની પ્રતિષ્ઠા આચાર્ય શાંતિસાગરસૂરિના હસ્તે કરવામાં આવી. આ શુભ ધાર્મિક પ્રસંગે એ જમાનામાં હરકુંવર શેઠાણીએ એક લાખ સાધર્મિક અતિથિઓને નિમંત્રણ આપ્યું. તેમની આગતા-સ્વાગતા તથા ભોજન પાછળ લાખ્ખો રૂપિયાનો ખર્ચ થયો. દેશભરમાંથી આવેલા જૈનો હરકુંવર શેઠાણીની કૌશલ્યપૂર્ણ વ્યવસ્થા જોઈ મુગ્ધ થઈ ગયા. આજે પણ વિદેશથી આવતા સહેલાણીઓ હઠીસીંગનું દહેરું નિહાળવાની તક ચૂકતા નથી.

એ પછી હરકુંવર શેઠાણીએ સમેતશિખર તેમજ અન્ય તીર્થોના અનેક સંઘ કાઢ્યા. અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સરકારે તેમને ‘નેક નામદાર સખાવતે બહાદુર’નો ખિતાબ આપ્યો. ત્યાર પછી તેઓ ‘હરકોર સરકાર’ તરીકે પણ ઓળખાવા લાગ્યા.

એ સિવાય રાજસ્થાનના જૈન ઓસવાલ શ્રેષ્ઠીઓમાં એ સમયના રાજાઓના દીવાન તરીકે પણ શ્રેષ્ઠ કામગીરી બજાવી. જોધપુર રાજ્યના ઓસવાલ દીવાનોમાં ભીમરાવજીના વંશજ સિંઘી ઈન્દ્રરાજજી એક તાકાતવર દીવાન થયા. વિક્રમ સંવત ૧૮૬૦માં જોધપુર નરેશ ભીમસિંહજીનું દેહાંત થતાં રાજા માનસિંહને તખ્ત પર બેસાડવામાં દીવાન સિંઘી ઈન્દ્રરાજજીનો મુખ્ય ફાળો હતો.

એ સમયે ભારતમાં મોગલ સામ્રાજ્ય અંતિમ શ્વાસ લઈ રહ્યું હતું. બ્રિટીશ સત્તા પગપેસારો કરી રહી હતી. જોધપુરની રાજગાદીના બીજા દાવેદાર ધોકલસિંહે જયપુરના મહારાજાની સહાયતાથી મારવાડ પર હુમલો કરી દીધો. બધા કિલ્લા અને જોધપુર ધોકલસિંહના કબજામાં ચાલ્યા ગયા. એક માત્ર કિલ્લા ઉપર જ મહારાજા માનસિંહનો કબજો રહ્યો હતો. એ વખતે મહારાજ સાથે કોઈ અણબનાવના કારણે દીવાન સિંઘી ઈન્દ્રરાજજીને જેલમાં પૂરી દેવાયા હતા.

દરમિયાન બન્યું એવું કે ઉદયપુરની રાજકુમારી કૃષ્ણાની સગાઈ મહારાજા ભીમસિંહ સાથે નક્કી થઈ હતી. પરંતુ મહારાજા ભીમસિંહનું મૃત્યુ થવાથી ઉદયપુરના રાણાએ રાજકુમારી કૃષ્ણાની સગાઈ જયપુરના મહારાજા જગતસિંહ સાથે કરવા વિચાર્યું. આ કારણથી જોધપુરના રાજા માનસિંહે જયપુર પર ચડાઈ કરી દીધી. ત્યારે દીવાન સિંઘી ઈન્દ્રરાજજીના પ્રયાસોથી સુલેહ થઈ. બંને રાજાઓની બહેનો એકબીજાને પરણાવવાનું નક્કી થયું.

વાત પતી ગઈ. પરંતુ જોધપુરના રાજા જેવા પાછા આવ્યા ત્યાં જ ખુશામતિયાઓએ રાજાના દિમાગનો કબજો લઈ લીધો. રાજાના કાન ભંભેર્યા અને ફરી એકવાર દીવાન ઈન્દ્રરાજજીને કેદ કરી લેવાયા.

બીજી તરફ જોધપુરની ગાદીના બીજા દાવેદાર ધોકલસિંહની સહાયથી જયપુર નરેશે હવે જોધપુર પર ચઢાઈ કરી દીધી. ફરી એકવાર જોધપુર નગર રાજાના હાથમાંથી જતું રહ્યું. એ વખતે દીવાન ઈન્દ્રરાજજી હજુ કેદમાં હતા. તેમણે જેલમાંથી મહારાજને કહેણ મોકલ્યું કે, 'જો મને બહાર કાઢવામાં આવે તો દુશ્મનને હરાવી શકે તેમ છે.'

મહારાજા માની ગયા.

દીવાન ઈન્દ્રરાજજીને ગુપ્ત માર્ગે કેદખાનામાંથી બહાર કાઢવામાં આવ્યા. આવીને અજાણ્યા વિસ્તારમાં જઈ સૈન્ય એકઠું કર્યું. પીંડારા સરદાર અમીરખાનને રૂપિયા એક લાખ આપી પોતાના પક્ષમાં લીધો. બધી જ ગુપ્ત તૈયારીઓ બાદ દીવાનની યોજના અનુસાર મહારાજાના સૈન્યે જયપુર પર હુમલો કરી દીધો. ભારે યુદ્ધ થયું. છેવટે જયપુરની ફોજ પરાસ્ત થઈ. છેવટે જયપુરના મહારાજાએ જોધપુરની આસપાસ ઘાલેલો ઘેરો ઉઠાવી લીધો. જોધપુર ઘેરામાંથી મુક્ત થતાં મહારાજ માનસિંહ જોધપુર પાછા ફર્યા. આ પ્રસંગે દીવાન ઈન્દ્રરાજજીની કુનેહથી ખુશ થઈ મહારાજા માનસિંહે દીવાન ઈન્દ્રરાજસિંહજીનું ભવ્ય સન્માન કર્યું અને જાહેર આભાર માન્યો. મહારાજાએ દીવાન ઈન્દ્રરાજજી માટે આપેલ પ્રશસ્તિપત્રમાં લખ્યું :

"દીવાન, આજે તમારું આપેલું રાજ મારી પાસે છે. મારો રાઠોડ વંશ જ્યાં સુધી રહેશે અને રાજ કરશે ત્યાં સુધી અમે તમારા અહેસાનમંદ રહીશું."

મહારાજા માનસિંહે દીવાન ઈન્દ્રરાજજીને રાજ્યમાં પ્રધાનપદું અને જાગીર આપ્યાં અને સારાયે રાજ્યની ધૂરા દીવાનના હાથમાં સોંપી દીધી.

ત્યારબાદ દીવાન ઈન્દ્રરાજજીએ બીકાનેર ઉપર ચઢાઈ કરી દીધી. બીકાનેરના મહારાજા સૂરતસિંહને સમજૂતી કરવી પડી. દીવાને બીકાનેરના મહારાજા પાસેથી લશ્કરના ખર્ચ પેટે એ જમાનામાં ૪ લાખ રૂપિયા વસૂલ કર્યા હતા.

હવે બન્યું એવું કે જયપુરના નરેશ સાથેની લડાઈ વખતે દીવાને સરદાર અમીરખાનની સહાયતા લીધી હતી. પરંતુ પાછળથી જોધપુરમાં અમીરખાને મહારાજા માનસિંહ પાસેથી પોતે કરેલી સહાયતા બદલ અનેક પરગણાં લખાવી લીધાં હતાં. એ વાત દીવાનને ગમી નહોતી. એકવાર અમીરખાન તેના પઠાણ સૈનિકો સાથે જોધપુર આવ્યો હતો. દીવાન ઈન્દ્રરાજજી પાસે તેણે જોધપુર રાજ્યના પરગણાનો કબજો આપવા માંગણી કરી. દીવાને જોધપુર રાજ્યની ભલાઈ માટે એક ચાલ ચાલી. એમણે અમીરખાનને કહ્યું : 'મહારાજાએ જે પરગણાં લખી આપ્યાં છે. કાગળો લાવો.'

સરદાર અમીરખાને મહારાજાએ લખી આપેલા અધિકાર પત્રો બતાવવા એ અસલી કાગળો દીવાનના હાથમાં મૂક્યા. દીવાન પાસે જેવા અસલી કાગળો હાથમાં આવ્યા તેવા જ તે કાગળો મોંમાં મૂકી ગળી ગયા.

સરદાર અમીરખાન ક્રોધે ભરાયો.

એણે એ જ ક્ષણે દીવાન ઈન્દ્રરાજજીની કતલ કરી નાંખી. મહારાજ માનસિંહને આ વાતની ખબર પડતાં તેમને ભારે દુઃખ થયું. મહારાજાએ બીજા મહારાજાઓની જેમ જ એમના શબની પૂરી રાજકીય સન્માન સાથે અંતિમક્રિયા કરી અને દીવાનના પુત્ર ફતેહરાજજી સિંઘીને રૂા. ૨૫ હજારની જાગીર તથા દીવાનપદ આપ્યું.

એમના પુત્ર દીવાન ફતેહરાજજી સિંઘી સાત વાર રાજ્યના દીવાન બન્યા. રાજ્યમાં ષડયંત્રો ચાલતાં રહ્યાં. વિરોધીઓએ મહારાજાના કાન ભંભેર્યાં. બે વાર દીવાન ફત્તેહરાજજીને કેદ કરીને જેલમાં પૂરવામાં આવ્યા. કિંતુ મહારાજની આંખ ખૂલતાં જ તેમની ભૂલ સમજાઈ. ફરીવાર પૂરા માનપૂર્વક તેમને દીવાન બનાવવામાં આવ્યા. જ્યારે દીવાનના નાના ભાઈ ઉમેદરાજજીના પુત્ર દેવરાજજીને રાજ્યની ફોજના સેનાપતિ બનાવવામાં આવ્યા હતા.

રાજસ્થાનના રાજા મહારાજાઓનો ઈતિહાસ કપટ, દગાબાજી, ષડયંત્રોથી લોહિયાળ રહેલો છે. પરંતુ એ જમાનાના ઓસવાલ જૈન શ્રેષ્ઠીઓએ દીવાનપદે રહી તેમની મુત્સદ્દીગીરી અને બહાદુરીનાં દર્શન પણ કરાવેલાં છે. ■

## શબ્દનો મહિમા

*એક અવિચારી શબ્દ સંઘર્ષ નોતરી શકે છે.*
*એક ક્રૂર શબ્દ કોઈનું જીવન હરી શકે છે.*
*એક નિર્દય શબ્દ કોઈને હાનિ કરી શકે છે.*
*એક માયાળુ શબ્દ કોઈનું હૈયું ઠારી શકે છે.*
*એક પ્રોત્સાહક શબ્દ કોઈનો દિવસ સુધારી શકે છે.*
*એક સમયસરનો શબ્દ કોઈનું દુઃખ હરી શકે છે.*
*એક પ્રેરણામય શબ્દ આપી શકે અપાર શાંતિ!*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૨૧ : હુતાત્મા હેમુ કાલાણી

● લેખક ●
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૨૩ માર્ચ, ૧૯૨૩*
*વીરગતિ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૩*

યુવા ક્રાંતિકારી હેમુ કાલાણી સિંધના ઐતિહાસિક નગર સખ્ખરના વતની હતા. તેમનો જન્મ ૨૩મી, માર્ચ ૧૯૨૩ના રોજ થયો હતો. એક દિવસ કુસ્તીમાં તેમણે અંગ્રેજ પહેલવાનને ભોંયભેગો કર્યો. તેમના આ પરાક્રમ બદલ વિદ્યાર્થીઓએ વિજય સરઘસ કાઢ્યું. અંગ્રેજોથી આ સહન ન થયું. સરઘસ ઉપર લાઠી પ્રહાર કર્યો. આ ઘટનાથી હેમુની અંદર અંગ્રેજ વિરોધનાં બીજ રોપાયાં. સ્વરાજ સેનાની સ્થાપના કરી. પોલીસ દમનના વિરોધમાં તેમના દ્વારા ફરી સરઘસ કાઢવામાં આવ્યું. આ વખતે લાઠી પ્રહારને બદલે ગોળીબાર થયો. સ્વરાજ સેનાના કેટલાય સૈનિકો ઘવાયા. હેમુ હિંમત ન હાર્યા. અંગ્રેજ સરકારને ગોળીનો જવાબ બોમ્બથી આપવા એ બોમ્બ બનાવવાનું શીખ્યા. એ વખતે ક્રાંતિકારી મંઘારામ કાલાણી જેલમાં હતા. હેમુએ તેમને છોડાવવાનું બીડું ઝડપ્યું. રાત્રે બાર વાગે સાથીદારો સાથે જઈ હેમુએ મંઘારામ કાલાણી જે જેલમાં પુરાયેલા હતા તેના પર બોમ્બ ફેંક્યો. જેલની દીવાલ પત્તાના મહેલની માફક તૂટી ગઈ. વિસ્ફોટ થતાં જ પોલીસ દોડી આવી. સામસામો ગોળીબાર થયો. ચાલીસ જેટલા પોલીસના માણસો મોતને ભેટ્યા. હેમુના પણ દસ સાથીઓ શહીદ થયા. હેમુને પકડવામાં પોલીસ સફળ ન રહી. આ ઘટનાના થોડા દિવસ પછી દેશમાં 'હિંદ છોડો' ચળવળ ઊપડી. સિંધમાં પણ આ ચળવળે રંગ પકડ્યો હતો. સરકાર તેને દાબી દેવા કોઈ પણ હદે જવા તૈયાર હતી. ત્યાં હેમુ પાસે સમાચાર આવ્યા કે "હિંદ છોડો" ચળવળના સેનાનીઓને ખતમ કરવા હથિયાર ભરેલી અંગ્રેજ ફોજની એક ટ્રેન કોઈટિયા જવાની છે. હેમુએ મનોમન નિશ્ચય કર્યો કે હથિયાર ભરેલી ટ્રેનને સખ્ખરથી આગળ જવા ન દેવી. એ સાંજે સ્મશાનગૃહના ઓરડામાં ક્રાંતિકારીઓની બેઠક મળી, જેમાં ટ્રેનના પાટા તોડવાની રૂપરેખા ઘડી કાઢવામાં આવી. ચાંદની રાતે આ ક્રાંતિકારીઓ સખ્ખરની બિસ્કિટ ફેક્ટરી પાસેથી રેલના પાટા નીકળતા હતા ત્યાં પહોંચી ગયા. હેમુએ ઓજારો વડે ફિશ પ્લેટ કાઢવાનું શરૂ કર્યું. શાંત વાતાવરણમાં ઓજારનો ઠક ઠક અવાજ બિસ્કિટ ફેક્ટરીના જમાદાર સુધી પહોંચ્યા વગર ન રહી શક્યો. જમાદારે ફેક્ટરીની અંદર જઈ પોલીસને ફોન કર્યો. ખબર પડી એવી પોલીસ ત્યાં દોડી આવી. હેમુ ઓજાર સાથે ઝડપાઈ ગયા. તેમના બે સાથીદારો નંદ અને કિશનની પણ ધરપકડ કરવામાં આવી. અદાલતમાં બધો આરોપ હેમુએ પોતાના માથે ઓઢી લીધો. તેમને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. પાછળથી જજ કર્નલ રીચર્ડસને તેને ખતરનાક ગણાવી સજા આજીવન કારાવાસમાંથી ફાંસીની કરી નાંખી. અને ૨૦ વર્ષના આ ક્રાંતિકારી ૨૧મી જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ હસતાં મોઢે ફાંસીએ ચડી ગયા. ■

---

## *આવતીકાલે જ...*

*હું જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું તેમ છું : આવતીકાલે જ જાણે તમારી પર અંધારો ઉતરી પડવાનો હોય તેમ સમજીને તમારી આંખો વાપરજો! અને બીજી ઈન્દ્રિયોને પણ એ જ રીત લાગુ પાડી શકાય.*

*માનવ શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સુરાવલિના પ્રચંડ સ્વરો – જાણે કે આવતીકાલે જ તમે બહેરા બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શેન્દ્રિય બંધ પડી જવાની છે.*

*પુષ્પોને એવી રીતે સુંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકું એવી લિજ્જતથી મમળાવજો કે જાણે કાલથી તમે કદી સુવાસ કે સ્વાદ અનુભવી શકવાના નથી.*

*આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલાં સુખ અને સૌંદર્યના એકેએક પાસાને માણજો. પ્રત્યેક ઈન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.*

*– હેલન કેલર, સાભાર : "સમજણના સૂર"*

# અનેકાંતવાદ : જૈનો દ્વારા ઉપેક્ષિત થીયરી : ભાગ-૩

## ANEKANTVAD: THE MOST NEGLECTED & MISUNDERSTOOD CONCEPT

ડૉ. નવીન પારેખ

(ગતાંકથી ચાલુ)

સંભવિત સમાધાન (Understanding the essence of *Anekantvad* and Possible solutions)

### ૧. અનેકાંત વિષે સાચી સમજણ

ચીનના ફિલોસોફર લાઓત્ઝેના શબ્દોમાં : *"Never try to say truth. It will become untruth on the way before it reaches to others."* સત્ય કહેવાનો પ્રયત્ન ક્યારેય કરશો નહીં, કારણકે તે અંતિમ છેડા પર પહોંચતા પહેલાં અસત્ય બની જાય છે. આ વાત આધ્યાત્મિક જગતમાં સચોટ લાગુ પડે છે. કારણકે, સર્વજ્ઞ શ્રી મહાવીર સ્વામી સિવાય કોઇ સત્ય જાણતું નથી. આપણે સાપેક્ષ સત્યને સંપૂર્ણ સત્ય માનીને વિવાદ કરીએ છીએ અને જેનાં પરિણામો આપણી સમક્ષ છે. સંપૂર્ણ સત્ય એ આપણો વિષય નથી. એ અતિ વિશાળ વિષય છે. આપણે અંધ-ગજ-ન્યાયનું બહુ પ્રચલિત ઉદાહરણ આગળ જોયું તેવી આપણા સૌની સ્થિતિ છે. કારણકે, આપણા સહુની વૈચારિક ક્ષમતા ખૂબ જ મર્યાદિત છે. માટે સ્યાદવાદની ભાષા જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

### થોડા વિવાદ અને તેના વૈચારિક સમાધાન જોઇએ.

**A.** શ્વેતાંબરોના પરમાત્માની પ્રતિમાની આંખો ખુલ્લી હોય છે, જ્યારે દિગંબરોની પ્રતિમાનાં ચક્ષુ બંધ હોય છે. ખુલ્લા ચક્ષુવાળી પ્રતિમા એ સંદેશ આપે છે કે, આ ક્ષણભંગુર વિશ્વની વાસ્તવિક્તાઓ ખુલ્લી આંખે નિરખો અને મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરો. જ્યારે બંધ ચક્ષુવાળી પ્રતિમા એ સંદેશ આપે છે કે, આંખો બંધ કરીને આત્માનું સ્વરૂપ જોવાનો પ્રયત્ન કરો અને મુક્તિ તરફ પ્રયાણ કરવા પ્રયત્નશીલ બનો. બંને સંપ્રદાયનો અંતિમ ધ્યેય સમાન છે તો પછી વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

**B.** શ્વેતાંબર સંપ્રદાયના સાધુ શ્વેત વસ્ત્રો ધારણ કરે છે જ્યારે દિગંબર સંપ્રદાયના સાધુ અવસ્ત્ર હોય છે. શ્વેત વસ્ત્રો શુક્લ- લેશ્યા (White thought tint) નું સૂચક છે જ્યારે સંપૂર્ણ નગ્નતા એ સંપૂર્ણ અપરિગ્રહનું સૂચક છે. મોક્ષ પ્રાપ્તિ માટે શુક્લ લેશ્યામાં પ્રવેશ કરવો ફરજિયાત છે તેમ સંપૂર્ણ અપરિગ્રહનું પાલન પણ આવશ્યક છે. બંને સંપ્રદાયના અલગ-અલગ રસ્તા આખરે તો મુક્તિ તરફ પ્રયાણના છે. તો પછી વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

**C.** ઘણા ધર્મસ્થાનો કે તીર્થસ્થાનો માલિકી હક્કના પ્રશ્ને કાયદાકિય વિવાદમાં સપડાયેલ છે. આ દરેક પવિત્ર સ્થળો માત્ર ધાર્મિક આસ્થાના કેન્દ્રો છે જે આત્મશુદ્ધિ માટે છે. આ કોઇ કોમર્શિયલ મિલ્કતો નથી અને માર્કેટ વેલ્યુ સંલગ્ન નથી. એક વાતે બધા સહમત થશે કે, આ મિલ્કતમાંથી કોઇ જૈન આર્થિક ફાયદો નહીં લે કારણકે, અહીં દેવદ્રવ્યનો વિચાર છે જે શાસ્ત્રોક્ત છે. તો પછી આ પવિત્ર સ્થળોની યાત્રા કરો, આત્મશુદ્ધિ માટે પ્રયત્ન કરો અને વિવાદથી પર રહી કર્મબંધ ટાળો. મૂર્છાભાવ (Attachment) શા માટે? એવી કોઇ ખાત્રી છે કે, જે પાર્ટી આ કેસ જીતી જશે તેઓ મોક્ષના અધિકારી બનશે? તો પછી વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

**D.** પરમાત્મા શ્રી જંબુસ્વામી અને શ્રી ભદ્રબાહુસ્વામી સુધી આગમ સાહિત્ય જેવાં કે, ભગવતી-આરાધના, મૂલાચાર, ભટ્ટપરિણા, મરણસમાહી, પિંડનિર્યુક્તિ વગેરે સમાનરીતે પદો (Text and Verses) ધરાવતાં હતા. દિગંબર સંપ્રદાય ૪૫ આગમ ગ્રંથોને સ્વીકારતા નથી અને એવો મત ધરાવે છે કે, આગમ સાહિત્ય સંપૂર્ણ નાશ પામેલ છે. શ્વેતાંબર સંપ્રદાય માને છે કે, આગમ સાહિત્ય ગણધર ભગવંતો દ્વારા કહેલ અને સમયાંતરે સંકલિત થયેલ ગ્રંથો છે. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાય લગભગ (થોડા આગમોને બાદ કરીને) આગમ સાહિત્યનો સ્વીકાર કરે છે. મૂળ વાત એ છે કે, કોઇપણ આગમ સાહિત્ય (શ્વેતામ્બર સંપ્રદાય કે દિગંબર સંપ્રદાય) જે કોઇ સોર્સથી પ્રાપ્ત થયું હોય તેના શ્લોક પ્રમાણ, શબ્દ રચના કે ભાષાકિય તફાવત હોઇ શકે છે. પરંતુ દરેક આગમસૂત્રનો ઉદ્દેશ સમાન છે, અંતિમ લક્ષ્ય આત્મ-મુક્તિનું છે. રસ્તા જુદા હોઇ શકે, મંઝીલ તો એક જ છે. તો પછી વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

**E.** સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાય મૂર્તિપૂજાના સમર્થક નથી અને મંદિરો કે તીર્થસ્થાનોમાં જતા નથી. તેઓ નિર્વિકાર (Foamless) સાધનામાં શ્રદ્ધા રાખે છે. તેઓ

માને છે કે, મુક્તિ માટે કોઇ આકારનો સહારો લેવાની જરૂર નથી. તેઓ સાધનાનું આલંબન મૂર્તિ સ્વરૂપે સ્વીકારતા નથી. શ્રી આનંદઘનજી કે જેનું સાહિત્ય આજે પણ પ્રસ્તુત છે તેઓએ સંપૂર્ણ સાધના જંગલમાં રહીને કરી હતી અને આવા અનેક ઉદાહરણો છે જેમણે નિયમિત રીતે કોઇ મૂર્તિનો સહારો લીધો હોય. (સનાતન ધર્મના આર્યસમાજ આ જ વિચારધારા ઉપર સ્થપાયેલ છે.) આ બંને સંપ્રદાયોનું પણ અંતિમ લક્ષ્ય આત્મ મુક્તિ છે જે તેમની આગવી વિચારશૈલી ઉપર આધારીત છે. તો પછી વિવાદ કે વિરોધ શા માટે છે? ***THEN What is the issue?***

**F.** વર્ષ દરમિયાન આવતા ચાતુર્માસમાં સર્વોચ્ચ સાધનાના ચોક્કસ ૮ દિવસોને શ્વેતાંબર પૈકી ત્રણ સંપ્રદાય પર્યુષણ પર્વ તરીકે ઓળખે છે, જ્યારે દિગંબર સંપ્રદાય દસલક્ષણા પર્વ તરીકે ૧૦ દિવસ ઉજવે છે. આ પવિત્ર દિવસો દરમિયાન આંતરિક મતભેદો સપાટી પર આવતા નથી પરંતુ કોઇ સંપ્રદાય તિથી ભેદના કારણે અલગ સમયે પર્વ ઉજવે તો તે પર્વની પવિત્રતા આપણે ધ્યાને લેતા નથી, કારણકે આપણે જે તે પર્વનું પણ વિભાજન કર્યું હોય છે. જુદા-જુદા સમયે ઉજવાતા આ દિવસો દરમિયાન આપણે એકબીજાના કાર્યક્રમો કે ઉત્સવોમાં ભાગ લેતા નથી કે પ્રવચન સાંભળવા જતા નથી. આ પર્વ તમામ જીવોને ક્ષમા આપી, ક્ષમા માંગી વેરઝેર મિટાવવા માટે છે, પરંતુ આ હેતુ સાર્થક થતો નથી. આખરે દરેક માટે આ પર્વ આત્મશુદ્ધિ માટે છે જે નિર્વિવાદ છે તો તેના દિવસો, ઉજવણીનો પ્રકાર, વ્રતોના પાલન વગેરે અંગે વિચારભેદ શા માટે હોવા જોઇએ? દરેકના તપના પ્રકાર કે વ્રત પાલન અલગ હોવા છતાં લક્ષ્ય એક જ છે તો પછી વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

**G.** જૈન ધર્મના કોઇપણ સંન્યાસી ભગવંત પાંચ મહાવ્રતોનાં પાલન ચુસ્ત રીતે કરે છે. કોઇપણ સંન્યાસી ધન સંપત્તિ કે મિલ્કત ધરાવતા નથી, અણગાર છે, કોઇ વાહનનો ઉપયોગ કરતા નથી, રાત્રી ભોજન કરતા નથી. ચોક્કસ દિવસોએ લિલોતરીનો ત્યાગ હોય છે, કંદમૂળનુ સેવન કે ભક્ષ્ય પદાર્થોનું સેવન કરતા નથી. આ તમામ નિયમો સારી રીતે પાળે છે એ દૃષ્ટિએ કોઇપણ સંન્યાસી ભગવંત વંદનીય છે. સુપાત્રદાન માટે શ્રેષ્ઠ વિકલ્પ છે તેમ છતાં અન્ય સંપ્રદાયના શ્રમણ ભગવંતો પ્રત્યે આપણે ભેદભાવ કરીએ છીએ. અંતરમનથી વંદન કે ગોચરી માટે નિરૂત્સાહી બનીએ છીએ. એમના તમામ આચારો વંદનીય, શાસ્ત્રોક્ત અને શાસન પ્રભાવક છે તો પછી વિવાદ શા માટે છે? THEN What is the issue?

**H.** વર્તમાન પેઢી (New generation) પ્રવર્તમાન વિવાદોથી પર છે. તેઓ આ પ્રકારના મતભેદોથી અજ્ઞાત છે અને જાણવા ઉત્સુક પણ નથી. સાચા અર્થમાં તેઓ Secular છે. દેશની જુદીજુદી યુનિવર્સિટીમાં ચાલતા જૈન ફિલોસોફીના કોર્ષ કોઇપણ સંપ્રદાયભેદ વગર અભ્યાસ કરે છે. તેઓ જૈન ધર્મના મૂળભુત સિદ્ધાંતો, આચાર-વિચાર, તત્ત્વ, નય-નિક્ષેપ વગેરે વિષયોનું જ્ઞાન (Core knowledge) મેળવે છે. આ જ્ઞાન મેળવ્યા પછી તે સંપ્રદાયહીન (Unbiased and secular) બને છે એ આવકારદાયક છે. આ જવાબદારી દરેક સંપ્રદાય લેવલે જ્ઞાની ગુરૂ ભગવંતોએ નિરપેક્ષ રીતે નિભાવવી જોઇએ જેથી ભવિષ્યની પેઢી શુદ્ધ વિચાર સાથે જૈન ધર્મના અમૂલ્ય વારસાનું જતન કરી આગળ વધારે. જ્યારે યુવા પેઢીને આવા મતભેદોમાં રસ નથી તો પછી સંપ્રદાય સ્તરે વિવાદ શા માટે છે? ***THEN What is the issue?***

### ૨. અનાક્રમક વલણ (Non-aggressive/Unbiased approach)

કોઇપણ સમુદાયના વડાએ કોઇપણ વિષય ઉપર વિવાદાસ્પદ વિચાર જાહેરમાં કે તેમના પ્રવચનમાં વ્યક્ત કરવાથી બચવું જોઇએ. આપણે આવા બનાવોના સાક્ષી છીએ કે જ્યાં એક તિથી-બે તિથીના વિવાદ હાથાપાઇ સ્તરે પહોંચેલ. કોઇ અનુયાયીને આ મતભેદનાં કારણો કે જ્ઞાન નથી છતાં તેમના ગુરૂઓના ઈશારે મારામારી સ્તરે કૂદી પડ્યા. આવા વિવાદોની જવાબદારી સંન્યાસીઓના શિરે આવે તે આવકારદાયક નથી. માનસિક કે શારિરીક હિંસા જૈન ધર્મની મૂળભૂત ભાવના ઉપર પ્રહાર સમાન છે. અનેકાંતવાદ કહે છે કે, દરેક પદાર્થ કે વિચાર અનેકધર્મી છે જેમાં સમાનતા અને વિરોધ બંને સમાયેલ છે. એકાંત વિચારને અહીં સ્થાન નથી. સંન્યાસીઓનું અંતિમ ધ્યેય પરમાત્માની વાણી તેના અનુયાયીઓ સુધી શુદ્ધ સ્વરૂપે ઉપદેશવાનું છે. તેમની વાણી સંપૂર્ણપણે નિર્વિવાદ હોવી જોઇએ તો જ અનેકાંતવાદની સ્થાપના થશે અને શાસનની પ્રભાવના થશે.

### ૩. આંતર ગચ્છીય સંમેલનનું આયોજન : શ્રમણ સંમેલન (Inter-Sect Religious Conference)

જ્યારે એવા સંજોગો પ્રાપ્ત થાય અથવા તો ચાતુર્માસ સ્થળે વિવિધ સંપ્રદાયોના શ્રમણ શ્રમણી ભગવંતોની સ્થિરતા હોય

ત્યારે આ દિવસો દરમિયાન જુદાજુદા સામાન્ય વિષયો (Common subjects)ને આવરીને વ્યાખ્યાન કે ચર્ચા સભાનું આયોજન કરવું જોઈએ. આ સંમેલનમાં જૈન ધર્મના વિવિધ વિષયોને આવરીને અનુયાયીને એકતાનો સંદેશ આપી શકાય. આ કોઈ એકસમયની (One-time) ગોઠવણ નથી પરંતુ નિરંતર આયોજન (Ongoing process) માટે છે. આવી પહેલથી ઘણા મતભેદો સપાટી પર આવશે નહીં. સમાજ અને સંઘ લેવલે ખૂબ જ હકારાત્મક સંદેશ પહોંચશે. તહેવારોની ઉજવણી માટે સહમતિ સાધી શકાશે, જે અન્ય સમાજોમાં જૈન ધર્મની એકતા પ્રદર્શિત કરશે. આવી ચર્ચા સભામાં જ્ઞાની ગુરૂ ભગવંતો શાસ્ત્રોના રેફરન્સથી કોઈ વ્યવહારિક મુદ્દાનું સાચું અર્થઘટન કરી શકશે. અસહમતિના વિષય માટે પણ સહમતિ સાધી અરસપરસ ચર્ચાના દરવાજા કાયમ માટે ખુલ્લા રાખવા (Let us agree to disagree but never close the doors of mutual discussions and deliberations) સહઅસ્તિત્વના સિદ્ધાંત માટે જરૂરી છે.

### ૪. કોઇ પૂર્વગ્રહ નહીં
### (No prejudice or preconceptions)

આપણા તમામ સંપ્રદાય કે પેટા-સંપ્રદાય સમય અને સંજોગોથી પ્રભાવિત હોય છે જે જુદીજુદી પરિસ્થિતિઓ અને જે તે સમયે ગુરૂ ભગવંતોના વિચારોને અનુરૂપ બન્યા હોય છે. તેથી કોણ સાચું છે અને કોણ ખોટું છે એ વિચાર યોગ્ય નથી. કોઈપણ સંપ્રદાયની વેલ્યુ-સિસ્ટમ અનેકાંત દૃષ્ટિએ જોવામાં આવશે તો આપણે અરસ-પરસ દરેક સંપ્રદાય પ્રતિ સન્માન અને સહિષ્ણુતા નજરે જોઈશું. કોઈપણ વિચાર કે ચર્ચા તદ્દન શુદ્ધ મનથી અને પૂર્વગ્રહ વગર હોવી જોઈએ તો જ સાચા નિષ્કર્ષ પર પહોંચી શકાય. કોઈપણ માન્યતાના ઉદ્ભવ પાછળનાં કારણો અને તથ્યો તપાસવાં જોઈએ જે આપણો પૂર્વગ્રહ નિવારવામાં ઉપયોગી બનશે. Unbiased search for truth should be stressed.

### ૫. અરસપરસનાં ધર્મસ્થાનોની મુલાકાત
### (Visiting the holy places of each other)

શું આપણે ક્યારેય સાંભળ્યું છે કે, કોઈ સંપ્રદાયના લોકોએ અન્ય સંપ્રદાયના ધર્મસ્થાનો કે તીર્થોની યાત્રા કરવાનું આયોજન કર્યું હોય? લગભગ નહીં. અન્ય સંપ્રદાયોના ધર્મસ્થાનોની યાત્રા કરવાથી કોઈ કર્મ-બંધ થાય છે? કોઈપણ સંપ્રદાયના ગુરૂ ભગવંતે આવી પ્રેરણા કરી હોય તેવું મને યાદ નથી. દિગંબર સંપ્રદાય કે શ્વેતાંબર સંપ્રદાયના અનેક તીર્થો ખૂબ જ પ્રાચીન, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં અને એક જ સ્થળે વિદ્યમાન છે. પરંતુ કોઈપણ અનુયાયી અન્ય સંપ્રદાયના તીર્થ સ્થાનોની મુલાકાત લેતા નથી એ ખૂબજ દુર્ભાગ્યપૂર્ણ છે. આપણે પરમાત્માને પણ-વિભાજીત કરી નાખ્યા છે. અન્ય માન્યતાવાળા સ્થળ પાસેથી પસાર થતાં આપણે મનથી અહોભાવ પણ પ્રગટ કરતા નથી એ વાસ્તવિકતા છે. આપણે જે તે સ્થાન વિષે જ્ઞાન ધરાવતા નથી અને તે જાણવા ઉત્સુક પણ નથી. આટલું અંતર શા માટે છે? તે સ્થાનો પણ એટલા જ પવિત્ર છે જેટલા આપણા છે. આ દુર્ભાવ કે અભાવ આપણને મુક્તિ તરફ લઈ જશે? એકતા માટે આ ખાઈ પૂરવી પડે. જ્ઞાની ગુરૂ ભગવંતોએ આ પહેલ કરવી જોઈએ. पहले आप, पहले आप करने से गाडी छूट जोयेगी। અન્ય માન્યતાના પ્રચલિત અને ઐતિહાસિક સ્થળોનું ધાર્મિક મહત્ત્વ પ્રવચનનો વિષય બનવો જોઈએ જેથી આપણને જે તે પવિત્ર સ્થાનો પ્રત્યે અહોભાવ જાગે અને મુલાકાત લેવાની ઈચ્છા થાય.

### ૬. જૈન ધર્મનાં મૂલ્યોમાં અતુટ શ્રદ્ધા
### (Deep faith in Jain Philosophy)

શ્રદ્ધા એ માત્ર અઢી અક્ષરનો શબ્દ છે પણ તેની અસર ખૂબ જ ઊંડી છે. નમસ્કાર મહામંત્રમાં દેવ અને ગુરૂનાં પ્રથમ પાંચ પદોને બાદ કરતાં બાકી બચેલા ધર્મનાં ચાર પદો પૈકી સૌ પ્રથમ દર્શનપદ યાને કે, શ્રદ્ધાનું છે. ધર્મના તમામ આયામો શ્રદ્ધા ઉપર અવલંબે છે. જ્યારે અન્ય સંપ્રદાયની વાત આવે છે ત્યારે આપણે તે વિચાર પ્રત્યે દુર્લક્ષ સેવીએ છીએ. We all are egocentric and have little regards for either sects when it comes to religious matters. અહમની બાદબાકી જ સમ્યગજ્ઞાન સુધી પહોંચાડશે. Faith means letting go EGO and letting GOD in. વાલિયો કાયમ માટે લુંટારો ન હતો. એનામાં પણ રામાયણનું સર્જન કરવાની અપૂર્વ ક્ષમતા હતી એ કોણ જાણતું હતું? વાલિયા લુંટારામાંથી મહર્ષિ વાલ્મિકી બનવા માટે કોઈ રત્નાકર જેવા સાચા માર્ગદર્શક ગુરૂની જરૂર હોય છે જે તેની ક્ષમતા પિછાણી શકે. આ પ્રયત્ન આપણા ગુરૂ ભગવંતો કરી શકે. માત્ર મુમુક્ષુ પેદા કરવાથી જૈન ધર્મની એકતા સમૃદ્ધ નહીં થાય. સમ્યકજ્ઞાન ધરાવતા શ્રાવકો પણ પેદા કરવા પડશે. સંન્યાસીઓનો સમુદાય વધે છે તે આવકારદાયક છે પરંતુ તેમના અનુયાયીઓ જ સમ્યકજ્ઞાનથી વંચિત રહેશે તો ભવિષ્ય અંધકારમય રહેશે. તમામ સંપ્રદાયોના ગુરૂઓ તથા તેમના અનુયાયીઓ પ્રત્યે સમાનભાવ પેદા કરવાની પ્રેરણા દરેક પ્રવચનનો ભાગ બનવો જોઈએ, તો જ વિખવાદોનું નિવારણ સરળ બનશે. કોઈપણ બીજના વાવેતરની જવાબદારી આપણી છે, તેને જળનું સિંચન કરવાની જવાબદારી પણ આપણી છે

અને તેના સંરક્ષણની જવાબદારી પણ આપણી જ છે. જ્યારે તેમાંથી અંકુર સ્ફૂરવાની જવાબદારી પરમાત્માની છે. અનેકાંતવાદનાં બીજ રોપવાની અને તેને પ્રોત્સાહિત કરવાની જવાબદારી વિશેષતઃ સંન્યાસીઓની છે, બાકી પરમાત્મા ઉપર છોડી દઈએ.

**૭. ચાતુર્માસ દરમિયાન સામુહિક પ્રવચનનું આયોજન (Community discourse)**

ચાતુર્માસ દરમિયાન કોઈ સ્થળે જ્યાં અનેક માન્યતાવાળા શ્રમણ ભગવંતોની સ્થિરતા હોય ત્યારે રવિવાર અથવા પર્વના દિવસો દરમિયાન તમામ સંપ્રદાયના સંતો એક જ અનુકૂળ જગ્યાએ મળીને એવા વિષયો પસંદ કરીને જાહેર પ્રવચન આપવાં જોઈએ જેથી જૈનોમાં એકતાનો સંદેશ જાય અને અનેકાંતની ભાવના પ્રબળ બને. દરેકના આચાર અલગ હોઈ શકે છે પરંતુ વિચારો એકસમાન હોય એ જરૂરી છે.

**૮. પાઠશાળાઓમાં અનેકાંત વિષયનું જ્ઞાન આપવું (Philosophy of *Anekant* as a Syllabus)**

સામાન્ય રીતે લગભગ દરેક સંપ્રદાયોએ બાળકો અને યુવાનો માટે ધાર્મિક શિક્ષણ આપવા પાઠશાળાઓ કે જ્ઞાનશાળાઓની વ્યવસ્થા કરી છે. આ પાઠશાળાઓમાં લગભગ જે તે સંપ્રદાયની માન્યતા મુજબ તેમના સૂત્રો કે વિધિ-વિધાનની શિક્ષા આપવામાં આવે છે. જૈન ધર્મની પાયાની ફિલસૂફીનું જ્ઞાન તેમની પહોંચ બહાર રહે છે. જૈન ધર્મના અનેક વિષયો છે જેનું પ્રથમિક અને પાયાનું જ્ઞાન બાળકોને તેમની ક્ષમતા અનુસાર આપવું જોઈએ. સંન્યાસીઓના પ્રવચનના વિષયો પણ જૈન ધર્મમાં એકતા પ્રબળ બને તેવા હોવા જોઈએ. માત્ર અનુષ્ઠાનોનાં આયોજનો અને તપની પ્રેરણા સાથે અનેક વિષયો જે આપણે સાઈડલાઈન કર્યા છે તેને બાળકો અને યુવાનો સુધી પહોંચાડવાની જરૂર છે.

## સારાંશ

*પ્રથમઅંગ આચારંગસૂત્ર કહે છે કે,*

*जे लोयं अब्भाइक्खाइ, से अत्तानं अब्भाइक्खइ ।*
*जे अत्तानं अब्भाइक्खइ, से लोयं अब्भाइक्खइ ॥ ( १.१.३.३१ )*

અર્થાત્, જે બીજાનું અસ્તિત્વ નકારે છે, તે પોતાનું અસ્તિત્વ નકારે છે. જે પોતાનું અસ્તિત્વ નકારે છે, એ બીજાનું અસ્તિત્વ નકારે છે.

વર્તમાનમાં દરેક ધર્મમાં કટ્ટરતા વધતી જોવા મળે છે. ઘણી જગ્યાએ હિંદુ અને જૈનો વચ્ચે ગજગ્રાહ છે (ગીરનાર, સમેતશિખર). ઘણી જગ્યાએ બૌદ્ધો અને જૈનો વચ્ચે ગજગ્રાહ છે (રાજગૃહી). ઘણી જગ્યાએ મુસ્લિમ અને જૈનો અને હિંદુઓ વચ્ચે ગજગ્રહ છે (અનેક ઉદાહરણ). જૈનો ખૂબજ સહિષ્ણુ અને અહિંસક પ્રજા છે. એમ પણ આપણે શસ્ત્રો ધારણ કરી શકવાના નથી. સૌથી સારો પ્રથમ વિકલ્પ એ છે કે, તમામ સંપ્રદાયો વચ્ચે એકતા સધાય. કોર્ટ-કચેરી પાછળ બરબાદ થતા સમય, શક્તિ અને પૈસા બચાવી શકાય. એકતા હશે તો અનેક જગ્યાએ થતા જમીન દબાણ (Encroachment) અટકાવી શકાય. જૈનોની મિલ્કતો અને તીર્થસ્થાનો સુરક્ષિત રહે. જો આપણે સમયસર જાગૃત નહીં થઈએ તો આપણા તીર્થસ્થાનોનો વહીવટ કહેવાતા સેક્યુલરોની નજરમાં છે. જ્યારે આવા કહેવાતા સેક્યુલરોની કે ડાબેરીઓના પ્રભાવવાળી સરકાર આવશે ત્યારે આપણી મિલ્કતો પણ સુરક્ષિત નહીં રહે. આ કળીયુગમાં એકતા એ જ સૌથી મોટું અને અસરકારક શસ્ત્ર છે. અને આ તમામ બાબતો માટે અનેકાંતવાદ જ અંતિમ ઉપાય છે. તેથી આપણા પૂર્વજોએ આપણને પુરસ્કૃત કરેલ અનેકાંતનું સન્માન કરીએ, અમલ કરીએ...

***जेण विणा लोगस्स वि, ववहारो सव्वहा ण णिव्वडइ ।***
***तस्स भुवणेक्कगुरुणो, णणो अणेगंतवायस्स ॥ ( समणसुत्तं )***

હું અનેકાંતવાદને પ્રણામ કરું છું જે સંપૂર્ણ જગતનો ગુરૂ છે જેના વગર આ જગતમાં કોઈપણ વ્યવહાર શકય નથી. (સમણસૂત્ર)

*(સંપૂર્ણ)*

## આ સમય પણ વીતી જશે

જીવનમાં ક્યારેક દુઃખના ડુંગરા તૂટી પડે, પ્રાણપ્રિય વસ્તુઓ નજર સામેથી સદાય માટે ઓઝલ થાય, જીવન વસમું અને દોહ્યલું લાગે, ત્યારે કસોટીની એ કારમી ઘડીએ મનને સમજાવો, – 'આ સમય પણ વીતી જશે.'

વિધાતા જ્યારે મહેરબાન હોય, આનંદના દિવસો ઊડતા ઘોડાની જેમ થનગનતા હોય, સુખની ક્ષણોથી સમયનું પાત્ર છલકાઈ રહ્યું હોય, ત્યારે હરખી રહેલા હૈયાને હળવેથી ટકોરો – 'આ સમય પણ વીતી જશે.'

ખૂબ મહેનતના અંતે જ્યારે પ્રસિદ્ધિ મળે, આખી દુનિયા તમારી 'વાહ વાહ' કરે, લોકોનાં ટોળેટોળાં તમને વીંટળાયેલા રહે, તમારી એક ઝલક જોવા પડાપડી કરે, ત્યારે આભને અડતા અહમને અમસ્તો જ સંકોરો – 'આ સમય પણ વીતી જશે.'

***– લેન્ટા વિલ્સન સ્મિથ***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૯૮


### શ્રી ઉજ્જૈન તીર્થ
### (શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાન)



ઈતિહાસ પ્રસિદ્ધ ઉજ્જૈન શહેરના મુખ્ય રેલવે સ્ટેશનથી આ તીર્થ ૧.૬ કિ.મી. દૂર આવેલું છે. ઉજ્જૈન શહેરની ક્ષીપ્રા નદીની પાસે આવેલું છે. મૂળનાયક શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની પ્રતિમા મળે છે. ઉજ્જૈનનું પ્રાચીન નામ છે અવંતી. આ નગરે અને આ તીર્થે સમય પરિવર્તનના અનેક કાળઝપાટા જોયા છે. આમ પતન અને ઉત્થાનની પ્રક્રિયા સતત ચાલતી હોવાને કારણે આ જિનાલયમાં પ્રાચીન કલા ઓછી જોવા મળે છે. પરંતુ શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા અત્યંત સૌમ્ય અને પ્રભાવક છે. જૈન ઈતિહાસમાં ચંડપ્રદ્યોત, સંપ્રતિ, વિક્રમાદિત્ય જેવા અનેક પ્રભાવશાળી રાજાઓ આ નગરમાં થઈ ગયા. શાસન પ્રભાવક આચાર્ય ચંદ્રરૂદ્ર, આર્યરક્ષિતસૂરિ, શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય, આર્ય અષાઢ વગેરેએ અહીં રહીને ધર્મનો પ્રભાવ ફેલાવ્યો હતો. આ.શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી, જેના પ્રભાવથી મંદિરોમાં રહેલા જ્યોતિર્મય શિવલિંગમાંથી શ્રી પાર્શ્વપ્રભુની મનોહર મૂર્તિ પ્રગટ થઈ હતી. સાતમી સદીમાં શ્રી માનતુંગસૂરિએ અહીં ભક્તામર સ્તોત્રની રચના દ્વારા ચમત્કાર બતાવ્યો અને ૧૧મી સદીમાં શ્રી શાંતિસૂરિજીએ ભોજના દરબારના ૮૪ વાદીઓને જીતીને અપૂર્વ સન્માન મેળવ્યું. વીર નિર્વાણ સંવત ૨૫૦માં આ તીર્થનું શ્રી મહાકાલે આર્યસુહસ્તિસૂરિજીના ઉપદેશથી પોતાના પિતાના સ્મરણાર્થે નિર્માણ કર્યું. એ પછી કાળના પ્રવાહમાં અનેક ચડતી-પડતી આવી, પરંતુ આચાર્ય ભગવંતોએ પોતાની અધ્યાત્મશક્તિ દ્વારા વખતોવખત તીર્થનો મહિમા વધાર્યો છે. અત્યારે આ મંદિર સિવાય બીજા બાવીસ જેટલા મંદિરો જોવા મળે છે.

## તીર્થ દર્શન-૯૯

### શ્રી ભોપાવર તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



ઈંદોર રેલવે સ્ટેશનથી ૮૦ કિ.મી. દૂર આવેલા ભોપાવર ગામમાં મહી નદી પાસે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૩.૬૪ મીટરની ઊંચી ધરાવતી કાયોત્સર્ગ મુદ્રાવાળી પ્રતિમા છે. માત્ર જૈનો જ નહીં, પરંતુ આસપાસના હજારો ભીલ લોકો આ પ્રતિમાનાં અત્યંત ભાવપૂર્વક દર્શન-વંદન કરે છે. ભીલોમાં શ્રી શાંતિનાથ પ્રભુ કાલાબાબા તથા બામણાદેવના નામે જાણીતા છે. આ તીર્થનો વખતોવખત જીર્ણોધ્ધાર થયો છે. આ મંદિરના આંગણામાં જ એક જૂનું મંદિર ભૂગર્ભમાં દટાયેલું હોવાનો સંકેત મળ્યો છે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા અતિ પ્રાચીન છે અને એક મત મુજબ તો શ્રી નેમિનાથ ભગવાનના સમયની બતાવવામાં આવે છે. એમ કહેવાય છે કે કૃષ્ણે રાજકુમારી રૂકમિણીનું હરણ કર્યું ત્યારે રાજકુમારીના ભાઈ રૂકમણકુમારે અહીં યુદ્ધ કર્યું. આમાં પરાજિત થતાં રૂકમણકુમાર અહીં જ રહી ગયા અને આ ગામ વસાવ્યું. તેમજ એમણે એક ભવ્ય દર્શનીય જિન મંદિરનું નિર્માણ કર્યું. આ તીર્થસ્થળના અનેક ચમત્કારિક પ્રસંગો જાણીતા છે. જ્યારે આ મંદિરના મૂળનાયકજીની પ્રતિમાના બંને હાથ નીચે દેવીઓની પ્રતિમાઓ છે. મૂળનાયકની બંને બાજુએ શ્રી શાંતિનાથ અને શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની મૂર્તિઓ બિરાજમાન છે. આ મંદિરમાં કાચ, સીપ અને મીનાકારી વગેરેનું કામ અત્યંત સુંદર, વૈવિધ્યપૂર્ણ તથા કલાયુક્ત લાગે છે. મંદિરની કોઈ જગ્યા કલાકારીગરી વિના ખાલી જણાતી નથી. (શ્રી ભોપાવર તીર્થનું ઉપરનું વર્ણન જીર્ણોધ્ધાર વર્ષ ૨૦૧૨-૨૦૧૩ પહેલાનું છે.)

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*દરેક સમસ્યાનો છેલ્લો રસ્તો માફી છે. ક્યાંક આપી દો અને ક્યાંકથી લઈ લો.*

# કેવા હોંશિયાર હતા એ વડીલ...

પ્રભુલાલ એમ. સંઘવી

‘ઘરડાં ગાડા વાળે’ એ કહેવત આમ જ નથી પડી. ખરેખર વડીલો અનુભવી હોય અને એ અનુભવને કારણે એ બધા જીવનની ઘણી સમસ્યાઓ ઉકેલી શકે છે. યુવાનો પાસે શિક્ષણ છે, ટેકનોલોજીનું જ્ઞાન છે પણ જીવનનો અનુભવ નથી.

‘ઘરડા ગાડા વાળે’ એ કહેવત કેવી રીતે પડી તેની પાછળ એક રસપ્રદ વાર્તા છે.

એક ગામમાં એક યુવાનના લગ્ન હતા. જે યુવાનના લગ્ન હતા તેને પહેલેથી વૃદ્ધો પ્રત્યે અણગમો! અને તેના મનમાં એમ પણ ખરું કે ઘરડાંઓ સાથે આવશે તો આપણને બહુ મજા નહીં આવે અને મજા નહીં કરી શકીએ. એમની મર્યાદા જાળવવી પડશે. એટલે વરરાજાએ ઍલાન કર્યું કે જાન લઇને આપણે બીજે ગામ જવાનું છે પણ જાનમાં એક પણ વૃદ્ધને સાથે નથી લઈ જવાના. હવે વરરાજાએ જ ના પાડી એટલે કોઈ વૃદ્ધ કેવી રીતે સાથે આવે? પણ વરરાજાને એક મિત્ર હતો. તે અને તેના પિતા બે જ જણા ઘરમાં હતા. પિતાને એકલા મૂકીને જવાનો પેલા મિત્રનો ઈરાદો ન હતો. એટલે પિતાને ખરાબ લાગ્યું કે પોતાના કારણે પુત્ર લગ્નમાં નહીં જઈ શકે. તેથી તેણે પોતાના પુત્રને કહ્યું, ‘તું ચિંતા નહીં કર. હું છુપાઈને તારી સાથે આવી જઈશ.’ પછી દીકરા સાથે ગાડામાં છુપાઈને પેલા પિત જાનમાં ગયા. હવે લગ્ન રંગેચંગે પતી ગયા. કન્યા વિદાયનો સમય થયો. ત્યારે કન્યાના પિતાને વરપક્ષની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો. એટલે તેમણે કહ્યું, ‘મારી દીકરીને વિદાય કરતા પહેલાં મારી એક શરત છે, એ તમારે પૂર્ણ કરવી પડશે. શરત પૂર્ણ કર્યા પછી જ મારી દીકરીને તમારી સાથે વિદાય કરીશ.’

વરરાજાએ પૂછ્યું, ‘શું શરત છે તમારી?’

‘અમારા ગામનો કૂવો ઘી થી ભરી દો’ કન્યાના પિતાએ કહ્યું.

વરરાજા સહિતના યુવાનો તો વિચારમાં પડી ગયા. કૂવામાં કેટલું બધું ઘી જોઈએ! આટલું ઘી લાવવું ક્યાંથી અને એનાથી કૂવો ભરવો કેવી રીતે?

બધા યુવાનિયા મૂંઝાયા. હવે જે યુવાન પોતાના પિતાને છૂપી રીતે લઇને આવ્યો હતો તે પિતાની પાસે ગયો અને શરતની વાત કરી. પિતાએ કહ્યું, એમાં શું? સાવ આસાન રસ્તો છે. તું મને વેવાઈ પાસે લઈ જા. એમને હું કહીશ.

યુવાન તો પિતા સાથે વરરાજા પાસે ગયો અને જણાવ્યું કે તેના પિતા પાસે આ પ્રોબ્લેમનું સોલ્યુશન છે. વરરાજા તો રાજીના રેડ થઈ ગયા. બધા વેવાઈ પાસે ગયા. યુવાનના પિતાએ વેવાઈને કહ્યું, અમે કૂવો ઘી થી ભરી દેવા તૈયાર છીએ, અમારી પણ એક શરત છે.

‘બોલો’ વેવાઈએ કહ્યું.

‘પહેલા તમે કૂવામાં જે પાણી છે તે ખાલી કરાવી આપો એટલે અમે કૂવામાં ઘી ભરી દઈએ.’

વડીલની વાત સાંભળીને વેવાઈ રાજી થયા અને દીકરીને વિદાય કરી.

કન્યાને લઈને ગાડા પોતાને ગામ જવા પાછા વળ્યા એટલે કહેવત પડી : “ઘરડાં ગાડા વાળે.”

*મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬*

## લોકોને તમારું શ્રેષ્ઠ આપો

લોકો સ્વાર્થી, કૃતઘ્ન અને વિવેકહીન છે.
***છતાં તેમને ચાહો.***

તમે અકારણ તેમનું ભલું કરો તો તમારા ઈરાદા વિશે શંકાશીલ બને છે.
***છતાં તેમનું ભલું કરો.***

તમે સફળ થશો તો ખોટા મિત્રો અને સાચા શત્રુઓ તમને આવી મળશે.
***છતાં સફળતા હાંસલ કરો.***

તમારું કરેલું સત્કાર્ય આવતીકાલે કોઈ યાદ ન પણ રાખે
***છતાં પણ સત્કાર્ય કરતા રહો.***

પ્રામાણિકતા અને નિખાલસતા તમને હાનિકારક સાબિત થશે
***છતાં પ્રામાણિક અને નિખાલસ બનો.***

સત્યનો પક્ષ લેવા જતાં ઘણા તમારા વિરોધી બનશે
***છતાં સત્યના પક્ષે રહો.***

જે સર્જન કરતાં તમને વર્ષો લાગ્યા હોય, તે કદાચ ક્ષણોમાં જ વિસર્જિત થઈ જાય
***છતાં સર્જન કરતા રહો.***

દુનિયાને તમારું શ્રેષ્ઠ આપો અને દુનિયા તમને લાત મારે
***છતાં તમારું શ્રેષ્ઠ આપવા તત્પર રહો.***

# સંવાદી, પ્રસન્ન સમાજ માટેનું દર્શન : જીવનવિદ્યા

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

● **ભૌતિક શિક્ષણનો સ્થૂળ વ્યાપ :**

ઔદ્યોગિક ક્રાંતિ પછી છેલ્લાં ૩૦૦ વર્ષમાં ભૌતિક શિક્ષણનો અભૂતપૂર્વ વિસ્તાર થયો છે. છેલ્લાં ૭૫ વર્ષમાં સાક્ષરતાની ટકાવારી ૧૮ (૧૯૫૧) થી વધીને ૭૪ થઈ છે. કુલ સ્નાતકોની સંખ્યા ૧૪ કરોડ છે. શિક્ષણ સાથે વિસ્તરણ અને સંશોધનના અનુબંધના ફલસ્વરૂપ આપણી ઓળખ અલ્પવિકસિત દેશમાંથી વિકાસશીલ દેશમાં રૂપાંતરીત થઈ છે. પણ આધુનિક શિક્ષણના પિતામહ સ્વિટ્ઝરલેન્ડના જહોન પેસ્ટોલોજી (૧૭૪૬ થી ૧૮૨૭) એ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશ્યો સ્પષ્ટ કહ્યા હતા કે તે ત્રણ 'એચ' : હેડ, હાર્ટ અને હેન્ડ – મસ્તિષ્ક, હૃદય અને હાથની કેળવણી છે. એ જ રીતે ભારતમાં હન્ટર શિક્ષણ કમિશન (૧૮૮૨) થી નેશનલ નોલેજ કમિશન (૨૦૨૫) સુધી અનેક પંચોએ શિક્ષણની ગુણવત્તા અને શ્રેષ્ઠતા વૃદ્ધિ માટે અનેકવિધ ભલામણો કરી છે પણ 'સા વિદ્યા યા વિમુકતયે', જે વિદ્યા રાગદ્વેષ, ષડ્‌રિપુ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષામાંથી મુકિત આપે તે સૂત્રની વિભાવના હજુ સાકારીત થઈ શકી નથી. ભૌતિક શિક્ષણ માનવજાતને પાંખ આપે છે પણ આંખ નથી આપતી. તેથી....

૧. ભારતમાં ચિંતા, તાણ અને વિષાદને કારણે દર વર્ષે ૧ લાખની વસતીએ ૧૨ લોકો આત્મહત્યાનો ભોગ બને છે. છેલ્લાં ૪ વર્ષમાં અનિંદ્રા દૂર કરવાની દવાના વેચાણમાં ૨૭% વૃદ્ધિ થઈ છે.

૨. હિંસકવૃત્તિ, અજંપો, અશાંતિ, અસહિષ્ણુતા અને સમાધાનવૃત્તિના અભાવને લીધે ભારતની અદાલતોમાં ૪.૪ કરોડથી વધુ કેસ પેન્ડિંગ છે.

૩. આવક અને સંપત્તિની અસમાનતા વધતી જાય છે. ઉપલા ૧% લોકો પાસે ૪૦% સંપત્તિ છે જયારે નીચલા ૫૦% લોકો પાસે ૩% સંપત્તિ છે.

૪. ભારતમાં વૃદ્ધિદરની ૭ થી ૮%ની ટકાવારીને પરિણામે પ્રકૃતિક સંસાધનોનો વધુને વધુ વપરાશ થઈ રહ્યો છે પણ પર્યાવરણ સંતુલનની બાબતમાં આપણે સભાન નથી. વિશ્વમાં દર વર્ષે ૩૮ અબજ ટન કાર્બન ઉત્સર્ગ થાય છે.

● **સંવાદી સમાજ માટે જીવનવિદ્યા :**

ઉપરોકત સમસ્યાઓના નિવારણ માટે ૫૦૦૦ વર્ષમાં ૪ વેદ, ઉપનિષદ, શ્રીમદ ભગવદ્ ગીતા, ભાગવત, કુરાન અને બાઈબલ જેવા અનેક શાસ્ત્રો રચાયા પણ તેનું જ્ઞાન ગહન હોવાથી વિવિધ સંપ્રદાયો અને ધર્મો આ જ્ઞાનનું સામાન્ય લોકો સુધી વિતરણ કરવામાં સફળ થયા નથી. તેથી સુખી અને સંવાદી જીવન જીવવા માટે કર્ણાટકના શ્રદ્ધેય શ્રી નાગરાજજીએ 'મધ્યસ્થ દર્શન', સહઅસ્તિત્વવાદની ૫૫ વર્ષ પૂર્વે મૂલ્યવાન ભેટ આપી છે. તેમણે રચેલા ૧૨ ગ્રંથોના કેન્દ્રમાં છે જીવનવિદ્યા. આ વિદ્યા એ કોઈ પરંપરાગત કર્મકાંડ કે વિધિવિધાન નથી પણ અર્થપૂર્ણ, આનંદી, વ્યકિતગત, પારીવારિક, વ્યવસાયિક, સામાજિક અને વૈશ્વિક જીવન કઈ રીતે જીવી શકાય તે માટે દીર્ઘકાલીન દર્શન આધારિત પ્રસ્તાવ પ્રસ્તુત કરે છે. દા.ત. સ્વયં અને જડ-ચૈતન્ય અસ્તિત્વની જાણકારી, પરિવારમાં સમરસતા, એકસૂત્રતાની સ્થાપના, બાળકોનો શારીરિક, માનસિક, ભાવનાત્મક વિકાસ અને માનવ સંબંધોમાં તૃપ્તિ વગેરે.

● **સમાપન :**

આ સામયિકના વાચકોએ ભૌતિકવિદ્યા પ્રાપ્ત કરીને કોઈને કોઈ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી હશે પણ હવે જો નિત્ય સુખ અને સાર્થકતાની ઝંખના જીજ્ઞાસા હોય તો જીવનવિદ્યા વિષયને ઊંડાણપૂર્વક સવિસ્તર જાણવા-સમજવા માટે વડોદરા મુકામે તા. ૩ મે થી ૯ મે દરમિયાન આયોજિત શિબિરમાં સામેલ થઈ જવા નિમંત્રણ છે. સંપર્ક : ૯૬૬૨૫ ૧૦૯૭૫.

*ડી-૨૦૪, અભિષેક એન્ટીલિયા,*
*સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર,*
*ન્યુ સમા રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૪.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

## આત્મવિશ્વાસ

એક લકવાગ્રસ્ત માણસ વ્હીલચેરમાં બેસીને વિશ્વયાત્રાએ નીકળ્યો. તેના ઉમંગ, ઉત્સાહ અને આનંદ અજોડ હતા.

કોઈકે પૂછ્યું : 'પક્ષઘાત હોવા છતાં તું નિરુત્સાહ નથી થતો. મુશ્કેલીઓનો હસતા ચહેરે સામનો કર્યે જાય છે, તારી આ અડગતાનું રહસ્ય શું છે?'

તેણે જવાબ આપ્યો : 'પક્ષઘાત માત્ર મારા પગમાં થયો છે, મારા મસ્તિષ્કમાં નહીં.'

# ૧૭૫૦૦ વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર બાલ મંદિરના એક શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ

ડૉ. નાનક ભટ્ટ

બાળકોને પોતાનું સ્વતંત્ર અને આગવું વ્યક્તિત્વ હોય છે. બાળકને બધું જ પોતાની જાતે કરવું છે. જાતે કામ કરીને બાળક પોતે સ્વાવલંબી છે તે પણ તેને પુરવાર કરવું છે. બાલમંદિર હોય કે શાળા હોય કે પછી બાળકના પાલક હોય, પરંતુ સહુની ફરજ છે કે કુટુંબમાં બાળકને પૂરતી સ્વતંત્રતા આપવી. બાળકને સતત પ્રવૃત્તિશીલ રહેવાનું ગમે છે. પ્રવૃત્તિ દ્વારા બાળકની બુદ્ધિ શક્તિનો વિકાસ થાય છે. એટલું જ નહીં, પરંતુ તેના વડે હૃદયનો પણ વિકાસ થાય છે. આ હૃદયનું શિક્ષણ જ બાળકને માનવ બનાવે છે.

આજના નાના પરિવારમાં માતા પિતા પોતાના બાળક માટે પૂરતો પ્રેમ વ્યક્ત કરતા હોય છે. બજારમાં ઉપલબ્ધ મોંઘાદાટ રમકડાં કે વસ્તુઓ ખરીદીને પોતાનાં બાળકને આપતાં હોય છે. પરંતુ આવું કરવાને બદલે માતા પિતા જાતે જ કંઈક બનાવતા શીખે તો વધુ નક્કર પરિણામ જોવા મળશે. બાળકને પણ પોતાના માતા પિતા કંઈ શીખવાડે તે બહુ ગમે છે. આથી બાળકોનું મન અને બુદ્ધિનું એકાકીકરણ સધાય છે. પરિણામે બાળકમાં વધુ ઝડપથી નવું-નવું અપનાવવાની ક્ષમતા વિકસિત થાય છે.

બાળ માનસનાં આ પાયાનાં સિદ્ધાંતોને લક્ષમાં રાખી ભાવનગરથી શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે વર્ષ ૨૦૧૮ થી શ્રી મીનાબહેન હેમાણી જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્રનો પ્રારંભ થયો છે. પ્રત્યેક શનિવારે ૩૮-૪૦ બાળકો સાંજના ૫.૩૦ થી ૬.૩૦ એકત્ર થાય છે અને શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ તેમને વાર્ષિક આયોજન અનુસાર નિયત પ્રવૃત્તિ માટેનું મટીરિયલ અને તાલીમ આપે છે.

વર્ષ ૨૦૧૨માં શિશુવિહાર સંસ્થામાં ચાલતા બાળ શિક્ષક તાલીમ વર્ગમાં ડિપ્લોમાં કરનાર અને ત્યારબાદ સંસ્થાના બાલમંદિરમાં શિક્ષક અને હવે આચાર્ય તરીકે સેવાર્થી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા ૨૫૦ શનિવાર દરમિયાન ૮૧૩૪ વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ સાથે જોડવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ દરમિયાન (૧) જીવન કૌશલ્ય વિષયની ૩૫ તાલીમમાં ૯૦૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોને, (૨) કલાત્મક ગૃહ કાર્યની ૫૬ તાલીમમાં ૧૮૧૫ બાળકોને, (૩) હસ્ત કૌશલની ૪૪ તાલીમમાં ૧૩૯૮, (૪) પેપર ક્રાફટની ૬૧ તાલીમમાં ૧૯૫૮ બાળકો તેમજ (૫) સર્જનાત્મકતા અને ગૃહકાર્યની ૫૪ તાલીમો થકી કુલ ૮૧૩૪ બાળકોને જીવન કૌશલ્યનો પરિચય આપ્યો છે, જે નોંધનીય બને છે.

જીવન પર્યંત સર્જનશીલ રહેનાર શિશુવિહાર સંસ્થાના સ્થાપક સભ્યશ્રી હિરાબહેન ભટ્ટની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૦થી પ્રારંભાએલ સર્જનશીલતા તાલીમ અંતર્ગત છેલ્લા ૧૪ વર્ષમાં ૩૪૧૩ વિદ્યાર્થીઓ તાલીમબદ્ધ થયા છે જે નોંધનીય બને છે. માનવજીવનના આનંદ અસ્તિત્વમાં વધારો કરનાર કલાત્મક કૌશલ્યના વિસ્તાર માટેના સંસ્થાગત હેતુ માટે પ્રતિવર્ષ યોજાતા તાલીમ કાર્યક્રમો માટે પણ શ્રી પ્રીતિબહેન ભટ્ટની બાળ નિષ્ઠા શિક્ષકો માટે અનુકરણીય રહી છે. નવી શિક્ષણ નીતિમાં જ્યારે માતૃભાષા અને ભાર વિનાનાં મોજીલા શિક્ષણનો સાર્વત્રિક સ્વીકાર થયો છે. તેમજ સવિશેષ શિક્ષણ દ્વારા ૩૬૦ ડિગ્રી બાળવિકાસના સર્વાંગીણ હેતુ માટે સરકાર અને શાળા સંચાલકો હકારાત્મક બન્યા છે ત્યારે શ્રી પ્રીતિબહેન ભાવનગરની સેવા અને શિક્ષણ ભૂમિ શિશુવિહારથી છેલ્લા ૧૫ વર્ષમાં વાર્ષિક કાર્યક્રમ તરીકે યોજાયેલ વિષયલક્ષી તાલીમ અને તે દ્વારા તાલીમબદ્ધ ૩૪૧૩ વિદ્યાર્થીઓની ઉપલબ્ધિ પણ દફ્તર વિનાના શનિવારને પ્રફુલ્લિત કરવા માટે શિક્ષકનું પ્રેરણાદાયી યોગદાન બની રહે છે.

વર્ષ ૨૦૧૦થી ૨૦૨૫ દરમિયાન થર્મોકોલ કટીંગ તાલીમ, ભૌમિતિક ચિત્ર તાલીમ, ફૂલદાની નિર્માણ તાલીમ, હેન્ગિંગ બાસ્કેટ તાલીમ, રંગ આકૃતિ મિશ્રણ તાલીમ, બ્યુટી એસેસરી તૈયાર કરવાની તાલીમ, ભાતીગળ ચિત્ર તાલીમ, એમ્બ્રોયટરી તાલીમ, ઓરીગામી, પ્લાસ્ટિક વેસ્ટનો સર્જનાત્મક ઉપયોગ, સૌંદર્ય પ્રસાધન તાલીમ પ્રકારે ૧૪ જીવન કૌશલ્ય કેળવણીમાં કુલ ૩૪૧૩ વિદ્યાર્થીઓ સહભાગી થયા છે.

શિક્ષક પોતાનામાં સામાન્ય હોતો નથી. તે ઉક્તિ માત્ર શિક્ષકના અહમને પોષણ આપનારથી શિક્ષક જયારે સમાજ પરિવર્તનનું માધ્યમ બને છે ત્યારે શિક્ષક થકી વિદ્યાર્થીઓમાં રોપાયેલ સર્જનશીલતાનું બીજ વૃક્ષ બને છે.

શિશુવિહાર સંસ્થાના તાલીમી શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા વર્ષ ૨૦૧૨થી ૨૦૨૩ દરમિયાન ભાવનગર શહેરની ૩૧૪ આંગણવાડીના શિક્ષકોને શૈક્ષણિક સાધનની તાલીમ, બાળવિકાસ આનુષાંગિક મોન્ટેસરી તાલીમ, બાળવાર્તા, જોડકણાં, ગીત, પપેટ્સ તાલીમ, ફર્સ્ટ ઍઈડ તાલીમ, બાળ અભિનય ગીત તાલીમ, મૂળાક્ષર, રંગ, આકાર અભિવ્યક્તિ તાલીમ, ક્રાફટ ટ્રેનિંગ, આંગણવાડી સંચાલન અને બાળ શિક્ષણની સાધન સાથે તાલીમ આપી ૬૦૦૦ બાળ શિક્ષકોને લાભાન્વિત કર્યા છે. બાલમંદિરના એક શિક્ષકનું જીવન શિક્ષણ તાલીમ માટેનું વૈયક્તિક પ્રદાન બાળ વિકાસના હેતુને સુદ્રઢ કરનાર બને છે. જે મોજીલા અને ભાર વિનાના શિક્ષણની પ્રસ્તુતિ કરતી નવી શિક્ષણ નીતિ માટે ઉદાહરણ રૂપ બને છે.

*મો. ૯૯૯૮૪ ૬૩૪૮૯*

# તાત્કાલિક સારવાર : 24 x 7 Emergency

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

*ભૂલી જાઓ તમે એને એ સારું છે 'કમલ'*
*બાકી બીજો કોઈ વિકલ્પ કે ઉપચાર નથી.*

આપણો ભારત દેશ, ૧૩૦ કરોડ ઉપરાંત વસ્તી, અલગ અલગ ભાષાઓ, ૩૦ ઉપરાંત રાજ્યો, લોકસભા રાજ્યસભા ને વિધાનસભાઓ - આટલી મોટી વસ્તીમાં બીમારીનું પ્રમાણ ખૂબ છે. જ્યારે આ લેખનો વિચાર આવ્યો ત્યારે આશ્ચર્ય સાથે ગુસ્સાનું પ્રમાણ પણ લોહીમાં દોડી રહ્યું છે. કારણ? દેશના નાનામાં નાના ખૂણાએ તાત્કાલિક સારવાર (24 x 7) ના પાટિયા લાગ્યા છે. આપણે એટલા બધા પાંગળા ને અશક્ત બની ગયા છીએ કે આપણને નાનામાં નાની બિમારી માટે મેડિકલ સારવારની જરૂર પડે છે.

હવે જોઈએ શરીરમાં ઉપરથી નીચે સુધી કયા કયા કારણોસર ઈમરજન્સી વિભાગની જરૂર પડે છે : ★ મગજમાં ભાન ગુમાવવું, ખેંચો આવવી, ખોટો બબડાટ કરવો, અંગ રહી જવું, આંખે અચાનક રોશની જતી રહેવી – કારણો મુખ્ય છે તો ★ ફેફસા અને હૃદય માટે : અચાનક શ્વાસ ચડવો, ગભરામણ થવી, છાતીમાં અસહ્ય દુ:ખાવો; ★ પેટમાં અસહ્ય દુ:ખાવો, પેશાબ અટકી જવો, ઝાડા-ઉલટી થવા, ★ પગમાં ન સહન થાય એવો દુ:ખાવો, શરીર ખેંચાવું, એકદમ તાવ ચડી જવો, ચક્કર આવી પડી જવું - વગેરે કારણો હોઈ શકે. ★ અકસ્માતના કેસોમાં (બેફામ ડ્રાઈવિંગ) હાડકાં ભાંગવા, શરીર લકવાગ્રસ્ત બનવું, ગરમ પાણી કે આગથી દાઝી જવું ★ મારામારીના કેસોમાં, માથામાંથી બ્લડ નીકળવું, નાકમાંથી નસકોરી ફૂટવી.

તાત્કાલિક સારવાર માટે પ્રત્યેક રાજ્યમાં ૧૦૮, એમ્બ્યુલન્સની સેવાઓ મળે છે. જે તમને ઘરેથી નજીકની હોસ્પિટલમાં લઈ જાય છે. ખોટા કોલ માટે દંડની જોગવાઈ છે. હવે વાત કરીએ ગલીએ ગલીએ ઈમરજન્સી સારવારના બોર્ડ ને મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલોની. દુ:ખ સાથે કહેવું પડે છે, આ પ્રકારની હોસ્પિટલોમાં ઈમરજન્સી સારવારના નામે ક્યાંક લૂંટ ચલાવવામાં આવે છે. દર્દીઓ અને એના સગાઓ પણ નાની નાની બાબતો માટે બાટલા ને ઈંજેક્શનોની માગણીઓ કરે છે. પરદેશમાં આ પ્રકારની સેવાઓ ખાનગી હોસ્પિટલોમાં જોવા મળતી નથી. ત્યારે કહેવાનું મન થાય છે કે :

*પૂછ લેતે તો બસ મિજાજ મેરા,*
*કિતના આસાન થા ઈલાજ મેરા.*

હવે અગત્યની બે બાબતો - તાત્કાલિક સારવારમાં જીવન મરણ કે અપંગતાનો પ્રશ્ન ક્યાં આવે છે? (૧) હૃદયરોગ (૨) બ્રેઈન સ્ટ્રોક. બંને પ્રશ્નોમાં પ્રથમ ૨ થી ૩ કલાક - ૧૨૦ થી ૧૮૦ મિનિટ અગત્યની છે. કેમ? બંને પ્રશ્નોમાં લોહી જામી જવાથી, હૃદયના સ્નાયુ કે મગજના કોષોને લોહી મળતું અટકી જાય એટલે તેના કોષો મરવા માંડે. ઉપરોક્ત સમયને Window Period કહેવામાં આવે છે જેમાં તાત્કાલિક સારવારથી લોહીનો ગઠ્ઠો જે જેલી સ્વરૂપમાં હોય છે તે ઓગળવા માંડે છે. આથી હૃદયના સ્નાયુ કે મગજમાં કોષો નિર્જીવ થતા અટકી જાય છે. જેના કારણે, તે પછીનું જીવન તંદુરસ્ત જીવી શકાય છે. આજ કારણે હૃદયનું પંમ્પીગ EF - તથા મગજમાં કોષો કાર્યથી રહેવાને કારણે, સમયસર સારવારથી લકવાગ્રસ્ત શરીર રહેતું નથી. જે આજના મેડિસીનની અસરકારક શોધ છે. હા, ખર્ચાળ છે પરંતુ તમારા મેડિકલ ઈન્સ્યુરન્સમાં કવર થાય છે. સ્પર્ધાના જમાનામાં સમયસર, મોટી હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં પહોંચી જવાથી, કાર્ડિયોલોજી યુનિટ તથા ન્યુરોલોજીકલ યુનિટ, ઓન કોલ સેવામાં હાજર થઈ જાય છે. એટલે તો કહેવાય છે ને કે,

*નશા દૌલત કા નહીં કામિયાબી કા રખો,*
*જીદ મહોબ્બત કી નહીં મંજીલ કી રખો.*

હવે અગત્યની વાત : ઠેર ઠેર તાત્કાલિક સારવાર બોર્ડ કેમ લાગેલા છે? કારણ આપણે સુધરવાના નથી. આપણે નમાલા છીએ, માયકાંગલા છીએ, ગમે તે ખોરાક, ગમે ત્યારે, ગમે ત્યાંથી ખાવાના શોખીન થઈ ગયા છીએ. આપણે નાની નાની રજાઓમાં પર્યટનના સ્થળો શોધીએ છીએ, બીમારીને આમંત્રણ મળે તેવા બધા જ કામો કરીએ છીએ. પૈસા કમાવવા ટૂંકા રસ્તા શોધીએ છીએ. પછી સ્ટ્રેસ આવે છે, જેને હેન્ડ કરવાની આપણી ક્ષમતા જતી રહી છે. ખોટા રસ્તે રૂપિયા કમાઈએ છીએ, તો ખોટા રસ્તે વપરાઈ જાય છે. આપણું બેઠાડું જીવન, વાતવાતમાં ગુસ્સો, નવી પેઢી કમાઈ તો જાણે છે પરંતુ બેફિકરાઈવાળી, શોર્ટ ટેમ્પરવાળી, તારે શું? વાળી થઈ ગઈ છે. નુકસાન તેને એકલાને નથી, મા-બાપને, સગાવહાલાઓને, સમાજને અને દેશને છે. છોને લાભ લેતા પેલા 24 x 7 ઈમરજન્સીના પાટિયા લગાડેલી હોસ્પિટલોને, તેઓ તો તૈયાર બેઠા છે, સમજવાનું આપણે છે. ત્યારે કહેવાનું મન થાય છે કે :

*પોતે તબીબ છું પણ મારો ઈલાજ ક્યાંથી?*
*વર્ષોથી સંઘરેલા પેલા રોગો મને ગમે છે.*

# ગૌરવવંતી ભાષા એટલે આપણી માતૃભાષા ગુજરાતી

મનીષ જોષી 'મૌન'

## ખાખરાની ખિસકોલી આંબાનો રસ શું જાણે?

દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા પર ગૌરવ હોવું જ જોઈએ અને તેની ગરિમા જળવાવી જ જોઈએ. એમ કહેવાય છે કે માનવી ગમે તેટલી ભાષા બોલતા શીખી જાય પરંતુ તે ઊંઘમાં હોય ત્યારે તેના પર હુમલો થાય ત્યારે જે ભાષાના શબ્દો તેના હોઠ પરથી સરી પડે તે તેની માતૃભાષા હોય.

ગુજરાતી મીઠી ભાષા છે. બાર ગાઉએ બોલી (ઉચ્ચારણ) બદલાય, પરંતુ ગુજરાતી ભાષા મીઠેરી જ રહેશે. ગૌરવવંતા ગુજરાતીઓ જ્યારે ગૂગ્લિશ બોલે ત્યારે 'ખાખરાની ખિસકોલી આંબાનો રસ શું જાણે?' એ ઉક્તિ યાદ આવી જાય અને અકળામણ પણ થાય.

ગત સપ્તાહે કોઈ વિદ્વજને વોટ્સએપ પર ગુજરાતી ભાષાના વાક્યો પોસ્ટ કર્યા હતા. તે પોસ્ટમાં થોડી લાપરવાહીથી લખાયેલા વાક્યોથી સર્જાતા છબરડા અને નિષ્પન્ન થતું હાસ્ય, ગુજરાતી ભાષાને પ્રેમ કરવાનું મન કરાવી દે તેવું હતું. ગુજરાતી ભાષા પ્રત્યે મુઠી ઉંચેરૂ માન મનમાં થઈ આવે છે. આવો, એ વાક્યોને આપણે પણ માણીએ.....

★ "સુલભ શૌચાલય"નું નામ ગુજરાતીમાં લખીએ તો "ત્યાગ ભવન" લખી શકાય ને?

પ્રવાહી ત્યાગનો ૧ રૂપિયો, ઘન ત્યાગના ૫ રૂપિયા.

★ ગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષાને યોગ્ય રીતે નહીં ભણનાર એક યુવકની સગાઈ તૂટી ગઈ.. કારણ તેને મંગેતરને લખવું હતું... "શું કોમળ છે તારું દિલ!" પણ બે શબ્દો વચ્ચે ક્યાં જગ્યા છોડવી તેની સભાનતા ન હોવાથી તેનાથી એ જ વાક્ય આ રીતે લખાઈ ગયું :

"સુકો મળ છે તારું દિલ!"

આમ ખોટી જગ્યાએ સ્પેસ છોડવાથી સગાઈ તૂટી જાય છે તેનું બ્રહ્મજ્ઞાન થયું.

★ દાંપત્ય જીવનની મીઠી વાતમાં પણ આવું જ થયું.

સાંજે જમવા પતિ બેઠો અને પત્નીને કહ્યું : "જાડી રોટલી બનાવ..."

એમાં તો બંને વચ્ચે ડખો થઈ ગયો.

★ એક દવાખાનાની દીવાલ પર "બે ટીપા રસી ના" લખાવવાનું હતું. પણ રંગારાએ ચિતરી નાખ્યું : "બેટી પારસી ના"

આવા તો અનેક વાક્ય આપના નજરમાં ચડશે જો ધ્યાનથી ગુજરાતી ભાષા વાંચશો કે લખશો નહીં તો...

ગુજરાતી હોવાનું ગૌરવ ભૂલનાર બીજા કોઈ હશે પરંતુ ગુજરાતી તો નહીં જ હોય..

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ* : *maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

---

### કચ્છીયતના પ્રતીક : લેફ. કર્નલ જીલુભા જાડેજા

*(અનુસંધાન : પાના નં. – ૮૧ ઉપરથી ચાલુ)*

ગ્રામકુળ અનૌપચારિક રીતે ૧૯૬૩ અને વિધિવત્ ૧૯૭૨થી શરૂ થયેલું. તેની સાથે તેઓ ૧૯૬૭-૬૮થી પરિચયમાં આવ્યા. ગામનાં સામાજિક, તબીબી, શૈક્ષણિક, બંધપાળા સહિત ગ્રામવિકાસનાં અનેક કાર્યોમાં સક્રિય રસ લેતા. શ્રી સંઘ અને રેડક્રોસ સોસાયટીના પ્રમુખ પણ રહેલા. વડોદરા નિવાસ દરમિયાન રતાડિયાનાં કાર્યો માટે જરૂરી દાન મેળવી આપતા.

વીઆરટીઆઈ (માંડવી) અને ભોજાય હોસ્પિટલમાં પણ રસ લેતા. ૨૦૦૧ના વિનાશક ધરતીકંપ વખતે બનતી સહાય અપાવી હતી અને કરી પણ હતી. રતાડિયા ગામને અને જીલુભા બાપુને પરસ્પર પ્રેમાદર હતા. ગામમાં બંધાયેલા ડઝનેક બંધપાળા (ચેક ડેમ)માં પણ એમનું મોટું યોગદાન રહેલું છે. અહીંના એક મોટા ડેમને એમનું નામ અપાયું છે. આવા વતનસેવી અને નિષ્કામ કર્મયોગી લેફ. કર્નલ જીલુભા જાડેજાનું ૧૨મી ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ અવસાન થયું. એમના ત્રણ સુપુત્રોમાં હરશ્યામસિંહ ઈજનેર છે. હરદેવસિંહ અખિલ ભારત ફૂટબોલ મંડળના પ્રમુખ રહ્યા હતા તથા હરદત્તસિંહ કૃષિ સ્નાતક છે અને વીરમગામના ધારાસભ્ય રહી ચૂક્યા છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

# કચ્છીયતના પ્રતીક : લેફ. કર્નલ જીલુભા જાડેજા

ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છ શરૂથી જ ભાગ્યશાળી રહ્યું છે કે તેને સમયાંતરે પાયાના રચનાત્મક કાર્યકરો સાંપડતા રહ્યા છે. જે તે ગ્રામપ્રદેશોમાં ખૂંપી જઈને તેઓએ બુનિયાદી કાર્ય કર્યું છે. સમગ્ર કચ્છમાં 'કર્નલ જીલુભા બાપુ' તરીકે જાણીતા આપણા આ વતનપ્રેમી કર્મશીલ અને કચ્છના વિકાસદષ્ટાનો પણ તેમાં સમાવેશ થાય છે. આ મહિને તા. ૨૭-૪ના આવતી ૧૧૨મી જન્મજયંતી પ્રસંગે એમને યાદ કરીએ

કચ્છમાં મુંદ્રા તાલુકાના રતાડિયા (ગણેશ) ગામની 'રચનાત્મક ત્રિપુટી' એટલે ડૉ. ચંદ્ર જોશી (૧૯૩૨-૧૯૮૯), મોંઘીબહેન મ્યાત્રા અને ત્રીજા તે જીલુભા જાડેજા! ગાંધીપ્રેરિત સર્વોદય પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય તથા ગ્રામસેવાના સુંદર સંકુલ 'શ્રી સંઘ ચેતન ગ્રામકુળ'ના વિકાસમાં એમના સહયોગ અને પ્રદાન નોંધપાત્ર રહ્યાં છે.

## • લશ્કર અને વિદ્યુતબોર્ડમાં

કચ્છીયતના પ્રતીક અને પ્રગતિશીલ કર્મયોગી એવા લેફટેનન્ટ કર્નલ જીલુભાભાઈ મોમાયજી જાડેજાનો જન્મ ૨૭મી એપ્રિલ, ૧૯૧૪ના રતાડિયા મધ્યે થયો હતો. પિતા ગામના તિલાટ (મુખી) હતા. એમનું ભણતર મોસાળ (સૌરાષ્ટ્ર)માં થયું અને વધુ શિક્ષણ લીંબડી છાત્રાલય (જિ. સુરેન્દ્રનગર)માં લીધેલું. એમની નિપુણતા જોઈને લીંબડીના ઠાકોરસાહેબે એમને ઉચ્ચ અભ્યાસાર્થે લંડન (ઇંગ્લેન્ડ) મોકલ્યા, જ્યાં તેમણે વિદ્યુત ઈજનેર (ઇલેક્ટ્રિકલ એન્જિનિયર)ની પદવી મેળવી.

લંડનથી પરત આવ્યા બાદ લગભગ છ મહિના ભુજમાં કામ કરેલું. તે પછી રાષ્ટ્રભક્તિ અને સમર્પણની ભાવનાથી સશસ્ત્ર દળોની ત્રણ પાંખો પૈકી ભૂમિદળ (આર્મિ)માં જોડાયા. તેમાં પોતાની કામગીરીમાં બઢતી પામતા જઈ સેનામાં 'લેફટેનન્ટ કર્નલ'ના ઉચ્ચ પદે પહોંચ્યા હતા. (લશ્કરી અફસરોના દસ ઉચ્ચ હોદ્દાઓમાં ચડતા ક્રમે આ પાંચમો હોદ્દો છે). સેનામાંથી નિવૃત્તિ બાદ થોડો સમય સંયુક્ત મુંબઈ પ્રાંતમાં કામ કરેલું.

૧૯૬૦માં ગુજરાત રાજ્યનો નવોદય થયો ત્યારે અધ્યક્ષ એચ. એમ. પટેલ (૧૯૦૪-૧૯૯૩)ના આગ્રહથી તેઓ ગુજરાત વિદ્યુત બૉર્ડ (GEB)ની સહાયમાં જોડાયા. વડોદરા ખાતેની વડી કચેરીમાં મુખ્ય ઇજનેર (સાધનસામગ્રી) – ચીફ એન્જિનિયર (મટીરિયલ્સ)ના હોદ્દા પર રહી બૉર્ડના માલસામાન (સ્ટોર્સ) વિભાગના મુખ્ય વડા બન્યા હતા. એમની પ્રામાણિકતા અને કાર્યદક્ષતાથી પરીચિત શ્રી પટેલે એમને ખાસ પસંદ કરી આ પદે વરણી કરી હતી. આણંદ જિલ્લામાં આવેલ 'ધુવારણ થર્મલ પાવર હાઉસ'ના નિર્માણમાં પણ એમનો સારો ફાળો હતો. ૧૯૭૪માં તેઓ જીઈબીમાંથી નિવૃત્ત થયા.

## • નર્મદાનાં નીર અને કચ્છ

૫મી એપ્રિલ, ૧૯૬૧ના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ (૧૮૮૯-૧૯૬૪)એ નવાગામ (જિ.નર્મદા) ખાતે નર્મદા બંધનું ખાતમુહૂર્ત કરેલું. તે પ્રસંગે જીલુભા જાડેજા પણ ઉપસ્થિત હતા. તે વખતે લંડનકાળના જૂના મિત્ર, ત્યારે કેન્દ્રીય જળ પંચ (સેન્ટ્રલ વૉટર કમિશન)ના સભ્ય અને પાછળથી કેન્દ્રીય સિંચાઈપ્રધાન બનેલા ડૉ. કે. એલ. રાવ (૧૯૦૨-૧૯૮૬) નો ભેટો થયો.

એમણે પાછળથી દિલ્હીમાં જીલુભાને ખોસલા પંચની મૂળ ભલામણોથી અવગત કરાવ્યા. તે પરથી આ યોજનાના સ્વપ્નદષ્ટા ભાઈલાલભાઈ પટેલ ઉર્ફે ભાઈકાકા (૧૮૮૮ - ૧૯૭૦) એચ. એમ. પટેલ (૧૯૦૪-૧૯૯૩), કર્નલ જીલુભા આદિ મિત્રવર્તુળ તથા ગુજરાતની રાજકીય ધરી દ્વારા તે યોજના 'સરદાર સરોવર બંધ'ના વર્તમાન સ્વરૂપે સિધ્ધ કરવા સફળ પુરૂષાર્થ કરાયો. આમ, નર્મદાનાં નીર કચ્છમાં ઉતારવા એમણે ખૂબ મહેનત કરી હતી.

તે પછી ગુજરાતમાં જનતા મોરચાના શાસન (૧૯૭૫-૭૬) વખતે યોજનાના પાણી વિતરણ સંબંધે કચ્છને અન્યાયકર્તા નિર્ણય લેવાયો ત્યારે જીલુભા બાપુ આ પ્રશ્ને આગળ આવ્યા અને વતનપ્રેમી કર્મશીલોને સાથે રાખી 'કચ્છ જળસંકટ નિવારણ સમિતિ' ની રચના કરી અને તેના નેજા તળે ચળવળ ચલાવી. જીવનના અંત લગી તેઓ કચ્છ માટે આ બાબતે ન્યાય મેળવવા સતત પ્રયાસરત રહ્યા.

## • સ્થાનિક સેવાઓની સુવાસ

આ દરમિયાન જાડેજાસાહેબે વતન રતાડિયા સાથે પણ સંપર્ક અને ઘરોબો જાળવી રાખ્યા. સ્થાનિકે શ્રી સંઘ – ચેતન

*(અનુસંધાન : જુઓ પાના નં. – ૮૦ ઉપર)*

# ફીટની બીમારી : ભાગ-૫ : સારવાર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

● **સારવારનો હેતુ :**

ફીટની બીમારીમાં સારવારનો હેતુ હોય છે કે ફીટના હુમલાઓ સદંતર બંધ થઈ જાય. દરેક ફીટના હુમલામાં મગજના જ્ઞાનતંતુઓમાં નુકસાન થાય છે. જો ફીટ સદંતર બંધ થઈ જાય તો જ્ઞાનતંતુઓમાં આ નુકસાન ન થાય. જેથી ભવિષ્યમાં ફીટની બીમારીના હુમલાથી થતા અલ્ઝાઈમર જેવા રોગની શક્યતા ઓછી થઈ જાય.

ફીટની બીમારીની સારવાર બે તબક્કામાં થાય છે : (૧) હુમલો આવ્યો હોય ત્યારે, (૨) બે હુમલાની વચ્ચેના સમયમાં.

## (૧) ફીટનો હુમલો આવ્યો હોય ત્યારે

ફીટનો હુમલો આપમેળે અટકી જાય છે, પૂરો થઈ જાય છે (Self-limiting)

ફીટના હુમલામાં મગજના ક્ષતિગ્રસ્ત જ્ઞાનતંતુઓ - ન્યુરોનમાંથી અનિયમિત સંદેશાઓ મોકલાય છે. આ અનિયમિત સંદેશાઓ મગજના બીજા અવયવોના કાર્યો પર અસર કરે છે. મગજના જે ભાગમાંથી આ મોજા ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે દર્દીમાં લક્ષણો જોવા મળે છે.

આ અનિયમિત સંદેશાઓ જ્યારે બીજા લૉબમાં ફેલાય છે ત્યારે દર્દી બેશુદ્ધ થાય છે. થોડા સમય (૧૫થી ૩૦ મિનિટ) બાદ આ અનિયંત્રિત સંદેશાઓ પોતાની મેળે બંધ થઈ જાય છે. આથી મગજના બધા ન્યુરોન પોતાની નોર્મલ સ્થિતિમાં આવે છે અને પૂર્વવત પોતાનું કામ કરે છે. આ તબક્કામાં દર્દી ધીમે ધીમે શુધ્ધિમાં આવે છે.

ફીટના હુમલા વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

૧. ફીટનો હુમલો પોતાની મેળે બંધ થઈ જશે. એટલે ડરવાની કે પેનિક થવાની જરૂર નથી.

૨. એક વખત ફીટનો હુમલો શરૂ થાય તો એ હુમલો આપણે અટકાવી શકતા નથી. આપણે એનો સમય ઘટાડી શકતા નથી.

૩. ફીટનો હુમલો હોય ત્યારે દર્દીને સલામત રીતે જમીન પર સુવડાવી દેવો. જેથી કંઈ વાગે નહીં, લોહી ન નીકળે, ફ્રેક્ચર ન થાય.

૪. દર્દી જ્યારે બેશુદ્ધ અવસ્થામાં હોય ત્યારે મહત્ત્વનો મુદ્દો એ છે કે એ શ્વાસોચ્છ્વાસ કરે. આજુબાજુના લોકો એને ઘેરે નહીં. જેથી શ્વાસ લેવામાં દર્દીને તકલીફ ન થાય.

૫. જો શક્ય થાય તો દર્દીને એક બાજુ પર સુવડાવી, ગરદનને થોડીક કરોડરજ્જુ તરફ ઢળતી રાખવી. જેથી દર્દી વ્યવસ્થિત રીતે શ્વાસ લઈ શકે.

બેશુદ્ધ અવસ્થામાં જીભ પાછળ ખેંચાય છે અને જો શ્વાસનળી પર આવે તો દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. ઉપરોક્ત પ્રમાણે શરીર રાખવાથી જીભ સાઈડમાં જાય છે તથા શ્વાસોચ્છ્વાસનો રસ્તો ખુલ્લો રહે છે. તથા મોઢાની લાળ જો આવે તો પણ બહાર નીકળી જાય છે. અંદર શ્વાસનથી તરફ જતી નથી.

૬. દર્દી જ્યારે બેશુદ્ધ હોય ત્યારે જોડા કે કાંદા કે અન્ય વસ્તુ સુંઘાડવી નહીં. એક તો એનાથી દર્દી જલ્દી શુદ્ધિ પર આવતો નથી અને બીજું, ઘણી વખત દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

૭. ફીટના હુમલામાં દર્દી બેશુદ્ધપણામાંથી અર્ધજાગૃત અવસ્થામાં પહેલા આવે છે. થોડા સમય બાદ દર્દી સંપૂર્ણ શુદ્ધિમાં આવે છે. અર્ધજાગૃત અવસ્થામાં આંખો ખુલ્લી હોય છે પણ મગજના જ્ઞાનતંતુઓ સંપૂર્ણપણે પોતાના કાર્યો કરી શકતા નથી. આ અવસ્થામાં દર્દી સમજવાની પરિસ્થિતિમાં રહેતો નથી.

દર્દી પૂર્ણ શુદ્ધિમાં આવે પછી જ એની સાથે વાતચીત કરી શકાય.

૮. દર્દી પૂર્ણપણે શુદ્ધિમાં આવે પછી એના નજીકના કુટુંબીજનોનો સંપર્ક કરી દર્દીની માહિતી આપવી જોઈએ.

૯. ફીટની બીમારીના દરેક દર્દીએ પોતાની સાથે ઓળખપત્ર (આઈડેન્ટીટી કાર્ડ) રાખવું અગત્યનું છે. આ ઓળખપત્રમાં નજીકના કુટુંબીજનોના કોન્ટેક્ટ નંબર હોય તો એમનો સંપર્ક સાધી શકાય.

૧૦. શરીર પર ઘા લાગ્યો હોય કે અન્ય મેડિકલ પરીસ્થિતિ થઈ હોય (હુમલાને લીધે) તો યોગ્ય ફર્સ્ટ ઍઇડ અથવા નજીકની હોસ્પિટલમાં ખસેડવા જરૂરી છે.

## (૨) ફીટના બે હુમલાની વચ્ચેના સમયમાં સારવાર

● **હેતુ :**

આ તબક્કાની સારવારનો હેતુ હોય છે કે ફીટના હુમલાઓ સદંતર બંધ થઈ જાય તથા એ વ્યક્તિ પોતાની ક્ષમતા પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

- **સાઈકોએજ્યુકેશન**

સારવારનો આ પ્રથમ તથા મહત્ત્વનો તબક્કો છે. આ તબક્કામાં નિદાન થયા બાદ દર્દીની બીમારી (ફીટ - એપિલેપ્સી) વિશે વૈદ્યકીય તથા ખાસ કરીને મનોવૈજ્ઞાનિક બાજુ વિશે દર્દીને તથા નજીકના કુટુંબીજનોને વૈજ્ઞાનિક માહિતી અપાય છે. સાથે ફીટ વિશેની ગેરસમજ દૂર કરાય છે. આ માહિતી સાદી સરળ ભાષામાં તેઓ સમજી શકે એ રીતે અપાય છે તથા બીમારી વિશેના પ્રશ્નોનું નિરાકરણ અપાય છે.

આ મહત્ત્વનો તબક્કો છે જેમાં "ડૉક્ટર અને દર્દી વચ્ચેનો સંબંધ સ્થાપિત થાય છે. આ સંબંધ વિશ્વાસ, ભરોસો તથા સમભાવ પર આધાર રાખે છે. જે સારવાર માટે ખૂબ અગત્યનું છે."

આ તબક્કામાં નીચેના મુદ્દાઓ આવરી લેવાય છે.

૧. ફીટ એક બ્રેઈનની બીમારી છે. જેમાં જ્ઞાનતંતુમાં ફેરફારો થાય છે. અન્ય ડાયાબિટીસની બીમારી જેવી બીમારી છે.

૨. ફીટની બીમારી થવામાં દર્દીની કોઈ ભૂલ નથી.

૩. કોઈ ભૂત, પિશાચ કે બહારની કોઈ અસર નથી.

૪. મેડિકલ સારવારથી ફીટ કાબૂમાં આવે છે તથા દર્દી પોતાની ક્ષમતા પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

૫. જીવનશૈલી નિયમિત બનાવવી જરૂરી છે : (અ) નિયમિત પોતાના સમયે ખોરાક લેવો જોઈએ. લાંબો સમય ભૂખ્યા રહેવાથી ફીટ આવવાની શક્યતા વધી જાય છે. (બ) સમયસર સપ્રમાણ ઊંઘવું જરૂરી છે. અનિદ્રા - મોડા સૂવાથી પણ ફીટનું પ્રમાણ વધી જાય છે.

૬. માનસિક સ્ટ્રેસ વખતે ફીટના હુમલા વધી જાય છે.

૭. અન્ય બીમારી જેવી કે તાવ આવવાથી પણ ફીટ આવવાની શક્યતા વધી જાય છે. તાવ આવે તો આ દર્દીએ તાવની સારવાર ત્વરીત કરવી જોઈએ.

૮. શરીરમાં પાણી ઓછું ન થવું જોઈએ.

૯. ફીટ પ્રતિરોધક દવાઓ નિયમિત લેવી જોઈએ. દવાનો એકપણ ડોઝ ભૂલાઈ ન જવો જોઈએ.

૧૦. સ્ત્રીઓમાં માસિક આવવા વખતે થતા હોર્મોનલ ફેરફારોને લીધે ફીટ આવવાની શક્યતા વધી જાય છે. આ દર્દીઓએ માસિક વખતે દવાની માત્રામાં ફેરફારો કરવા જરૂરી છે.

૧૧. ફીટની ડાયરી એપિલેપ્ટીક ડાયરીની નોંધ નિયમિત રાખવી જરૂરી છે.

***ફીટની ડાયરી તથા અન્ય સારવારો વિશે આવતા લેખમાં જાણકારી મેળવીશું.*** ***(ક્રમશઃ)***

## કોઇના વિશે અભિપ્રાય બાંધતા પહેલા

ટ્રેઈન સડસડાટ દોડી રહી હતી.

બારી પાસે બેઠો હતો એક ત્રીસ વર્ષનો યુવાન અને એની બાજુમાં એક વૃદ્ધ.

બારીની બહાર પસાર થતી સુંદર દશ્યાવલિ જોઈને યુવાન બાળકની જેમ હરખાતો હતો અને વારંવાર બહાર આંગળી ચીંધીને પેલા વૃદ્ધને બતાવ્યા કરતો હતો.

આજુબાજુના મુસાફરોમાં ગુસપુસ થવા લાગી. નવપરિણિત ધીમંતે તેની પત્નીના કાનમાં કહ્યું, 'મંદ બુદ્ધિનો લાગે છે.'

થોડીવારમાં વરસાદ વરસવા લાગ્યો. યુવાન તો ગાંડોઘેલો થઇને બારીમાંથી આવતી વાછંટ ઝીલવા લાગ્યો.

ધીમંતની નવોઢાની સાડી ભીની થવા લાગી. તે અકળાઈ ગઈ. ધીમંતે વૃદ્ધ તરફ જોઈને કહ્યું, 'તમારો દીકરો મંદ બુદ્ધિનો હોય તેમાં બીજા હેરાન થાય છે તે નથી દેખાતું? બારી બંધ કરી દો.' યુવાનનો ચહેરો પડી ગયો. વૃદ્ધે જવાબ આપ્યો, 'ભાઈ, મારો પુત્ર મંદ બુદ્ધિનો નથી. તે જન્મથી અંધ હતો. ગયા અઠવાડિયે જ તેની આંખનું ઑપરેશન થયું છે અને તેને દષ્ટિ મળી છે. અમે ત્યાંથી જ ઘરે પાછા ફરી રહ્યા છીએ. આ કુદરતી સૌંદર્ય તે જીવનમાં પહેલીવાર જોઈ રહ્યો છે. તેથી તેની ખુશી સમાતી નથી.'

***– કોઈના વિશે અભિપ્રાય બાંધતા પહેલાં સિક્કાની બંને બાજુ ચકાસી લો. ક્યાંક એવું ના બને કે તમે તમારી જાત સમક્ષ જ શરમિંદા બની જાવ.***

## મનની વૃત્તિ

તમે જેટલું વધુ બીજાને આપશો, તેટલું વધુ તમે પામશો.
તમે જેટલા વધુ હસશો, તેટલાં તમે ઓછાં દુઃખી થશો.

તમે જેટલું વધુ નિઃસ્વાર્થપણે કામ કરશો
તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.

તમે જેટલું વધુ વહેંચશો
તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.

તમે જેટલું વધુ ચાહશો
તેટલી વધુ તમને જિંદગી સ–રસ લાગશે.

જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે
દિવસે દિવસે આપણે પામીએ છીએ.

***– હેલન સ્ટીનર રાઇસ***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# ૨ એપ્રિલ : વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ

ડૉ. મિહિર એમ. વોરા

દર વર્ષે ૨ એપ્રિલે, સમગ્ર વિશ્વમાં ''વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ'' ઉજવવામાં આવે છે. ઓટીઝમ અથવા ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર એટલે કે ASD – એ મગજનો રોગ છે.

ઓટીઝમ ઉપર આધારિત મુખ્ય હિંદી ફિલ્મોમાં પ્રિયંકા ચોપરા અભિનીત 'બરફી' અને શાહરૂખ ખાનની 'માય નેમ ઈઝ ખાન' જાણીતી છે. આ ઉપરાંત 'તારે ઝમીં પર' ડિસ્લેક્સિયા પર આધારિત છે જે પણ શીખવાની વિકલાંગતાને સમજાવે છે. 'હમ ભી અકેલે તુમ ભી અકેલે' આ ફિલ્મમાં પણ ઓટીઝમ સ્પેક્ટ્રમનો વિષય છે.

આ રોગ મોટેભાગે બાળકોમાં જોવા મળે છે. સાથે જ તેની ખબર પડવી પણ અઘરી છે. જો કોઈ બેથી ત્રણ વર્ષનું બાળક હોય તો તેનામાં આ રોગના લક્ષણો જલ્દી જોવા મળતા નથી.

યુનાઈટેડ નેશન્સ જર્નલ એસેમ્બલીએ ૧ નવેમ્બર ૨૦૦૭ના રોજ વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ મનાવવા માટેનો ઠરાવ પસાર કર્યો હતો. તેને ૧૮ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ એસેમ્બલી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

આ વખતે ૨૦૨૬ માટે, વિશ્વ ઓટીઝમ દિવસની થીમ છે : ''સેલિબ્રેટ ડિફરન્સ'', ''ટુ કલર્સ'' અને ''ઇટ્સ હાઉ યુ શો અપ'' શામેલ છે. જાગૃતિથી આગળ વધીને કાર્યક્ષમ સ્વીકૃતિ તરફ આગળ વધવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ એ સંયુક્ત રાષ્ટ્ર (યુએન) દ્વારા નિયુક્ત સાત સત્તાવાર આરોગ્ય વિશેષ દિવસોમાંનો એક છે, જે વાર્ષિક ધોરણે મનાવવામાં આવે છે. આ દિવસ વિશ્વભરની ઓટીઝમ સંસ્થાઓને પણ સાથે લાવે છે જે તેની સાથે રહેતા લોકો માટે સંશોધન, નિદાન, સારવાર અને સ્વીકૃતિ જેવી બાબતોને સમર્થન આપવા માટે કામ કરે છે.

જો કે આ રોગના લક્ષણો વહેલા દેખાતા નથી. પરંતુ બાળકો આ રોગમાં અન્ય લોકો સાથે ઝડપથી આંખનો સંપર્ક કરી શકતા નથી. તેઓ કોઈનો અવાજ સાંભળ્યા પછી પણ જવાબ આપતા નથી, ભાષા શીખવામાં અને સમજવામાં મુશ્કેલી થાય છે, તેઓ તેમનામાં મગ્ન રહે છે. સામાન્ય બાળકો કરતા અલગ દેખાય છે – આ ઓટીઝમના રોગના લક્ષણો છે.

ઓટીઝમ એક પ્રકારનો રોગ છે, જે વહેલો બહાર આવતો નથી. તેમજ વાદળી રંગને ઓટીઝમનું પ્રતીક માનવામાં આવે છે. એટલા માટે દર વર્ષે આ દિવસે મુખ્ય ઐતિહાસિક ઈમારતોને પણ વાદળી રોશનીથી શણગારવામાં આવે છે.

સામાન્ય રીતે આ દિવસે વિશ્વભરમાં સ્વલીનતા એટલે કે ઓટીઝમ રોગ અંગે જાગૃતિ કેળવાય અને જે લોકો તેનાથી પીડિત છે તેમની સારસંભાળ કેમ રાખવી તેને લગતા કાર્યક્રમો યોજવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને આપણે ત્યાં ઓટીઝમ અંગે વિશેષ જાગૃતિનો અભાવ વર્તાય છે. **ઓટીઝમ, એ માનસિક બીમારી છે અને મહદ અંશે બાળપણથી જ અનુભવાય છે.** હિંદીમાં તેને 'સ્વલીનતા' અથવા ''आत्मविमोह'' પણ કહે છે.

આ બીમારીથી ગ્રસિત લોકો માનસિક રીતે અન્ય લોકો જેવો સામાન્ય વિકાસ પામેલા હોતા નથી. અન્ય માનસિક બીમારીની જેમ આ રોગમાં પણ સમાજમાં જાગૃતિનો અભાવ છે. માનસિક રોગીઓને સમાજમાં સહાનુભૂતિની ખાસ જરૂર હોય છે. આવી બીમારીઓ વિષે વધુમાં વધુ જાગૃતિ ફેલાય અને અન્ય લોકો આવી બીમાર વ્યક્તિઓની તકલીફ અને સ્થિતિ સમજે તો બીમાર વ્યક્તિ સમાજમાં સહજતાથી જીવી શકે.

આ બીમારીના લક્ષણો અન્ય માનસિક બીમારીઓ જેવા જ હોય છે. જેથી તેને અલગ તારવવા મુશ્કેલ છે. આમ છતાં અમુક લક્ષણોનો આખો સમૂહ જયારે જોવામાં આવે ત્યારે સ્પષ્ટ થાય કે બાળક ઓટીઝમ એટલે કે સ્વલીનતાની બીમારીથી ગ્રસિત છે.

એક નોંધવા લાયક બાબત એ છે કે સ્વલીનતાના લક્ષણો બાળકના પ્રથમ વર્ષથી જ મા-બાપ ઓળખી જતા હોય છે. આવા બાળકોનો માનસિક વિકાસ સામાન્ય બાળકો કરતા અસામાન્ય હોય છે. બાળકો એકની એક ક્રિયા વારંવાર કરે છે. ભાષા અને ઈશારાથી સમજવામાં તકલીફ અનુભવે છે. સામાજિક સંપર્ક તેમને ગમતો નથી. વ્યક્તિઓનો લગાવ હોતો નથી. શરૂઆતમાં કોઈ બાબત કહેવા શબ્દો કરતા ઈશારાથી પ્રદર્શિત વધુ કરે છે. શોખ સીમિત રાખે છે અને પોતાનામાં

મસ્ત રહેતા જોવા મળે છે. આ બધા લક્ષણો કોઈ એક વ્યક્તિમાં હોવા અનિવાર્ય નથી

પણ આવા લક્ષણોવાળા બાળકો સ્વલીનતાની બીમારીથી પીડિત હોઈ શકે છે. સ્વલીનતા કયા કારણોથી થાય છે તે અંગે એકમત નથી તેમજ કોઈ એક ચોક્કસ કારણથી ખામી ઉદભવે છે તેવું શોધાયું નથી. ગર્ભસ્થ બાળકના વિકાસમાં આનુવંશિક કારણોથી સ્વલીનતા ઉદ્ભવે છે. વળી, જન્મ પહેલા વિકાસમાં કોઈ અવરોધ ઉત્પન્ન થવો કે અપૂરતો ગર્ભનો વિકાસ પણ કારણભૂત હોઈ શકે છે.

મગજમાં જરૂરી રસાયણોનું અલ્પપ્રમાણ પણ તેના માટે જવાબદાર હોય છે. સામાન્ય રીતે કોઈ એક કારણથી આ ખામી સર્જાય છે તેમ કહેવા કરતા એક કરતાં વધુ પરિબળોની સંયુક્ત અસરથી સ્વલીનતાની બીમારી થાય છે તેમ કહેવું વધુ યોગ્ય છે. બાલ્યાવસ્થામાં સામાન્ય બાળકો અને સ્વલીનતા પીડિત બાળકોના વ્યવહાર અને વર્તનમાં તફાવત જણાય છે. જેના આધારે જાણી શકાય છે કે બાળક સ્વલીનતાથી પીડિત (ઓટીસ્ટીક) છે.

સામાન્ય બાળકો માનો ચહેરો ઓળખે છે અને તેના હાવભાવ સમજવા પ્રયત્ન કરે છે. જયારે સ્વલીનતા પીડિત બાળકો કોઈની સાથે નજર મિલાવતા નથી. સામાન્ય બાળકો અવાજ સાંભળવાથી ખુશ થાય છે, જયારે ઓટીસ્ટીક બાળકો અવાજ પ્રત્યે બેધ્યાન રહે છે, ક્યારેક બહેરા પણ હોય છે. સામાન્ય બાળકોમાં ધીરે ધીરે ભાષા જ્ઞાન વધે છે, જયારે સ્વલીનતા પીડિત બાળકો બોલવાનું શરૂ કરી વચ્ચે અટકી જાય છે. પછી વિચિત્ર અવાજો કાઢે છે.

સામાન્ય બાળક માતાના દૂર જવાથી કે અજાણ વ્યક્તિના પાસે આવવાથી પરેશાની અનુભવે છે. સ્વલીનતા પીડિત બાળકો કોઈનાય આવવા જવાથી પરેશાન થતા નથી. સ્વલીનતા ગ્રસિત બાળકો તકલીફ પડવાથી કોઈ પ્રતિક્રિયા દર્શાવતા નથી તેમજ તેનાથી બચવા પ્રયત્ન કરતા નથી.

સામાન્ય બાળકો પરીચિતો સાથે વાત કરે છે અને ખુશ થાય છે. સ્વલીનતા ગ્રસિત બાળકો પ્રયત્નપૂર્વક પણ કોઈની સાથે વાત કરતા નથી અને પોતાનામાં મસ્ત રહે છે. ઓટીસ્ટીક બાળકો અકારણ અમુક ક્રિયાઓ વારંવાર કરતા જોવા મળે છે. જેમ કે આગળ-પાછળ ચાલવું, હાથ હલાવતા રહેવું. ઓટીસ્ટીક બાળકો કાલ્પનિક રમતો રમતા નથી. રમકડાથી રમવાની જગ્યાએ તેને સુંઘે કે ચાટે છે.

આવા બાળકો ફેરફાર સહન નથી કરતા. પોતાની ક્રિયાઓ નિયમાનુસાર કરતા જોવા મળે છે. આવા બાળકો વધુ ચંચળ કે વધુ સુસ્ત રહે છે. આવા બાળકોમાં કયારેક ખાસ ખાસીયત જોવાય છે. જેમ કે કોઈ એક ઇન્દ્રિય (શ્રવણ. ઘ્રાણેન્દ્રીય) વધુ સચેત હોય છે.

સ્વલીનતાના લક્ષણો વ્યક્તિમાં જીવનના પ્રથમ વર્ષથી જ જોવા મળે છે. આવા અડધાથી ૧/૩ ભાગના બાળકોમાં પોતાની દૈનિક જરૂરિયાતો પૂરતો પણ ભાષાબોધ અને બોલવાની ક્ષમતા વિકસિત થતી નથી. સમજવાની અને સમજાવવાની ક્ષમતા પણ વિકસિત થતી નથી.

બોલવાનું મોડું શરૂ થાય છે. બીજા અને ત્રીજા વર્ષમાં આવા બાળકો ઓછું બોલે છે. બોલવાના શબ્દો અને કહેવાના ભાવ એકબીજા સાથે સામંજસ્ય ધરાવતા નથી. પોતાના અનુભવો વ્યક્ત કરી શકતા નથી. બીજાની ક્રિયાઓને અનુસરે છે કે જોઇને તેવું જ કરે છે.

કોઈનું બોલેલું સાંભાળીને તેવું જ બોલે છે. એકની એક ચીજ ખાવી ગમે અથવા એકનો એક ટીવી કાર્યક્રમ જુવે – એવી ક્રિયાઓનું પુનરાવર્તન કરે છે. સ્વલીનતા એ જીવનભર રહેનારી સ્થિતિ છે. જેટલી જલ્દી બાળકમાં આ ખામી જાણવામાં આવે કે તરત જ મનોચિકિત્સક કે મનોવિજ્ઞાની પાસે જવું જરૂરી છે. આ ખામીમાં ધીરજથી બાળકની સંભાળ જરૂરી છે. આના માટે કોઈ ખાસ દવા કે ચિકિત્સા હજુ શોધાઈ નથી.

સમાજમાં અને કુટુંબમાં પ્રેમ અને હૂંફથી બાળકની કાળજી લેવાય તેમ કરવું જોઈએ. આમ તેમ લેભાગુ અને ઢોંગી લોકોના ચક્કરમાં ફસાવું નહીં. આ માનસિક વિકાસ સંબંધી ખામી છે. તે સંપૂર્ણ દૂર કરી શકાતી નથી પણ હકારાત્મક અભિગમથી સારવાર કરવામાં આવે તો વ્યક્તિ શાંતિથી પોતાની જરૂરિયાતો પૂરી કરી જીવી શકે તેટલી કેળવણી આપી શકાય છે.

*સંદર્ભ : વેબદુનિયા બ્લોગ, વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી, જીગ્યા બ્લોગ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## વિચારસરણી

***નમ્રતા એ નિર્બળતા નથી, ગરીબી એ દીનતા નથી, માલિકી એ મહત્તા નથી, સફળતા એ સંપ્રાપ્તિ નથી અને ખાલી થઈ જવું એ ખોટ નથી.***

– મકરંદ દવે

Since 1985

**INDOTEX PAINTS**

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in

*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

**CA. TUSHAR SHAH**

KHANDHAR MEHTA AND SHAH
CHARTERED ACCOUNTANTS
AHMEDABAD

tushar@kmsindia.in
+91 98980 26360

CA INDIA

**CA. B. K. Patel**
B.Com., LL.B., F.C.A.
Partner
(M) 98250 33927

**B. K. PATEL & CO.**
CHARTERED ACCOUNTANTS
401-404, Vraj Valencia, B/h. Mahindra Show Room, Nr. Sola Overbridge,
S. G. Highway, Sola, Ahmedabad-380 060. Gujarat
Ph. : 079-2970 0974/75 • Email : bkptelandco@gmail.com

**SARDARDHAM**
CA. B. K. Patel
Hon. Secretary
Sardardham, Vaishnodevi Circle, Ahmedabad-382421. Ph. : 7575001548/1596/1438
Mobile : 9825033927 E-mail : info.sardardham@gmail.com | secretary@sardardham.org
Website : www.sardardham.org

*Nipun Solanki*

**CHASE INNOVATION**

M. 92277 22408

વિકાસ શાહ

**એચ. શાહ એન્ડ કું.**

ડાયાલિસિસ મટીરીયલ સપ્લાયર્સ

મો. ૯૮૨૪૦ ૦૧૯૩૮

સુનીલભાઈ ઠક્કર



**ઘનશ્યામ ઈલેક્ટ્રીકલ્સ**

ઈલેક્ટ્રીકલ સામાનના વહેપારી

મો. ૯૪૨૭૫ ૦૮૭૭૭

શુભેચ્છા સહ



**અમિત સ્વરૂપચંદ કોરડિયા**

અમદાવાદ

મો. ૯૮૨૪૪ ૫૫૦૧૧

શુભેચ્છા સહ



હસમુખ ઉગરચંદ ગઢેચા પરિવાર

અમદાવાદ

BMCB BANK ESTD 1995 Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.

મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.

Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 9.00% (as on 10-03-2026) @ with montly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ / ૨૦૨૫ : ૧૨.૦૦%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com




Best Compliments From

SUJAKO

MANUFACTURERS OF
MODULAR FURNITURE
OFFICES | KITCHENS | WARDROBES
WWW.SUJAKO.COM

JAY ENTERPRISE

Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬



ફ્યુઝન કિડની કેર પ્રા. લી. FUSION KIDNEY INSTITUTE Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

***To,***